A HAPPY NEW YEAR

THE

ZOROASTRIAN CALENDAR

FOR THE YEAR OF YEZDIJIRDI

9th September 1925 to 8th September 1926



ઝોરાસ્ટ્રીયન કેલેંડર

યાને

પારસી પંચાંગ.

યઝદેજરદી ૧૨૯૫ નાં વરસનું

તારીખ ૯ મી સપટેમ્બર ૧૯૨૫ થી તે

તારીખ ૮ મી સપટેમ્બર ૧૯૨૬ સુધીનું.

"આબુ રેહેમ વરસાપરે વરસો સદા, ભલો તેજ જે કરે નેક કાયો આદ."

કીંમત રૂ. ૦ા સવા.

D. C. OOMRIGAR & CO.
WINE & PROVISION MERCHANTS
ધનજીભાઈ કાવસજી ઉમરીગરની કં૦
વાઈન અને પ્રોવીઝન મરચંટસ.

ના૦ ૩૫૪—૩૫૪ A, અબદુલ રહેમાન સ્ટ્રીટ—ક્રાફર્ડ મારકીટની સામે
અંગ્રેજી દારૂકામ ફ્રુટ તથા જથાબંધ તથા ખોરાકી કામ
કીફાયતથી વેચવામાં આવે છે.

સરવે ખાસોઆમને તથા બહારગામના તથા અતરેના વેપારીઓને નમનતાઈથી જાહેર કરવામા આવે છે કે, નીચે લખેલો માલ હમારે સાથી મંગાવીઆથી તાબડતોબ મલશે દેશાવર-વાળા સાહેબો રોકડા અવેજથી મંગાવશે તો કીફાયતથી મોકલી આપવામા આવશે

ઉપલે ઠેકાણે સરવે જાતનો ઉંચો દારૂકામ જેવો બ્રાંડી, જીન, ઓલતામ, વીશકી, જીનજર વાઈન, જમેકા રમ, પોરટ વાઈન, શેરી વાઈન, ચેમપીન, લીકર, હોક, કલારેટ, મોજલ તથા કુર-લતન વીસકી ૧૧) વરસનો જુનો તથા એનતીક વેરી વીસકી, હેનરીમોની બ્રાન્ડી તથા દરેક જાતનો દારૂ કીફાયત ભાવે આપવામા આવશે અને લીપટન કંપનીના જામસ તથા સરવે પ્રોવીઝન મલશે સ્પીરીટ ઓફ વાઈન રેકતીફાઈડ ૬૮ ડીગ્રી ઓવર પુરફનો તથા મેથીલેટેડ સ્પીરીટ મલશે.

સરવે ઉંચા મેકરનો ખોરાકી તથા હેમ, બેકન, ચીઝ તથા પરફ્યુમરી, પેટંટ મેડીસીન વીગેરે તથા લીપટનની સરવે જાતની ચાહ, કાફી કીફાયતથી મલશે.

અ તે ટોનીક !

તમોએ ટોનીક તો ઘણાએ વાપરયા હશે, પણ એકવાર ખાસ હીંદુસ્તાનની હવાને માફક આવતુ શુદ્ધ સ્વદેશી વનસ્પતીમાથી બનાવેલું સારસા ટોનીક વાપરી જુવો.

સારસા ટોનીક





લોહી સાફ કરે છે શક્તિ વધારે છે—મરમીના શરીરપર થતા કદરૂપી ચાઠાં—ફુલ્લા, ગુમડા અને ખરજવા ઉપર અકસીર છે કબજીયાત દુર કરી સુખ લાવે છે કી. રૂ. ૧

વેજીટેબલ—

હેર ઓઈલ !

આજે હેર ઓઈલ તો બજારમા ઘણુ ઉભરાઈ જાય છે, પણ એકવાર વેજીટેબલ હેર ઓઈલ વાપરશો, તો ફરીથી બીજા તેલને હાથ લગાડશો નહી.

વેજીટેબલ હેર ઓઈલ—

માથાને થડક આપે છે, બાલનો વધારો કરે છે, ખરી પડતા બાલનો અટકાવ કરે છે, અને સફેદ બાલ થવા દેતા નથી, જરૂર એકવાર અજમાવી જુવો.

ડા. ફરામરોજ કું. હકીમ,
ટ્રામ ટરમીનસ, આર્ડ રોડ,—મુંબઈ.

HONGKONG & SHANGHAI BANKING CORPORATION

હોંગકોંગ એંડ શેંગાહી બેન્કીંગ કોરપોરેશન.

(હોંગકોંગમાં સ્થાપેલી)

ઠરાવેલી થાપણ	૫૦,૦૦૦,૦૦૦ ડાલર
પુરી ભરાયલી થાપણ .. . ,	૨૦,૦૦૦,૦૦૦ ડાલર
રીઝર્વ ફંડ-સ્ટરલીંગ ..	૪,૫૦૦,૦૦૦ પાઉંડ
ચાંદી	૨૬,૫૦૦,૦૦૦ ડાલર
માલેકોની રીઝર્વ જોખમદારી	૨૦,૦૦૦,૦૦૦ ડાલર

વડી ઓફીસ—હોંગકોંગ

લંડન ઓફીસ—૯, ગ્રેસ ચર્ચ સ્ટ્રીટ, ઇ સી

મુંબાઇની ઓફીસ—૪૦, ચર્ચગેટ સ્ટ્રીટ

બીજી શાખાઓ

એમોય	હાઇફોંગ	લાયોન્સ	શેંગાહી
બેંગકોક	હેમબર્ગ	મલાકા	સીંગાપોર
બટેવીઆ	હારબીન	મનીલા	સાઉરાબીઆ
કલકત્તા	હેનકાઉ	નંગાસાકી	સનગીપટની
કેનટોન	હોંગકોંગ	ન્યુયોર્ક	ટીન્ટસીન
ચેફુ	ઇપોહ	પેકીંગ	ટોકીઓ
કોલંબો	જોહોર	પેનાંગ	સીંગટાઉ
ડેરીયન	કોબે	રંગુન	વલાડીવોસ્ટોક
ફુચાઉ	કુઆલા લમપુર	સેગોન સેનફ્રાન્સીસકો	યોકોહામા ઇઓઇલો

ચાલુ ખાતાંઓ ખોલવામાં આવે છે અને રૂ ૧૦૦૦ થી ૧૦૦,૦૦૦ ની દરરોજની બાકી ઉપર દર છ માસે સેકડે બે ટકાનું વ્યાજ, તેવી વ્યાજની રકમ રૂ. પાંચથી ઓછી નહી હોય તો આપવામાં આવે છે

બાંધી મુદતની ડીપોઝીટો જુદી જુદી મુદતો માટે લેવામાં આવે છે, જેને લગતી વીગતો અરજ કર્યે મળી શકશે

ડરાફ્ટસ આપવામાં આવે છે અને દુન્યાના મુખ્ય વેપારી મથકો ઉપર **હુંડીઓ** સ્વીકારવામાં આવે છે

સામાન્ય બેન્કીંગ અને હુંડીયામણને લગતું કામકાજ બજાવવામાં **આવે છે.**

જી. જી. એસ. ફોરસીથ,

એજંટ.

International Banking Corporation

ઇનટરનૅશનલ બૅંકીંગ કોરપોરેશન

વડી ઓફીસ—નાં૦ ૬૦ વૉલ સ્ટ્રીટ, ન્યુયોર્ક.

ભરાયલી થાપણ અને રીઝર્વ ફંડ } સોનાના ડાલર ૧,૦૦,૦૦,૦૦૦ રૂ.૩,૫૦,૦૦,૦૦૦

વગર વહેંચાયલો નફો સોનાના ડાલર ૫૬,૦૦,૦૦૦ રૂ.૧,૭૦,૦૦,૦૦૦

લંડન ઓફીસ—નાં૦ ૩૬, બીશપસગેટ (ઈ સી.)

શા ખા ઓ

આરાહોના	હેનકોઉ	પેકીન	સાનટો ડામીંગો
આરસીલોના	હારબીન	પાઓરતો પ્લેના	શેંહેનાઇ
અટાબીયા	હોંગકોંગ	રંગુન	સીંગાપોર
બોમ્બે	કોબી	સાનસીઝ	સુરાબીઆ
કલકતા	લાવેગા	સેન ફરાનસીસ્કો	તીપેનસીન
કેનટોન	મેડ્રીડ	સેન પોરેડીમેકારીસ	યોકોહામાં
સીબુ	મનીલા	સેન શીયામો	તોકીઓ
કોલોન	પનામા		

આ બેંક ન્યુયોરકની નેશનલ સીટી બેંક સાથ નીકટ સંબંધ ધરાવતી હોવાથી તે ઇનસ્ટી-ટ્યુશનની ક્યુબા અને દક્ષીણ આફરીકામા આવેલી નીચલી જુદી જુદી શાખાઓની ખાસ સવલત આપવાને શક્તીવાન છે —

શા ખા ઓ.

બાહીયા, બ્યુનો આયરસ, કેરોકાસ, જીનેવા, હવાના, મોન્ટીવીડીઓ રાયોડી જેનીરો સાન સીયાગો, ડી ક્યુબા, સાનતોસ, સાનતોસ મીઓ પોયો, વાલપેરેઝો, એંટવર્પ, બ્રુસેલ્સ, જીનોવા, કેપટાઉન, ક્યુબા

આ કોરપોરેશન યુરોપ, અમેરીકા, ઓસ્ટ્રેલીઆ, ચીન મુખ્ય અને જાપાનના શેહેરોમા ડરાફટો તેમજ તારની હુંડીઓ વેચે છે તથા બીલ્સ એફ એક્સચેંજ ખરીદે છે લેટર્સ ઓફ ક્રેડીટ ઇસ્યુ કરે છે અને બેંકીંગનુ તેમજ હુંડીયામણને લગતુ દરેક પ્રકારનુ કામકાજ બજાવે છે.

ચાલુ ડીપાઝીટનાં ખાતાઓ ખોલવામા આવે છે અને તેની ઉપર વ્યાજ દર વરસે દર સેકડે બે ટકા લેખેનુ દરરોજની રોકડ બાકી ઉપર રૂ ૧૦૦૦ થી રૂ. ૧૦૦૦૦૦ સુધીની રકમ સુધીને માટે આપવામા આવે છે

ફીક્સ્ડ ડીપાઝીટ—૧૨ મહીનાની બાંધી મુદતની ડીપાઝીટ અને ટુંકી મુદતની ડીપાઝીટ લેવામા આવે છે, જે માટેનુ વ્યાજ જાતે મળવાથી અથવા અરજ કરવાથી જાણી શકાશે.

મુસાફરોને ચેકો પુરા પાડવામા આવે છે

અમેરીકા સાથ ધંધો ચલાવવાની ખાસ સગવડો છે.

મુંબાઈની ઓફીસ,
૪૨-૪૩ ચર્ચગેટ સ્ટ્રીટ.

H. A. W. Brent,
Manager.

સાંકલયું.

૧૨૪૨૪

ગયા વરસનો ઇનતેખાબ

યાને

યઝદેજરદી સને ૧૨૯૪ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણુવાજોગ બનાવો.

સખાવત.

પારસી કોમનો સખાવતનો સદા વહેતો ઝરો આ સાલમા પણ જુદી જુદી દીશાએ આગલા અનેક સાલ મુજબ વહેવાનો ચાલુ રહયો હતો અને સખી તબેહના જરથોસ્તી નરનારીઓએ પોતાનો સખાવતી દીલગુરદો દેખાડી હાજતમદ ધરમખાતાઓ તેમજ ફંડો વગેરેમા મદદનો દસ્તુ લબાવ્યો હતો.

આ વરસે સમાન્ય સખાવતનો લગભગ સાડીત્રીશ લાખ રૂપ્યાનો મોટો આકડો દેખાય છે, એમા કરાચીવાલા શેઠ એદલજી દીનશાહની રૂપયા પાચ લાખની સખાવત આગલ ગણવામા આવેલી હોવાથી હીસાબમા લેવાઇ નથી, ઉઠમણાની છપાયલી રકમો બે લાખ પાસઠ હજારની થવા ગઇ છે, વળી આ સાલમા બધાઇ તઇયાર થયલા તેમજ બધાવા માટે પાયો નખાયલા ધરમના મકાનો બાધવા સારૂ અપાયલી રકમના સુમારે ગણુતા અને શેઠ નવરોજી વાહાડયાના સુવાવડ-ખાનાની સોલ લાખની રકમ સાથ લેતા લગભગ પાતરીશ લાખ રૂપીઆ મલી આ વરસની કુલે સખાવત સીતેર લાખ રૂપીઆની થવા ગઇ છે

ઉપર જણાવેલી કુલે રૂપ્યાની રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમા એક સખાવત થવામાથી તથા ઉઠમણામા જણાવેલી રકમોમાથી બીજા ફંડોમા તથા ધરમખાતાઓમા અપાયલી, ધરમના મકાનોવાલી રકમ જે આગલા વરસોમા સખાવતોમા ગણાઇ ચુકેલી, વીગેરેની રકમ સુમારે પદર લાખની બાદ થવા જેવી છે જેમા શેઠ નવરોજી વાહાડયાના સુવાવડખાનાના ગયે સાલ ગણાયલા આઠ લાખ રૂપ્યા સમાઈ જાય છે એ પદર લાખ રૂપયાની રકમ બાદ કરતા રૂપીઆ પચાવન લાખ જેહલો આકડો આ વરસની સખાવતોનો થવા જાય છે.

મુંબઇના જાણીતા શહેરી અને નાણુંશાસ્ત્રી શેઠ જમશેદજી અરદેશર વાહડીયા સખાવતમા આઠ લાખ રૂપીઆની બાદશાહી રકમ આપી તેનુ એક જાહેર ચેરીટેબલ ટ્રસ્ટ કરવા માગે છે. આ ટ્રસ્ટની રૂએ આ રકમના અરધા વયાજનો ઉપયોગ પારસી કોમના લાભ અરથે કરવાનો ઇરાદો છે અને અરધુ વયાજ કોસ્મોપોલીટન લાભ અરથે વાપરવાની ગોઠવણ કરવા ધારી છે આ આઠ લાખની રકમમા એવણે પોતાના બેટા શેઠ અરદેશરના લગનની ખુશાલીમા અગાઉ ધરમાદા ખાતે કહાડેલી એક લાખની રકમ પણ સમાઇ જાય છે આ ઉપરાત એવણના માનવત પીતાજી શેઠ અરદેશર વહાડયાનુ જે ચેરીટીઝ ટ્રસ્ટ ફંડ એવણ ધરાવે છે તેમાથી રૂપયા પચાસ હજાર ગયે વરસે ગરીબ પારસીઓના રહેઠાણો ઉભા કરવા માટે તેના લાભ અરથે ભરવામા આવેલા ફેન્સી ફેટ વેળાએ શેઠ જમશેદજી અને તેઓના ગોઠવા ટ્રસ્ટીઓએ આપયા હતા તેમા બીજા એક લાખ રૂપીઆનો વધારો ટ્રસ્ટીઓ કરી આપવાનો વીચાર રાખે છે

મુંબઇના જાણીતા શેહેરી અને સખાવતી શેઠયા શેઠ જાહાગીર બમનજી પીટીટે આ વરસમાં કરેલી રૂ૪૦૦-૦ ની સખાવતની વીગત :—ગરીબાઇ, બીમારી, નાતવાની, નવજોત, લગન

મરણ વીગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૯૫૦૦, કેળવણી, વેપાર, ધંધો, હુન્નર, ઉદ્યોગ, વીગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૧૦૫૦૦, પરચુરણ ફંડોમા આપેલા રૂ૬૪૦૦, હીંદુસ્થાન તથા વેલાતમા હીંદી રાજદ્વારી બાબદો તથા જાહેર સવાલો વીશે પ્રજામત ખીલવવાનાં જુદા જુદા ફંડોમા રૂ૫૦૦૦, નામદાર વાઇસરોય તરફથી ખોલવામાં આવેલા રગતપીતીઆઓને મદદ કરવાના ફંડમા રૂ૧૫૦૦, પારસી ચેરીટી ઓરગેનીઝેશન ફંડ તરફથી ખોલવામા આવેલા 'ઉદ્યોગ' ક્લાસના ફંડમા રૂ૫૦૦, દસ્તુર દારાબ મેમોરીયલ ફંડમા રૂ૨૦૦, ધી પીટીટ કમપનીઓની ક્રીકેટ કલબના ફંડમા રૂ૧૫૦, ધી યંગ વીમેન્સ ક્રીશચીયન એસોસીએશનની નવી ઇમારત બાંધવાના ફંડમા રૂ૧૫૦, ૧૯૨૫ ના સાલ ॥ આરટ એક્ઝીબીશનના ફંડમા રૂ૧૫૦, સર જમશેદજી જીજીભાઇ સ્કુલનાં ભોજન ફંડમાં રૂ૧૦૦, ધી વીમેન્સ ઇન્ડીયન એસોસીએશનના ફંડમા રૂ૧૦૦, ધી નેશનલ બેબી વીકના ફંડમા રૂ૧૦૦, ધી યંગ મેન્સ ક્રીશચીયન એસોસીએશનના ફંડમા રૂ૧૦૦, નાસીકના ફાઉન્ડલીંગ હોમના ફંડમા રૂ૫૦, મહાબળેશ્વરના ગમતગમતના ફંડમા રૂ૫૦, મહાબળેશ્વરના પારસી જીમખાના માટે ફરનીચર લેવાના ફંડમા રૂ૫૦, મહાબળેશ્વરના પારસી જીમખાનાના બેંડ ફંડમા રૂ૫૦, સરકલ લીનેરેરના વારસીક મેલાવડાના ફંડમા રૂ૫૦, ક્વીન મેરી હાઇ સ્કુલના જુબીલી ફંડમા રૂ૫૦, ગ ડે વીની ગઝદર લાઇબ્રેરીની કાયમ ફંડ જુબીલીના ફંડમા રૂ૫૦, બગાનમા આવેલા કામીપુર ગામના "ઓએઝ-ઓન-હોમ' ના ફંડમા રૂ૫૦, ધી બોમબે વીજીલન્સ એસોસીએશનના ફંડમા રૂ૫૦, ધી બોમબે પ્રેસીડન્સી એસોસીએશનના ફંડમા રૂ૫૦ અને ધી પુના ઝોરોઆસ્ત્રીયન બીલડીંગ ફંડમા રૂ૫૦

મુંબઇ તથા એડનના જાણીતા શેહેરી અને સખાવતી શેઠયા સર હોરમજી કાવશજી દીનશાહ એડનવાલા એમ વી ઓ, ઓ બી ઇ તરફથી આ વરસે જુદા જુદા ધરમખાતાઓ તેમજ ફંડો વગેરેમા નાણાની સારી મદદ આપવામા આવી છે, તેમા નીચલી મુખ્ય છે—જશન કમીટીના ફંડમા રૂ૨૫૦૧, શેઠ બમનજી દી પીટીટ હાસ્પીટલમા રૂ૫૦૦, ઝોરાસ્ત્રીયન ફીઝીકલ કલચર એન્ડ હેલ્થ લીગને રૂ૧૦૦૦ અને ઇરાન ખાતે આપેલા લગભગ રૂપ્યા દશ હજાર એ ઉપરાત એવણ સાહેબની મદદથી ચાલતી એડન ખાતેની સર હોરમજી કાવસજી એંગ્લો ગુજરાતી સ્કુલ જે સને ૧૯૨૦ ના સાલથી સ્થાપવામા આવી છે તેના ખરચમા પડતી સેંકડોની ખોટ દર વરસે એવણની પોતાની ગીરોથી પુરવામા આવે છે સર હોરમજીવાલી કાવશજી દીનશાહ અને ભાઇઓની મુંબઇ તથા એડન વગેરે ઠેકાણે બોડલા પાયા ઉપર વેપાર કરતી જાણીતી પેહેઢી તરફથી લગભગ અરધા લાખ રૂપયાની નાદર રકમ દર વરસે આપવામા આવે છે, તે મુજબ આ વરસે પણ સખાવતમા આપી હતી, જેની વીગત તે ધરમખાતાઓ તથા ફંડો વીગેરેમા છાપેલી જોવામા આવશે.

સખી શેઠયા સર હોરમજી કાવશજી દીનશા તથા ડા૦ મીનોચેહર દાદી, શેઠ રૂશતમ કે નરીમાન અને શેઠ દીનશાહ કાવશજી ઇરાન જવા સારૂ તા૦ ૧૫ મી મે ૧૯૨૫ ને સુકરવારે સાંજે મુંબઇથી સ્ટીમર વાસનામા ઉપડી ગયા હતા. એઓને સફળ સફર ઇચ્છવા માટે બંદર ઉપર ઘણા જણાઓએ હાજર થઇ માન આપયુ હતુ બધા સાહેબો ઇરાન ખાતેના જે જે શેહરો તેમજ ગામોમા ગયા હતા તયાના રહીશો, સરકારી અમલદારો, વેપારીઓ વગેરે તરફથી એઓને હરખભરયો આવકાર આપી ઘાટું માન આપવામા આવયુ હતુ તેમજ મારગમા એવા શેઠોની મુસાફરી દરમયાન ઘણી સારી બદારસ્ત કરી હરેક રીતની સગવડ કરી આપવામા આવી હતી કરાચી ખાતે તા૦ ૧૭ મી મે ૧૯૨૫ ને દીને જઇ પુગતા સર હોરમજી તથા એવણની પારટીને તયાની જરથોસ્તી અંજુમને હરખભરયો આવકાર આપયો હતો એઓ સાહેબોએ તયાના જાણીતા શેહેરીઓની તેમજ જાહેર સંસ્થાઓની મુલાકાત લેવા પછી ખા૦ બા૦ નસરવાનજી રૂ મેહતા તરફથી રાજકોટવાળા બાગમા સર હોરમજી અને બીજા ગ્રહસ્થોના માનમા બપોરે ખાણાનો મેલાવડો

કરવામાં આવયો હતો. કરાંચીથી ઉપડેલા બસરા થઇ બુશાયર તા૦ ૨૦ મીએ પુગા હતા તયાના નામદાર ગવરનર, લશકરના કમાનડર તેમજ વેપારીઓ વગેરે તરફથી વધુ સારૂ આદરમાન આપી સરવે સાહેબોની મુલાકાતે આવયા હતા, તેમજ તેઓની વળતી મુલાકાતે આખી પારટી પાછી ગઇ હતી. હયાથી નીકલેલા યઝદ શહેરમા તા૦ ૮ મી જુને જઇ પુગતા સરવે જણાઓને લશકરી માન આપી મોટા સરઘસ સાથ રહેવાને મુકામે લઇ જવામા આવયા હતા હયાં સર હોરમજી તથા બીજા ગ્રહસ્થોને મળવા માટે યઝદના નામદાર ગવરનર, લશકરના કમાદર, પોલીસના વડા તથા જરથોસતી અજુમનના વડાઓ અને બીજી કોમના મુખીઓ એવોના ઉતારાના મકાને બીજે દીવસે ગયા હતા અને વલતી મુલાકાત એવો સાહબોએ ગવરનર તથા કમાનડર વગેરેને આપી હતી. એ પછી સર હોરમજી તરફથી ૪ અને શેઠ દીનશાહ કાવશજી તરફથી ૪ મલી ૮ બાળકોની સામતી નવજોત યઝદ ખાતેની ગાહમબારખાનામા કરી મોટુ જાહેર જશન કરવામા આવયુ હતુ. આખી પારટી સર રતન તાતા મેડીકલ એન્ડ સરજીકલ હોલની મુલાકાતે ગઇ હતી, તે વખતે ડા૦ જમશેદ પટેલ જેવણુના ચારજમા આ મેડીકલ હોલ છે તેવણે તથા તેવણુના ધણીયાણીએ સારો આવકાર આપી દવાખાનાને લગતી વીગત જણાવી હતી વળી ડા૦ જમશેદજીની નમનતાઈ તથા લોકપ્રીયતા માટે તેમજ એવણે બજાવેલી સેવાઓ માટે હાજર રહેલા તયાના રહીશોએ સારૂ મત ઉચરયુ હતુ તેથી વધુ ઉપયોગી બની પારસી નામદાનીનો ઉચો છાપ બેસાડવા સર હોરમજીએ તથા બીજાઓએ એવણુને ભલામણ કરી હતી શેઠ મારકરની છોકરાઓની આરફ્નેજની મુલાકાતે એઓ સાહેબો ગયા હતા તે તકનો લાભ લઇ છોકરાઓએ આવકાર આપનારૂ માનપત્ર વાચી સભળાવયુ હતુ એ આરફ્નેજના કામકાજથી સરવેને સતોષ ઉપજયો છે એમ સર હોરમજીએ જાહેર કરી પોતાના તરફથી રૂ૧૫૦૦ તથા શેઠ દીનશાહ કાવશજી તરફથી રૂ૫૦૦ આરફનેજમા આપયા હતા તેમજ અરબાબ ખુશરો શાહ જેહાનીઆનની સ્કુલની મુલાકાત લઇ એ સ્કુલની બાલકીઓ ગલીચા વણવાનુ કામ કરે છે તે તપાસ્યુ હતુ સર હોરમજીએ રૂ૫૦૦ તથા શેઠ દીનશાહ કાવસજીએ રૂ૧૦૦ એ સ્કુલને ભેટ આપયા હતા યઝદ ખાતેના બાનુઓએ અજુમન હસ્તક અવરના કલાસો સ્થાપેલા છે, એમા અરબાબ શાપુરના ધણીયાણી બાનુ હાદોખત ઘણો આગેવાનીભર્યો ભાગ લે છે એવણે સર હોરમજી અને પારટીને હરખભરયો આવકાર આપી પ્રસગને અનુસરતુ શુભોશીત ભાષણ કરી હીંદના પારસીઓ માટે એઓ ઘણુ ઉચુ મત ધરાવે છે એમ જણાવી સર હોરમજીને, શેઠ દીનશાહ કાવશજીને અને શેઠ રૂ કે નરીમાનને મલી જુદા જુદા ત્રણ માનપત્રો એનાયત કીધા હતા સર હોરમજીએ આપેલા માન માટે ઉપકાર માની પોતાની તરફથી એ ખાતાને રૂ૦૦૦ અને શેઠ દીનશાહ કાવશજી તરફથી રૂ૨૦૦ આપયા હતા વલી યઝદના છોકરાઓની ત્રણ સ્કુલે "કઇખુશરવી, ખુશરવી અને દીનીરયારી" જે અરબાબો તરફથી નાના પાયા ઉપર ચલાવવામા આવે છે તેની મુલાકાત એવો સાહબોએ લીધી હતી, એ વખતે એઓને આવકાર આપનારા માનપત્રો વાચી એનાયત કરવામા આવયા હતા. યઝદની બાનુઓ અને બાળકીઓની બેહતરી માટે ડા૦ જમશેદ પટેલના ધણીયાણી બાઈ પીરોજાએ ભરવા ગુથવા વગેરેનો તથા ઘર સસારી કામની કેળવણી આપવાનો વરગ કાઢવાનો પોતાનો ઇરાદો જણાવવાથી એ શુભ કામની શરૂઆત કરવા માટે સર હોરમજીએ રૂ૧૨૫ અને શેઠ દીનશાહ કાવશજીએ રૂ૧૨૫ આપયા હતા તા૦ ૨૫ મી જુને યઝદના અનજુમને નાસેરે તરફથી આ ત્રણે શેઠયાઓના માનમા મેલાવડો કરી ત્રણ જુદા જુદા માનપત્રો આપી સર હોરમજીને ગલીચાની જોડની અને બીજા સાહેબોને એકેક ગલીચાની ભેટ કરવામા આવી હતી, આ દીવસે સર હોરમજીએ યઝદની અજુમનના જનરલ ફડની શુભ શરૂઆત કરી પોતા તરફથી રૂ૩૦૦૦ ભરી બીજા સાહેબોને ભરવા અરજ કરવાથી આરબાબોએ નાની મોટી રકમ ભરી હતી તેમજ શેઠ દીનશાહ કાવશજીએ રૂ૫૦૦ ભરયા

હતા એ ઉપરાંત અન્જુમનના ચાલુ ફંડમા સર હોરમજીએ રૂ૫૦૦ આપયા હતા યઝદથી વીદાય થતી વખતે સર હોરમજીએ પોતાની યાદગારી દાખલ યઝદ અન્જુમનને ચાંદીનુ મોટુ વાઝ ભેટ આપયુ હતુ તેમજ શીરાઝ તથા કેરમાનની અન્જુમનને પણ એવા વાઝો એનાયત કીધા હતા, એવો સાહેબોએ જે અરબાબના ઘરમા ઉતારો લીધો હતો તેવણને પણ રૂપાનું વાઝ ભેટ આપયુ હતુ તા૦ ૧૪ મી જુને યઝદથી સરવે જણાઓએ કેરમાન જઇ તયાના ગવરનર, લશકરના વડા તથા જાહેર ગ્રહસ્થોની મુલાકાત લઈ ત્યાની સ્કુલો, દરેહમેહેરો, આતશ કદેહનુ ખડયર, વગેરે જગાઓ જોઈ એઓ સાહેબો તા૦ ૨૨ મી જુને પાછા યઝદ ફરયા હતા. કેરમાન શેહરની મુલાકાત વખતે સર હોરમજીએ ઝોરાસ્ટ્રીઅન છોકરાઓની બે નીશાળોને દરેકમા રૂ૧૦૦૦ લેખે રૂ૨૦૦૦, બાહરીયાનના ફંડમાં રૂ૧૦૦૦, કેરમાનની અનન્જુમને નાસરીના ફંડમા રૂ૧૦૦૦ અને ગરલસ સ્કુલનાં ફંડમા રૂ૫૦૦ આપયા હતા તેમજ શેઠ દીનશાહ કાવશજીએ કેરમાન ખાતેની બે જરથોસ્તી સ્કુલોમા દરેકમા રૂ૩૦૦ લેખે રૂ૬૦૦, કેરમાનના અનન્જુમને નાસરીના ફંડમા રૂ૨૦૦ અને ગરલસ સ્કુલમા રૂ૨૦૦ આપયા હતા એજ મુજબ એઓ શેહેની ખોરમશા ગામની મુલાકાત વખતે છોકરીઓની સ્કુલને સર હોરમજીએ દર માસે રૂ૧૦૦ ની રકમ આપવા કબુલી એ ગામની અન્જુમનને પોતા તરફથી રૂ૫૦૦ અને શેઠ દીનશાહ કાવશજીએ રૂ૨૦૦ આપયા હતા ઉપર જણાવવા ઉપરાત સર હોરમજીએ ઇરાન ખાતે બીજી ઘણી સખાવતો કીધી છે, તેમા સીરાજની અન્જુમનને રૂ૧૨૦૦, કુચબીયોગી ગામની અન્જુમનને રૂ૫૦૦, અને નસરાબાદની છોકરીઓની સ્કુલને ત્રણ વરસ સુધી દર વરસે રૂ૫૦ આપવા જણાવયુ છે જયારે શેઠ દીનશાહ કાવશજીએ સીરાઝની અન્જુમનને રૂ૨૦૦ અને કુચબીયોગી ગામની અન્જુમનને રૂ૨૦૦ આપયા હતા સરવે સાહેબો તા૦ ૨૫ મી જુને યઝદથી નીકલેલા ઈસફાન તા૦ ૨૭ મીએ જઇ પુગા હતા સર હોરમજીએ તથા બીજા સાહેબોએ છેક ઇરાન વેર લાબી મુસાફરીએ જઇ પોતાની સખી દીનગુરબાથી ખરા શેઠયા દાખનનો પમરાત ઇરાન ખાતે પાથરી સારી નામના મેલવી હતી

સખી વજુદ બાઇ હમાબાઇ જે કે મેહતાએ આ વરસમા કરેલી રૂ૪૨૮૬૩-૧૧-૮ ની સખાવતની વીગત —ગરીબ જરથોસ્તીઓનું ભરણપોષણ કરવા, લગન ખરચ કરવા કપડાની મદદ માટે તથા મરણ કીયાના ખરચ માટે તથા બીજી જુદી જુદી પારસી સખાવતની મદદમા આપેલા રૂ૨૧૯૪૫-૯-૧૧, ગરીબ જરથોસ્તીઓને સ્કુલ ફી, કોલેજ ફી, પરીક્ષામા બેસવાની ફી, તથા ચોપડીઓ વીગેરેના, તથા રેલવે પાસ વીગેરેના આપેલા રૂ૬૯૩૬-૪-૬, ગ્રાંટરોડ પરના શેઠ માણેકજી નસરવનજી પીટીટના વરમાદા દવાખાના માટે થયના ખરચના આપ્યા રૂ૫૯૧૪-૨-૩, મરહુમ માતાજી હમાબાઇના પુણ્ય વાસ્તે કાઢેલી રકમમાથી ગરીબ જરથોસ્તી બાઇઓને આપેલી મદદના રૂ૨૨૨૮, સર જમશેદજી ભરૂચાની સકકુરની સ્કુલને રૂ૨૪૦, મઝગામની પારસી છોકરા છોકરીઓની સ્કુલના નીભાવ ફંડમા રૂ૩૦૦, તેહરાનની પારસી છોકરા છોકરીઓની સ્કુલ તથા અગ્યારીના નીભાવ ફંડમા માસીક રૂ૧૦૦) લેખેના માસ બારના આપ્યા રૂ૧૨૦૦, ડા૦ માસીના હોસ્પીટલને તેના નીભાવ માટે માસ બારના આપયા, માસીક રૂ૨૫૦) લેખેના રૂ૩૦૦૦, બાઇ આવાબાઇ ફરામજી પીટીટના સીવના વેટરવાના કલાસને મદદના માસ બારના આપ્યા રૂ૫૪૦, બાઇ દીનબાઇ મેમોરીયલ ફંડમા, (પારસી પંચાયતની હાઇ સ્કુલના સેક્રેટરી હસ્તક) રૂ૧૦૧, પારસી બોય સ્કાઉટ તરફના યુનીફોર્મ ડરેસીસ બનાવવા માટેના ફંડમા રૂ૨૦૦, અને માથેરાનના રંગવી પારકમા લોકોને બેસવા માટે બાંક નં ૬) બાઇ આવાબાઇ ફરામજી પીટીટની નામવતે માથેરાન મ્યુનીસીપાલીટીને ભેટ આપ્યા તેના રૂ૨૫૮.

સખી વજુદ બાઇ હીરાબાઈ જમશેદજી પીટીટ તે મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ પહેલા બેરોનેટના બેટીએ આ વરસે હમેશ મુજમ જુદા જુદા ધરમખાતાઓ તેમજ ફંડોમા નાણાની સારી મદદ કરી હતી એ ઉપરાત એવણે પોતાના અશો રવાનોની નઈયતે તેઓની પવીત્ર યાદમા ધરમ ખાતે રૂ૫૦૦૦ નીચે મુજબ આપ્યા છે —પુના ખાતેના ગરીબ જરથોસ્તી વીદયારથીઓને મદદ કરવાના ફંડમા બ્યાજ વાપરવા રૂ૧૦૦૦ નુ ટકા ૪ નુ બોડ, પુના મધેની સરદાર દસ્તુર નોશરવાનજીની હાઇ સ્કુલના નીભાવ ફંડમા બ્યાજ વાપરવા રૂ૫૦૦ નુ ટકા ૪ નુ બોડ, મુબઇ મધેની બાઇ રતનબાઇ ફરામજી પાડે સ્કુલના ભોજન ફંડમા બ્યાજ વાપરવા રૂ૧૦૦૦ નુ ટકા ૪ નુ બોડ, મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇની મુબઇની સ્કુલના ભોજન ફંડમા બ્યાજ વાપરવા રૂ૧૦૦૦ નુ ટકા ૪ નુ બોડ, સર જમશેદજી જીજીભાઇની સ્કુલના ભોજન ફંડમા રૂ૧૦૦, જરથોસ્તી જશન કમીટી હસ્તક ધરમ અને નીતીની કેળવણી ફંડ છે તેમા રૂ૫૦૦ નુ ટકા ૪ નુ બોડ જમે કરી તેના બ્યાજમાથી જે ચંચળ છોકરો યા છોકરી ધરમ અને નીતીની પરીક્ષામાં પહેલે નંબરે આવે તેને દર સાલ એવણને નામે ઇનામ આપવા, ગરીબ જરથોસ્તીઓને મુફત અનાજ આપવાના ફંડમા રૂ૩૦૦, પારસી ચેરીટી ઓરગેનીઝેશન સોસાયટી હસ્તકના ઇનડસ્ટ્રીયલ કલાસના ફંડમા રૂ૩૦૦, ઇરાનના યઝદ ગામના ગરીબ ઇરાની જરથોસ્તી મરદો તથા ઓરતોને માટે ચશમા ખરીદવા માટે રૂ૨૦૦ અને ભરૂચ જીલ્લાના ઇલાવ શેહેરના સુરવે ગામમા નવી સગડી બાધવાના ફંડમા રૂ૧૦૦

શેઠ એદલજી રૂશતમજી ફ્નીબદાએ નવસારીના આતશ બેહરામના નીભાવ ફંડમા રૂ૫૦૦૦, એ આતશ બેહરામના મકાનમા ઇલેક્ટ્રીક લાઈટ મુકાવવા માટે રૂ૧૦૦૦૦ તથા કમપાઉન્ડમા કુવો બાધવા માટે રૂ૫૦૦૦, અમલવાદ ખાતે બધાયલી નવી દરેહમેહરના ફંડમા રૂ૫૦૦ અને ના[illegible] ગોનની સ્કુલને રૂ૧૦૦૦ આપ્યા હતા

સખી વજુદ બાઇ રતનબાઇ એદલજી બાનજીએ પોતના દીકરી મરહુમ માન[illegible] પુણ માટે રૂપયા પચીસ હજાર નવસારીમા એક લેડીઝ ઇનસ્ટીટયુટ (નઇયરી [illegible] વગેરે) સ્થાપવા માટે આપવા કબુલ્યુ છે, એ[illegible] બીજા વધુ રૂપયા પચીસ હજાર નામદાર ગાયકવાડ સરકાર તરફથી ઉમેરવામા આવશે એ માટેની ગોઠવણ થાય છે અને બધુ નકી થયે એ ઇનસ્ટીટયુટ ચાલુ કરવામા આવશે બાઇ રતનબાઈએ બીજા વધુ રૂ૫૪૦૦ બાઇ હમાબાઇના પુણ માટે જુદા જુદા ધરમખાતાઓમા આપયા છે એ ઉપરાત એવો બાઇજી તરફથી મુબઇની પારસી પચાયતને આપવામા આવેલા રૂપયામાથી નવસારી ખાતેની રતનબાઇ બામજી સેનેટરીયમને લગતા બીજા બે બલોકો આ વરસે જાહેર વપરાશ માટે ખુલ્લા મુકવામા આવયા છે

કરાચીના જાણીતા શેહેરી શેઠ અરદેશર હોરમજી મામાએ પોતાનાં પીતાજી શેઠ હોરમજીની યાદમા મહાબલેશવર ખાતે સાસુન પોઇનટની જગયા ઉપર આવેના પારસી જીમખાનામા નવો બીલીયરડ પેવીલીયન રૂ૧૫૦૦૦ ના ખરચે બધાવી આપયો છે, જે આ વરસે જાહેર વપરાસ માટે ખુલ્લો મુકવામા આવયો હતો.

સીકનદરાબાદના જાણીતા શહેરી શેઠ જહાંગીરજી જમશેદજી ચીનાઇએ પોતે સીકનદરાબાદ ખાતે એક સ્કુલ સ્થાપી છે તેના ફંડના વધારાને માટે રૂ૧૦૦૦૦ ની કલદારની ૬ ટકાની લોન આપી છે એ ઉપરાત એવણે સીકંદરાબાદના નસેસાલારના ફંડમા રૂ૧૦૦૦૦ ની લોન અને યઝદની શેઠ મારકર ઓરફનેજમા રૂ૬૦૦૦ ની કલદારની લોન આપવા જણાવયુ છે.

સીકનદરાબાદના રહીશ બાઈ રતનબાઈ જમશેદજી ચીનાઈએ પોતાની સીકંદરાબાદની ખાલી જમીન ઉપર પાચ પાચ હજાર રૂપયાના ત્રણ બલોકો બાંધવાને રૂ૧૫૦૦૦ આપયા છે, એયા

ગરીબ પારસીઓને સસ્તે ભાડે રાખવામા આવશે એ ઉપરાંત એવણે યઝ્દની શેઠ આન્કરની આરફ્નેજમા રૂ૬૦૦૦ ની લોન આપવા જણાવ્યુ છે

હેદરાબાદવાળા નવાબ સોરાબ જંગ બહાદુરે યઝદની આરફ્નેજમા રૂપયા છ હજારની રકમ આપવા જણાવ્યું છે

શેઠ ખુરશેદ ગુસ્તાદ કેમ્માનીએ મુમબઈ પારસી પંચાયતની જરથોસ્તી સ્વાનોને લાગ લઈ જાવ કરવા સારૂ એક મોટર ગાડી ભેટ આપી છે એ મોટર રાખવા માટે એક ગેરેજ અને શોફરને રહેવા માટે એક મકાન ડુંગરવાડીના કમ્પાઉન્ડમા બંધાવી આપ્યુ છે આ ત્રણે પાછળ એવણને લગભગ રૂપયા પાતરી હજારનો ખરચ થવા ગયો છે

અતરેના જાણીતા શેહેરી સર ધનજીભાઇ બમનજીએ રૂપયા પચીસ હજારની રકમ યંગ મેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશનને બીલ્ડીંગ બાંધવા સારૂ આપી હતી એવણે મુમબઈની ચોપાટી ખાતેની પંચાયત હસ્તકની ધરમશાળામા કેટલાક વાસણો ભેટ આપી તેમાના રહીશોને કપડાઓ વગેરે અપાવ્યુ હતુ

શેઠ મનચેરજી નવરોજી દાવરે રૂ૫૦૦૦ ની રકમ ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાનની મારફતે મુંબઇની પારસી હાઉસીંગ સોસાયટીને આપી કે એના વ્યાજમાથી ગરીબ તથા મધ્યમ વરગના ભાડુતોના ભાડામા ઘટાડો કરવો વળી એવણે બીજા વધુ રૂ૫૦૦૦ ની સાડાછ ટકાની લોનો આપી છે કે એ રકમના અરધ વ્યાજમાથી દદર ખાતેના પારસી કેથોનીમાની શેઠ નશરવાનજી ગહાડના શાળામા ઇનામો સ્કોલરશીપો આપવી અને અરધુ વ્યાજ ચાલુ ખરચમા વાપરવુ

વાડરા ખાતે બગ બીછાનાની સગવડ સાથની એક હાસપીટલ અતરેના જાણીતા રહીશ શેઠ ભાભા કુટુંબ તરફથી સ્થાપવામા આવેલી છે આ કુટુંબના એક નબીરા ખાન બહાદુર એચ કે. ભાભાએ એ હાસપીટલને બીજા વધુ રૂ૧૦૦૦૦ ત્રણ બીછાનાની સગવડવાળુ એક સુવાવડખાતુ સ્થાપવા માટે આપયા છે

બાઇ નાજાંમાય તે શેઠ ફરામજી રતનજી જોશીના દીકરીએ પોતના મરહુમ ખાવીંદ શેઠ અરદેશર રૂસ્તમજી મોબેદજીના પુણ્ય માટે પંચગની ખાતે અનાથ દસ્તુરી દરેમેહેર સ્થાપી મોબેદોને રહેવાનુ મકાન બાંધવા સારૂ રૂ૭૦૦૦ ની રકમ આપવાની પોતાની ખાહેશ જાહેર કીધી હતી

રાજપીપલા રાજ્યના ઇજારદાર તથા જીનીંગ ફેકટરીઓના માલેક શેઠ હોરમસજી રતનજીએ પોતાના ધણીઆણીની નઇ પીરોજબાઇની યાદમા રૂ૫૦૦૦ તવાના પાંજરાપોળને આપ્યા હતા વળી રૂ૫૦૦૦ ની બીજી રકમ એવણે એ રાજ્યના નામદાર મહારાજાને આપી હતી કે તેનુ વ્યાજ દર સાલ સારા કામ માટે વાપરવુ શેઠ હોરમસજીએ કરેલી સખાવતોની હેશાનમા એવણનુ બાવલુ તથા એમના મરહુમ દીકરા શેઠ મહેરવાનજીની યાદમા ગવાવેલો ફુવારો ખેલ્લા મેલવાની ક્રીયા રાજપીપલાના નામદાર મહારાજા સાહેબે મારચ ૧૯૨૫ મા એક મેળાવડા સમક્ષ કરી હતી એ વખતે જણાવવામા આવ્યુ હતુ કે શેઠ હોરમસજી અપમાનથી આગળ વધેલા વેપારી છે અને તેવણે દારૂના ઇજારા વગેરેને ખોલી આગળ વધીને નામદાર મોટા વેપારી થયા છે

સુરતવાસી મરહુમ ડા૦ ફરદુનજી એદલજી મેરડીવાલાની પુંજીમાથી તેમની યાદમા તેમની મીલકતના ત્રસ્ટીઓ શેઠો માણેકશા મનચેરજી મેટાફરામ તથા સોરાબજી જમશેદજી સેરડીવાલાએ સુરત મધે શાહપોર તરફના લતામાનુ પરખાવેલુ કુશાદે મકાન રૂ૧૯૯૯૯ મા ખરીદી, બીજા વધુ રૂ૫૦૦ સાથે સુરતની પંચાયતને તેને લગતી ખુલ્લી જમીન સાથ સ્વાધીન કર્યું હતું

એમાં ચાલીને બંન્નેનો સુધારો પંચાયતે કરી લેવો. એ મકાન નવસે વીધેના તેમજ ગરીબ જરથોસ્તીઓને તા૦ ૧ લી આગસ્ટ ૧૯૨૫ થી ભાડે આપવામા આવ્યુ છે.

મુબઇના નામદાર ગવર્નર અને લેડી વીલસન નારગોલની મુલાકાતે તા૦ ૨ જી માર્ચ ૧૯૨૫ ને સોમવારે મીવારથા હતા ત્યારે નરગોલ ગામ જતા બરોડા રેલવેના સંજાણ સ્ટેશને નથી ઉતરી પડેના સંજાણ પારસી સ્થભની મુલાકાત એ નામદારોએ લીધી હતી, જે વેળા પારસી પંચાયતના સેક્રેટરી સમસુન ઓલમા એરવદ ડાકટર જીવણજી જમશેદજી મોદીએ તથા મેમોરીયલની સ્થાનીક કમીટીના સભાસદોએ એ નામદારોને બધે ફેરવીને ઘટતી સમજણ આપી હતી. નામદાર ગવરનરે પારસી કોમે પોતાના વાગ નોની આવી સુંદર યાદગીરી જાલવી રાખી છે તે માટે પોતાની ખુશાલી જાહેર કરી હતી હય થે નીકળી સરવે જણાઓ નારગોલ ખાતે સવારના દશ વાગે આવી પુગા હતા નામદાર ગવરનર અને એવણના બાનુના માનમા ત્યાના કાવશજી દીનશાહ એડનવાલા પારકમાના નારગોલ ટાઉન હોલમા એક ભવ્ય મેળાવડો કરવામા આવ્યો હતો, શ-આનમા નારગોલ અને તેની આસપાસના જરથોસ્તીઓ તરફનુ માનપત્ર રૂપાના કાસ્કેટ સાથે શેઠ મેરવાનજી એમ કારભારીએ નામદાર ગવરનરને એનાયત કીધુ હતુ એ પછી શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનવાલાએ નારગોલના સખાવતી ખાતાઓ જેમા એન એમ વહાડીઆ નારગોલ એંગ્લો હાઇ સ્કુલ, બાઇ હીરાબાઇ જમશેદજી તાતા નારગોલ ગરલ્સ સ્કુલ, એન જે તાતા નારગોલ હોસ્પીટલ, સર શાપુરજી ભરૂચા નરગોલ ઇંગ્લીશ સ્કુલ નારગોલ પારસી એસોસીએશન અને નારગોલ વીલેજ પંચાયત સમાઇ જાય છે, તેનો ૧૯૨૧ થી ૧૯૨૪ નો રીપોર્ટ રજુ કરતા જણાવ્યુ કે આ સખાવતી ખાતાઓની બોરડ ઓફ મેનેજમેંટ અને ખાતાઓના ફંડના ટ્રસ્ટીએ તરીકે શેઠ કેકોબાદ કાવસજી દીનશાહ એડનવાલા (પ્રમુખ), શેઠ જહાંગીરશાહ એચ કામા (ત્રેઝરર), ડા૦ દારાબ એન સાહેર, ડા૦ એફ આર. પારખ શેઠ અરદેશર રૂસ્તમ તલાટીખાન, શેઠ દીનશા આદરજી વાહડીઆ, શેઠ રૂસ્તમ પી. જહાંગીર તાલ્હારખાન (ઓનરરી સેક્રેટરી), અને શેઠ પેસતનજી દોરાબજી પાંડે કામ કરે છે નારગોલ ખાતે એંગ્લો હાઇ સ્કુલ ૧૯૦૮ મા એન એમ વાહડીઆ ચેરીટી ફંડના ટ્રસ્ટીઓએ સ્થાપી હાલની સ્કુલ બીલ્ડીંગ અને ર૨૦૦૦ની કીમતની સાડાત્રણ ટકાની લોન ભેટ આપી છે એ સ્કુલને એક જરથોસ્તી ગ્રહસ્થે રૂ૧૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન આપી છે એના વ્યાજમાંથી મુફત ભોજન પુરૂ પાડવામા આવે છે એના નીભાવ ફંડમા એક જરથોસ્તીએ રૂ૨૨૦૦૦ ના ૬ ટકાના બોંડ તથા શેઠ એન એમ વાહડીઆના ટ્રસ્ટીઓએ એક મોટી રકમ આપી છે એ ઉપરાંત પરચુરણ રકમોના મળી રૂ૩૦૦૦૦ ની લોનો મળી છે આ સ્કુલના સબંધમા એક લાયબ્રેરી સ્થાપી છે તેને પબલીક લાયબ્રેરીમા ફેરવી તેની સાથે રીડીંગ રૂમ જોડવાનો વીચાર છે આ લાયબ્રેરી માટે ગામના એક વતની શેઠ ફરદુનજી ફીરોજી કારભારીએ રૂ૫૦૦૦ ની રકમ તમો નામદારની અને લેડી વીલસનની આજની પધરામણીની યાદ જાળવી રાખવા માટે આપી છે મરહુમ સર રતન તાતાએ છોકરીઓની સ્કુલ માટે એક બીલ્ડીંગ અને શીક્ષકો માટે મકાન લગભગ રૂપીઆ બાર હજારને ખરચે બંધાવી આપ્યુ છે જેને એવણના માતાજી હીરાબાઇ જમશેદજી તાતાનુ નામ આપ્યુ છે વળી સર રતન તાતાએ એક હસપીટલ સ્થાપી તેને એવણના બાપાવા શેઠ એન જે તાતાનુ નામ આપ્યુ છે આ હોસપીટલના ડાકટરના રહેવાનુ મકાન બાંધવા માટે રૂ૧૦૦૦૦ આપ્યા હતા તેમ જ હોસપીટલ અને સ્કુલના નીભાવ માટે આજ વરસો થયા દર વરસે રૂ૮૦૦૦ આપવામા આવે છે નારગોલ ખાતે બાર વરસ થયા થાપવામા આવેલુ નારગોલ પારસી એસોસીએશન સીવીલ અથવા ફોજદારી કોરટનો આશરો લીધા વગર લવાદીથી ખટપટો ચુકાવે છે અને સેકડો કેસોની પતાવટ કરી છે

એ પછી ન્યૂ[illegible] સમારંભે, કૈતલે, [illegible] માન માટે [illegible] [illegible] [illegible] કે પારસીઓની સખાવતથી આ ગામમાં ઘણા ખાતાઓ ઉભા થયા છે અને ઘણા [illegible] થતા આવ્યા છે. આ સખાવતો પોતાની પારસી કોમ માટેજ કરી નથી પણ નાત જાતની કોઇપણ તફાવત વગર પરદુઃખભંજન કામો માટે તેમજ સઘળી કોમોના લાભ માટે કરી છે જે તેઓનું ઘણુંજ શોભાભરેલું છે અને બીજી કોમો માટે તે દાખલો નકલ કરવા જોગ છે મી૦ કારખાનેરીએ આજની અમારી મુલાકાતની ખુશાલીમાં પાંચ હજાર રૂપીયા [illegible] માટે આપ્યા છે તે માટે તેઓનો ઉપકાર માનુ છું. આ ગામ કેળવણી, તબીબી મદદ, ઉદ્યોગ હુન્નર વગેરે બાબદોમાં જે મોટી સગવડો ધરાવતું થયુ છે તે સઘળું મી૦ રૂસતમ પી જાહંગીરને આભારી છે એ પછી ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાને નામદાર ગવરનર અને લેડી વીલસનનો ઉપકાર માની જણાવ્યુ કે પારસીઓએ મુંબઇમા તેમજ બીજે ઠેકાણે પણ પારસીઓ માટેજ નહી પણ સઘલી કોમો અને જાતો માટે હોસપીટલો, કેળવણી ખાતાઓ વગેરે સ્થાપ્યા છે તેવણે નામદાર ગવરનર અને લેડી વીલસનના સદ્દગુણોની તારીફમાં કેટલુંક વીવેચન કરયા બાદ એ નામદારોએ સખાવતી ખાતાઓની મુલાકાત લઇ પોતાનો સંતોષ જાહેર કીધો હતો બપોર પછી સ્પેશીયલ ત્રેનમા નામદાર ગવરનર ને બાનુ મુબઇ પાછા ફરયાં હતા

સુરત જીલ્લાના રાદેર તથા કુડયાના ગામો વચ્ચે આવેલી સડકનો કાચો રસ્તો સાડાનવ માઇલનો લાંબો હતો તેથી ચોમાસામા આવજાવ કરવાની ઘણીજ અડચણ પડવાથી ક્વેતાવાલા સખી શેઠ ખાન બહાદુર બરજોરજી દોરાબજી પટેલે રૂપ્યા વીસ હજાર પેહલવેહલા આપવાથી સને ૧૯૧૯ થી સડક સમારવાનુ કામ શરૂ કરવામા આવ્યુ હતુ તે પછી એ સડકનો ખરચ દરેક ચીજની મોંઘાઇને લીધે ઘણોજ વધી જવાથી અને એ રકમમાથી સડક બાંધવાનુ કામ પુરૂ થઇ નહી શકવાથી હાગકાગવાલા સખી શેઠ મનચેરજી જમશેદજી પટેલે બીજા વધુ રૂ૫૦૦૦૦ આપ્યા હતા તેમાથી બાકી પાકી સડક બાંધવામા આવી છે એ સડક એવણના મરહુમ બપાવાને નામે ઓલખવામા આવશે આ સડક તાલુકા લોકલ બોરડની તા૦ ૨૦-૪-૧૯૨૫ ને દીને મલેલી સભામા એક ઠરાવ પસાર કરી લોકલ બોરડે પોતાને હસ્તક લીધી છે

એક જરથોસ્તી ગ્રહસ્થ તરફથી રૂ૨૫૦૦૦ ની રકમ મી૦ દાસના મેમોરીયલ ફંડમા આપવામા આવી હતી

વલસાડના જાણીતા શેહેરી ખા૦ બા૦ કાવસજી ધનજીભાઇ ધનબુરાએ આ વરસે કરેલી રૂ૪૯૨૬ ની સખાવતની વીગત — જમના નદીના રેલથી આફતમા આવી પડેલાઓના ફંડમાં રૂ૧૦૦, એક ગરીબ જરથોસ્તી છોકરીના લગન મદદમા આપયા રૂ૫૦૦, નાના પારસીવાડની અગીયારીના છાપરા ઉપર પતરા જડાવયા તેના રૂ૭૮૯, દમણમા દખમા આગળ અગીયારી બાંધવાના ફંડમા રૂ૧૦૦૦, ગરીબોને દવા આપી તેના રૂ૧૭૩૦, ગરીબોને ચોખા વેહેચ્યા તેના રૂ૫૦૯ અને પરચુટણ ધરમખાતાઓમા આપયા તેના રૂ૨૯૮.

શેઠ કાવશજી સીધવાએ ઉરન ખાતે પારસીઓ માટે હવા ખાવાની સેનેટરીયમ તરીકે દર રૂપયા છ હજારના ત્રણ લાકડાના કોટેજીસ બંધાવવા માટે રૂપયા અઢાર હજાર આપવા જણાવયુ હતુ.

બાઇ શીરીનબાઈ દાદાભાઈ બેરામજી એદલજીએ પોતાના મરહુમ બેટા જાહેંગેરની યાદમાં કરાચીના કલીફટન પર સેનેટરીયમનો એક બલોક રૂ૩૫૯૦ ને ખરચે બંધાવી આપવા જણાવ્યું છે.

મુબઇના જાણીતા ત્રીજોરીના બનાવનાર શેઠ અરદેશર ગોદરેજે પોતાના બેની બાઈ [illegible] બાઇના ભરણ ખાતે થયલા ઉઘરાણા વાસ્તે લારેલા રૂ૧૦૦૦ ઉપરાંતની પારસી [illegible] આપયા છે

[illegible] શેઠ હીરજીભાઈ [illegible] દરેહમેહરમાં મુકવા એક [illegible] આપી છે.

[illegible] ફરામજી [illegible]વાળાએ સુરતના ઉમરવાડા ખાતેના [illegible] [illegible] મકાન [illegible] આપેલુ છે તેમા ટાઇલ્સ જડાવવા તથા તેને રંગ ચુનો [illegible] વગેરે માટે [illegible] રૂ. [illegible] સુરતની પારસી પંચાયતના ટ્રસ્ટીઓને આપ્યા છે.

[illegible]ના વીક્ટોરીયા સ્વીમીંગ બાથના જોડયા માલેક શેઠ ફરામરોજ ખરશેદજી [illegible] એકએના દરયામાં ડુબી જતા એક હીંદુ છોકરાનો જાન પોતાના જીવના જોખમે તા૦ ૧૭ મી મે ૧૯૨૩ ને દીવસે બચાવયો હતો એવણુની આવી બહાદુરીની પીછાન કરવા તેમજ ઉછરતી ઓલાદની સારીરીક ખીલવણી કરવાની એવણુની હમેશની કાળજીની પીછાન કરવા સારૂ એ બાથના ચેલાઓએ એક ટેસટીમોનીઅલ ફંડ ઉભુ કીધુ હતુ એવણુના માનમા એક મેળાવડો તા૦ ર૫ મી જાનેવારી સને ૧૯૨૫ ને રવીવારે સવારના ૯ કલાકે એકએના વીકટોરીયા સ્વીમીંગ બાથમા સર હોરમજી કાવસજી દીનશાહના પ્રમુખપણા હેઠળ ફરી એવણુને એક પરસ તથા ચાદો એનાયત કરવામાં આવયા હતા શરૂઆતમા તરવાની કસરતના પ્રોયોગો કરવા બાદ એ બાથના સેકરેટરી શેઠ રૂશતમ બી પેમાસ્તરે શેઠ ફરામરોજ ગોળવાળાની બહાદુરીના વખણ કરી જણાવયુ કે ઉભા કીધેલા ફંડમા [illegible] હજાર રૂપયા ભરાયા છે અને એવણુને આપવામાં આવનારી પરસની રકમ એવણ જુદા જુદા ફંડોમા આપી દેનાર છે એ પછી પ્રમુખ સર હોરમજીએ શેઠ ફરામરોજને સુનાનો ચાંદ તથા પરસ એનાયત કરી ખુશેદ મંડળના પ્રમુખ શેઠ હરમીસ તથા મેમબરો તરફથી આદીનુ ડપ, તેમજ મેસર્સ દવર અને ફીટરવાલા ઓમખે બોય સ્કાઉટ ટ્રુપના સરનશીન શેઠ ફીરોઝ ગજદર તરફથી બીજો સુનાનો ચાંદ એનાયત કરી શેઠ ફરામરોજની બહાદુરી માટે કેટલુંક વીવેચન કરી જણાવયુ કે આ બાથમાથી આજ દીન સુધી પાતરીસ હજાર ચેલાએ તરવાનો હુનર શીખી બહાર પડયા છે શેઠ ફરામરોઝ ગોળવાલાએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માની કહયુ કે મને એનાયત થયના રૂપયા બે હજાર નીચલા ધરમખાતાઓમા આપવામા આવશે — દેવલાલીની ડા૦ બહાદુરજી સેનેટરીયમને રૂ૫૦૦, ઓમબે યુરોપીયન રીલીફ એસોસીએશનને રૂ૫૦૦, વીકટોરીયા અવશાળાને રૂ૨૦૦ જામે જમશેદ હસ્તકના ગરીબ જરથોસ્તીઓના ફંડમા રૂ૧૫૦, શેઠ નસરવાનજી પીટીટવાળા દીવાનાઓના ફંડમા રૂ૧૫૦ અને બાકીના રૂપયા બીજા પરચુરણ ફંડોમા આપયા હતા સેવટે વીકટોરીયા સ્વીમીંગ બાથના જોડયા માલેક શેઠ દાદાભાઇ ખુ. ગોલવાલાએ તથા શેઠ રૂસતમ બી મસાનીએ પ્રમુખનો તથા મદદ કરનારાઓનો ઉપકાર માન્યો હતો એ બાથ દરયો પુરયા પછી પણ એ સ્થલ જગાએજ ચાલુ રહેશે અને મોટા નળો નાખી દરીયામાથી પાણી લાવવામા આવશે

શેઠ રૂશતમજી હોરમજી વાહાડયાએ વડોદરાની જરથોસ્તી અંજુમનના ફંડમા પોતાના બેહેદીનોના બાજ રોજગાર કરવા માટે રૂ૨૦૦૦ તથા દોખમા આગળ રહેતા કુતરાઓને રોટલી ખવાડવાના ફંડમાં રૂ૧૦૦ આપ્યા હતા એવણે વડોદરાની જરથોસ્તી અંજુમનની પચીસ વરસો સુધી બજાવેલી અમુલ્ય સેવાઓની પીછાનમા વડોદરા ખાતેની શેહરની દરેહમેહરમા તા૦ ૩૧ મી મે ૧૯૨૫ ને દીને શેઠ રૂશતમજી રતનજી કેરાવાલાના પ્રમુખપણા હેઠળ થયલા મેળાવડા વખતે વડોદરાની જરથોસ્તી અંજુમન તરફથી શેઠ રૂશતમજી વાહાડયાને એક [illegible] તથા સુવેનીરની ભેટ કરવામાં આવી હતી.

શેઠ રતનજી [illegible] [illegible]વાલાએ ભરૂચના દોખમાના કમપાઉન્ડમા રૂ૨૪૦૦ ના ખરચે [illegible] કરાવી [illegible] મોટર તથા પમ્પ મેલી આપ્યા છે.

[illegible] શેઠ રતનજી [illegible] પોતાને [illegible] રૂ. [illegible] આપ્યા [illegible]

ખાતેના બહારકોટના પારસીઓ માટે મીઠા પીવાના પાણીની સગેવડ કરવાના ફંડમાં રૂ૫૦૧, ધરા. નની જરથોસ્તી અંજુમનને બાળકોની કેળવણી ફંડ માટે ૨૫૦૦, ભરૂચના બેમી વીકના ફંડમા ૨૧૦૦, ભરૂચ સેનીટરી એસોસીએશન માટેના જહાંગીર દીનશાહ વકીલ મ્યુઝીયમના ફરનીચર ફંડમાં ઇલેકટ્રીક ફીટીંગ કરાવી આપવા વગેરે માટે ૨૨૦૦ અને રેડક્રોસ સોસાયટીના ફંડમા ૨૨૦૦ આપ્યા હતા

બાઈ કુંવરબાઇ નશ વાનજીએ નૂલસાડની જરથોસ્તી અંજુમનને રૂ૧૦૦૦ ની રકમ આપી કે એના વયાજમાથી દર વરસે બાજની ક્રીયા કરાવવી

શેઠ હોરમશજી નવરોજી બારીઆએ પોતાના માતાજી બાઇ નવાજબાઇના પુણ્ય સારૂ બીલી-મોરાની અગીઆરી ના મુક્તાદ માડવા માટે એક ૧) તથા રૂ૩૧૦ રોકડા બીલીમોરાની જરથો-સતી અંજુમનને વયાજ વાપરવા આપયા હતા એમાના ૩૧૦ ચાલુ સાલના મુક્તાદ માડવાના ખર્ચના લેવા જણાયુ છે

બાઇ આવાબાઇ અરદેશરજી રૂસતમજી વાહાડીઆએ પોતાના ધણી મરહુમ શેઠ અરદેશર-જીના પુન માટે રૂ૭૦૦ ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસતી અંજુમનને આપી કે એના વયાજમાથી મરહુમ શેઠ અરદેશરની દર વરસે સીનાવ સાથની બાજની ક્રીયા કરાવવી એ ઉપરાન બોજા વધુ રૂ૪૦૦ ની સાડાત્રણ ટકાની લોન બાઇ આવાબાઇએ બીલીમોરાની અંજુમનને આપી કે હાલ તરત એ રૂપયા વયાજ સાથે વધવા દઇ બાઇ આવાબાઇની હઇયાતી બાદ એઓની દર વરસે બાજ વયાજમાથી કરાવવી

મરહુમ બાઇ બચુબાઇ કાવસજી મેહેતાની પુજીમાથી રૂ૧૮૦૦ ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપવામા આવી છે કે રૂ૧૦૦૦ નું વ્યાજ મરહુમ શેઠ મેરવાનજી ભીમજીભાઇએ બધાવેલી ધરમશાળા રૂસતમબાગના તથા દોખમા નજદીકના પુલના રીપેરીંગ ખાતે જમા કરવુ અને રૂ૮૦૦ નુ વ્યાજ શેઠ મેરવાનજી ભીમજીભાઇના ગહમબારના ધરમ ખાતે જમે કરવુ

બાઈ ધનબાઇજી રૂસતમજી એદલજી ફ્નીબદા તરફથી બીલીમોરાની જરથોસ્તી અંજુમ-નને રૂ૮૦૦ ની સાડાત્રણ ટકાની લોન આપવામા આવી છે કે એનું વ્યાજ બીલીમોરાના આદરીઆનના ફંડમા વાપરવુ

મુંબઇમા આવેલા કોટના ધર્મના દવાખાનાના સ્થાપક મરહુમ શેઠ સોરાબજી કાવશજી પાવરીવાલાના સાહેબજાદાઓ શેઠો રૂશતમજી તથા કાવશાહે આ દવાખાનામા વીજળીથી દરદો સાજા કરવા માટેનો એક વીભાગ ઉઘાડી તેને લગતા ઓજારો ખરીદ કરવા સારૂ રૂ૧૭૦૦ ની બક્ષેશ કરી હતી એ ખાતાનુ કામકાજ તા૦ ૧ લી એપ્રીલ ૧૯૨૫ થી શરૂ કરવામા આવયુ છે

બાઇ ધનમાય ફરામજી અરજાનીએ પુણા ખાતેના ઝોરાસ્ત્રીયન બીલ્ડીંગ સોસાયટીના ફંડમા રૂ૧૦૦૦ અને પુણાના ગરીબ જરથોસ્તી વીદ્યાર્થીઓના ફંડમા રૂ૫૦૦ વયાજ વાપરવા આપયા હતા

ભાવનગરના જાણીતા શેહેરી શેઠ દીનશાજી બમનજી વકીલે ભાવનગરની બાઇ દીનબાઇ વકીલ ધરમશાળામા લગભગ રૂપયા દોઢ હજારને ખર્ચે વીજલીક લાઇટ મુકાવી આપી છે એ ઉપરાત એવણે પોતાના મરહુમ મોટા શેઠ જેહાંગીરના પુણ્ય અરથે માથેરાન ખાતેના રંગમી પલોટો પર એક અચ્છુ બેનડસ્ટેન્ડ આ વરસે બધાવી સ્થાનીક મ્યુનીસીપાલીટીને સપુરદ કીધુ છે આજુબાજુ બગીચા બનાવી કુડાઓ ગોઠવી બેસવા માટે બાજટેની સગવડ રાખવામા આવી છે તેથી મજકુર પલટો હવે રતનબી પારકના નવા નામે ઓળખાય છે.

શેઠ બેરામજી જીજીભાઇએ મુબાઈ મધેની જશન કમીટીના ડીસા પ્રાઇઝ ફંડમાં રૂ૧૦૦૦ ની રકમ આપી હતી.

બીલીમોરાના જાણીતા રેહેરી શેઠ રતનજી શાપુરજી તાતાએ રૂ૧૦૦૦ ની રકમ સુરત સારવજનીક આરટસ કોલેજમા શીક્ષણ લેતા વીદયારથીઓ માટે એક જુદુ હોસ્ટલ અને કીચન બાધવાના ફંડમા આપી હતી.

સર દાદીભા મેરવાનજી દલાલે રૂ૧૦૦૦ ની રકમ ભુપેનદરનાથ બાસુ મેમોરીયલ ફંડમા આપી હતી

શેઠ બમનજી પેસતનજીએ રૂ૧૦૦૦ ની રકમ મેસાણા ખાતેની ધરમશાળામા સુધારા વધારા કરવા માટે આપી હતી

ભરૂચની વખારીયાની દરેહમેહરના પથકી એરવદ રૂશતમજી કાવશજી દસ્તુરે ભરૂચ મધેના આરામગાહની જગયા આગળ આતશ રોશન રાખવાના ફંડમા રૂ૫૦૧ અરપ્યા હતા અને રૂવાનોને મુકવાના ચોતરાને આરસપાહાનના પથરની એકક બનાવવા માટેના ખરચમા રૂ૫૦૦ આપવા જણાવયુ છે

શેઠ હોરમજી મેરવાનજી હીરાનાએ પોતાના વડા ભાઇ મરહુમ શેઠ ડોશાભાઇના પુણ માટે રૂ૫૦૦ ની સાડાત્રણ ટકાની લોન સુરત જીલ્લા લોકલ બોરડને આપી છે કે એના વયાજમાથી સુરત ડીસ્ટ્રીકટના વલસાડ તાલુકાની ડુગરીની ગુજરાતી નીશાળના પછાત વરગના વીદયારથીઓને રોકડ રકમોનુ ઇનામ આપવુ

શેઠ કે એ મોદીએ રૂ૫૦૧ ની રકમ નવસારી ખાતેના ફીઝીકલ કલચર લીગને આપી હતી

શેઠ ફકીરજી જામાસ્પજી કેરાવાળાએ ભરૂચ ખાતેના દોખમાના કમપાઉન્ડમાની સગદીમા મોએદ રાખી બોય દેવાના ફંડમા મરહુમ બાઇ ગુલબાઇ ફકીરજી જામાસ્પજીની નઇયતે રૂ૫૦૦ ની રકમ આપી હતી

શેઠ પીરોશાહ નશરવાનજી મેહતાએ પોતાના દીકરી મેહરની નવજોતની ખુશાલીમા રૂ૫૦૦ ની સાડાત્રણ ટકાની લોન ભરૂચની પારસી પચાયતને આપી કે એના વયાજમાથી ભરૂચની બાઇ મોટલાબાઇ વાડાડયા પગ લેડીઝ ઈંગ્લીશ સ્કુલમા રૂપયા પાચની કીમતનુ પ્રાઇઝ આપવુ.

ગ્રાંટરોડ પર આવેલી બાઈ આવાબાઇ ફરદુનજી મેહતાની માલેકીની એલેકઝાડરા સોફ્રુમ સ્કુલ તરફથી થયલા પોશાકો વગેરેના પ્રદરશનના તથા સેલની આવકના ચોકસ ભાગના રૂ૫૧૩-૫-૦ જુદા જુદા જરથોસ્તી ખાતાઓમા એ સ્કુલના માલેક તથા બાનુઓ તરફથી આપવામા આવયા હતા.

સુરતવાલા મરહુમ ડા૦ જામાસ્પજી જીવાજીની વરસીને દીવસે મરહુમના પુણ માટે કુટુંબીઓ વગેરે તરફથી ધરમ ખાતે રૂ૩૩૨ આપવામા આવયા હતા.

ચેતમાલની એમપ્રેસ જીનીંગ ફેકટરીના એજન્ટ શેઠ હીરજીભાઇ હોરમજી બેવમ મરાલાએ ચેતમાલ ખાતેની પારસી આરામગાહની આસપાસ બાકુનડરી દીવાલ પોતાના મરહુમ પીતાજી શેઠ હોરમજીની યાદમા બધાવી આપવા જણાવયુ છે.

લેડી નવાજબાઇ રતન જમશેદજી તાતાએ મુબઇ મધેના પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમમાં મુકવા માટે બ્રીટનના નામાકીત ચીત્રકારોના ૭ ચીત્રો ભેટ આપ્યા છે.

નવસારીનો નગરોઝ મીનાર જે હાલમા કાલ્પડીઆ ટાવરને નામે ઓળખાય છે, તેની ઉતર દીશાનો ગોખો, અને તેની સામેનો જમાનાનો ઓટલો શેઠ નવરોજી બેજનજી ડાડીબા જરથોસ્ત

સતીઓને સર અવસરે વાપરવા વરસો થયા આપે છે. આ વરસે આ મકાનમાં ફરનીચરની સગવડ સાથનો એક હોલ, તથા કુસાદે માડવો બંધાવી જમવાની ટેબલો, રાધવાના વાસણો મુકી વીજલીની બતીઓ મુકાવાથી આ મકાનનો સારો ઉપયોગ થાય છે નજીવી હકસાઇ તેમજ વપરાયલા વીજલીક પ્રવાહનો ખરચ લેવામા આવે છે અને બહાર ગામના આવનારા ઉતારૂઓ માટે હોલની ઉપરનો માલ સઘળી સામગ્રી સાથે ભાડે આપવામા આવે છે

નવસારીના રહીશ શેઠ નાનાભાઇ બેજનજી ચોકસીએ નવસારીના આતશબેહરામમાં જે ગેહ ખાલી હોય તેમા પોતા તરફથી માચી ચહડાવી આશોદાદ આપવા, વડા દસ્તુરજી અને વડા દેશાઇજીને કાયમના ટ્રસ્ટી પોતા ભેગા મુકરર કરી તા૦ ૫ મી સપટેમબર ૧૯૧૬ ને દીને ટ્રસ્ટ ડીડમા રૂપયા પચીશ હજાર અલાહેદા કહાડયા હતા, જે વધી રૂપયા ઉડતાલીસ હજાર થયા છે, જેનુ વારસીક વયાજ રૂપયા ત્રણ હજાર આવે છે જરથોસ્તીઓમા માચી ચડાવવાનો પ્રચાર દીનપરદીન વધતો જતો હોવાથી જેવી જોઇએ તેવી અને તેટલી માચી આગળની માફક ચહડતી ન હોવાથી, શેઠ નાનાભાઇ ચોકસીએ નવસારીના જજની કોરટમા અરજી આપી હતી કે માચી માટે જેટલી રકમ જોઇએ તેટલી અકાબર સાહેબોએ ખરચવા ઉપરાત બીજા બસો રૂપીઆ રીઝરવડ ફંડમાં દર સાલ રાખી બાકી વયાજના રૂપીઆ પોતે તા૦ ૧૭ મી મારચ ૧૯૨૪ ને દીને જુ, ટ્રસ્ટ ડીડ કરી તેના જે ટ્રસ્ટીઓ નીમેલા છે, અને જરથોસ્તીઓના કામમા વાપરવા શરત કરેલી છે, તે ટ્રસ્ટીઓને તે રકમ અકાબર સાહેબોએ આપયા કરવી આ ઉપરથી નામદાર જજે તા૦ ૨૦ મી જુલાઇ સને ૧૯૨૫ ને દીને માગવા મુજબ અમલ કરવા હોકમ આપયો છે તથા માચી સાથે આશોદાદ મોઘવારીને લીધે છ આનાને બદલે આઠ આના આપવા માગણી મુજબ હુકમ કરયો છે

મરહુમ શેઠ નવરોજી માણેકજી વાડીયા ચેરીટીઝવાળા પ્રખ્યાત પારસી સખાવત ખાતાની ૧૯૨૨ થી ૧૯૨૩ સુધીની તથા ૧૯૨૩ થી ૧૯૨૪ સુધીની આવક અને તે ખાતા તરફથી તે વરસો દરમ્યાન થયલી સખાવતની વીગત નીચે મુજબ છે —૧૯૨૨-૧૯૨૩ ના વરસની થયલી આવકમા (૧) ભાડા અને મીલકતના રૂ૧૫૫૬૪૧-૧૦-૧૦, (૨) શેરોના ડીવીડંડ રૂ૧૫૧૦૬૬, (૩) સરકારી પ્રોમીસરી નોટોનુ વયાજ રૂ૧૪૦૫૨૮-૮-૦, (૪) પોરટ ટ્રસ્ટ બોડનુ વયાજ રૂ૪૨૧૮૨, (૫) ડીપાઝીટનુ વયાજ રૂ૪૭૭૩ ૧૫-૨, (૬) વોર બોન્ડસનું વયાજ રૂ૬૮૭૧, (૭) ઇન્ડીયા ટ્રેઝરી બીલ્ઝનુ વયાજ રૂ૫૪૬૮-૧૨-૦, (૮) પરેલની કેરી અને લીલા ઘાસના વેચાણના રૂ૨૧૦ અને (૯) ઇનકમ-ટેક્ષના રીફંડના રૂ૧૧૯૧૬-૫-૦ મલી જુમલે રૂ૫૧૮૬૬૨-૩-૦ ની આવક થઈ હતી, મજકુર સાલો ૧૯૨૨-૧૯૨૩ મા (૧) ગરીબ કુવારીઓના લગનના રૂ૫૭૯૫, (૨) પારસી છોકરાઓની નવજોતના રૂ૮૦, (૩) ઓરફનોની કેળવણી અને નીભાવ માટે રૂ૧૧૧૫૧, (૪) વઇદક નીવારણના રૂ૪૭૩૪૭, (૫) ગરીબાઇ અને સકટ નીવારણના રૂ૭૨૧૦૭-૧૦-૯, (૬) દુકાળ અને બીજી કુદરતી આફત માટે રૂ૨૬૧૬૨, (૭) જાનવરોની સંભાળ અને રક્ષણના રૂ૪૫૦૦૦, (૮) કેળવણી માટે રૂ૯૦૯૭૦-૧-૭, (૯) અમઓલી એસટેટની ખરીદી અને ખીલવણીના રૂ૧૫૪૦૨૨-૩-૧૦ અને (૧૦) નહી વરણવવામા આવેલી સખાવતના રૂ૨૦૩૪૬-૧૪-૦ મલી જુમલે રૂ૫૧૩૭૯૧-૧૪-૨ સખાવતમા આપવામા આવયા હતા, ૧૯૨૩-૧૯૨૪ ની થયલી આવકમા (૧) ભાડા અને મીલકતના રૂ૧૭૧૬૮૯-૧-૦, (૨) શેરોનુ ડીવીડંડ રૂ૮૮૭૧૬, (૩) સરકારી પ્રોમીસરી નોટોનુ વયાજ રૂ૧૩૩૫૬૪-૨-૧૧, (૪) પોરટ ટ્રસ્ટના બોન્ડનું વયાજ રૂ૪૧૬૮૨, (૫) ડીપોઝીટનુ વયાજ રૂ૧૭૬ ૧૧-૫, (૬) વોર બોન્ડસનું વયાજ રૂ૬૮૭૫, (૭) પરેલની ખાલી જમીન ખેતીવાડી માટે ભાડે આપી અને કેરી તથા લીલાં ઘાસના વેચાણના રૂ૩૬૦ અને (૮) ઇનકમટેક્ષના રીફંડના રૂ૧૯૨૬૭-૮-૦ મલી જુમલે રૂ૪૬૨૨૬૦-[illegible]

ની આમદ થઈ હતી, મજકુર સાલો ૧૯૨૩-૧૯૨૪ માં (૧) ગરીબ છોકરીઓનાં લગનના ૨૪૯૦૦, (૨) પારસી બાળકોની મદદના ૨૧૯૦૦, (૩) ઓરફનેજની કેળવણી અને નીભાવના ૨૯૬૬૩-૮-૦, (૪) વઇદક મીતારથુના ૨૩૬૨૭૫, (૫) ગરીબાઈ અને સંકટ નીવારણના ૨૮૩૧૬૧-૧૫-૯, (૬) દુકાળ અને બીજી કુદરતી આફતના ૨૨૬૨૫૦, (૭) કેળવણી માટે ૨૯૦૯૨૯-૧૪-૨, (૮) અમબોલી એસટેટની ખીદમતના ૨૧૧૮૬૫૩-૯-૭ અને (૯) નહી વરણવવામાં આવેલી સખાવતના ૨૨૧૧૦૨-૩-૦ મળી જુમલે ૨૩૮૨૦૦૬-૨-૧ સખાવતમાં આપવામાં આવ્યા હતા.

શેઠ નશરવાનજી જાહાગીર વાહાડયા ચેરીટી ફંડના ટ્રસ્ટી ડાકટર સર તેમુલજી બીખાજી નરીમાને આ વરસે ૨૧૨૫૦૦ ની રકમ નીચલાં ધરમ ખાતાઓમા આપી છે —ગરીબ છોકરીઓની ઓરફનેજની ફી આપી તેના ૨૧૨૦૦, ફરામજી કાવશજી ઇનસ્ટીટયુટમાં ૨૧૦૦૦, ગરીબ પારસી છોકરાઓ અને છોકરીઓની નીશાળની ફી આપી તેના ૨૧૨૦૦, ગરીબ પારસીઓને પગાર અને અનાજ અપાવ્યો તેના ૨૨૦૦૦, ઝોરાસ્ટ્રીયન ફીઝીકલ કલચર અને હેલથ લીગને ૨૨૦૦૦, સર જમશેદજી જીજીભાઇ હોસપીટલમા દરદીઓની વધુ સગવડ કરવા માટે આપ્યા ૨૧૦૦૦, દાદર પારસી કોલોનીમા આવેલી શેઠ નશરવાનજી જાહાગીર વાહાડીયા સ્કુલને ચાલુ ખરચ માટે ૨૩૧૦૦ અને એજ સ્કુલમા ઈનામો આપવા માટે ૨૧૦૦૦

શાંગહાઇની જરથોસ્તી અનજુમનના ધરમના ફંડના ટ્રસ્ટી સાહેબો દર સાલ જરથોસ્તી કોમના સખાવતી ખાતાઓમાં નાણાની રકમ મોકલે છે તેમ યઝદેજરદી સને ૧૨૯૪ ના સાલની શરૂઆતમા ૨૧૩૨૦૦ નીચે મુજબ આપયા છે —ડા૦ દાજીવાલા સસ્તા ભાડાની ચાલોના ફંડમાં ૨૧૨૦૦ તથા ઇનડસ્ટ્રીયલ હોમને ૨૪૦૦, પારસી પંચાયતના મુંબઇના અબુલમ જલ ફંડમાં ૨૭૫૦, ડા૦ માસીના હોસપીટલમાં ૨૭૫૦, પારસી દરદીઓ માટે ધરમપોરની ખહીતી સેનીટેરીઅમમા ૨૫૦૦, ડા૦ સર ટેમુલજીવાલા સુવાવડખાનામા ૨૫૦૦, સર જમશેદજી જીજીભાઇ સ્કુલના ફંડમાં ૨૫૦૦ તથા ભોજન ફંડમા ૨૪૦૦, શેઠ બેરામજી જીજીભાઇ સ્કુલના ફંડમા ૨૫૦૦ તથા ભોજન ફંડમાં ૨૪૦૦, શેઠ ન. મા પીટીટવાલા પારસી દીવાનાઓના ફંડમા ૨૫૦૦, વાદરાના બાઇ શીરીનબાઇ મ. કામાવાલા કોનવેલેસંટ હોમના ફંડમા ૨૫૦૦, ગરીબ માબાપ વીનાના બચ્ચાઓ અને વીધવાઓને આસરો આપવાના ફંડમા ૨૫૦૦, મુંબઇની જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળીને ૨૫૦૦, તેહરાનની જરથોસ્તી છોકરીઓની નીશાળને ૨૫૦૦, ઈરાનની તડેરાન શીવાએની જરથોસ્તી છોકરીઓની નીશાળના ફંડમા ૨૫૦૦, દેવલાલીના ડા૦ બહાદુરજીવાળા સેનીટેરીઅમને ૨૪૦૦, શેઠ જ. ન. પીટીટ ઓરફનેજને ૨૪૦૦, બાઇ આવાબાઇ ફ. પીટીટ ઓરફનેજને ૨૪૦૦, જરથોસ્તી ભી મંડળીના વરક કલાસ ફંડમા ૨૪૦૦, શેઠ કે. આર. કામા ઓરીયેનટલ ઇનસ્ટીટયુટને પારસી અભયાસીઓના લાભ માટે ૨૪૦૦, પારસી બેકારી ફંડમા ૨૩૦૦, જામે જમશેદના ગરીબ જરથોસ્તીઓના ફંડમા ૨૩૦૦, નવસારીની બાઈ દોશીબાઇ કોટવાલ પારસી ઓરફનેજને ૨૩૦૦, ઇનદોરની જમશેદજી ન. પીટીટ સ્કુલને ૨૨૦૦, સકકરની સર શાપુરજી ભરૂચા સ્કુલને ૨૨૦૦, રાજકોટના જરથોસ્તી બચ્ચાઓને ધરમનું શીક્ષણ વીગેરે માટેના ફંડમા ૨૨૦૦, સુરતની શેઠ કુકાવાલી પારસી છોકરાઓની ઓરફનેજને ૨૨૦૦, પરેલના જરથોસ્તી દીવાનાઓના ફંડમાં ૨૨૦૦, ડા૦ કેરાવાલાના સુવાવડખાનાને ૨૨૦૦, ડા૦ બારભના સુવાવડખાનાને ૨૨૦૦, એ ઉપરાંત શેહેગાઇની જરથોસ્તી અનજુમનના ધરમના ફંડના ટ્રસ્ટી સાહેબોએ યઝદેજરદી સને ૧૨૯૪ ના સાલની [illegible] અને ૧૯૨૪ ના સાલમાં ૨૧૫૧૫૨ નીમલા જુદા જુદાં ધરમખાતાંઓ માટે મોકલી આપી પોતાની કોમ તરફની ઉદીલાવણી જાહેર કીધી છે.—ડા૦ દાજીવાલા ગરીબ જરથોસ્તીઓને સસ્તા ભાડાની ચાલોનાં ફંડમા ૨૧૫૦૦ તથા [illegible]

'૦૦, પારસી પંચાયતના મુંબઈના રવાનોને [illegible] મદદ આપવાના ફંડમા [illegible], પારસી દરદીઓ માટે ડા૦ બાસીના હોસ્પીટલમા રૂ૭૦૦, પારસી દરદીઓ માટે જરથોસ્તી મંડળની [illegible] ફંડમાં રૂ૫૦૦, ડા૦ સર ટેમુલજીવાળા કોટના સુવાવડખાનામાં રૂ૫૦૦, સર જમશેદજી જીજીભાઈ [illegible] ફંડમા રૂ૪૦૦ અને ભોજન ફંડમા રૂ૪૦૦, શેઠ બેહેરામજી જીજીભાઇ સ્કુલના જનરલ ફંડમાં [illegible]૦૦ અને ભોજન ફંડમા રૂ૪૦૦, શેઠ નસરવાનજી મા. પીટીટવાળા પારસી દીવાનાઓના ફંડમાં [illegible]૦૦, વાદરાના બાઇ શીરીનબાઇ મ. કામાવાળા કોન્વેલેસન્ટ હોમમાં રૂ૫૦૦, તેહેરાનની જરથો-સ્તી છોકરીઓની નીશાળ ફંડમા રૂ૩૦૦, કેરમાનની જરથોસ્તી છોકરીઓની નીશાળ ફંડમા [illegible]૦૦ યજદની શેઠ પેસતનજી મારકરવાળી ઓરફનેજ ફંડમા રૂ૫૦૧, ગરીબ માબાપ વીનાના [illegible]ઓ અને વીધવાઓને આશરો આપવાના ફંડમા રૂ૫૦૦, મુંબઇની જરથોસ્તી છોકરીઓની [illegible]શાળ મંડળના ફંડમા રૂ૫૦૦, ડા૦ બહાદુરજીવાળા દેવલાલીના સેનીટેરીયમને રૂ૩૦૦, શેઠ [illegible]મશેદજી ન. પીટીટ પારસી ઓરફનેજમા રૂ૩૦૦, બાઇ આવાબાઈ ફરામજી [illegible]ટીટ છોકરીઓની ઓરફનેજમા રૂ૩૦૦, જરથોસ્તી સ્ત્રી મંડળના વરક કલાસને [illegible]૦૦, શેઠ કે. આર. કામા ઓરીયેન્ટલ ઇનસ્ટીટયુટ ફંડમા રૂ૨૦૦, પારસી બેકારી ફંડમા [illegible]૦૦, જામે જમશેદ હસ્તકના ગરીબ જરથોસ્તીઓને આશરો આપવાના ફંડમા રૂ૩૦૦ [illegible]સારીના બાઇ ડોસીબાઈ કોટવાલ ઓરફનેજમા રૂ૨૦૦, ઇંદોરની જમશેદજી નશરવાનજી [illegible]ટીટ સ્કુલમા રૂ૨૦૦, સકકરની સર શાપુરજી ભરૂચા સ્કુલમા રૂ૨૦૦, વરોડાના જરથોસ્તી દીવા-ઓને રાહત આપવાના ફંડમા રૂ૨૦૦, રાજકોટ ખાતેના જરથોસ્તી બચ્ચાઓને ધરમ શીક્ષણ [illegible]પવાના ફંડમા રૂ૨૦૦, ડા૦ કેરાવાળાના સુવાવડખાનામા રૂ૨૦૦, ડા૦ પારખવાળા સુવાવડ-[illegible]નામા રૂ૨૦૦, સુરતની શેઠ કુકાવાળી પારસી ઓરફનેજમા રૂ૨૦૦, નવસારીના મેહેતા સુવાવડ-[illegible]નામા રૂ૩૦૦, પુનાની સરદાર ખાનબહાદુર દસ્તુર નોશીરવાન જરથોસ્તી છોકરીઓની નીશાળ [illegible]ડમા રૂ૨૦૦, ઉદવાડાની ધરમખાતાની ડીસપેનસરીના ફંડમા રૂ૨૦૦, પુના ખાતેના ગરીબ જરથો-[illegible]ી વીદયાર્થીઓને મદદ કરવાના ફંડમા રૂ૫૦૦, ઉદવાડા અથોરનન જંદ અવસ્તા સ્કુલમા રૂ૩૦૦, [illegible]ીબ છોકરાઓની નવજોત કરવા અને ગરીબ માબાપ વગરની છોકરીઓના લગન કરી આપવા [illegible]ટે રૂ૧૦૦૦, તારદેવ ખાનેની પાડેની જરથોસ્તી છોકરીઓની નીશાળના ભોજન ફંડમા રૂ૩૦૦, [illegible]રતવાળા લેડી વીલીંગડન અશક્તાશ્રમને રૂ૧૦૧ અને હીંદી સરકાર તરફથી ચાલતી [illegible]ll India Lepers Central & Relief Fund મા રૂ૧૦૧

મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાજીએ નવસારીમા સ્થાપેલા ધરમખાતા "જરથો-[illegible]ી અનજુમન બેહેદીન ફંડ"નો જાનેવારીથી ડીસેમબર ૧૯૨૪ના એક વરસના હીસાબમા [illegible]ણાવ્યુ હતુ કે આ વરસમા કુલ્લે આવક રૂ૮૧૪૭ની થઇ છે તેમા વ્યાજના રૂ૭૦૦૭ તથા સર [illegible]વસરે ભરાયલા રૂ૧૧૪૦નો સમાવેશ થાય છે આ વરસમા કુલ્લે ખરચ રૂ૯૬૯૪નો થયો છે [illegible]મા રૂ૧૨૦૦ આપણા ધરમના ઉતેજન માટે, રૂ૩૭૩૫ નવસારીના ગરીબ જરથોસ્તી છોકરાઓને [illegible] તથા કોલેજની કેળવણી માટે, રૂ૪૪૦ નવસારીની સ્ત્રી કેળવણી માટે, રૂ૨૫૫૨ જરથોસ્તી [illegible]રમના મકાનોના નીભાવ મરામત માટે, રૂ૧૯૧૪ બીજા જરૂરી કામો માટે લગન, નવજોત, [illegible]રણ, ર. ફ. દાણુ પારસી જનરલ હોસ્પીટલમા ચાર બેડ નીભાવવા, ગરીબ નીરાધારને મદદ [illegible]ગેરેના અને બાકીના રૂપયા પરચુરણ ખરચના થયા છે. એ ઉપરાંત સરકારી ટકા [illegible] ની લોન [illegible]૦૦૦ની ખરીદી તેના રૂ૪૦૪૦ અને મુંબઇ પોરટ ટ્રસ્ટનો બોન્ડ એક રૂ૧૦૦૦નો ખરીદવામા [illegible]૭૬૩ ખરચાયા છે, તે સાથે લેના કુલ્લે ખરચ રૂ૧૪૪૯૮નો થયો છે [illegible] [illegible]મની અગીઆરીમા કાઠી, દીવેલ, માટે, જહાસીની જરથોસ્તી છોકરા છોકરીઓની સ્કુલમાં [illegible]મને ધાર્મિક કેળવણી આપવા માટે, જહાસીની સ્કુલના [illegible] ફંડમાં અને [illegible]

મેહેર આબવીનાં ફંડમાં મદદ આપી નવસારીના આતશબેહેરામના બીબાપ ફંડમાં રૂ૨૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન વ્યાજ વાપરવા આપી છે કોલેજમાં શીખતા ૨૪ વીદ્યારથીઓને તેમજ નવસારીની સ્કુલોમાં ૬૩ છોકરાઓની ફી તથા ચોપડી આપવી નવસારીની મલેસરની છોકરીઓ માટેના અંગ્રેજી ક્લાસને મદદ આપી છે. શેઠ ર જ એ ન સ્કુલનાં છોકરાઓને મરહુમ મુલ્લાજીને નામના ઇનામો આપવા હતા નવસારીની અંજમે રૂઝે ખોરશેદમાં તથા અંજમે રૂઝે મેહેરમાં આપણા ધરમને લગતી બાબતો ઉપર હરીફાઇ ના રેસાલા લખાવી તેમાં ફતેહમંદ વીદ્યારથીઓમાંનો એક એકને મરહુમ મુલ્લાજીના નામના ઇનામો આપવા છે, મલેપરની અંજમે મેહેરનાં હરીફાઇનાં રેસાલામાં પહેલે નંબરે આવનારને મરહુમ મુલ્લાજીના નામનો ચાંદ મી૦ રતનજી નવરોજી તે મેળવીને અને અવસ્થા પેહેરવીને ચાંદ હાઇ સ્કુલમાના મી૦ ખરામજી મેરવાનજીને મલ્યો છે મુંબઇવાલા શેઠ હોરમસજી સોરાબજી મીસ્ત્રી (હરમીસ) મારફતે મુંબઇના "ખોરશેદ મંડળ" તરફથી પાંચ ગરીબ જરથોસ્તી છોકરાઓની સ્કુલ ફી આપવાનું ચાલુ છે નવજોત–૧, લગન–૧૫, મરણ ૩ મા મદદ આપી તદન લાચાર ગરીબોને દવાદારૂ આપવામા આવે છે. આ સાલ આખરે આ ફંડની થાપણ રૂ૧૯૫૫૦૦ ની સરકારી સાડાત્રણ ટકાની લોનમા છે. તેમા રૂ૧૬૫૫૦૦ ની લોનો મુંબઇની ઈમ્પીરીયલ બેંકની સેફ કસ્ટડીમાં છે અને રૂ૩૦૦૦૦ ની લોન કલકતા ખાતેના પોસ્ટ ખાતાના એકાઉન્ટંટ જેનરલના હવાલામા અનામત રાખેલી છે. તે ઉપરાંત મુંબઇ પોરટ ટ્રસ્ટ બોન્ડ એક રૂ૧૦૦૦નો છે તથા નવસારીની પોસ્ટ ઓફીસ સેવીંગસ બેંકમાં રૂ૩૭૮ તથા મુંબઇની ઇમ્પીરીયલ બેંકની પાસ બુકમાં રૂ૭૭૨ આ સાલ આખરે દફતરે સીલક રૂ૯૮ છે, આ સાલમા "ઈરાન અને હીંદના શુરવીર મરદો" એ બાબદ ઉપર શેઠ માણેકજી હોરમસજી દાદાચાનજીએ અંજમે રૂઝે બેહેરામના મોટીબાગમા ભાશણ આપયુ હતું.

હોંગકોંગવાલા મરહુમ શેઠ હોરમસજી નશરવાનજી કુપરના પારસી ગરીબોને મદદ કરવાનાં ધરમખાતાના ટ્રસ્ટીઓ લેફટનંટ કરનલ મેરવાનજી પેસતનજી ખરેગાટ, શેઠ બરજોરજી કાવસજી કુપર તથા શેઠ મેરવાનજી કાવસજી કુપર તરફથી રૂ૧૧૮૫–૧૦ નીચે મુજબ ધરમખતે આપયા છે —પારસી ગરલસ સ્કુલ એસોસીએશનને રૂ૫૦૦, શેઠ નશરવાનજી મા પીટીટવાળા દીવાના પારસીઓના ફંડમા રૂ૩૦૦ અને સેન્ટ જોન એમબ્યુલન્સ બ્રીગેડના પારસી ડીવીઝનને રૂ૩૮૫–૧૦.

મરહુમ શેઠ પેસતનજી એદલજી મહેતાની યાદગીરી રાખવાની નવસારીના મલેશરના ગરીબ જરથોસ્તીઓને આશરો આપવાના ફંડમા યઝદેજરદી સને ૧૨૯૪ ના સાલમાં નીચે મુજબ મદદ મલી છે.—જુદાં જુદાં બાનુઓ તથા ગ્રહસ્થોએ સર અવસરે તથા ઉઠમણા વખતે ભરેલા રૂ૫૦૭ તેમાં શેઠ એદલજી રૂસતમજી ફનીબંદાએ માતાજી ધનબાઇના ઉઠમણામા ભરેલા રૂ૨૦૧ ની રકમ શુમાર છે, તાતકાલીક મદદ કરવા માટે હેલ્પીંગ મેમબરોએ ભરેલા રૂ૧૧૮ અને ફંડને લગતી રૂ૧૪૦૦૦ ની સીક્યુરીટીઝ ઇમ્પીરીયલ બેંકમા સેફ કસ્ટડીમા રાખી છે તે ઉપર ઉપજેલા વ્યાજના રૂ૬૭૦ મલીને રૂ૧૨૯૫ ભરાયા હતા. આ ફંડની આવકમાંથી નવસારીના મલેસર ફલીઆના ગરીબ જરથોસ્તીઓને અનાજ, કપડા, સ્કુલ ફી, લગન, તથા મરણ ખરચ વીગેરે માટે મદદ આપવામાં આવે છે, છોકરીઓ માટે ઇંગ્રેજી ભણવાનું જ્ઞાન આપવાના તથા સીવવા વેતરવાના શીખાડવાના વરગો કાઢવામા આવ્યા છે, તેમા માસીક મદદ આપવામા આવે છે અને મુકતાદ વખતે ગરીબોને અનાજ વેહેચવામા આવે છે.

કેરાચીના જાણીતા સખી ગ્રહસ્થ મરહુમ શેઠ એદલજી દીનશાહ સી આઇ ઈ ના બેટાઓ માટે નસીરવાન 'બાબાગ' ફંડના વ્યાજ રાખવી મોટી રકમ સને ૧૨૯૪ ના કેલેનડરમાં જણાવ્યા મુજબ સખાવતમાં, બુનીયાદી રીતે આપવાનો વીચારે રાખે છે. મરહુમ શેઠ એદલજી દીનશાહે પોતાના વીલમાં પોતાની દોલતનો એક ભાગ સખાવત માટે

જુદો કાઢેલો હતો, તે ભાગ લાખ વ્યાજ સુધાંત [illegible] [illegible] [illegible] જશે. તેમાંથી પોણો લાખ કરાંચીની [illegible] પારસી ગરલ્સ સ્કુલને "એદલજી દીનશાહ હોસ્ટલ" બાંધવા આપ્યો છે ને બાકીની રકમ મુંબઇ યુનીવરસીટીને આપવાની માંગણી કીધી છે એવી શરતે કે એ રકમના વ્યાજમાંથી ટેકનીકલ સ્કોલરશીપો પારસીઓને આપવી અને તેનો લાભ પહેલાં કરાચીના પારસી રહેવાસીઓને આપવો ને જો કરાચીનો અભ્યાસી નહી નીકળે તો પુનાનો ને જો તેવો કોઇ ન હોય તો બીજા ગામોના અભ્યાસીઓને આપવો. મરહુમ શેઠ એદલજીના પુણ્ય માટે આ રૂપીઆ આપવામા આવશે જેથી ભવીશમા આવા કામ સાથ મરહુમનુ નેક નામ સદા કાળ જળવાઇ રહેશે વળી એને લગતો સરવે વહીવટ યુનીવરસીટી તરફથી કરવામા આવશે શેઠ એદલજી દીનશાહ સી આઇ ઇ. નો જન્મ તા૦ ૫ જુન ૧૮૪૨, રોજ આદર માહ આદરયઝદ ૬ સને ૧૨૧૧ ને ગુરૂવારે થયો હતો. મરહુમ શેઠ પરમારથી તથા હાતીમ દીલના હતા અને તેમની બાદશાહી સખાવતો કોમીજ નહી પણ સારવાજનીક હતી જેની વીગત નીચે મુજબ છે —જરથોસ્તી રૂવાનોને અવલમ જલ પહોંચાડવાના ફંડ માટે રૂ૯૦૦૦૦, કરાચીની ડુંગર વાડીપર પાણીના નળની ગોઠવણ કરી આપવા પાછળ ખરચેલા રૂ૧૨૦૦૦ એદલજી દીનશાહ હોસપીટલ માટે રૂ૧૫૦૦૦, બાઇ બચુબાઇ એદલજી દીનશાહ હોસપીટલ માટે રૂ૧૦૦૦૦, નાદરશાહ એદલજી દીનશાહ હોસપીટલ માટે રૂ૧૦૦૦૦, લેડી ડફરીન હોસપીટલમાં રૂ૧૦૦૦૦૦, દયારામ જેઠમલ આર્ટસ કોલેજમાં રૂ૧૦૦૦૦, બાઇ બચુબાઇ એદલજી દીનશાહ ધબાર ફંડ માટે રૂ૩૫૦૦૦, બાઇ સુનાબાઇ એદલજી દીનશાહ ચેરીટેબલ ફંડ માટે રૂ૫૦૦૦૦, બાઇ ખરશેદબાઇ નાદરશાહ ચેરીટેબલ ફંડ માટે રૂ૧૦૦૦૦૦, બાઈ બચુબાઇ એદલજી દીનશાહ નીરાશ્રીત ફંડ આરૂ રૂ૨૫૦૦૦, મુબઇની પારસી ચાલો માટે રૂ૨૫૦૦૦૦, શેઠ નાદરશાહ એનજીનીયરીંગ કોલેજ માટે રૂ૧૫૦૦૦૦, કરાચીની મામા ગરલસ સ્કુલને રૂ૭૫૦૦૦, પુનામા ધબાર તથા કીયા ફંડ માટે રૂ૫૦૦૦૦, લેડી ડફરીન હોસપીટલ (શેઠ નાદરશાહવાળી) માટે રૂ૫૦૦૦૦, લડાઇના ફાળામા રૂ૨૫૦૦૦, બચુબાઇ નરસીંગ કવાટર માટે રૂ૨૫૦૦૦, મુબઇની ચોલ માટે (અવલમા) રૂ૧૦૦૦૦, પુનાના સુનાબાઇ હોલને રૂ૫૦૦૦, સકકર મુસાફરખાના માટે રૂ૫૦૦૦, નીશાળોમા રૂ૯૭૦૦, મુબઇની ઓરફનેજને રૂ૫૦૦૦, પુનામા છોકરીની સ્કુલ માટે રૂ૫૦૦૦, અને બીજા ઘણા ખાતાંઓને નાણાની નાની મોટી મદદ આપી હતી, એ ઉપરાત વરસો થયા જરથોસ્તી છોકરાંઓને વેલાતમા, મુમઇમા, પુનામા અને કરાચીમા કોલેજોમા અભયાસ માટેની ચાલુ સ્કોલરશીપો, તથા સ્કુલોમા શીખના જરથોસ્તી છોકરા છોકરીઓની ફી તથા ચોપડીઓ માટેની મદદ અને બીજી અનેક પ્રકારની છુપી નાણાની મદદ જરથોસ્તીઓને અને પરકોમીઓને આપવામા આવે છે.

કરાચીના મરહુમ સખી શેઠો એદલજી દીનશા સી આઇ ઇ. તથા તેમના બેટા મરહુમ શેઠ નાદરશાની તારીફ લાયક સેવાઓની હેશાનમા મરહુમોની યાદગીરી રાખવા માટે તા૦ ૨૫ મી જાનેવારી ૧૯૨૫ ને દીને સહવારે સાડાદશ વાગે કરાચીની જરથોસ્તી અનજુમનની એક સભા શેઠ હીરજીભાઇ બેહેરાનાની અગીઆરીમા શેઠ જમશેદજી શાપુરજી સોપારીવાળાના પ્રમુખપણા હેઠળ મળી હતી એ વખતે શેઠ એદલજીએ કરેલી ચઉદ લાખની બાદશાહી સખાવત માટે સ્તુતી કરી નીચલા ત્રણ ઠરાવો પસાર કરવામા આવ્યા હતા '—(૧) કરાચીની પારસી અનજુમનની આ સભા મરહુમ માનવંત શેઠો એદલજી દીનશાહ સી આઇ. ઇ, અને નાદીરશાહ એદલજી દીનશાહની આપણા શહેર તથા દેશાવરની હમકોમ તથા પરકોમ તરફની અનેક તારીફ લાયક સેવામા અને સંગીન ઉપયોગી સખાવતો જેવા કે હોસપીટલો, દવાખાનાઓ, કેળવણી ખાતાંઓ, ગાહમબાર, નીરાશ્રીત અને રૂવાંનોને અવલમ જલ પહોંચાડવાના ફંડો, ધરમશાળા જેવા, ધરમખાતાંઓ, ગરીબ અને મધ્યમ વરગોને રહેવા માટેની ચાલીઓ અને બીજી અનેક જાહેર તથા છુપી સખા-

હતોની માનભરી નોંધ આભારના ઉમેર સાથે લે છે. (૨) આ સભા મરહુમ માનવંત સાહેબોની યાદગીરી જાળવી રાખવા માટે ૨૫ સાહેબોને જોઇતી રકમ એકઠી કરવા અને યાદગીરીનો ઘટતો પ્રકાર મુકરર કરીને અમલમા મેલવા સતા આપે છે. (૩) આ સભા અનજુમન ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી સાહેબોને અરજ કરે છે કે ઠરાવ પહેલાની એક નકલ મરહુમ શેઠોના નબીરાઓ, શેઠ ફરામરોઝ, હોરા ગ, મીતોસહેર, ફરેદુન અને દીનશાહ તથા બેટીઓ હીરાબાઇ, નવાજબાઈ, શીરીનબાઇ તથા જાલીબાઇ જેઓએ પોતાના વડીલોને પગલે ચાલી તેઓની આરબેજી સખાવતો ચાલુ રાખી છે, તેઓને મોકલવી, એ પછી મરહુમોની યાદગારી રાખવા માટે સભામા સાત હજાર રૂપીઆની રકમો ભરાઇ હતી, તેમા ખા૦ બા૦ કાવશજી હોરમજી કાતરકના રૂ૧૦૦૧, ખા૦ બા૦ નશરવાનજી ર. મેહતાના રૂ૧૦૦૧ અને શેઠ રૂસ્તમજી ડૉ૦ મારકરના રૂ૧૦૦૧ ની રકમો મુખ્ય હતી

મરહુમ ખાનબહાદુર ફરામજી નશરવાનજી સંતોક (માઉંટ આબુવાળા) ની રોજ ૧૩ મો માહ ૮ મો મ. સને ૧૨૯૪ તા૦ ૧૯ મી એપ્રેલ ૧૯૨૫ ને દીને પડેલી પહેલા વરસની બાજની યાદમા રૂ૨૦૦૨ નીચે મુજબ ધરમ ખાતે આપયા છે —મરહુમના ધણીઆણી ડોશીબાઇએ વીધવાઓને આશરો આપવાના ફંડમા રૂ૨૦૦, મરહુમના બેટા કેખશરૂએ અવલમજલ પહોચાડવાના ફંડમા રૂ૩૦૦, દેવલાલીની બહાદુરજીની સેનેટેરીયમમા રૂ૨૦૦, મરહુમના બેટા જહાગીરે સર જે જી. સ્કુલના ભોજન ફંડમા રૂ૨૦૦, બાઇ શીરીનબાઇ કામાના કોનવેલેસનટ હોમમા રૂ૧૫૦, ન મા પીટીટ દીવાનાઓના ફંડમા રૂ૧૫૦, મરહુમની દીકરી નાજામાય તથા જમાઇ રૂસતમજી પીરોજશાહ મોદીએ આધલા પાગલાઓને પરવેશી કરવાના ફંડમા રૂ૧૦૦, બે જી સ્કુલના ભોજન ફંડમા રૂ૧૦૦, મરહુમના દીકરી આવાબાઇ તથા જમાઈ તેહમુરસ કાપડીઆએ જામે જમશેદના ગરીબ જરથોસ્તીઓને મદદ કરવાના ફંડમા રૂ૧૦૦, બાઇ આવાબાઇ ફ પીટીટની છોકરીઓની ઓરફનેજમા રૂ૧૦૦, મરહુમના દીકરી શીરીનબાઇ તથા જમાઇ કાવશાહ હોરમજી જાલ (માઉંટ આબુવાળા) એ અવલમ જલ પુગાડવાનાં ફંડમા રૂ૨૦૧ અને મરહુમના દીકરી ગુલાબાય તથા જમાઇ ડા૦ અરદેશર કાવસજી ઘોડીએ પરચુરણ ફંડોમા રૂ૨૦૧ આપયા હતા

મરહુમ શેઠ દોરાબજી સોરાબજી અંકલેસરીઆ, રોજ ૪ ઠો માહ ૧૧ મો શહેનશાહી સને ૧૨૯૩ ને દીને પુનામાં ગુજર પામ્યા હતા, તેવણના ઉઠમણાની કીયા વખતે ભરાયલા લગભગ અગયાર હજાર રૂપયા આ વરસે નીચે મુજબ આપયા છે —યરોડા ખાતેનાં દીવાનાઓની હોસપીટલમા જરથોસ્તી દીવાનાઓ માટે વરસમા બેવાર જમણ કરવા સારૂ રૂ૯૦૦૦ અલાહેદા રાખ્યા છે, તેના વ્યાજમાથી એક જમણ મરહુમ શેઠ દોરાબજીની વરસ દીવસની બાજને દીને તથા બીજું જમણ મરહુમના ધણીયાણી બાઇ આઇમાયની વરસ દીવસની બાજને દીને આપવાને ઠરાવયુ છે પુનાની ઝોરાસ્ત્રીયન બીલ્ડીંગ સોસાયટીના ફંડમા રૂ૧૦૦૦ બેટા, બેટીઓ તરફથી અને રૂ૧૦૧ નવસારીના ફંડમા આપયા છે એ ઉપરાત બીજી નાની મેટી રકમો બીજા જરથોસ્તી ખાતાઓમાં આપી છે.

અને પોતાની ધારમીક લાગણી પ્રમાણે તેને સજીવન રાખી હતી અને મારા જુના ખત ઉપરથી ૧૮૨૧–૨૨ મા બાઇ સુનાબાઇએ ખરીદેલી દીસે છે તયાર પછી ૧૮૪૧–૪૨ માં એ દરેહમેહેરને આદરાન તરીકે ફેરવેલી માલમ પડે છે ૧૮૪૭ મા બાઈ સુનાબાઇ ગુજરયાં અને એ અગીયારીના પકા ખતપત્ર ૧૮૬૨ મા થયા તેમા ૫૦૦૦ વાર જગા કુટું'બના ઘેરને લગતી અલગ રાખી અને બાકીની ૧૨૦૦૦ વાર અગીયારીના હસ્તક રાખી એક ત્રસ્ટડીડ બનાવયું' હતું' તે ત્રસ્ટડીડ આગળ ચાલતા માલમ પડયું' કે કાયદાસરનું' નહી હતું' અને ૧૯૧૦ મા કોરટ મારફતે નવી સ્કીમ કરી નવું ત્રસ્ટડીડ બનાવયુ, તે વખતથી એક કુટુંબી તરીકે હુ ત્રસ્ટી તરીકે નેમાયો હતો મોટી લડાઇ પછી હાઇ કોરટના હુકમથી જમીન લીઝે આપી અને જે આવક માત્ર મે કબજે લીધી તયારે રૂ૧૦૦૦ થી ૧૫૦૦ વરસે હતી તે વધી રૂપીઆ ૧૭૦૦૦ ની ૧૯૧૯–૨૦ થી થઇ અને આમદાનીમાથી નજદીક રૂપયા સાહઠથી સીતેર હજાર એકઠા કરયા અને ચાલુ આવક સાથે ભેલી તેમજ બહારની થોડીક પઇસાની મદદ સાથે આ મકાન બાધ્યુ છે એ અગીયારીની ૧૧૨ વરસની ઇમારતે આજ સુધી જવાબ આપયો તે માત્ર સુનાબાઇના વડા દીકરા જાં'ગીર રેડીમનીના મરહુમ પુત્ર સર કાવસજી જાગીરની ખેરાત અને પઇસાની મદદથી આજથી પચાસ વરસ અગાઉ આખી ગાળી કહાડી નવેસરથી મકકમ કરી હતી તે કારણને લીધે હતી જુની ઇમારત નજદીક હાઇ કોરટની પરવાનગીથી લગભગ દોઢ લાખ રૂપયાને ખરચે આ જગા ઉપર નવુ મકાન બાધયુ છે અને અસલ અગયારી જે ફોરજેટ સ્ત્રીટને મુખડે હતી તે ગોવાળયા તળાવની પરખે કરી છે આ કામમાં મેસરસ મેહરવાનજી બાના કં'પનીવાલા શેઠ બમનજીએ તથા પેન કપનીના ભાગયા શેઠ એનજીનીયરે અને એડવોકેટ જનરલે તેમજ બીજાઓએ આપેલી મદદ માટે ઉપકાર માનવામા આવે છે એ પછી દસ્તુરજી મીનોચેહરજીએ મકાન ખુલ્લુ મુકાયલુ જાહેર કીધુ હતુ અને એવણે ત્રસ્ટીઓએ લીધેલી મેહનત માટે ઉપકાર માની આતશની સીફત અને તેની તારીફમા કેટલુક વીવેચન કરયુ' હતુ આ દરેહમેહરના મોબેદ સાહેબો માટે ભોયતળીએ જુદા પાંચ ઓરડાઓ બાધયા છે અને પેહેલે માલે લગન, નવજોત–ભાષણ વગેરે સર અવસરે વાપરવા માટે એક મોટો પબલીક હોલ બાધયો છે

ઉદવાડામાં ખુલ્લી મુકાયલી મદરેસા—ઉદવાડા ખાતે શેઠ સોરાબજી માણેકજી દમણવાલા મદરેસા ખુલ્લી મુકવાની કીયા મરહુમ શેઠ જાલભાઇ દોરાબજી ભરડાના મકાનમા દસ્તુરજી ફીરોઝીએ રોજ ૨૭ મો આશમાન ચઝદ માહા ૮ મો આવા અરદુઇસુર સને ૧૨૯૪ તા૦ ૩ જી મે ૧૯૨૫ ને રવીવારે સાજે ૩–૩૦ વાગે કરી હતી જશન કરવા પછી દસ્તુરજી ફીરોઝીએ કેટલુક વીવેચન કરતા જણાવ્યુ' કે આપણા ટોળાના છોકરાઓને મોબેદી કેળવણી આપવા માટે આ મદરેસા સ્થાપવામા આવી છે અને તે આજે ખુલ્લી મુકાયલી જાહેર કરૂ છુ. એ પછી મદરેસા કમીટીના ઓ૦ સેકરેટરી દસ્તુરજી કઇઓજી પેશોતનજી મીરઝાએ જણાવ્યુ કે આગલ થયલા ઠરાવ મુજબ આ મદરેસા સ્થાપવામા આવી છે આ મદરેસા માટે લાયક મકાન મળે તેટલા બાઈ કુવરબાઇ જાલભાઇ દો ભરડાએ પોતાનુ મકાન વગર ભાડાએ વાપરવા આપ્યુ છે આ મદરેસામા શરૂઆતથી ૪૮ છોકરાઓએ દાખલ થઈ એનો લાભ લેવા માડયો છે

ડરબનમાં ખુલ્લુ મુકાયલુ સ્કુલનું મકાન—આફ્રીકાના ડરબન ખાતેના મે સ્ત્રીટમા મરહુમ શેઠ રૂસતમજી જીવણજી ગોરખોડુએ પોતાના મરહુમ ધણીયાણી જરબાઇની યાદમા સ્થાપેલા બાઇ જરબાઇ રૂસતમજી ત્રસ્ટ ફંડમાંથી બાધવામા આવેલુ એમ કે ગાધી તામીલ સ્કુલ માટેનું મકાન મી૦ એસ. બી પથરના હાથથી ખુલ્લુ મુકવાની કીયા ઇસ્વી સને ૧૯૨૫ ના મે માસમા કરવામાં આવી હતી આ સ્કુલ ડરબનની તામીલ કોમ તરફથી નાણા તથા સ્થળની તગીમાં લાબો વખત થયા મુશકેલીથી ચલાવવામા આવતી હતી તેથી આ નવા મકાનથી એ

રકુતને ઘણો લાભ થશે. શરૂઆતમાં છોકરાઓએ ગીતો ગાયા બાદ મી. પ્યરર તરફથી મેલાવડો ખુલ્લુ મેલાયલું જાહેર થવા પછી એવણે પ્રસંગને અનુસરતું વીવેચન કરી સખાવત માટે ઉપકાર માન્યા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

મુંબઈમાં સુવાવડખાનાના મકાનનો નખાયલો પાયો—મુંબઈમાં પરેલના રસ્તા ઉપર જુના સરકારી મહેલના કમ્પાઉંડમા આવેલી બોમ્બે બેકટેરીઓલોજીકલ લેબોરેટરી નજદીક ૨૦૦૦૦ ચોરસવાર જમીન ઉપર મેસરસ નવરોજી વાહાડયા એનડ સન્સની પેહેડીવાલા શેઠ નસરવાનજી નવરોજી વાહાડયા સી આઇ. ઇ તરફથી પોતાના મરહુમ પીતાજી ઓનરેબલ શેઠ નવરોજી નસરવાનજી વાહાડયાની યાદમા કામદાર વરગની સ્ત્રીઓ માટે સુવાવડખાના સારૂ બાંધવામા આવનારા મકાનનો પાયો નાખવાની ક્રીયા મુંબઇના નામદાર ગવરનર સર લેસલી વીલસને એક મોટા મેલાવડા સનમુખ રોજ ૪ થો શહરેવર અમસ્સારપંદ માહા ૧૦ મો દેહદાદર ૫. સને ૧૨૯૪, તા૦ ૯ મી જુન ૧૯૨૫ને મંગલવારે સાંજે ૬ કલાકે કરી હતી. શેઠ નસરવાનજી વાહાડયાએ પાયો નાખવાની અરજ નામદાર ગવરનરને કરતા જણાવ્યુ કે ગરીબ વરગની સ્ત્રીઓ માટે સુવાવડખાનાની જરૂર જણાવાથી સોપારીબાગ ખાતે ૭ બીછાણાઓ સાથે નવરોજી વાહાડયા મેટરનીટી હાસપીટલ (સુવાવડખાનુ) સ્થાપ્યા પછી ઘણા બીછાનાની જરૂર માલમ પડવાથી અને આ નાની હોસપીટલને ફતેહ મલવાથી આ મોટી હોસપીટલ ઉભી કરવાની જરૂર જણાઇ છે ૬૦ બીછાનાની સગવડવાલી હોસપીટલ, ફરનીચર, મકાન સાથે બાર લાખ રૂપીયાનો ખરચ થવા જશે જ્યારે ૧૨૦ બીછાના માટે સોળ લાખનો થશે એ પછી નામદાર ગવરનરે પાયો નાખેલો જાહેર કરી જણાવ્યુ કે આ હોસપીટલથી શેઠ વાહાડયાના પીતાજીની યાદગારી હમેશા જલવાઇ રહેશે અને એવણુ શેઠની સોલ લાખ રૂપીયાની સખાવત માટે સ્તુતી કર્યા પછી મેલાવડો વીસરજન થયો હતો આ ખાતા પાછળ તા૦ ૧ લી સપટેમબર ૧૯૨૨ થી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૩ સુધીમા થયલો સઘલો ખરચ ૩૬૧૦૦૦ અને તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૪ સુધીના વરસનો ખરચ ૩૪૫૫૫૫ શેઠ નસરવાનજી વાહાડયા તરફથી આપવામા આવ્યો હતો.

કલકતા ખાતે ધરમની ચહેલીનો નખાયલો પાયો—મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદન સી બી ઇ તરફથી તેમજ એવણના ધણીયાણી અને કુટુંબે મલી મરહુમ બાઇ ખોરશેદબાનુ તે મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદનની બેટીની યાદગારી કાયમ રાખવા માટે કલકતા ખાતે ગરીબ તથા મધ્યમ વરગના જરથોસતીઓ માટે સસતા ભાડાની ચહેલી બાંધવાનુ ફંડ અગાઉ ઉભુ કીધુ હતુ એ ચહેલી હમણા બાંધવામા આવે છે, તેનો પાયો રોજ ૨૨ મો ગોવાદ યઝદ માહા ૧૦ મો દેહદાદર ૫ સને ૧૨૯૪, તા૦ ૨૭ મી જુન ૧૯૨૫ ને શનીવારે નાખવામા આવ્યો હતો. કલકતાની જરથોસતી અનજુમન ફંડના એક ત્રસટી સાહેબે કેટલુંક વીવેચન કરતા જણાવ્યુ કે એ ચહેલી બાંધવા માટે મરહુમ બાઇ ખોરશેદબાનુના ઉઠમણામા મરહુમના માત પીતાજી તથા બીજાઓ તરફથી મોટી રકમ ધરમ ખાતે આપવામા આવી હતી એ પછી મરહુમ શેઠ જમશેદજી ફ. માદનના થયલા ઉઠમણા વખતે સારી રકમ એ ફંડમા ઉમેરવામા આવી હતી. વળી મરહુમ શેઠ જમશેદજી માદને મોટી રોકડ રકમ ભરવા ઉપરાંત કલકતાના ધરમતલ્લા સ્ટ્રીટનુ મકાન રપીયા પચીઆસી હજારે ખરીદી કલકતાની જરથોસતી અનજુમનના ત્રસટીઓને ભેટ આપ્યુ હતુ એ પછી શેઠ બરજોરજી જમશેદજી માદને પાયો નાખવાની ક્રીયા કરી હતી

થાણામાં ખુલ્લુ મુકાયલુ સુવાવડખાનું—થાણા ખાતે દીવેચા મેટરનીટી હોમ (સુવાવડખાનુ) ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૬ ઠો ખોરદાદ અમસ્સારપંદ માહા ૧૧ મો બહમન અમસારપંદ ૫ સને ૧૨૯૪ તા૦ ૧૧ મી જુલાઇ સને ૧૯૨૫ ને શનવારે સાંજે ૪ કલાકે થાણાની સીવીલ હોસપીટલની પાસે ઓનરેબલ મી. બી. સી. [illegible]ના હાથે કરવામા આવી

હતી. આ હોસ્પીટલ બંધાવી આપનાર શેઠ હીરજીભાઈએ જણાવ્યું કે આ સુવાવડખાનાનો વહીવટ સરસ રીતે ચાલે તેથી આબકારી સરકાર હસ્તક સોંપવામાં આવ્યું છે. આ હોસ્પીટલ ગરીબો માટે બાંધી છે પણ ચોક્કસ ફી આપવાથી મધ્યમ વરગના માણસોને પણ દાખલ કરવામાં આવશે હાલ તરત ૬ બીછાનાની સગવડ રાખી છે. એ પછી ઓનરેબલ મી૦ જાધવે સુવાવડખાનું ખુલ્લું મુકાયલું જાહેર કરી આ સુવાવડખાનું બંધાવી આપનાર શેઠ હીરજીની સખાવત માટે સ્તુતી કરી હતી. આ હોસ્પીટલ પાછળ લગભગ દસ હજાર રૂપીઆનો ખરચ થવા ગયો છે.

મુંબઇમાં ખુલ્લી મુકાયલી દરેહમહેર—મરહુમ આબકારી કંત્રાકટર ખા૦ બા૦ હોરમજી માણેકજી ભીવંડીવાલાએ પોતાના વીલમા પોતાના મરહુમ ધણીઆણી બાઇ પુતલીબાઇની નામપર એક પાક આદરીયાનની દરેહમહેર બંધાવી આપવા જણાવી તેના નીભાવ તથા બાંધકામ માટે રૂ૪૫૦૦૦ સપુરદ કરી ગયા હતા એ રકમમા આ બને કામ બરાબર નહી થઇ શકે તેમ હોવાથી મરહુમ શેઠ હોરમસજીના બેટા શેઠ ડોસાભાઇએ બીજા રૂ૪૫૦૦૦ નો ઉમેરો કરી ધોબીતલાવ પર આવેલા અનજુમનના આતશબહેરામને લગતુ આદરીયાનનુ મકાન પોતાના ગોઠીઆ ત્રસટીઓ સાથે મલીને બંધાવી આપ્યુ છે આ આદરીયાનના તુરી કેબલાને તખતનશીન કરવાની ક્રીયા રોજ ૧૨ મો મોહરયઝદ માહા ૧૧ મો બહમન અમસાસપંદ યઝદે જરદી સને ૧૨૯૪, તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૯૨૫ ને શુકરવારે સવારના દસ્તુરજી મીનોચહેરજી કેખશરૂ જામાસ્પઆસાનાએ કરી હતી. જશન કરવા પછી અનજુમનના આતશબહેરામના નીચલા હોલમા શેઠ કાવસજી જાલભાઇ શેઠના પ્રમુખપણા હેઠલ એક મેલાવડો ભેગો મળ્યો હતો, એ વખતે શેઠ ડોસાભાઇ હોરમસજી ભીવંડીવાલાએ મરહુમ ખા૦ બા૦ હોરમસજી માણેકજી ભીવંડીવાલાના ત્રસટીઓ તરફથી અનજુમન પત્ર વાચ્યો હતો, જેમા જણાવ્યુ હતુ કે અનજુમનના આતશબહેરામના મકાનમા આદરીયાન વખ્તનશીન કીધેલા નહી હોવાથી ગુંબજમા મરામત વગેરેની જરૂર પડે ત્યારે પાદશાહને ખસેડવાની જગા નહી હોવાથી મરહુમ શેઠ હોરમસજીને જણાવવાથી એવણે આદરીયાનનું મકાન બંધાવી આપવા કબુલ્યું હતુ જેથી મરહુમની ખાહેશ મુજબ આજે મકાન બંધાઇ ખુલ્લું મુકવામા આવ્યુ છે. આ આદરીયાનના નીભાવ ખરચમા બાજ વાપરવા રૂ૩૧૦,૧૦ ની પ્રોમીસરી લોનો આતશબહેરામના ત્રસટી સાહેબોના નામપર ચઢાવી આપવાની ગોઠવણ કીધી છે. એ પછી શેઠ કાવસજી જાલભાઇ શેઠે જણાવ્યું કે આ દરેમહેરનુ મકાન અનજુમનના આતશબહેરામની કારોબાર મંડળીને સપુરત કીધુ છે અને એ મકાનનો સઘળો વહીવટ આતશબહેરામના ત્રસટડીડ મુજબ કરવામા આવશે. છેવટે સખાવત કરનારા કુટુંબનો ઉપકાર માન્યા પછી શેઠ જહાંગીર વીમાદલાલે આતશની બુલંદી ઉપર એક ટુંક વાએજ કરયા બાદ મેલાવડો વીસરજન થયો હતો.

સુરત ખાતે ખુલ્લી મેલાયલી ધરમની ચાહેલી—સુરતના મરહુમ ડા૦ ફરદુનજી એ. શેરડીવાલાના વીલના એકઝીકયુટરો શેઠો સોરાબજી જ શેરડીવાલા અને માણેકશાહ મ મોટાપરામે સુરત શાહપોરનુ શેઠ પારખવાલુ મકાન અને તેને લગતી જમીન રૂ૧૯૯૯૯ મા ખરીદી મધ્યમ વરગના વપરાસ માટે સુરતની પારસી પંચાયતને ભેટ આપી એના રીપેરીંગ ખરચ માટે વધુ રૂ૫૦૦૦ આપ્યા હતા પંચાયત તરફથી પોતાના બીજા ફંડોમાંથી રૂપીઆ ચોવીસ હજાર ઉમેરી ભાડુતોના બરના વપરાસ માટે રીપેર કરી ફેરફાર કરાવ્યો હતો. એ મકાન રોજ ૨૫ મો માંરેસપંદ માહા ૧૧ મો બહમન અમશાસપંદ સને ૧૨૯૪, તા૦ ૩૦ મી જુલાઇ સને ૧૯૨૫ ને ગુરુવારે શેઠ કાવસજી બરજોરજી વકીલના હાથે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

સુરતમાં ખુલ્લા મુકાયલાં ધરમના મકાનો—સુરત ખાતે શાહપોરેના મોલા તરીકે આવેલી નામદાર સર જમશેદજી જીજીભાઈ બેરોનેટની શેહેર ખાતાની પારસી છોકરીઓની ગુજરાતી નીશાળ માટે તેમજ સુરત પારસી સેવા મંડળના પારસી બાનુઓના વરક કલાસના ઉપયોગ માટે મળી બે મકાનો મુંબઇના જાણીતા શેહેરી અને તબીબ ડાક્ટર એરચશા જમશેદજી હકીમે સુરતની પારસી પંચાયતને ભેટ આપ્યા છે. આ મકાનો ખુલ્લા મુકવાની ક્રીયા રોજ ૨૮ મો જમીયાદ યઝદ માહા ૧૧ મો બહમન અમસાસપંદ ય. સને ૧૨૯૪, તા૦ ૨ જી આગસ્ટ સને ૧૯૨૫ ને રવીવારે સવારના દશ વાગે કરવામા આવી હતી શરૂઆતમા સુરતની પારસી પંચાયતની બોરડના સરનશીન શેઠ કાવસજી બરજોરજી વકીલે જણાવ્યું કે મરહુમ શેઠ જમશેદજી હકીમ સુરતમા ઘણા જાણીતા તબીબ હતા અને ચાલીસ વરસ ઉપર મુંબઇના શેઠયાઓના આગ્રહથી તેઓ ગયા હતા એવણના સાહેબજાદા ડાકટર એરચશાહે પોતાની માલેકીના લગભગ સત્તર હજાર રૂપીઆની કીંમતના આ બે મકાનો ભેટ આપી બીજા વધુ રૂપીઆ સાત હજાર રીપેર માટે આપ્યા હતા વલી ડાકટર એરચશાહે નીશાળવાના મકાનના બીજા માળની ઉપર ત્રીજો માળ વધારવા રૂ૩૦૦૦ આપવા જણાવ્યુ છે એ ઉપરાત સુરત પારસી બાનુઓના વરક કલાસને વ્યાજ વાપરવા રૂ૮૦૦૦, સુરતની શેઠ કુકાવાલી ઓરફનેજમા આરફન નીભાવવા વ્યાજ વાપરવા સારૂ રૂ૫૦૦૦ તથા વ્યાજમાથી બાજો કરવા રૂ૬૦૦૦ અને બાઇ ગુલબાઇ મહેતા સુવાવડખાનાને તથા શેઠ તારાચંદ પારસી જનરલ હોસપીટલને રૂ૬૦૦૦ આપ્યા છે, આથી એવો શેઠની લગભગ પચાસ હજાર રૂપીઆની સખાવત સુરત ખાતે થવા ગઇ છે આ મોટી સખાવત માટે ડા૦ એરચશાહનો તથા એવણના બેટા ડા૦ અરદેશરનો ઉપકાર માની ભલી દુવાઓ ચાહવામા આવી હતી

જબલપોર ખાતે ખુલ્લી મેલાયલી ધરમશાળા તથા હોલ—જબલપોર ખાતે શેઠ દોરાબજી ડોસાભાઇ ભીમડીવાલાએ ધરમશાલાનુ મકાન બાધવાનુ શરૂ કરયા પછી એ કામ પુરૂ થાય તે આગમજ એવણનુ મરણ નીપજવાથી મરહુમના બેટાઓ ડાકટર પેશોતન તથા શેઠ હોરમસજીએ મકાન બાંધવાનુ બાકી રહેલુ કામ પુરૂ કરી આપ્યુ હતુ એ ધરમશાળામા ત્યાના રહીશ શેઠ રૂસતમજી હીરજીભાઇ મહેતાએ પોતાના મરહુમ ધણીયાણીના પુણ્ય માટે ફરનીચર મુકાવી આપ્યુ છે વલી મરહુમ ખાનબહાદુર હોરમસજી માણેકજી ભીમડીવાલાના બેટા તથા ત્રસ્ટી શેઠ ડોસાભાઇએ પોતાના પીતાજી નઇમિતે સર અવસરે વાપરવા એક હોલ બંધાવી આપ્યો છે એ હોલમા મુંબઇવાલા શેઠ શાપુરજી પાલનજી મીસતરીએ ફરનીચર મુકાવ્યુ છે ઉપના બંને મકાનો રોજ ૧૯ મો મોહર યઝદ માહા ૧૨ મો અસપંદદાર અમસાસપંદ શેહેનશાહી સને ૧૨૯૪ યઝદેજરદી, તા૦ ૧૬ મી આગસ્ટ સને ૧૯૨૫ ને રવીવારે જશન કરી ખુલ્લા મુકવામાં આવ્યા હતા. એ બંને મકાનો જબલપોરની જરથોસ્તી અનજુમનને સ્વાધીન કરવામા આવ્યા છે આ મકાનો બંધાવી આપનાર બેઉ શેઠોને અનજુમન તરફથી ચાંદીના કાસકેટમા માનપત્રો આપી શીયાલો એનાયત કરવામા આવી હતી

મુંબઇમાં પબલીક હોલનો નખાયલો પાયો—મુંબઇના જાણીતા લેખક અને હોદી આફ્રીકના માલેક બાઈ બાઇઆય લી૦ પાનમકોટ તરફથી દાદર મહુંગા મધેના પારસી કોલોનીમા બેન્ડસ્ટેન્ડ અને પારકને મુખડેના પલોટ ઉપર બાશણુ, લગન, નવજોત વગેરે કરવા સારૂ એક મકાન બાધવામાં આવે છે, જેનો પબલીક હોલ તરીકે ઉપયોગ કરવામા આવશે. એ મકાન બાધવાનુ કામ રવીવાર તા૦ ૩૦ મી આગસ્ટ સને ૧૯૨૫ ને દીનથી શરૂ કરવામા આવ્યુ છે.

સ્કુલ માટે ભેટ આપેલુ મકાન—પારડીના રહીશ શેઠ હોરમસજી જમશેદજી ચીનવાલાએ પોતાના બહેસતનશીન પીતાજી જમશેદજી ફરામજીના પુણ્ય માટે પારડી કસબામા એક મકાન પારડીની એજ્યુકેશન સોસાયટીને ભેટ આપ્યુ છે, તેમા સ્કુલને રાખવામા આવી છે.

જરથોસ્તીઓને મલેલા ખેતાબો તથા ચાંદા.

મુંબઇના જાણીતા શેહેરી અને પારસી પંચાયતના ધરમ ફંડના સેકરેટરી શમસુલ ઉલમા એરવડ ડાકટર જીવણજી જમશેદજી મોદી, પી એચ ડી. યુરોપની સફરે આ વરસે ગયા છે. આ બુઝરોગ ભણેલા વીદવાન સ્કોલર એરવદ જીવણજીની વીદયતાની સેવાઓની કદરશનાસી તરીકે અને એવણના ઉંચા વીદયા અભ્યાસની પીછાનમા ફ્રેન્ચ સરકારે "લીજીઓ દ હોનેર" યાને લીજીયન ઓફ ઓનરના ઉંચા એલકાબની નવાજેસ કરી છે. એજ મુજબ હંગેરીયન સરકારે પણ ધી ક્રોસ ઓફ મેરીટનો મોટો ખેતાબ એનાયત કરી તેનો મેડલ સપટેમ્બર ૧૯૨૫ મા એવણને આપ્યો છે વળી એવણને બુદાપેસ્ટ શહેરની મેમાનગીરીનું માન આપી એ શેહરના મોટા હોટલમા ઉતારો આપ્યો હતો અને એવણની ઘણી સરસ પરોણાગત કરવામા આવી હતી એરવદ મોદીએ પુરાણા હંગેરીયન લોકો વીશે શોધખોળ કરી ભાશણો આપી લખાણો કીધા હતા અને આપણી અવસ્તા પેહલવી કેતાબોમાથી તેમની તવારીખ તથા તેમના ધરમ ઉપર અજવાળુ નાખ્યુ હતું તેથી એવણની એ શેહરની પધરામણીની વખતે એવણને સારૂ માન આપવામા આવ્યુ છે એવણને બેઉ રાજ્યો તરફથી મલેલા મોટા માન માટે મુબારકબાદી આપ્યે છીયે અને આ મોટાં માનથી પારસી કોમને ઘણો હરખાવનારો બનાવ લેખાશે એરવદ જીવણજી મોદીના યુરોપના લાબા પ્રવાસ દરમ્યાન એવણને સઘળે ઠેકાણેથી સારૂ માનપાન આપવામા આવ્યુ હતુ એવણના માનમા તા૦ ૨૦ મી જુન ૧૯૨૫ ને દીને યુરોપની પારસી એસોસીએશને લંડનના સાઉથ કેનસીગટન ખાતેના ઇમપરીયલ ઇનસ્ટીટયુટના મકાનમા એક આફટરનુન રીસેપશનનો મેળાવડો કીધો હતો એ વખતે એ એસોસીએશનના પ્રમુખ સર મંચેરજી મેરવાનજી ભાવનગરીએ જણાવ્યું કે એરવદ જીવણજી મોદીને તેઓની આ મુલાકાત ટાકણે દીલોજાન આવકાર આપના આપણે ભેગા મળ્યા છીએ એવણ ઘણા બાહોશ સ્કોલર છે અને પોતાની આખી જીદગી દરમ્યાન પોતાની કોમની ઉમદા સેવા બજાવી છે એવણને માટે સરવે જણાઓને મોટુ માન છે જે આજના મોટા મેળાવડાથી માલમ પડશે એવણ જેના બાહોશ અને ચાલાક ગ્રહસ્થ કે જેઓની વીદવતાભરેલી મેહેનતથી અને જાહેર સેવાઓથી કોમ ઉપર ઝળકાટ થયો છે એરવદ જીવણજી મોદીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા બાદ "આપણે પારસીઓ આપણા બાપદાદાઓને શાના આભારી છીએ" એ બાબદ ઉપર ટુંક વાયજ કરી હતી.

આપણી રાજ કરતી બ્રીટીશ કોમના ધણી સને ૧૯૨૫ ના નવા વરસની ખુશાલીમા અપાયલા ખેતાબો તથા માન અકરામમા નીચના જરથોસ્તીઓને ખેતાબો એનાયત કરવામાં આવ્યા હતા —

નાગપોરના જાણીતા શેહેરી ઓનરેબલ સર માણેકજી બેરામજી દાદાભાઇ બેરીસ્ટર, સી આઇ ઈ કાઉનસીલ ઓફ સ્ટેટના સભાસદ ને કે. સી આઇ ઇ યાને નાઇટ કમાનડર ઓફ ધી ઈંડીઅન એમપાયરનો માનવંત ખેતાબ એનાયત કરવામા આવ્યો હતો

મુંબઇની મ્યુનીસીપાલીટીના મદદનીશ હેલ્થ ઓફીસર ડા૦ નોરાબ ઝ કાવસજી હોરમસજીને કયસરે હીદનો સોનાનો ચાંદ એનાયત થયો હતો

કલીકતના જાણીતા શેહેરી ડા૦ કેકોબાદ ધનજીભાઇ મુગારેકેને કયસરે હીદનો રૂપાનો ચાંદ એનાયત થયો હતો.

કલીકટના વેપારી શેઠ કુવરજી અરદેસરને, બોમ્બે પોરટ ટ્રસ્ટના ચીફ એકઝીકયુટીવ એનજીનીઅર શેઠ ફરામજી રતનજીને, મધ્ય પ્રાતના ખાતાના મદદનીશ કનઝરવેટર ખાનસાહેબ ધનજીશાહ નસરવાનજી ચવાસીયાને મુંબઇની કસીએ ફીશના ખજાનચી શેઠ સોરાબજી નસરવાનજી મહેતાને અને ગવરનર જનરલની એકઝીકયુટીવ કાઉનસીલના લો મેમબરના અંગત મદદનીશ ખાનસાહેબ દાદાભાઇ નાદીરશાહને ખાનબહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

સીંધના લોઇડ બેરેજ અને કેનાલ કનસ્ટ્રકશનની વડી હાકીમના સનીઅર સુપ્રીનટેનડન્ટ

શેઠ બરજોરજી પેસતનશાહ મમાને, મઉ પ્રાંતવાલા, શેઠ ફરેદુન ફીરોઝ વાસીઆર બેરીસ્ટરને અને અજમેરની બરોડા રેલ્વેના કનટ્રોલર ઓફ સ્ટોરસ હાદીશરના વડા કલારક શેઠ મહેરજી બેરામજીને ખાનસાહેબનો ખેતાબ એનાયત થયો હતો.

નામદાર શાનવત શેહેનશાહ જયોરજ પાંચમાંની ૬૧મી સાલગ્રહ તા૦ ૩ જી જુન સને ૧૯૨૫ ને દીને પડવાથી એ મુબારક દીવસની ખુશાલીમા બહાર પડેલા માન અકરામ તથા ખેતાબોના લીસ્ટમા નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયા હતા :—

શેઠ કે. રૂસતમજી તે બીકાનેરના ફીનાનસ અને હોમ મેમબરને, તથા અમદાવાદવાલા ડાકટર બેહરામજી હોરમસજી નાણાવટીને સી આઈ ઇ. યાને કમપેનીયન ઓફ ધી ઈંડીયન એમપાયરનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

ખાન બહાદુર ફરેદુનજી એમ દસ્તુર, તે મુંબઈની યુનીવરસીટીના રેજીસ્ટ્રારને કમપેનીયન ઓફ ઇમપીરીયલ સરવીસ ઓરડરનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ જાહાંગીર દાદાભાઈ ગાંધી તે મુંબઇના સમ વીભાગના એકસાઇઝના સુપ્રીનટેનડનટને ખાનબહાદુરનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ રૂસતમજી રતનજી દલાલ, તે પંચમહાલ જીલ્લાના વેપારીને ખાનસાહેબનો ખેતાબ એનાયત થયો હતો.

શેઠ ડી એન મોદી તે ગવરનર જનરલના રજપુતાનાના એજનટના માજી મદદનીસને કયસરે હીન્દનો બીજા વરગનો ચાંદ એનાયત થયો હતો.

કલકત્તાના વેપારી શેઠ હોરમસજી સોરાબજી કાવારાણાએ ફરેંચ મ્યુનીસીપલ કાઉનસીલના જુના મેમબર તરીકે તથા ઘણા વરસો વેર ફરેંચ પોલીસનો વહીવટ સારી કુનેહથી બજાવ્યો હતો તેની કદરશનાસીમા એક સોનાનો ચાંદ ઇંડો ચાયનાના ગવરનર જનરલે એનાયત કરયો છે અને અત્રેના ફરેંચ કોનસલ જેનરલે ઘટતી તારીફ કરી એવણુને મળેના ચાંદ માટે સરટીફીકેટ આપી છે

સતારાના રહીશ ખા૦ બા૦ ધનજીશાહ બમનજી કુપરે ખેતીવાડીને લગતા હથીયારો વગેરે ખેડુતોને સસ્તા પુરા પાડી પોતાની મદદ આપી હતી તે માટે તા૦ ૧૨ મી એપ્રીલ ૧૯૨૫ ને દીન સતારા નજદીક કોરેગામ મધે મલેલી મરાઠા શીક્ષણ પરીષદની સતરમી બેઠક વખતે એવણુને એક સોનાનો ચાંદ એનાયત કરવામા આવ્યો હતો એવણુને સતારાની ડીસ્ટ્રીકટ બોરડ હસ્તકની સ્કુલ બોરડના પ્રમુખ ચુંટી કાઢયા હતા

ઓરડર ઓફ સેંટ જોનના ગ્રાંડ પ્રાયર નામદાર ડયુક ઓફ કોનાટની બહાલીથી પારસી એમબયુલસ ડીવીઝનના સભાસદો, પ્રાઇવેટ કેખશરૂ બમનજી સન્જાનાને, પ્રાઇવેટ જમશેદ ધનજીભાઇ બીલીમોરીઆને, પ્રાઇવેટ જહાગીર જમશેદજી વજીફદારને અને પ્રાઇવેટ હોરમસજી જહાગીર બરડીને લોંગ સરવીસ મેડલ એનાયત કરવામા આવ્યો હતો

સેંટ જોન એમબયુલસ બ્રીગેડ, ઓવરસીઝના કોસમોપોલીટન ડીવીઝનના સુપ્રીનટેન્ડન્ટ અને સેકરેટરી શેઠ માણેક ફરદુનજી મુલાએ એમબયુલસના કામમા બજાવેલી ૧૮ વરસોની સેવાની પીછાનમા એવણુને સેંટ જોન એમબયુલંસ બ્રીગેડનો ૧૫ વરસનો લોંગ સરવીસ મેડલબાર એનાયત કરવામા આવ્યો હતો વળી એ ડીવીઝનના સભાસદોના તા૦ ૨૨ મી મારચ ૧૯૨૫ ને દીને બેરામજી જીજીભાઈ ઇનસ્ટીટયુટમા શેઠ હોરમજી કારકા માસ્તરના પ્રમુખપણા હેઠળ થયલા મેળાવડામા સોનાનુ ચેન સાથનુ રીસ્ટ વોચ શેઠ માણેકજીને એનાયત થયુ હતુ

શેઠ જમશેદ દી ઈ કોઠાવાલા જેવણુ સેંટ જોન એમબયુલસ બ્રીગેડના અમદાવાદ ડીવીઝનના સુપ્રીનટેનડટ છે તેવણે વરસો સુધી એમબયુલંસની બજાવેલી સેવાની પીછાનમા સેંટ જોન એમબયુલસ એસોસીએશનની હીંદી શાખા તરફથી વોટ ઓફ થેંકસની સરટીફીકેટ એવણુને એનાયત કરવામા આવી હતી.

શેઠ નરીમાન મેરવાનજી કરકરીઆએ ઇરાનમા કરેલી મુસાફરી વેળાએ તેહરાનમાં તલવાર બાજીના પ્રયોગો કરવાથી તેની કદરશનાશીમા ઇરાનના કેળવણી ખાતાના વજીર તરફથી રૂપાનો ચાંદ તથા દરબારી મોહર સાથની સરટીફીકેટ એવણુને એનાયત કરવામા આવી હતી.

ઓધા—નેમણુંક—વગેરે.

શેઠ એન. જે વાહાડયા આઇ સી એસ ને લીગલ રીમેમબ્રનસ અને મુબઈના નામદાર ગવરનરની ધારાસભાના સેક્રેટરી નેમ્યા હતા એવણે ફેબરવારી ૧૯૨૫ મા મુબઇની લેજીસ્લેટીવ કાઉનસીલના સભાસદ તરીકેનુ પોતાનુ રાજીનામુ આપ્યું હતુ.

ડૉ૦ કાવસજી એદલજી દાદાચાનજીને મુંબઇના નામદાર ગવરનરની ધારાસભાના ૧૯૨૫ ના ચેરમેન નેમ્યા હતા.

શેઠ નશરવાનજી નવરોજી વાહાડયા સી આઇ ઇ ને મુબઇના મીલ માલેકોની મંડળી તરફથી મુબઇના નામદાર ગવરનરની ધારાસભાના મેમબર તરીકે શેઠ સી. એન વાહાડીઆની ખાલી પડેલી જગાએ જુન ૧૯૨૫ મા નેમ્યા હતા અને એવણની ચાલુ સેશનસ માટે ચેરમેન તરીકે નેમણુક કરવામા આવી હતી

શેઠ શાપુરજી દોરાબજી સકલાતવાલાને લંડન ખાતેની પારલામેનટના બેટરસી પ્રગણા તરફના કમ્યુનીસ્ટ મેમબર તરીકે સને ૧૯૨૫ મા ચુટી કાઢયા હતા

મુબઈની પોલીસના લોકપ્રીય બાહાદુર અમલદાર ખા૦ બા૦ કાવસજી જમશેદજી પેટીગરાને મુબઈ શહેરના ડેપયુટી પોલીસ કમીશનર નેમ્યા હતા એવણને મલેલા આ મોટા ઓધ્ધા માટે તેની ખુશાલીમા એવણના માનમા મુબઇની મેજેસ્ટીક કલબના એવણના મીત્રો અને વખાણનારાઓએ તા૦ ૧૪ મી ડીસેમબર સને ૧૯૨૪ ની રાતે પરેલના શેઠ વાહાડયાજીના જાહાગીર બાગના બંગલામા એક મેલાવડો કરી શેઠ માણેકજી પેસતનજી ભરૂચાના પ્રમુખપણા હેઠળ ખાણુ આપ્યુ હતું પ્રમુખ શેઠ માણેકજીએ ખા૦ બા૦ પેટીગરાની સનામતી લેતાડતા એવણની બાહાદુરી, ખંત અને વફાદારીથી આગલ વધી મોટા ઓધા ઉપર આવ્યા તે માટે મુબારકબાદી આપી હતી. ખા૦ બા૦ પેટીગરાએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો

શેઠ માણેકશાહ ફીરોજશાહ કાપડયાને મુબઇ ઇલાકાના દક્ષીણ વીભાગના આસીસટંટ ઇનકમટેક્ષ કમીશનર નેમ્યા હતા

ખા૦ બા૦ પી બી મહેતાને એડનના કામચલાઉ ઇનકમટેક્ષ ઓફીસર નેમ્યા હતા.

શેઠ ફરામરોજ ધનજીશાહ લાનકાકાને કરાચીના કસટમ કલેકટર અને શેઠ જે. એ. આર કામાને અમદાવાદના હજુર ડેપ્યુટી કલેકટર નેમ્યા હતા.

શેઠ વીકાજી ફરદુનજી તારાપોરવાલા અને શેઠ હોરમઝદયાર કુવરજી કોનાજીને મુબઇની હાઇ કોરટના જડજ નેમ્યા હતા

શેઠ ધનજીશાહ ડોશાભાઇ કુપરને અમદાવાદના મદદનીશ જડજ, શેઠ બેહરામ નવરોજી સંજાણાને બેલગામના ડીસ્ટ્રીકટ અને સેશનસ જડજ અને શેઠ નાદીરશાહ નશરવાનજી માસતરને થાણાના એસીસટંટ જડજ નેમ્યા હતા

શેઠ હોરમઝદીયાર ફીરોજ દસતુરને મુબઈના ત્રીજા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ, શેઠ દોરાબ એન ડી ખંડાલાવાલા બેરીસ્ટરને ચોથા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ અને શેઠ એન. ટી જગાનવાલાને કામચલાઉ પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ નેમ્યા હતા

શેઠ એદલજી જાહાગીર દાવરને મુબઇની હાઇ કોરટના એકટીંગ એસીસટંટ પ્રોથોનોટરી નેમ્યા હતા

ઓ૦ સર દીનશાહ એદલજી વાચ્છાને અને ઓ૦ સર માણેકજી બેરામજી દાદાભાઇને ઇમપીરીયલ બેંક ઓફ ઇંડીઆના બીનશરકારી સભાસદ નેમ્યા હતા

કેપટન એસ. એ પેમાસ્તરને મુંબઇની મરીન લાઇનસવાળી ઇંડીયન સ્ટેશન હાસપીટલનાં કમાનડીંગ ઓફીસર અને મુંબઇના હીંદી લશકરના વડા તબીબી અમલદાર નેમ્યા હતા.

મુંબઇની ગ્રાંટ મેડીકલ કોલેજના થેરેપયુટીકના પ્રોફેસર મેજર એસ એસ. વઝીફદારને પ્રેસીડનસી સરજ્યન નેમ્યા હતા

શેઠ જે આર. કોલાભેવાલાને લોઇડ બેરાજ અને કનાલ કનસ્ટ્રકશન સ્કીમના કામચલાઉ એકઝીકયુટીવ એનજીનીયર નેમ્યા હતા.

મુંબઇ સરકારના જાહેર બાંધકામ ખાતાના જોઇનટ સેક્રેટરી શેઠ કેખશરૂ સોરાબજી ફરામજીને કામચલાઉ વડા એનજીનીયર નેમ્યા હતા

ખાo બાo કે એમ કલબવાલાને સેનત્રલ જેલના સુપ્રીનટેનડનટ નેમ્યા હતા

મુંબઇ શહેર અને ટાપુના ઓનરરી પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ તરીકે નીચલા જરથોસ્તીઓને નેમવામા આવ્યા છે -ખાનસાહેબ હોરમજી શાપુરજી કાતરક, ઓનરેબલ શેઠ ફીરોઝ સી. શેઠના, ખાo બાo રૂસતમ બમનશાહ વકીલ, ડાo શાવકશા સોરાબજી બાટલીવાલા, ડાo ભીખાજી એદલજી ઘાસવાલા, ડાo નાનાભાઇ નવરોજી કાતરક, ડાo રૂસતમજી માણેકજી મીસતરી, ડાo અરદેશર દાદાભાઇ મોદી, ડાo રૂસતમજી નાનાભાઇ રાણીના, મેજર જમશેદજી નશરવાનજી ડમન, મેજર સોરાબ કે. એનજીનીયર, શેઠો જેહાગીર બહમનજી બહમન બહેરામ, એચ પી બહેરામજી, નવરોજી સોરાબજી બંગાલી, હોરમસજી જેહાગીર ભાભા, શાપુરજી બમનજી બીલીમોરીઆ હોરમસજી માણેકજી ચવના, નવરોજી હોરમસજી કોનટ્રેકટર, બરજોરજી સોરાબજી કુપર, જહાગીર રતનજી દુબાશ, બેરામજી નવરોજી ગામડયા, એરચશાહ આર હીરજીબહેદીન, બેજનજી એમ હોડીવાલા, જેહાગીર ભીખાજી, પેસતનજી ફીરોશાહ કાપડયા, જેહાગીર હોરમસજી સોરાબજી, બેરામ નવરોજી કરનજ્યા, ખુરશેદજી લીમજી, મહેરજીભાઇ પાલનજી માદન, ફીરોઝશાહ જહાગીર મરજબાન, રૂસ્તમજી એદલજી મોદી, રૂસ્તમજી સોરાબજી પાઉંવાલા, જે મી વાચ્છા, દીનશાહ હોરમસજી વાણીયા, અને સોરાબજી એદલજી વેરડન, વધારાના મેજીસ્ટ્રેટ તરીકે નીચલા પારસીઓને નેમ્યા હતા -સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠો ફરદુનજી જ પારખ, ધનજીભાઇ બમનજી પીટીટ અને ડાo નાદીરશાહ એચ ઇ સુખ્યા, નીચલા ઓનરરી મેજીસ્ટ્રેટોને જ્યારે કોરમ નહી મળે ત્યારે એકલા બેસવાની સતા આપવામા આવી છે -ડાo શાવકશાહ સોરાબજી બાટલીવાલા, મેજર સોરાબ કે એનજીનીયર, ડાo ભીખાજી એદલજી ઘાસવાલા, ખાo બાo રૂસતમ બમનશા વકીલ, ડાo નાનાભાઇ નવરોજી કાત્રક, ડાo અરદેશર દાદાભાઇ મોદી, ડાo રૂસ્તમજી નાનાભાઇ રાણીના, ઓનરેબલ શેઠ ફીરોઝ સી શેઠના, શેઠો સોરાબજી એદલજી વેરડન, જાહાગીર બમનજી બમન બહેરામ, નવરોજી હોરમસજી કંત્રાકટર, એરચશાહ આર હીરજીબેહદીન, જાહાગીર ભીખાજી, બેરામ નવરોજી કરજીયા, ખરશેદજી લીમજી, જાહાગીર હોરમજી સોરાબજી, દીનશાહ હોરમજી વાણીયા, નવરોજી સોરાબજી બંગાલી, હોરમસજી જેહાગીર ભાભા, શાપુરજી બમનજી બીલીમોરીયા, બરજોરજી સોરાબજી કુપર, જેહાગીર રતનજી દુબાશ, બેહરામજી નવરોજી ગામડયા, અને રૂસ્તમજી સોરાબજી પાઉંવાલા.

ખાo બાo અરદેશર નવરોજીને બેલગામ જીલ્લાના ઓo મેજીસ્ટ્રેટ અને શેઠ ઈ જે. તાલ્યારખાનને સુરતના ઓનરરી મેજીસ્ટ્રેટ નેમયા હતા.

શેઠ બેરામજી મનચેરજી દેસાઇને નવસારી મ્યુનીસીપાલીટીના નાના દાવાઓ ચુકવવા ઓનરરી મેજીસ્ટ્રેટ, શેઠ જાહાગીરજી માણેકજી તારકાણીવાલાને મહુવા તાલુકાના અનાવલ ટપાના અગીયાર ગામો માટે ઓનરરી મેજીસ્ટ્રેટ અને જસટીસ ઓફ ધી પીસ તથા શેઠ નાનાભાઇ પેસતનજી મહેતા અને બીલીમોરાવાલા શેઠ રતનજી શાપુરજી દાગાને ઓo મેજીસ્ટ્રેટ અને જસટીસ ઓફ ધી પીસ તરીકે નામદાર ગાયકવાડ સરકારે નેમ્યા છે.

મુંબઇના નવા સુબેહના અમલદારો યાને જે. પી તરીકે નીચલા પારસીઓને નેમવામાં આવ્યા હતા —બાઈ બીખાઈજી અરદેશર એનજીનીયર, ખા૦ બા૦ મેરવાનજી એદલજી મીસ્ત્રી, શેઠો રતનશાહ કેરસાસ્પજી દાદાચાનજી, કેખશરૂ સોરાબજી ફ્રામજી, દાદાભાઇ સોરાબજી જોશી પેસતનજી પીરોજશાહ કાપડયા, અરદેશર ફીરોઝશાહ મહેતા અને સોરાબજી એન પોહોચખાનાવાલા

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના નવા ડેલીગેટો તરીકે નીચલા પારસીઓને નેમ્યા હતા —શેઠો કાવશા એચ એલ બાટલીવાલા, મનચેરજી એદલજી જોશી, માણેક અરદેશર કરંજાવાલા, દીનશાહ શાપુરજી ફેંપીઅરવાલા, ખાનસાહેબ હોરમસજી શાપુરજી કાતરક, અને ખા૦ બા૦ રૂસતમ બમનશાહ વકીલ, સુરતની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટ તરીકે શેઠ શાવકશાહ ફરદુનજી તારાપોરવાલા, કરાચીની મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટો તરીકે શેઠો પેસતનજી જમશેદજી સોપારીવાલા અને હોરમસજી ફીરોઝશાહ બહેરામજી

શેઠો વીકાજી અરદેશર તારાપોરવાલા અને સોહરાબ એફ ભરૂચાને લંડનની સોસાયટી ઓફ આરકીટેકટસના ફેલોઝ અને શેઠ કેરસાસ્પ બી તારાપોરને મેમબર નેમવામા આવ્યા હતા

શેઠ મહેરવાનજી જમશેદજી આટીયાને મુબઇની સીડનહેમ કોલેજ ઓફ કોમરસ એન્ડ ઇકોનોમીકસના કામચલાઉ પ્રીનસીપલ નેમ્યા હતા

ડો૦ જાહાગીર સોરાબજી ખેરગામવાલાને મુબઇની ગવરનમેંટ લો કોલેજના પ્રીનસીપાલ અને જયુરીસ પરૂડનસના પેરી પ્રોફેસર, શેઠ બી જે વાહાડયા બેરીસ્ટરને કામચલાઉ પ્રીનસીપલ અને જુરીસ પરૂડનસના પેરી પ્રોફેસર અને શેઠ પેસતનજી પીરોશાહ ડોકટર બેરીસ્ટરને પ્રોબેસન ઉપર લોના પ્રોફેસર નેમવામા આવ્યા હતા

હુનર ઉદયોગ ખાતાના વડા શેઠ ફકીરજી એદલજી ભરૂચાને સુપ્રીનટેનડંટ ઓફ ઇનડસ્ટરીઝ તરીકે નેમ્યા હતા અને તેમની મુબઇ ઇલાકાની ડીરેકટર ઓફ ઈડસ્ટ્રીઝ તરીકે નેમણુક કરવામા આવી છે

શેઠ એરચશાહ જાહાગીરશાહ તાલ્યારખાનને રેવાકાંઠા એજન્સીમા આવેલા લુણાવાડા સ્ટેટના દીવાન નેમ્યા હતા

ડા૦ જમશેદજી રૂસતમજી જાગોસને મીલોમા મજુરીએ જતા બાળકોને સરટીફીકેટો આપવા માટે મુંબઈના સરટીફાઈંગ સરજયન તરીકે કામચલાઉ નેમવામા આવ્યા હતા.

શેઠ ડી એમ. દારૂવાલાને મુબઇની સ્મોલકોઝ કોરટના રેજીસ્ટ્રાર નેમયા હતા

શેઠ એસ જે. તાલ્યારખાનને કેરાના સબ ડીવીઝનના એકસાઇજ ખાતાના સુપ્રીનટેનડનટ નેમયા હતા.

શેઠ કાવસજી રૂસતમજી ટરનરને મુંબઈની કરનસી હાફીસના કામચલાઉ આસીસટંટ કરનસી હાફીશર અને શેઠ શાપુરજી બરજોરજી બલસારાને કરનસી હાફીશના આસીસટંટ સુપ્રીનટેનડંટ નેમ્યા હતા

શેઠ સોરાબ એન. એ. મુસને મુબઇ ઇલાકાના સાયનસને લગતા વીભાગના ઇનસપેકટર નેમ્યા હતા.

સર જમશેદજી જીજીભાઇ બેરોનેટને ઇંડીયન ટેરીટોરીયલ ફોરસના એડવાઇઝરી કમીટીના પ્રમુખ નેમ્યા હતા

શેઠ મહેરજીભાઇ પા. માદનને અમદાવાદ ખાતે તા૦ ૧ લી અને ૨ જી નવેમબર ૧૯૨૪ ને દીને મળેલી ગુજરાતી પત્રકારોની કોનફરનસના પ્રમુખ નેમ્યા હતા

ડા૦ જમશેદજી ફરામજી લશકરીને સુરત મેડીકલ યુનીયનના વાઇસ પ્રેસીડનટ નેમ્યા હતા

શેઠ રતનશાહ કુવરજી મરચંટને ચેતમાળ મયુનીસીપાલીટીના વાઇસ પેસીડંટ નેમયા હતા

શેઠ એમ બી સકલાતવાલાને મીલ માલેકોના મંડળ તરફથી અને ઓનરેબલ શેઠ ફીરોજસી શેઠનાને મુબઇની મયુનીસીપલ કોરપોરેશન તરફથી મુબઇના પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ચુટી કાઢવામા આવ્યા હતા

શેઠ ફ્રામરોજ હોરમજી કાવશજી દીનશાહને એડનના પોરટ ટ્રસ્ટના ટ્રસ્ટી અને શેઠ એફ. ડી. લાલકાકાને કરાચીના પોરટ ટ્રસ્ટના ટ્રસ્ટી નેમવામાં આવ્યા હતા.

શેઠ નવરોજી એમ. દુમસીયા, ઓ૦ શેઠ ફીરોજ સી શેઠના અને ડા૦ કાવસજી ઇ. દાદાભા-નજીને મુંબઈના સીટી ટ્રસ્ટની બોરડના ટ્રસ્ટીઓ તરીકે મુંબઇની મયુનીસીપાલીટી તરફથી નેમવામા આવ્યા હતા.

શેઠ ફીરોજ જાહાંગીર મરઝબાનને મુંબઇની મયુનીસીપાલ કારપોરેશનની સ્ટેનડીંગ કમીટીના મેમબર નેમયા હતા.

ખાનસાહેબ એચ એસ કાતરકને મુંબઇની મયુનીસીપાલીટીના ઓડીટર નેમ્યા હતા.

શેઠ એન. ડી આલબલેસ ઇંગલાડના હેમપટન ડીસ્ટ્રીકટ કઉનસીલના મેમબર તરીકે ૨૬ વરસ થયા છે, તેવણુને મીડલસેક્ષ કાઉનટી કાઉંનસીલની ચુટણીમા હેમપટનના પ્રતીનીધી તરીકે ચુંટી કહાડયા હતા.

બાઇ ધનબાઈ કાવશશાહ મીસતરીને કાનાનોરની મયુનીસીપલ કાઉનસીલના મેમબર તરીકે મદરાસની સરકારે નેમયા હતા

ડા૦ કે આર દલાલને રંગુનની મયુનીસીપાલીટીના હેલ્થ આફીસર અને શેઠ ફરામરોજ મેરવાનજી મહેતાને એડનના કામચલાઉ હેલ્થ ઓફીસર નેમયા હતા

શેઠ શાવકશા એચ. ખસુખાનને સુરત મયુનીસીપાલીટીની સ્કુલ બોરડના મેમબર નેમ્યા હતા.

પ્રોફેસર કોયાજી અને સર માણેકજી દાદાભાઇને કરનસી કમીશનના મેમબરો નેમયા હતા

શેઠ બમનશાહ જમશેદજી જબુસરવાલાને રૂઉ માટે ખેતીવાડીના બોરડમા મેમબર નેમ્યા હતા.

સ્કુલ લીવીંગ એકઝામીનેશન બોરડના પ્રમુખ તરીકે શેઠ કેકોબાદ બેહરામજી મરજબાનને અને મેમબરો તરીકે ડા૦ રૂસતમ નાનાભાઇ રાણીના, શેઠ આદરજી એમ મસાની અને મીસ એમ જે વાહાડયાને ચુંટી કહાડયા હતા

વરસોવા બીચ સેનેટરી કમીટીના ચેરમેન તરીકે શેઠ બેરામજી એન. કરંજીઆને તથા મેમ-બરો તરીકે શેઠો નશરવાનજી એદલજી બાટલીવાલા અને સોરાબજી દીનશાહ તલાટીને નેમયા હતા.

સાનટાક્રૂઝ ટાઉન પલાનીંગ સ્કીમના ટ્રીબ્યુનલ ઓફ આરબીટરેશનના પ્રમુખ તરીકે શેઠ દાદીબા સી મહેતાને અને મેમબર તરીકે શેઠ રૂસતમ પી મસાનીને નેમયા હતા

મુંબઇની મીલ ઓનરસ એસોસીએશનની કમીટીમા નીચલા પારસીઓને ચુંટી કાઢયા છે —સર દીનશાહ મા પીટીટ, ઓનરેબલ સર દીનશાહ એ વાચ્છા, શેઠો સી એન વહાડયા, એન બી સકલાતવાલા, જાહાંગીર બ પીટીટ, એચ પી મોદી અને એસ ડી સકલાતવાલા

શેઠ નવરોજી દાદાભાઇ કાતરકને લંડનના સીવીલ એનજીનીયરોની ઇનસ્ટીટયુટના મેમબર નેમયા હતા.

શેઠ કેકોબાદ બેરામજી મરજબાનને બેહરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસ્ટીટયુટના ટ્રસટી નેમયા હતા

શેઠ કાવસજી નાનાભાઇ લાકડાવાલાને કોલબાની પારસી બેરીઅલ ગ્રાઉંડના ટ્રસટી નેમ્યા હતા,

શેઠો કાવસજી માણેકજી દલાલ વકીલ, ફેરસાસ્પજી ગોલવાલા, ખા૦ સા૦ હોરમજી પેસત-નજી તનાટી, શેઠો પાલનજી હીલ્લુવાલા અને બેજનજી દુમસ્યાને સુરતના રૂસતમપુરાના દખ્મા તથા જશન ફંડના ટ્રસ્ટીઓ નેમયા હતા

શેઠો પાલણજી હીલ્લુવાળા અને હોરમશાહ કાવસજી ધાલાને સુરતના રૂસતમપરાના પારસી બઇરાઓના ધરમાઉ ફંડના ટ્રસ્ટીઓ નેમયા હતા.

શેઠો દીનશાહ નવરોજી પાવરીને તથા રૂસતમજી રતનજી કોઠાવાલાને વડોદરાની જરથોસતી અનજુમનના ટ્રસ્ટીઓ તથા શેઠ જમશેદજી દાદાભાઇ મીસતરીને શહેર ખાતાના તથા શેઠ નવરોજી નશરવાનજી વેરાઇને કેમ્પ ખાતાના અનજુમનના ઓડીટરો નેમવામા આવ્યા હતા

અનાહમાદની અજુમનના પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે શેઠ અરદેશર શાપુરજી ગજદરને, ટ્રસ્ટી તરીકે શેઠ બમનશાહ નેહમુરસ્પ શાપુરજીને, ઉપ-પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે શેઠ શાપુરજી રૂસતમજી ગાંધીને અને સેક્રેટરી તરીકે શેઠ ખુશરૂ શાપુરજી ગાંધીને નેમયા હતા

શેઠ રૂસતમજી જામાસ્પજી આરડાજીને નવસારીની જરથોસતી અજુમન ફંડોના ટ્રસટી નેમયા હતા,

શેઠો પેસતનજી એદલજી તલાટી, મેરવાનજી હોરમસજી શેઠના, દીનશાહ કાવસજી તલાટી અને ખા૦ સા૦ હોરમજી પેસતનજી તલાટીને સુરતના રૂસ્તમપરાની પીટીટ અગીઆરીના ત્રસ્ટીઓ નેમ્યા હતા

શેઠ રૂસતમજી નાનાભાઇ બોઘસ અને માઇસોર સ્ટેટના એકઝીકયુટીવ એનજીનીયર શેઠ હોરમજી ફરદુનજી માસ્ટરને બેંગલોરની દરેહમહેરના ત્રસ્ટીઓ નેમયા હતા.

ડા૦ ધનજીશાહ બમનજી લવગીયાને બેગવાડીના જરથોસતીઓના ધરમ ખાતાઓના ફંડોના ત્રસ્ટી નેમ્યા હતા

મુંબઇના સઘળા મંડળોના પ્રતીનીધીઓએ એકઠા થઇ પારસી ફેડરલ કાઉનસીલ સ્થાપવાનો જે ઠરાવ પસાર કરયો હતો તેમા નીચલા ગ્રહસ્થોની એક કમીટી નેમવામાં આવી છે—સર હોરમસજી કાવસજી એડનવાલા, ડા૦ જે કે દાજી, ડા૦ ડી બી માસતર, ડા૦ જહાંગીર ખરશેદજી લીલાઉવાલા, એરવદ કેખશરૂ માહીયાર કુતાર, ડા૦ ધનજીભાઇ એન પટેલ, ડા૦ એ ન મોદી, શેઠો કેકોબાદ કાવસજી એડનવાલા, આર પી મસાની, એસ ઇ વેરડન, જે જે વીમાદલાલ, પી જે મરઝબાન, સી ડી મહાલક્ષ્મીવાળા, એમ ઇ જોશી, એફ જી બીલ્યા, આર કે. દાદાચાનજી, એસ બી દાદીમરજોર, ફરામરોજ રૂસતમજી જોશી, રૂસતમ બી પેમાસતર, ફરેદુન કે દાદાચાનજી, એસ એન ગજદર, ઈ આર હીરજીબેહદીન, કે સી લાલકાકા, એમ પી. માદન, સોરાબ કાપડયા, એમ કે પટેલ, વેસાવેવાળા, એન એચ બેલગામવાળા, રૂસતમ એન વાચ્છાગાંધી, કે જે દુબાશ, માણેક દાદાચાનજી, હોમાવઝીર, જે પી મહેતા અને ખોદાબક્ષ પુનેગર

ડા૦ દાદાભાઇ એન. સાહેરને શેઠ બમનજી દી પીટીટ પારસી જનરલ હોસપીટલના ઓનરરી સેક્રેટરી નેમ્યા હતા

શેઠ કેરસાસજી બરજોરજી હાવરને જાહાનસીની ઝોરાસ્ત્રીયન બોયઝ એનડ ગરલસ સ્કુલની મેનેજીંગ કમીટીના સરનશીન તથા શેઠ મેહરનોશજી ફરામરુ બતીવાલાને મેમબર નેમ્યા હતા

શેઠ દીનશાહ દાદાભાઇ દોરડીને નવસારીની બાઇ ડોશીબાઇ કોટવાલ ઓરફનેજના પ્રીનસીપલ નેમ્યા હતા,

બાઈ એમ જે વાહાડયાને અમદાવાદની વીમેનસ એન્ડ ગરલસ હાઇ સ્કુલ માટેની મહાલક્ષ્મી ટ્રેનીંગ કોલેજના લેડી સુપ્રીનટેનડનટ નેમ્યા હતા

ઇરાનના જરથોસતીઓની હાલત સુધારનારી મંડળી તરફથી એક એજંટ ઇરાન મધે નેમવામા આવે છે તે ઓધો શેઠ પેસતનજી કુવરજી મારકર ધરાવતા હતા તેઓ મુંબઇ આવવાથી ડા૦ જાલ ઇરાનીએ કામચલાઉ ઓધો બજાવ્યો હતો, જાથુકના ઓધા ઉપર એરવદ પેસતનજી નશરવાનજી દસતુર કેકોબાદજી મહેરજીરાણાની નેમણુક કરવામા આવી છે જેઓ મારચ ૧૯૨૫ મા અત્રેથી ઇરાન ઉપડી ગયા હતા

શેઠ ફરામરોઝ એસ માસતર ઇરાન મધેના બુશાયરની હાઇ સ્કુલના પ્રીનસીપલ નેમાવાથી એવણ બુશાહર ઉપડી ગયા હતા

ડાકટર તેહમીના જે એચ કામાને કારખાનાઓની તપાસ માટે લેડી ઇનસપેકટર નેમ્યા હતા.

શેઠ મનચેરજી કાવસજી વોચમેકરને બોમબે એનજીનીયરીંગ સરવીસમા નેમ્યા હતા.

શેઠ ભીખાજી દાદાભાઇ મુલ્લા વકીલને મુંબઇના ભાડાના ડેપ્યુટી રેન્ટ કંટ્રોલર નેમ્યા હતા

શેઠ મેરવાનજી રતનશાહ પારેખને બીજાપુરના પોલીસના ડેપયુટી સુપ્રીનટેનડનટ, ખા૦ બા૦ શાપુરજી દીનશાહ વરીયાવાને અમદાવાદની પોલીસના ડેપયુટી સુપ્રીનટેનડનટ અને શેઠ શાપુરજી દારાબશાહને પોલીસના ડેપ્યુટી સુપ્રીનટેનડનટ નેમ્યા હતા

સેંટ જોન એમ્બયુનસ બ્રીગેડના પારસી ડીવીઝનમા સુપ્રીનટેનડંટ શેઠ ડોસાભાઇ ફરામજી પથકીને હીંદ માહેલી બ્રીગેડના ત્રીજા ડીસ્ત્રીકટના એકટીંગ ડીસ્ત્રીકટ સુપ્રીનટેનડંટ તરીકે, ડા૦ જમશેદજી ડોસાભાઇ દેસાઇને પારસી એમબયુલસ ડાવીઝનના વધારાના ડીવીઝનલ સરજયન તરીકે તથા શેઠ ગુસ્તાસપજી નશરવાનજી ગજદરને ફરસ્ટ એમબયુલસ ઓફીસર શેઠ ધનજીશાહ સોરાબજી ભરૂચાને સેકંડ એમબયુલસ ઓફીસર, શેઠ રૂસતમજી એદલજી શેઠનાને થરડ એમબયુલસ ઓફીસર, શેઠ રૂસતમ પેસતનજી થાણાવાલાને ફોરથ એમબયુલસ ઓફીસર અને શેઠ માણેકશાહ રૂસતમજી પટેલને ઇનવેલીડ ટ્રાસપોરટ ઓફીસર તરીકે નેમવામા આવ્યા હતા.

કેળવણી—પરીક્ષા—સ્કૉલરશીપો—વગેરે.

ડાકટર મીસ ખુરશેદ સોરાબજી કેપટને મુંબઇમાં ૧૯૨૧ માં એમ બી બી એસ. ની વધદક ડીગ્રી મેળવ્યા પછી વધુ અભ્યાસ માટે લંડન ગયા હતા અને ચાર વરસ સુધી ચઢતા તમીમી અભ્યાસ કરયા પછી લંડન યુનીવરસીટીની એમ ડી ની પરીક્ષા માન સાથે પસાર કરી વીલાયતની બીજી ઘણીક તબીબી ડીગ્રીઓ પણ મેળવી છે

મી૦ ફીરોઝ હોરમજી કુતાર મુંબઇમાં બી એ ની પરીક્ષામાં પસાર થયા પછી વીલસન કોલેજના ફીઝીકલના ફેલો નેમાયા બાદ બી એસ સી ની પરીક્ષા પસાર કરી ૧૯૨૧ માં ડા૦ ગીમી અને પટેલ ફંડમાથી સ્કૉલરશીપ મેળવી એ‍ણે અમેરીકા ગયા હતા પીટરસબરગની યુનીવરસીટીની એમ ઇ (મેટલરજીકલ એનજીનીયરીંગ)ની તથા એમ એસ (માસતર ઓફ સાયનસ)ની ચઢતી પરીક્ષાઓમા એ‍ણે પસાર થયા છે

બરમીંગહેમ ખાતેની યુનીવરસીટીમા શોધખોળનુ રીસરચ વરક કરતા મી૦ દીનશાહ રતનજી નાનજીને તેમની ઘણી કીમતી શાધખોળોને પરીણામે ડોકટર ઓફ સાયનસની ચઢીઆતી ડીગ્રી એનાયત કરવામા આવી છે

ડા૦ ટેમુરસ પીરોશાહ કાંડાવાલાએ મુંબઇમા એમ બી બી એસ ની વધદક ડીગ્રી મેલવ્યા પછી વેલાયત જઇ ત્યાની હાસપીટલમા પોસ્ટ ગ્રેડયુએટ તાલીમ લઇ દંત વીદ્યાને લગતી ડેનતલ સરજરીની ડીગ્રી લાઇસેનશીએટ ઓફ ડેનટલ સરજરી (રોયલ કોલેજ ઓફ સરજીયનસ)ની સંપાદન કરી છે એવણે એલ ડી એસ, આર સી એસ, અને એમ બી બી એસ ની ડીગ્રી મેળવી છે.

ડા૦ નાદરશાહ દીનશાહ દારૂવાલાએ મુંબઇમા એમ બી બી એસ ની વધદક ડીગ્રી મેળવ્યા પછી પેરીસ જઇ યુનીવરસીટી ઓફ ફેકલ્ટી ઓફ મેડીસીનને વેનેરીયોલોજીનો ઓનરસ ડીપ્લોમા મેલવ્યો છે, એ‍ણને વેનેરીયોલોજીની ફ્રેનચ સોસાયટીના મેમ્બર નેમ્યા છે.

રોકફેલર ફાઉંડેશનની ફેલોશીપ માટે બે વરસ ઉપર જે પાંચ મેડીકલ ગ્રેજયુએટોને હીંદી સરકારે જુદા જુદા પ્રાંતોમાથી પસંદ કરયા હતા, તેઓમાના નાગપુર સરકારમાંથી મોકલવામા આવેલા ડા૦ કાવસશાહ રતનશાહ એડીબામ તા૦ ૧૩ મી ફેબરવારી ૧૯૨૫ ને દીને અમેરીકાથી પાછા ફરયા છે. તેવણે બાલ્ટીમોર ખાતેની જોહન્સ હોપકીનસ યુનીવરસીટીમા જાહેર તનદુરોસ્તીનો અભ્યાસ કરીને ડી પી એચ ની ડીગ્રી મેળવી છે, તથા લંડનની સ્કુલ ઓફ ટ્રોપીકલ મેડસીનમા પણ સરટીફીકેટ મેળવી છે

મી૦ કેખશરૂ કે. એન કામરાજીએ લંડન યુનીવરસીટીની એમ. એસ સી ની પરીક્ષા પસાર કરી છે

મીસ એેપસી ખુરશેદજી પાવરીએ કોલમબીયા યુનીવરસીટીમા પુરવ તરફની ભાષાઓનો ચઢતો અભ્યાસ કરીને એમ એ ની ડીગ્રી મેળવી છે અને મ્યુઝીકનો ચઢતો અભ્યાસ કરવા ફ્રાનસ ગયા છે

કરાચીવાલા એરવદ નરીમાન માણેકજી ધાલાએ અમેરીકામાં ચાર વરસ અભ્યાસ કરી કોલંબીયા યુનીવરસીટીની માસતર ઓફ આરટસની ડીગ્રી મેળવી છે

ડા૦ બેરામ ડી સકલાટવાલા તાતા ટેકનીકલ સ્કૉલરશીપ લઇને જરમની ગયા હતા અને ૧૯૦૮ મા રોયલ પોલીટેકનીકલ સારલોટેન બરગમાંથી E. G. D. ની ડીગ્રી મેળવી હતી. એ‍ણે ૧૯૦૮–૧૯૦૯ ના સાલ દરમયાન બ્રીટીશ આયરન એનડ સ્ટીલ ઇનસ્ટીટયુટ ખાતે કારનેગી રીસરચ સ્કૉલર હતા, ૧૯૧૦ મા તેવણે અમેરીકા ખાતે ગયા હતા અને તેએ‍ણે ઘણીક

સાયનટીફીક સોસાયટીઓના સભાસદ નેમ્યા છે. "અમેરીકન મેન ઓફ સાયનસ"ના જીવનવૃતાતમાં એજ હીદીવાનોના નામો માલમ પડે છે તેમા ડા૦ બેરામ એક છે એવણે પહેલા અમેરીકાની વેનેડયમ કારપોરેશન ખાતે રીસરચ કેમીસ્ટ તરીકે કામ બજાવ્યુ હતુ જેના તેવણ પાછળથી જેનરલ સુપ્રીનટેનડનટ થયા હતા અને એ કંપનીના વાઇસ-પ્રેસીડનટ તરીકે ચુંટી કાઢયા છે. તા૦ ૫ મી ડીસેમબર ૧૯૨૪ ને દીને અમેરીકાની સોસાયટી ઓફ કેમીકલ ઇન્ડસ્ટ્રીનો "ગાસેથી મેડલ" ન્યુયોરક ખાતે એવણને એનાયત કરવામા આવ્યો છે

મી૦ રૂસતમજી હોરમસજી તાગરીએ મુમઇમા ઇટિ સાયનસની પરીક્ષા પસાર કરી ૧૯૨૦ મા ઇંગલેંડ જઇ લડન એનડ નોરથ વમ્સટરન રેલવેને લગતા સીવીલ એનજીનીયરસ ડીપારટ મેનટમા અભ્યાસ કરી જુન ૧૯૨૪ મા એની પરીક્ષા મા ફતેહમદ નીવડયા હતા, તે પછી એવણને એસોસીએટ મેમબર ઓફ ધી ઇનસ્ટીટયુશન ઓફ અકચ્યર એનજીનીયસ તરીકે ચુંટી કાઢી ઇનસ્ટીટયુશન ઓફ સીવીલ એનજીનીયરસના સ્ટુડનટ મેમબર તરીકે એવણની નેમણુક કરવામા આવી છે.

પારસી એનજીનીયરસ એનડ આરકીટેકસ યુનીયનના સેકરેટરી મી૦ જમશેદજી નવરોજી દુબાસે લડનની એનજીનીયરીંગને લગતી એ એમ આઇ સી ની પરીક્ષા પસાર કરી છે

મી૦ કેખશરૂ હીરજીભાઇ તારાપોર બેરીસ્ટરે લડનની સ્કુલ ઓફ જરનાલીઝમમા જોડાઇને જરનાલીઝમનો અભ્યાસ કરી એનો ડીપ્લોમા મેળવ્યો છે એ ડીપલોમા એવણ ઉપર મોકલી આપતા મજકુર સ્કુલના ડીરેકટર ઓફ સ્ટડીઝ મી૦ તાગપોરની કાબેલીયત તથા જરનાલીઝમના જ્ઞાનની ઘણી સ્તુતી કરી છે

બાઈ શીરીનબાઈએ સુમેદરે લડનની એકેડમીમાથી ટેનરીંગ અને કટીંગના હુનરની તાલીમ મેળવી એ માટેની ફ્રસ્ટ કલાસ સાથનો ડીપ્લોમા મેળવ્યો છે

એમ ડી ની પરીક્ષામા મી૦ દીનશાહ હોરમસજી દુધા પસાર થયા છે

એમ એસ ની પરીક્ષામા હાજર થયના ૩ ઉમેદવારોમાથી ૨ પસાર થયલા તેમા પારસી-ઓમા મી૦ મેરવાન અરદેશર સોગુ પસાર થયા છે

એમ બી બી એસ ની છેવટની પરીક્ષામા હાજર થયલા ૩૩૮ ઉમેદવારોમાથી ડીસેમબર ૧૯૨૪ મા ૧૩૦ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —બીજા વરગમા મેસરસ ધનજીશા દોરબજી બુખારીવાલા, એદલજી ખરશેદજી દેશાઇ, જેહાગીર દીનશાજી દડામ, નાદીરશા હોરમસજી એન નીયર, જામાસપજી સે[illegible]બજી કાપડીયા, મેહરજી બેરામજી માસ્તર, રૂસ્તમજી પેસ્તનજી મરચંટ, જહાગીર ધનજીશાહ મીર્ઝા, હોરમસજી જમશેદજી પરેલવાલા, પેસ્તનજી બેરામજી વોરડન અને જ[illegible] દેસ[illegible] દેશાઇ, પ[illegible] વરગમા બાઇ શીરીન જીવણજી ઉ[illegible]વાડયા તથા મેસરસ રૂસ્તમ અરદેશર [illegible] નાઓ બીલીમારીયા, કેખાદ દીનશાહ બરજોરજી હરામ, મોટાભાઇ ધનજીભાઇ [illegible] મેહરા [illegible] મોદી, જમશેદ મેરવાનજી કોટવાલ, રૂસ્તમ બેરામજી બુકમાસ્ટર અને [illegible] ગાંધી, એજ પરીક્ષામા હાજર થયલા ૩૬૪ માથી જુનાઇ ૧૯૨૫ મા ૧૧૬ [illegible] તેમા નીચલા પારસીઓ છે.—બીજા વરગમા બાઇઓ પીરોજા નશરવાનજી [illegible] તાડીવાળા, તથા મેસરસ નરીમાન કાવસજી ચાવના, સોરાબજી બરજોરજી [illegible] સોરાબજી હોમાવાળા, એરચ સોરાબજી કાસદ, બરજોર જહાગીરજી [illegible] લકડાવાળા, હોમી બમનશા લાકડાવાળા, માણેકશા જમશેદજી મેહતા મીનેચેર બમનજી [illegible] નરીમાન દીનશા નરીમાન, નશરવાનજી હોરમસજી તાડીવાળા, ફરેદુન ફરામ[illegible], નકશાન[illegible] દીનશાહ તાલીયાર-ખાન, કુવરજી શાપુરજી વાંકડીયા, નરીમાન જ[illegible] વાળા, પા[illegible] વરગમાં મેસરસ ખરશેદજી નશરવાનજી આરદ, જાલ રતનજી એદી, પીરોશાહ પે[illegible]જી કોત્રક [illegible] મીનોચેહર પીરોજશાહ

મીસ્ત્રી, ફીરોશાહ કાવસજી હોડીવાળા, પીરોજશાહ ખરશેદજી દારૂવાળા, એદલજી ખરશેદજી દેસાઈ અને નવરોજી માણેકજી કાલાપેસી આમા પસાર થયલા બાઈ મેહરા નશરવાનજી તાડીવાલાને કવીન એમપ્રેસ સીલવર મેડલ, મેડીકલ વુમન ફોર ઇંડીયા ફંડ સ્કોલરશીપ અને લેડી રે સીલવર મેડલ મલ્યા છે.

બેચેલર ઓફ હાઇજીનની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા છે —આખી પરીક્ષામાં મી૦ નશરવાનજી હોરમસશાહ નાણાવટી અને ભાગ પેહલામા મી૦ જમશેદ હોરમજી ડોકટર

મુંબઇની ફીઝીશીયન એન્ડ સરજીયન કોલેજ તરફથી લેવામા આવેલી સેરટની એલ સી પી. એસ ની પરીક્ષામા હાજર થયલા ૧૬૧ માથી નવેમબર ૧૯૨૪ માં ૫૦ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —બાઇ વીરબાઇ શાપુરજી મેહતા અને મી૦ હોરમજી માણેકજી લીંબુવાલા; એજ પરીક્ષામા હાજર થયલા ૨૧૨ માથી મે ૧૯૨૫ મા ૬૩ પસાર થયલા તેમા પારસીઓમાં મી૦ માણેકશાહ દીનશાજી શેઠના પસાર થયા છે

મુંબઇની હાઈ કોરટના એડવોકેટની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા છે —મેસ-રસ હોરમજી ડોશાભાઇ બનાજી, ફરામરોજ શાપુરજી સુખીઆ, માણેક મનચેરશાહ ઝવેરી, અને મનચેરજી સોરાબજી રતનાગર. મી૦ સોહરાબશાહ બી કાપડયા વકીલને મુંબઇની હાઈ કોરટના એડવોકેટ તરીકે દાખલ કરવામા આવયા છે

સોલીસીટરોની પરીક્ષામા અકટોબર ૧૯૨૪ મા નીચલા જરથોસ્તીઓ પસાર થયા છે —મેસરસ હોરમસજી ડોશાભાઇ બનાજી, નાદીર દીનશાહ ડાલાસ, કેકોબાદ બી ડોકટર, મીનોચેહર એફ ઉસતાદ, ફરામજી એસ સુખીયા, અને અરદેશર એચ ઉદવાડયા, એજ પરીક્ષામા એપ્રીલ ૧૯૨૫ મા નીચલા જરથોસ્તીઓ પસાર થયા છે —મેસરસ કેખશરૂ ખરશેદજી હકીમ, બર-જોરજી ખરશેદજી મરડાવાલા, અને મનચેરજી બાપુજી નારીએલવાલા

એલ એલ બી ની સેરટની પરીક્ષામા હાજર થયલા ૩૨૭ માથી નવેમબર ૧૯૨૪ મા ૧૪૭ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —બીજા વરગમા મેસરસ એરચશાહ માણેકજી ભરૂચા, કેખશરૂ જીજીભાઈ ખંબાતા અને નશરવાનજી ફરામજી માદન પાસ વરગમા મેસરસ રૂસ્તમ સોરાબજી બલસારા અને શાવકશા જહાગીરજી ગાંધી એજ પરીક્ષામા હાજર થયલા ૩૯૦ માથી જુન ૧૯૨૫ મા ૧૭૫ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —બીજા વરગમા મેસરસ નઉસીર ભરૂચા, જહાગીર ડોશાભાઇ ચોકસી, ફરામરોજ દોરાબજી દેલવાડાવાલા, રૂસ્તમજી જહા-ગીરજી કોલાહ, કેરશાસ્પ મેહરજીભાઇ કુકા, મીનોચેહર માણેકજી લાહેવાળા, કેખુશરો રૂસ્તમજી મેહતા, પાસ વરગમા મેસરસ ગુશતાસ્પ પીરોઝશા આદીન, જમશેદ ફીરોઝ બલસારા, બેરામ ડી. માણેકજી મીસ્ત્રી કાવસજી મંચેરજી મુન્શી ફીરોઝ અને પીતાવાલા દાદીશેઠ પારખ, આમા પસાર થયલા મી૦ મીનોચેહર માણેકજી લાહેવાલાને શેઠ મનચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી છે.

મી૦ કાવશજી નવરોજી દાઈવાલાએ મુંબઇની હાઈ કોરટના વકીલો માટેની પરીક્ષા પસાર કરી છે

બી એસ. સી યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામા હાજર થયલા ૫૮ ઉમેદવારોમાંથી નવેમબર ૧૯૨૪ મા ૩૧ પાસ થયા તેમા નીચલા પારસીએ છે —સઘળા વીશયોમા મી૦ ઝરીર દીનશાહ મણીયાર અને સેકન્ડરી સબજેકટમા મેસરસ રૂસ્તમ દારબશાહ આરીયા, અને જહાગીર કુવરજી તારાપોરવાલા, એજ પરીક્ષામા હાજર થયલા ૩૧૮ માથી મે ૧૯૨૫ મા ૧૭૮ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —સઘળા વીશયોમા પેહલા વરગમા મી૦ દારા-યસ જમશેદજી બાહાદુરજી, બીજા વરગમા મી૦ અરદેશર સોરાબજી તાતા, પાસ વરગમા બાઇ બીખાઇજી નાનાભાઇ ડાંડ તથા મેસરસ નવરોજી આદરજી મોકડાવાલા, નરીમાન બમનશાહ કામા, જમશેદ અરદેશર કાજી, મેહરજી રૂસ્તમજી દલાલ, મેહરવાનજી ફરામરોજ દેસાઇ, શાવકશા

આદરજી હોટીવાલા, ફીરોઝશાહ શાપુરજી ગઝદર, જી આર જખુસરવાલા, બમનજી હોરમજી બી. ડી. ખાન, માણેક સોરાબજી માણેકજી મેહતા, જાહાગીર ફ્રેરજી તારાપોર, એદલજી ખરશેદજી કોટવાલ અને દારાબ મેરવાનજી મુનસી, સબસીડીયરી સબજેકટમાં મેસરસ જાલ રૂશતમજી કુપર, હોમી નશરવાનજી મારશલ, તેહમુરસ્પ રૂશતમજી શરાફ, જીવણજી પરામજી ખજુરીના, હોરમજી હીરજીભાઇ દુબાશ, રૂસ્તમજી અરદેશર કાપડયા, ફીરોઝ ફરામરોઝ લાલી, અરદેશર ખુરશેદજી સંતોક અને બહમનશાહ અરદેશર પ્રીનટર.

બેચેલર ઓફ કોમરસની પરીક્ષામાં હાજર થયલા ૨૫ માથી અકટોબર ૧૯૨૪ મા ૧૩ પસાર થયલા તેમાં પારસીઓમાં પાસ વરગમાં મી૦ ફીરોઝ રૂશતમજી મુલ્લા ફીરોઝ અને વધારાની ખાસ બાબતમાં મી૦ નવરોજી રૂશતમજી કલીયાણીવાળા પસાર થયા હતા. એજ પરીક્ષામાં હાજર થયલા ૬૩ માંથી એપ્રીલ ૧૯૨૫ માં ૩૪ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે — બીજા વરગમા મી૦ રૂશતમજી એદલજી કુમાના, પાસ વરગમા બાઈ યાશમીન ખરશેદજી સરવેયર તથા મી૦ સોરાબજી બરજોરજી બજાં, ખાસ વધારાની બાબદોમા મી૦ રૂશતમજી દીનશાહ મેહતા

બી ઇ (સીવીલ) એનજીનીયરીંગની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા છે — બીજા વરગમા મેસરસ ખુરશેદજી હોરમજી બાના, કેખશરૂ રૂશતમ ઇરાની અને જમશેદજી કાવશજી કકલીયા.

એસ ઇ (સીવીલ) એનજીનીયરીંગની પરીક્ષામા નીચલા પારસીઓ પસાર થયા છે — બીજા વરગમા મેસરસ કેખશરૂ બેરામશાહ કરનાક, દારાબશાહ કાવશજી ફ્રાસમેન અને જાહાંગીર બેરામજી સંજાના, પાસ વરગમા મેસરસ હોમી શાપુરજી બાટલીવાલા, હોમી કેરસાસ્પ દસ્તુર, ફ્રેરોખ સોરાબજી ડાકટર, નરીમાન રતનશાહ એદીબામ અને જાલ નવરોજી નગરવાલા આમા પસાર થયલા મી૦ દારાબશાહ કાવસજી ફરાસમેનને શેઠ નશરવાનજી જહાગીર વાડીયા સ્કોલરશીપ મલી છે.

એસ. ઇ (મીકેનીકલ) એનજીનીયરીંગની પરીક્ષામા બીજા વરગમા મી૦ રૂશતમ જાહાગીર પટેલ પસાર થયા છે.

ઇન્ટર મીડીયટ આરટસની પરીક્ષામા પસાર થયલા મી૦ બમનજી જાલભાઈ ગઝદરને શેઠ ફરામજી સોરાબજી ભાવનગરી સ્કોલરશીપ મલી છે

એમ. એ યાને માસ્તર ઓફ આરટસની પરીક્ષામા હાજર થયલા ૧૧૧ માથી ૬૨ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —પેહલા વરગમા બાઇ મીઠા જમશેદજી બનાજી, બીજા વરગમા મેસરસ નરીમાન બમનજી ઇચ્છાપોરીયા, ટેહમતન રૂશતમ કાપડયા, બમનજી પીરોશા શેઠના, મહેરજી જમશેદજી વકીલ નોશીર ખરશેદજી ભરૂચા, અને ફીરોજ જમશેદજી શરાફ, પાસ વરગમાં મેસરસ ફરામ અરદેશર ખરાસ, સોરાબ પાલનજી તારાપોરવાલા, કેખશરૂ જમશેદજી દસ્તુર અને મરઝબાન દીનશાહ બીલીમોરયા આમા પસાર થયલા બાઇ મીઠા જ બનાજીને મીસ સોફરીબાઈ એસ માનકર સ્કોલરશીપ મલી છે.

બી. એ ની પરીક્ષામા હાજર થયલા ૯૯૭ માથી ૫૨૯ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —પેહલા વરગમા મી૦ પરવીઝ દારાબશાહ આટીયા, બીજા વરગમા બાઇઓ ફ્રેની ડોસાભાઇ રૂસ્તમજી મોબેદજી તથા દીના નવરોજી બનશા અને મેસરસ કેખશરૂ જામાસ્પજી માદન, સોરાબ દીનશા વીમાદલાલ, ફરામરોઝ અરદેશર બોદ હોમી ફ્રામગેજ ચાચા, સોરાબ સ્યાવક્ષ બાટલીવાળા, સ્યાવક્ષ પીરોજશાહ, બીલીમોરીયા, કેખશરૂ બેરામજી ઇરાની, મીનોચેર રૂસ્તમ મસાની, મરઝબાન જહાગીર મીસ્ત્રી, નોશીરવાન કાવસજી પેટીગરા, દીનશા હોરમસજી પીટીટ, દારાબશા પેસ્તનજી તાતા, કેકી જમશેદજી વાચ્છા અને શયાવક્ષ પેસ્તનજી શેઠના, પાસ વરગમા મેસરસ કેખશરૂ પેસ્તનજી વકીલ, નાનાભાઇ હીરજીભાઇ વેચમેકર, જમશેદજી જહાગીરજી દુબાશ,

ફીરોઝ રૂસ્તમજી મેહતા, અરદેશર માણેકજી મુલ્લાં, દારબશા હોરમસજી નરીમાન, ફરામજી ડોસાભાઇ વાડીયા એજન બરજોરજી ચીનાઇ, લીમજી કુંવરજી બીલીમોરીયા, એરચશા અરદેશર દસ્તુર, કેકાઉસ ફરામરોજ કાબરાજી, અરદેશર પેસ્તનજી શેઠના, મેરવાનજી જીજીભાઇ દલાલ, સોરાબજી નશરવાનજી દલાલ, અરદેશર મંચેરજી હવાલદાર, બરજોર ગુસ્તાદજી મેડીવાળા, લીમજી બરજોરજી બીલીમોરીયા, અસ્પંદીયાર કાવસશાહ અંકલેસરીયા, જહાંગીર એરાચજી સુખડીયા, ડોસાભાઇ હીરાજી કાબરાજી, જાલ શયાવક્ષ દાવર, બેહરામ પેશોતન આદરીયાનવાળા, હોરમસજી પીરોજશાહ મીણુવાળા અને જહાગીર સોરાબજી દીનશા આમા પસાર થયલા મી૦ શયાવક્ષ પેસ્તનજી શેઠનાને નારાયણ વાસુદેવ સ્કોલરશીપ અને મી૦ હોમી ફરામરોજ ચાચાને શેઠ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇ અવસતા અને પહેલવી સ્કોલરશીપ મળી છે.

બી. એ. (પાસ)ની પરીક્ષામા હાજર થયલા ૭૧૨ માંથી ૭૭ પસાર થયલા તેમાં નીચલા પારસીઓ છે —મેસરસ કેખશરૂ અરદેશર દાવર, પીરોશાહ ફરામરોજ પાવરી અને રૂસ્તમજી એરાચજી આટીયા.

સ્કુલ લીવીંગ (મેટ્રીકયુલેશનની) પરીક્ષામાં હાજર થયલા ૮૯૨૪ માંથી ૩૯૧૨ પસાર થયા હતા, તેમા ૭૨૧ પારસીઓ હતા જેમા ૫૩ પારસી બાનુઓ હતી. આમા પસાર થયલા મી૦ માણેકશા ફરદુનજી કાગાને સર દીનશાહ મા. પીટીટ પેહલા બેરોનેટ સ્કોલરશીપ અને બાઇ નરગેઝ દારાબશા પદમજી તથા બીજી એક બાઇ વચ્ચે દા. દાદાભાઇ નવરોજી સ્કોલરશીપ આપવામા આવી છે

લંડન રોયલ સેનીટરી ઇન્સ્ટીટયુટની બહાલી મળે એ શરતે નીચલા પારસીઓએ સુખાકારી ખાતાના ઇન્સપેકટરની પરીક્ષા પસાર કરી છે —ડૉ૦ એમ. સી. લંગરાના અને ડૉ૦ બી ડી કોઠાવાલા.

મ્યુનીસીપાલીટીના હેલ્થ ઓફીસર તરફથી ચલાવવામાં આવતા સેનીટરી સરવેયરોના કલાસના નીચલા પારસીઓએ લંડનના રોયલ સેનીટરી ઇનસ્ટીટયુટની અનુસરીને સેનીટરી સરવેયરની પરીક્ષા પસાર કરી છે —મેસરસ સોરાબ હોશંગશા નાણાંવટી, બમન આર. માસ્તર અને કેકોબાદ આર. મોદન

ઇલેકટ્રીક વાયરમેનોની પરીક્ષા જે નામદાર સરકારે ઘડી કહાડેલા નવા કાયદાની રૂએ તા૦ ૧૧ માથી તા૦ ૧૪ મી મે ૧૯૨૫ સુધી લેવામા આવી હતી, તેમાં મુંબઇમા પહેલા વરગમાં હાજર થયલા ૨૬ માથી ૯ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે.—મેસરસ એરચ બમનજી શહીયાર, જહાગીર સોરાબજી પથકી, અને નરીમાન બમનજી વાછા; બીજા વરગમાં હાજર થયલા ૧૩૦ માથી ૫૨ પસાર થયલા તેમા નીચલા પારસીઓ છે —મેસરસ ફરદુનજી કેખશરૂ મોદી અને ફીરોઝ ફરામ ડ્રાઇવર

પરચુરણ જાણવાજોગ બનાવો.

મુંબઇના જાણીતા તબીબ ડાક્ટર સર તેમુલજી ભીખાજી નરીમાનના માનમાં મુંબઈના તબીબો તરફથી તા૦ ૬ ઠી જાનવારી ૧૯૨૫ ને દીવસે ગ્રાન્ટ મેડીકલ કાલેજવાળા થીએટરમાં એટ હોમનો મેલાવડો કરી મોટુ માન આપવામા આવયુ હતુ એ વખતે કરનલ આર. એ. નીડહેમ તરફથી તબીબી કેળવણી અને હીંદ માટે જનરલ મેડીકલ કાઉનસીલ સ્થાપવાની બાબત ઉપર સારી ચરચા ચલાવવામા આવી હતી. વળી સર ટેમુલજીએ આ શેહરની બજાવેલી અનેક તબીબી સેવાઓની પીછાનમા એવણુની એક સબી મુબઇની ગ્રાંટ મેડીકલ કાલેજમાં નામદાર ગવરનર સર લેસલી વીલસને તા૦ ૧૬ મી મારચ ૧૯૨૫ ને સોમવારે સવારના ૮–૩૦ કલાકે એક મેલાવડા સનમુખ ખુલ્લી મુકી જણાવ્યુ કે સર ટેમુલજીએ સારી પ્રતીષ્ઠા તથા મોભા મેલવ્યા છે તે એવણે ઘણી સારી રીતે જાળવી રાખ્યા છે ઓમણે મેડીકલ કાઉનસીલ, કોલેજ ઓફ ફીઝીશીઅનસ એન્ડ સરજીયનસ, ઓમણે પ્રેસીડનસી નરસીંગ એસોસીએશન, મયુનીસીપલ કારપોરેશન, લેજીસ્લેટીવ કાઉનસીલ અને બીજા કેળવણી ખાતાઓ તેમજ ધારમીક મંડલો સાથે ચાલુ સબંધ રાખી એવણે ઘણી કીમતી મદદો આપી છે એમની લગભગ પચાસ વરસની તબીબી સેવાઓનો લાયક બદલો એવણુને નાઇટ હુડનો ખેતાબ બક્ષીને આપવામા આવયો છે. સર ટેમુલજીએ આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો

મુંબઇની જાણીતી સેન્ટ્રલ બેંકના મેનેજીંગ ડીરેકટર શેઠ સોરાબ એન પોહચખાનાવાલા જુદા જુદા દેશાવરો ખાતે ફરવા ગયા હતા તે તકનો લાભ લઇ ત્યાના રહીશો તથા વેપારીઓ તરફથી એવણુના માનમા મેલાવડાઓ કરી સારૂ માનપાન આપવામાં આવયું હતુ મદરાસ ખાતે એવણુના માનમા એક મેલાવડો તા૦ ૧૦ મી સપટેમબર ૧૯૨૪ ને દીને દીવાન બાહદુર ગોવીંદદાસના પ્રમુખપણા હેઠળ કરી હીંદી વેપારીઓએ એક માનપત્ર એનાયત કીધુ હતુ વળી તા૦ ૩૦ મી અકટોબરે અમદાવાદ ખાતે શેઠ અરદેશર ડોશાભાઈ વાહાડયાએ એક એટ હોમનો મેલાવડો પોતાના બંગલામા કરી એવણુને માન આપ્યુ હતું તા૦ ૪ થી નવેમબરે કરાંચી ખાતેના ઝલોજીકલ ગારડનમા તયાની હીંદી વેપારી કોમ તરફથી એક માનપત્ર આપવાનો મેલાવડો કરવામાં આવયો હતો તેમજ કાસુર ખાતે તા૦ ૬ ઠી મે ૧૯૨૫ ને દીને ગારડન પારટીનો મેલાવડો કરી તયાંની વેપારી આલમે એવણુને એક માનપત્ર એનાયત કીધુ હતુ

શેઠ ફરામરોઝ પેસતનજી શરાફ હાંગકાંગથી હમેશ માટે મુંબઈ રહેવા સારૂ આવવાથી એવણુના માનમાં સપટેમબર ૧૯૨૪ મા એક મેલાવડો તયાંના કાઉલુન ક્રીકેટ કલબના હોલમા કરી એક ચાંદીની ત્રે, રૂપાનો ટીસેટ અને ટાઇપ રાઇટર ભેટ આપવામા આવયો હતો અને બાઇ હીરાંબાઇ શરાફને સોનાનું રીસ્ટ વોચ ભેટ આપયું હતું

જામનગર સ્ટેટના એજન્ટ શેઠ પેસતનજી મેરવાનજી કરંજીયાના બેટી બાઇ પીલીઆઈના લગન એ રાજયાના ડા૦ નવરોજી કલ્યાણીવાળાના બેટા મી૦ ફરામરોઝ બેરીસ્ટર સાથે ૧૯૨૫ના જાનેવારીમા જામનગર ખાતે થવાથી શેઠ પેસતનજીએ જામનગર સ્ટેટની બજાવેલી સેવાઓ માટે નામદાર જામસાહેબ રણજીતસીંગજીએ પોતાની રાજધાની શેહર નવાનગરની પડોશમા આવેલુ ગામ નાગડી ઇનામી ગ્રામ તરીકે બક્ષેશ આપી એવણુની સેવાઓની સ્તુતી કરનારો એક આશીષપટો લખી આપયો છે. વળી એ શાહાડીની ક્રીયામાં ભાગ લેવા આવેલા કરાચીવાળા દસ્તુરજી ડા૦ ધાલાને સરપાવ (એક હજાર રૂપયા અને જરીનો પોષાક) માહારાજા તરફથી એનાયત કરવામાં આવયો હતો.

મુંબઇની મ્યુનીસીપાલીટીના એનજીનીયરીંગ ખાતાના સીનીયર આસીસટંટ એનજીનીયર શેઠ ફરામજી જમશેદજી બીલીમોરીઆ લગભગ ૩૨ વરસની લાંબી નોકરી કરી પેનશન ઉપર ઉતરવાથી તા૦ ૩૧

મી મારચ ૧૯૨૫ ને દીને એનજીનીયરીંગ ખાતાના સ્ટાફે એવણુના માનમાં મેલાવડો એનજીનીયર મી૦ જેમસ ડબલ્યુ. મેકીશનની પ્રમુખપણા હેઠળ કરી શેઠ ફરામજીને ચાંદીના કાસકેટ સાથ માન-પત્ર તથા ચાદીનુ કપ એનાયત કીધુ હતુ.

મુબઇ મયુનીસીપાલીટીના એનજીનીયરીંગ ખાતાના શેઠ ખાચના સીનીયર એસીસટંટ એનજીનીયર શેઠ મનચેરજી એદલજી જોશી ૩૦ વરસની લાંબી નોકરી બજાવી રીટાયરડ થવાથી એવણુના માનમા એક મેલાવડો એનજીનીયરીંગ ખાતાના સ્ટાફે તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૨૫ ને સુકરવારે એકઝીકયુટીવ એનજીનીયર મી૦ જેમસ ડબલ્યુ મેકીશનના પ્રમુખપણા હેઠળ કરી શેઠ જોશીને ચાદીની એક સુદર સુવેનીર એનાયત કરી હતી

લાનોલીના જાણીતા ડાકટર રતનજી દોરાબજી નાનજી જી. આઇ. પી રેલવે કપનીમાં લાંબી નોકરી બજાવી રીટાયરડ થવાથી તેમજ લાનોલી પારસી અંજુમનના ઉપપ્રમુખ તરીકે બજાવેલી કીમતી સેવાઓની પીછાનમાં લાનોલી તથા ખડાલામા વસતા જરથોસ્તીઓએ શેઠ એકનવાલાની દરેહમેહરમાં તા૦ ૨૮ મી મે ૧૯૨૫ ને ભરેસપતવારે એક મેલાવડો શેઠ ધનજીભાઇ બ પટેલના પ્રમુખપણા હેઠળ કરી ચાદીના કાસકેટ સાથે એક માનપત્ર એનાયત કીધુ હતુ વળી ડા૦ નાન-જીના માનમા લેનોલી ખાતે રેલવેમા નોકરી કરનારાઓ તેમજ જાહેર પ્રજા તરફથી તા૦ ૫ મી જુને રેલવેના ઇનસ્ટીટયુટના હોલમા એ રેલવેના ડીસ્ટ્રીકટ સરજયનના પ્રમુખપણા હેઠળ ગારડન પારટીનો મેલાવડો કરી માનપત્ર ભેટ આપયુ હતુ

ખા૦ બા૦ ડાકટર જાહાગીર ખરશેદજી દાજીએ વરસો સુધી બજાવેલી કીમતી સેવાઓની પેછાનમા એવણુને માનપત્ર આપવાનો એક મેલાવડો સર હોરમજી કાવશજી દીનશાહના તારદેવના બગલામા ડા૦ દીનશાહ મારતરના પ્રમુખપણા હેઠળ તા૦ ૨૧ મી જુન ૧૯૨૫ ને રવીવારે કરવામા આવયો હતો. પ્રમુખે ડા૦ દાજીની જાહેર સેવાઓની સ્તુતી કરી જણાવયું કે જામે જમશેદના માલેક શેઠ મરઝબાન પોતાના પેપરમા ફડની વીગત છાપી સારી મદદ આપે છે એ પછી ઝોરા-સ્ત્રીયન બીનડીંગ સોસાયટી હસ્તકની બીલડીંગોમા વસ્તા ભાડુતો તરફથી આ માનપત્ર રૂપાની કાસકેટ સાથે ડા૦ દાજીને દસ્તુર દારાબ પેશોતન સંજાણાએ એનાયત કીધુ હતું

કરાચી ખાતે સદરમા મોબેદ રૂસ્તમજી પેસ્તનજી રબાડીએ ૪૭ વરસ આગમજ એક ગુજ-રાતી શાળા સ્થાપી હતી પણ સરકારે મુફત કેળવણી આપવા જણાવવાથી મયુનીસીપાલીટીએ ઘણા લતાઓપર સ્કુલો ખોલવાથી શેઠ રૂસ્તમજીએ પોતાની સ્કુલને ફરનીચર સાથે તા૦ ૧ લી એપ્રીલ ૧૯૨૫ ને દીને મયુનીસીપાલીટી સ્કુલ બોરડને આપી છે અને રૂ પે રબાડી સ્કુલ એ નામ કાયમ રાખવામા આવશે. એવણે એ સ્કુલ સાથનો પોતાનો સબધ છોડવાથી શીષયોએ તથા સ્ટાફે તા૦ ૧૮ મી જુલાઇ ૧૯૨૫ ને દીને એક મેલાવડો સ્કુલના કમપાઉડમા શેઠ જમશેદ રૂ મેહતાના પ્રમુખપણા હેઠળ કરી એક પરસ, બે શીયાલા અને એક સોનાની વીટી ભેટ આપી હતી.

નવસારીની મયુનીસીપાલીટીના પ્રજાકીય પ્રમુખ શેઠ દીનશાહ રતનજી દાબુના કામની કદરસનાશી કરવા માટે તા૦ ૧૫ મી આગસ્ટ સને ૧૯૨૫ ને સનવારે પારસી કોમ તરફથી એક મેલાવડો નવસારીના લક્ષમન હોલમા સુબા મી૦ મણીલાલ નાણાવતીના પ્રમુખપણા હેઠળ કર-વામા આવયો હતો શરૂઆતમા શેઠ મીનોચેર મે. પાવરી વકીલે તથા શેઠ સોરાબજી મનચેરજી દેશાઇએ મયુનીસીપાલીટીના પ્રજાકય પ્રમુખ તરીકે તેમજ ધારાસભાના એમબર તરીકે શેઠ દીન-શાહજીએ બજાવેલી સેવાઓની સ્તુતી કરી મુબારકબાદી આપી હતી. એ પછી પ્રમુખે પણ શેઠ દીનશાહજીની લોકસેવા બજાવવાના ગુણોની તારીફ કરવા પછી શેઠ દીનશાહજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માનયો હતો.

દખણના વડા દસ્તુરજી સરદાર ડૉકટર કૈકોબાદ આદરબાદ નોશેરવાનને ગયે વરસે વેંબલી એકઝીબીશનમાં ભરાયલી કોનગ્રેસ ઓફ લીવીંગ રીલીજીયનસમા ભાગ લેવાને તથા તયા જરથોસ્તી ધરમ ઉપર રેસાલો વાચવાને આમ ત્રણ થયુ હતુ એમણે જરથોસ્તી ધરમ ઉપર એક વીદવતા ભરેલો રસાલો લખી મોકલ્યો હતો, જે એમની તરફથી રેવરંડ જે તીસલ ડેવીસ નામના પાદરીએ વાંચ્યો હતો, અને તેની કોનફરન્સવાળા સાહેબોએ ઘણી વખાણ કરી હતી વળી દસ્તુર કૈકોબાદને જુલાઇ ૧૯૨૫ મા એદીનબરોમાં મળેલી વરલ્ડ ફીદરેશન ઓફ એડજ્યુકેશન એસોસીએશનની કોનફરન્સમા ભાગ લેવાને તથા કોનફરંસમા રેસાલો વાચવાને ઇજન આવયું હતુ તેમાં પણ સામેલ થવાને દસ્તુરજીથી બનયુ નથી.

હીંદના મહાન રાજયદવારી નર અને સાચા દેશભકત મરહુમ ડા૦ દાદાભાઇ નવરોજીની ૧૦૦ મી વરસગાંઠનો દીવસ તા૦ ૪ થી સપટેમબર ૧૯૨૫ ને સુકરવારે પડવાથી મુબઇમા તેમજ ભરૂચ, નવસારી, સુરત વગેરે ઘણા દેશાવરો ખાતે એ દીવસ ભારે ધામધુમથી મેલાવડાઓ કરી ઉજવવામા આવયો હતો શેઠ દાદાભાઇને ગુજરી ગયાને આઠ વરસ થયા છે છતાં આ મહાન નરની યાદ તો આજે દરેક દેશભકત હીંદીવાસીના જીગરમા જેવી ને તેવી જળવાઇ રહેલી છે. તેમના ફર્ઝ કરતવયો અને હીંદ તરફ એ અશો નરે બજાવેલી બેમુલ સેવાઓ તો દરેક જણે મોટા માનથી યાદ રાખેલી છે. શેઠ દાદાભાઇના ૧૦૦ મા વરસના જનમ દીવસનો મોહોતસવ ઉજવવાને મુબઇમા સર કાવસજી જાહાગીર હોલમા મી૦ મોહનદાસ કમરચદ ગાધીના પ્રમુખપણા હેઠળ સઘળી કોમનો એક મોટો ભવય મેલાવડો સાજે ભેગો મલ્યો હતો શરૂઆતમા દાદાભાઇ નવરોજી સેનટીનરી કમીટીના ઉપ-પ્રમુખ રા૦ બા૦ પ્રાધયે એ મહાન નરના ઉમદા ચરીત્ર, અને અનુપમ કામનો ટુક ઇનતેખાબ જણાવા પછી મી૦ ગાધીએ પ્રમુખપદથી લંબાનથી વીવેચન કરી જણા-વયુ કે દાદાભાઈ તો જયા સુધી હીંદુસ્તાન છે તયા સુધી જીવતા રહેશે અને એવણનું નામ વધુ ને વધુ પ્રકાશતુ રહેશે એવણે સઘળી કોમોની તેમજ આખા હીંદની અમુલ્ય સેવાઓ બજાવી છે, એ પછી કેટલાક સાહેબોએ પ્રસગને અનુસરતા વીવેચનો કીધા હતા વળી મુબઇના માઝદવશની મ ડળ, ખોરશેદ મ ડળ, યગમેનસ ઝોરાસ્ત્રીયન એસોસીએશન, અને પરેલ પારસી એસોસીએશન તરફથી તા૦ ૨૬ મી આગસ્ટે આલબલેસ બાગમા એક મેલાવડો શેઠ માણેકજી કાવશજી પટેલના પ્રમુખપણા હેઠળ કરવામા આવયો હતો તેમજ રથેસ્તાર મ ડળની બાંહેધરી હેઠલ દસ્તુરજી દીન-શાહજી ગરબાજીના પ્રમુખપણા હેઠલ સર કાવસજી જાહાગીર હોલમા એક જરથોસ્તી મેળાવડો તા૦ ૩૧ મી આગસ્ટે ભેગો મળયો હતો

જાણીતા જરથોસ્તીઓના મરણ.

(૨) આ ઉદવાડેના ઇરાનસાહ આતશબેહેરામ સાહેબને પેહલવેહલા સંજાણમા શેહેનશાહી ૧ સને ૯૦ મા સ્થાપ્યા પછી નવસારી, સુરત વગેરે ઠેકાણે એ આતશબેહેરામને લઈ જવા પછી ઉદવાડા ખાતે તા૦ ૨૮ મી અકટોબર ૧૪૭૨ ને દીને લાવવામા આવ્યા હતા, જે આજ દીન સુધી છે ઉદવાડા ખાતે આતશબેહેરામનુ પેહલવેહલુ નાનુ મકાન નારગોલના બેહેદીન મીનોચેહર બહમને ૫ સને ૧૧૧૨ મા બંધાવ્યા પછી સુરતવાલા શેઠ ભીખાજી એદલજીએ મોટુ મકાન ૫૦ સને ૧૨૨૧ મા બંધાવ્યા બાદ મુંબઈવાલા શેઠો દાદાભાઈ અને મનચેરજી પેસતનજી વાહાડયાએ મોટુ મકાન રૂ ૧૬૦૦૦ ના ખરચે બંધાવી રોજ ૨૭ મો માહા ૬ ઠો સને ૧૧૯૯ ૫ ને દીને પરઠાવ્યુ હતુ તે પછી ઘણુ મોટુ ને ફ્રેસાડે મકાન બાઈ મોટલાબાઇ જાહાંગીર વાડયાની રૂ૮૦૦૦૦ ની સખાવતથી બંધાઈ તેમા રોજ ૧૬ મો માહા ૨ જો ૧૨૬૪ યઝદેજરદીને દીને આતશબેહેરામના બુરી ફેબલાને તખતનશીન કરવામા આવ્યા હતા એ મકાનમા કેટલુ ક રીપેર કરાવી તેમા ઘટતો ફેરફાર મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયાના ટ્રસ્ટીઓએ કરાવી તેને ઇજી ખુલ્લુ મેલવાની ક્રીયા રોજ ૧૨ મો માહા ૧૧ મો ૫ સને ૧૨૮૨ ને દીને થઇ હતી

(૩) આ નવસારીના આતશબેહેરામનુ મકાન પુરાણુ થવાથી દેશાઇ કાવશજી એરચજી તે ગોડલના માજી કારભારીએ ફરીથી રોજ ૧ લો માહ ૧૦ મો શેહેનશાહી સને ૧૨૬૦ યઝદેજરદીને દીને સમરાવી આપ્યુ હતુ આ જુનુ મકાન તોડી નવુ મકાન બાંધવામા આવવાથી રોજ ૨૩ મો માહ ૨ જો શેહેનશાહી સને ૧૨૯૧ યઝદેજરદી ને સોમવારે રાતે ૧૦ વાગે જુના મકાનમાથી આતશ પાદશાહને લઈ જવાની ક્રીયા વડા દસ્તુરજી કેકોબાદજીની દેખરેખ હેઠળ કરી નવસારીની વડી દરેહમહેરમા આતશના કેમવાને લઈ જઈ તથા તખતનશીન કરી હોશહેન ગેહની બોય દરેહ મેહરમા દીધી હતી નવા મકાનનો પાયો નાખવાની ક્રીયા રોજ ૧૭ મો માહા ૪ થો સને ૧૨૯૨ ને દીને સવારના ૯ વાગે કરવામા આવી હતી.

(૪) સુરત ખાતે શાહપોરમા આવેલા શેઠ પેસ્તનજી કાલાભાઈ વકીલના કદમી આતશબેહેરામ સાહેબની ૧૦૧ મા વરસની સાલગરેહનો દીવસ રોજ ૩ જો માહા ૪ થો કદમી માહા ૩ જો શેહેનશાહી સને ૧૨૯૩ યઝદેજરદી તા૦ ૧૧ મી નવેમબર સને ૧૯૨૩ ને દીને પડવાથી એ દીવસે એ પાક મકાનમા એક મેલાવડો કરી સવારના જશનની ક્રીયા કરવામાં આવી હતી એ વખતે એક ટ્રસ્ટી શેઠ કાવશજી બરજોરજી વકીલે આ આતશબેહેરામને લગતી તવારીખ રજુ કરતાં જણાવ્યુ કે એ પાક મકાન રોજ ૩ જો માહા ૪ થો કદમી, માહા ૩ જો શેહેનશાહી સને ૧૧૯૩ યઝદેજરદી, તા૦ ૫ મી ડીસેમબર ૧૮૨૩ ને દીને શેઠ પસ્તનજી કાલાભાઈ વકીલે પોતે બધો ખરચ કરી પરઠાવ્યુ હતુ અને તેનો નીભાવ એવણે પોતાની હયાતી સુધી કરવા પછી એવણના બેટા શેઠ નશરવાનજીએ કરવા બાદ તેઓના બીજા બેટા શેઠ મોટાભાઈ અને પછી શેઠ બરજોરજીએ કરયો હતો અને હાલમા વારસો કરે છે શેઠ રતનશાહના ધણીયાણી બાઈ રતનબાઇએ એક વજીફો નીભાવ માટે ભેટ આપ્યો છે શેઠ નશરવાનજીના મરહુમ બેટા શેઠ હોરમજીએ આ મકાનને સને ૧૮૯૦ માં રૂ૩૫૦૦૦ ખરચી સમરાવ્યુ હતુ અને શેઠ નશરવાનજીના બેટાઓએ પોતાના માતાજીના વારસ તરીકે પોતાને મલેલી મોટી રકમ ભેટ આપી હતી અને શેઠ હોરમજીના વીધવા તથા બેટાઓએ એક મોટી રકમનુ ટ્રસ્ટ કાઢયુ છે તેમજ સર અવસરે વકીલ કુટુંબીઓએ સારી મદદ કીધી છે ઇસ્વી સને ૧૯૧૩ મા આ પાક મકાનમા સુધારા વધારા કરવા માટે સઉથી મોટી મદદ શેઠ હોરમજીના કુટુંબની છે મરહુમ શેઠ નવરોજી ।। કુટુંબે મદદ કરી આગ્સ તથા ટાઈલનુ કામ કરાવી સઘલો ખરચ આપ્યો છે મરહુમ શેઠ દીનશાજીના કુટુંબે આખુ ઈલેકટ્રીક ઈનસ્ટોલેશન મોટે ખરચે મુકાવી નાણાની મદદ આપી છે આ મકાનમા વધારો કરી નવજોત, લગન કરવા માટે નવો હોલ બાંધ્યો છે

(૧) શેઠ માણેકજી શેરાબજી સરાફે (૧૭૩૩–૧૭૯૪) ચોપાટી ખાતે પોતાની વાડીમા પોતાના બંગલાની પડોસમાં એક અલાહેદયુ મકાણ પોતાના ખરચે બંધાવી તેમા આતશ આદરાન તખતનશીન કરી રોજ ૨૬ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૧૬૦ યઝદેજરદી, તા૦ ૫ મી ડીસેમબર ૧૭૯૦ ને રવીવારે પહેલવેહેલી એ દરેહમેહેર ઈજાની ખુલ્લી મુકી હતી ૨૬ વરસ પછી એવણના બેટા શેઠ ખરશેદજીએ (૧૭૬૩–૧૮૪૫) આ આદરાનને કોટ મધેના પોતાના રહેવાના ઘરની પછવાડે લાવી રોજ ૨૬ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૧૮૬ યઝદેજરદી, તા૦ ૨૯ મી નવેમબર ૧૮૧૬ ને શુક્રવારે પાછા તખતનશીન કરયા હતા એ મકાનમાં પુરાણુ થવાથી એ દરેમેહરના મુતવલીઓ શેઠ સરાફના વારસોએ રોજ ૨૧ મો માહ ૨ જો સને ૧૨૬૪ ને દીને યાને એ દરેમેહ ની ૭૯ મા વરશની શાલગરેહને દીને ફરીથી નવેસરથી મકાન બંધાવી ખુલ્લુ મેલ્યુ છે.

(૬) આ પુરાતન દરેમેહરનું મકાન જુનું થવાથી શેઠ [illegible] બનાવી કર્યું બના કેટલાક સાહેબોએ પોત પોતાનો ફંડ ફાળો કરી નવેસરથી બંધાવીને તેમાં રોજ ૨૦ મે માહા ૭ મે શેહેનશાહી સને ૧૨૧૪ યઝદેઝરદીને દીને જુના આતશ સાહેબને પાછા તખ્તનશીન કીધા હતા.

(૭) આ દરેમેહર પુરાણું થવાથી મરહુમ શેઠ માણેકજી નવરોજી શેઠનાના કુટુંબી શેઠ [illegible] રૂપીઆ એક લાખ ખરચી ઇસ્તનની અસલી ડેપર રોજ ૨૦ મે માહા ૨ જે યઝદેઝરદી ૧૨૬૧ ને દીને નવેસરથી બાંધી હતી.

(૮) આ દરેહમેહર જે ગામડાની દરેહમેહર તરીકે ઓળખાય છે અને સુરત, [illegible] વગેરે ગુજરાતના [illegible] શહેરોનું મુંબઈમાં વધુ ખરચ રેવા મળતું હોવાથી ખેતી ચોખાબાજીમાંસે કરતા ભોળવરા (ગામડીયા) લોકો ઘણી સંખ્યામાં રહે છે મજકુર દરેહમેહર ભોળવરાના મોબેદોના કામ માટે રોજ ૩ જે માહ ૫ મે શેહેનશાહી ૧૨૬૫ યઝદેઝરદી, તા૦ ૨૭ ફેબરવારી ૧૮૯૬ ને દીને પહેલી રૂ૦૦૦૪ ને ખરચે મુંબઈની પારસી પંચાયતે જરથોસ્તીઓનાં ઉઘરાણાથી તથા પંચાયતના ફંડમાંથી પરડાવી હતી, તેમાં રૂ ૬૮૨૩ જરથોસ્તીઓના ઉઘરાણાથી મળ્યા હતા અને બાકીના રૂપીઆ પંચાયતના ફંડમાંથી આપયા હતા. આ મકાન પુરાણું થવાથી મરહુમ સર જમશેદજી જીજીભાઈ પહેલા બારોનેટની પુણ્યાર્થે તેમના સાહેબજાદાઓએ નવેસરથી મકાન બંધાવી રોજ ૨૨ મે માહ ૭ મે શેહેનશાહી ૧૨૨૯ યઝદેઝરદી, તા૦ ૧૩-૪-૧૮૬૦ ને દીને સર જમશેદજીની વરસીને દીને ખુલ્લું મુકી ચાલુ ખરચ માટે રૂ૭૫૦ આપતા હતા તેમાં યઝ૦ સને ૧૨૭૦ થી વધારો કરી રૂ૯૫૦ આપવામાં આવે છે. સને ૧૯૦૩ મા મુંબઈની પારસી પંચાયત તરફથી રંગાવી આપવામાં આવ્યું હતું. આ દરેહમેહર સ્થાપવાને બરાબર એક સદી રોજ ૩ જે માહા ૫ મે ય સને ૧૨૯૪ તા૦ ૯ મી જાનેવારી ઇસવી સને ૧૯૨૫ ને શુકરવારે પુરી થવાથી તેની ખુશાલીમાં એ દીવસે મજકુર દરેહમેહરમાં ઉજવણી ઘણી ધામધુમથી કરી સવારે તથા સાંજે જશનો કરી મેલાવડાઓ કરવામાં આવ્યા હતા

(૯) આ દરેમેહેરનું મકાન પુરાણું થવાથી રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૬૪ ને દીને શેઠ પેસતનજી મેરવાનજી ગાદીવાલાએ પોતાની મરહુમ બેટી પીરોજબાઇનાં પુણ્ય માટે નવેસરથી બાંધી આપેલું છે

(૧૦) આ દરેહમેહર એરવદ સોરાબજી હો૦ રાનજીએ પોતાના મરહુમ બાવા હોરમસજીની નઇયતે રોજ ૩-૮ ૧૨૩૭ ય૦, તા૦ ૨૨-૪-૧૮૬૮ ને દીને બંધાવી હતી અને એના નીભાવ માટે કાઇમી બંદોબસ્ત એરવદ સોરાબજી કર્યો તે અગાઉ મરણ પામવાથી લગભગ ૩૫ વરસો સુધી પીટીટ ખાનદાન તેમજ બીજાઓ તરફથી નીભાવ ખરચ આપવામાં આવેલ હતો. એનો વહીવટ એરવદ સોરાબજી પછી એવણના કુટુંબીઓ કરતા હતા અને હાઈ કોરટની મંજુરીથી તા૦ ૧૭ મી અક્ટોબર ૧૯૧૪ ને દીને પાંચ ટ્રસ્ટીઓ નેમી દરેહમહેર માટે ટ્રસ્ટ કરવામાં આવ્યું છે જગાની તંગાસ પડવાથી નવેસરથી લગભગ રૂપીઆ છેંશી હજારનો ખરચ કરી દરેહમહેરનું મોટું નવું મકાન તેમાં જાહેર હોલ સાથે ફરીથી બાંધી તેને ઇજી આતશ આદરીઆનને પાછા પરથવાની કીયા રોજ ૧૭ મે માહા ૧૨ મે ય૦ સને ૧૨૯૦ તા૦ ૧૭ મી આગસ્ટ ૧૯૨૧ ને સોમવારે કરવામાં આવી હતી. આ દરેહમહેરને લગતું કીયા કામ વગેરે માટેનું વધારાનું મકાન શેઠ અરદેશર મેરવાનજી ભરૂચાએ સર શાપુરજી બરજોરજી ભરૂચાની યાદગાર બંધાવી આપ્યું હતું તે રોજ ૧૭ મે માહા ૧૦ મે સને ૧૨૯૨ ય ને દીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું

(૧૧) મરહુમ શેઠ મેરવાનજી માણેકજી પટેલે (મહેલલાશા પટેલે) કદમી તરીકા મુજબ આદરાનની એક દરેહમેહર રોજ ૨૨ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૧૭૭ યઝદેઝરદી, (રોજ ૧૭ મો માહા ૧ લો ૧૧૭૮ કદમી) તા૦ ૨૩ મી સપટેમબર ઇસવી સને ૧૮૦૮ ને દીને પહેલવહેલી પાયધોની નજીક ભીંડીબજાર મધે બંધાવી પરઠાવી હતી એ દરેહમેહરનું મકાન ઘણું પુરાણું થવાથી શેઠ નશરવાનજી માણેકજી પીટીટે પોતાના ધણીયાણી બાઈ દીનબાઈ તે આ દરેહમેહરના અસલ બંધાવનાર મરહુમ શેઠ મેરવાનજી પટેલના મરહુમ બેટી બાઈ મીઠીબાઈના બેટી (બાઈ દીનબાઇ)ને નામે રૂ૨૫૦૦૦) ખરચીને નવા પાયાથી વધુ કુસાદે મકાન ભીંડીબજારમાં બંધાવી આપ્યું હતું તેમાં અસલના આદરાનને તખતનશીન કરી મકાન ઇજી ખુલ્લું મેલવાની કીયો રોજ ૧૭ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૭ યઝદેઝરદી, તા૦ ૩ જી જુન ઇસવી સને ૧૮૭૮ ને સોમવારે કરવામાં આવી હતી. એ મકાનની મરામત માટે શેઠ નશરવાનજી પીટીટે રૂ૩૦૦૦ ની ચાર ટકાની લોન વ્યાજ વાપરવા આપી હતી. આ મકાન બાઈ દીનબાઈ નશરવાનજી પીટીટ તરફથી પોતાના મમઈ બાઈ સુનામાય મેરવાનજી માણેકજી પટેલના પુણ્ય માટે બાંધવામાં આવ્યું હતું એ ભીંડીબજાર વાળી જગાપરથી પારસી વસતી મુદ્દલ નીકળી જવાથી હાઈ કોરટની પરવાનગી લઈ રૂપિયા સીતેર હજારમાં ભીંડીબજારવાળું મકાન તથા જમીન વેચી નાખી પાક આતશના કેબલાને પહેલા કેટલોક વખત સુધી કાદાવાલા મોહલાની શેઠ નશરવાનજી હો૰ કરાણીની દરેહમેહરમાં તે પછી આ નવું મકાન બંધાય ત્યાં સુધી કોલાબાની શેઠ જીજીભાઈ દાદાભાઈવાળી દરેહમહેરમાં લઈ જઈને રાખ્યા હતા એ પછી ગ્રાંટરોડ ખાતે ચરનીરોડ જંકશન નજીક બાલારામ સ્ટ્રીટમાં પીટીટની મેહલી આગળ બાઈ આવાબાઈ પીટીટવાળી ૭૪૨ ચોરસ વાર જગા વારના રૂપિના પચીસ લેખે વેચાતી લઈ તે ઉપર નવું મકાન બાંધવામાં આવ્યું છે એ નવા મકાનનો પાયો નાખવાની કીયા શેહેનશાહી રોજ ૨૦ મો માહા ૧૦ મો ય સને ૧૨૯૩ તા૦ ૨૫ મી જુન ૧૯૨૪ ને બુધવારે કરવામાં આવી હતી. એ પછી આ દરેહમેહરનું નવું મકાન તથા દરેહમેહરના મોબેદોને રહેવાનું મકાન શેહેનશાહી રોજ ૧ લો માહા ૪ થો ય સને ૧૨૯૪, તા૦ ૧૩ મી ડીસેમબર સને ૧૯૨૪ ને સનીવારે ઇજી ખુલ્લા મુકી અસલના પાક આતશનો કેબલાને કોલાબાની દરેહમેહરમાં રાખ્યા હતા ત્યાંથી એક દીવસ અગાઉ શુકરવારે રાતે બે વાગે લાવી નવા મકાનમાં પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા આ મકાનના આગલા ભાગ ઉપર એક ગોળ ઘડીઆળ [illegible]

(૧૨) [illegible] શેઠ [illegible] દરેહમહેર પહેલા વહેલી શેઠ [illegible] પોતાની વાડીમાં [illegible] બાંધ્યા હતા [illegible] પછી એ દરેહમહેર કેટલા વરસો સુધી બંધ પડી રહી [illegible] શેઠ જાહાંગીર [illegible] વકીલના હસ્તકમાં [illegible] તથા દરેહ મહેરનું મકાન [illegible] શેઠ જાહાંગીરજીએ પોતાના બેટા શેઠ પેસ્તનજીની નજરતે ફરીથી [illegible] દરેહમહેર ઇસ્વી રોજ ૨૦ મો માહ [illegible] સને ૧૨૩૪ તા. ૭ મી [illegible] ૧૮[illegible]ને દીને ખુલ્લી મુકી હતી [illegible] મકાન બીસમાર થવાથી શેઠ જાહાંગીર વકીલના વારસોએ મોટો ખરચ કરી નવુ મકાન બધાવી તેમા આતશ આદરાનના કેબલાને રોજ ૨૦ મો માહ [illegible] સને ૧૨[illegible], તા. ૨૮ મી માર્ચ ઇસ્વી સને ૧૯[illegible]૩ ને દીને તખતનશીન કરી ખુલ્લા મુકવામા આવ્યા છે

(૧૩) આ દરેમેહર આગળ યઝદેજરદી સને ૧૧૮૨ મા એરવદ [illegible] હોરમજી [illegible] બધાવી હતી. મુંબઈમાં ગોવાલીઆ તલાવ આગળ ફોરજેટ સ્ટ્રીટમાં મરહુમ બાઈ સુનાબાઈ તે મરહુમ શેઠ હીરજી રેડીમનીના દીકરી અને શેઠ નસરવાનજી ર. બનાજીના ધણીયાણીવાળી પુરાણી દરેહમેહરનુ મકાન બીસમાર થવાથી બાંધવામાં આવેલું નવુ મકાન રોજ ૧૯ મો માહ ૮ મો શેહેનશાહી સને ૧૨૯૪ યઝદેજરદી તા૦ ૨૫ મી એપ્રીલ સને ૧૯૨૫ ને સનવારે પરથી ખુલ્લું મુકી તેના અસલના આતશ આદરાનને તખતનશીન કરવામા આવ્યા હતા એ વખતે એ દરેહમેહરના ટ્રસ્ટી શેઠ જાહાંગીર એચ બનાજીએ દરેહમેહરનો હેવાલ વાચતા જણાવ્યુ હતુ કે આ દરેહમેહરવાડી જમીન બરતમા ૧૭૦૦૦ વાર હતી તે અસલમા પેહલવેહલા મોબેદ રાનજીભાઇ કરીને હતા તેવણને હસ્તક હતી અને તેમા એ દસ્તુરે એક અગીઆરી ઇસ્વી સને ૧૮૧૩ મા એવણના પોતાના સગા વાહાલાઓની કીયા કામ કરવા બાતરજ બાધી હશે એમ જણાય છે કારણ કે એ જમાની પાસ માત્ર બે ત્રણ પારસી કુટુંબો રહેતા હતા મરહુમ બાઇ સુનાબાઇએ એ બધી જમીન દરેહમેહર સાથે ૧૮૨૧-૨૨ મા ખરીદેલી હશે એમ જુના ખત ઉપરથી માલમ પડે છે ત્યાર પછી ૧૮૪૧-૪૨ મા એ દરેહમેહરને આતશ આદરાનમાં ફેરવેલી માલમ પડે છે ૧૮૪૭ મા બાઇ સુનાબાઈ ગુજરયા. પછી એ અગીયારીના પાકા ખતપત્ર ૧૮૬૨ મા થયા તેમા ૫૦૦૦ વાર જમા કુટુંબના ઘરને વગતી અલગ રાખી બાકીની ૧૨૦૦૦ વાર જમીન અગીયારીને હસ્તક રાખી એક ટ્રસ્ટડીડ બનાવ્યુ હતુ પણ એ ટ્રસ્ટડીડ કાયદા મુજબ માલમ નહી પડવાથી ૧૯૧૦ મા કોરટની પરવાનગીથી નવી સ્કીમ કરી નવુ ટ્રસ્ટડીડ બનાવ્યુ હતુ લડાઇ પછી હાઇ કોરટના હુકમથી જમીન લીઝે આપવાથી સને ૧૯૧૯-૧૯૨૦ થી દરેહમેહરની આવક વરસે રૂપીઆ સીતેર હજાર જેટલી થવાથી લગભગ રૂપીઆ સાહઠથી સીતેર હજાર જેટલા એકઠા થયલા અને ચાલુ આવક સાથે ભેલી તેમજ બહારની થોડીક પઇસાની મદદ લઇ આ નવુ મકાન લગભગ દોઢ લાખ રૂપીઆના ખરચે બાધ્યુ છે આ દરેહમેહરનુ નવુ મકાન બાંધવાની લગભગ પચાસ વરસ અગાઉ બાઇ સુનાબાઇના વડા દીકરા શેઠ જાહાંગીરજી રેડીમનીના મરહુમ પુત્ર સર કાવશજી જાહાંગીરની સખાવતથી જુના મકાનને આખુ ગાળી કાઢી નવેસરથી મજબુત કરવામા આવ્યુ હતુ

(૧૪) ડકન રોડ તરફ આવેલી શેઠ હોરમજી ધનજીભાઇ પટેલની દરેહમેહરની નજદીકથી પારસી વસ્તી એ લતાપરથી નીકલી જવાથી એ દરેહમેહરના પાક આતશના કેબલાને વાલકેશ્વરની શેઠ સોરાબજી ખરશેદજી કુડીનાવાલી દરેહમેહરમાં લઇ જઈને રાખ્યા છે

(૧૫) ધોબીતલાવ પાસે શેઠ રૂસ્તમજી સોરાબજી ભરૂચા તથા કીકાવાલાએ બધાવેલી દાદગાહની એક દરેહમેહર રોજ ૧૬ મો માહ ૧૨ મો શેહેનશાહી સને ૧૨૧૨ યઝદેજરદી, તથા રોજ ૧૨ મો માહ ૧ લો સને ૧૨૧૩ કદમી તા૦ ૯ મી સપટેમબર ૧૮[illegible] ને દીને ઉઘાડવામા આવી હતી. જયારે એ દરેહમેહરની તખતી ઉપર રોજ ૧૭ મો માહ ૧૨ મો સને ૧૨૧૨ લખેલું હતુ. એ પછી શેઠ રૂસ્તમજી જીવણજી પોચખાનાવાલાએ આ દરેહમેહરમા પોતાને ખરચે આતશ આદરાન સાહેબને પરઠાવીને રોજ ૨૦ મો માહ ૧૧ મો શેહેનશાહી સને ૧૨૧૭ યઝદેજરદી, તા૦ ૧૨ મી આગસ્ટ સને ૧૮૪૮ ને સનવારે તખતનશીન કીધા હતા. એ આદરાનની દરેહમેહર પરથાઈ તે દીવસથી તેલ કાઠી વગેરેનો ચાલુ ખરચ બાઈ આવાબાઈ અરદેશર ખોરશેદજી વાહાડયા તે શેઠ નવરોજી નસરવાનજી વાડીયાની દીકરીએ આપવાનો ચાલુ કીધો હતો એ પછી એ દરેહમેહરની પડોશમાજ બાઈ આવાબાઈ અરદેશર ખરશેદજી વાહાડયાએ પોતાની દીકરી મરહુમ બાઈ સુનાબાઈ તે શેઠ અરદેશર પેસ્તનજી નવરોજી બનાજીના ધણીયાણીના પુણ્ય માટે રોજ ૨૪ મો માહ ૭ મો શેહેનશાહી સને ૧૨૩૧ યઝદેજરદી, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૬૨ ને દીને એક નવુ મકાન બાંધી આપી એ નવા મકાનમા શેઠ કીકાવાલાની દરેહમેહરના આતશ આદરાને તખતનશીન કરાવ્યા હતા અને [illegible] શેઠ કીકાવાલાનું મકાન નવા મકાન સાથે વાપરવા માટે જોડી નાખવામા આવ્યું હતુ એ પછી શેઠ કીકાવાલાનું મકાન બીસમાર હાલતમા આવવાથી સને ૧૮૬૭ મા ઉમરાવ કરીને દુરસ્ત કરવામા આવ્યુ હતું આ મકાન મરહુમ શેઠ રૂસ્તમજી સો. કીકાવાલાના દીકરા મરહુમ શેઠ પાલનજીએ ૧૮૭૯ માં પાછું પોતાના સ્વાધીનમા લીધુ હતું તે પછી તા૦ ૧૧ મી જુન ૧૮૮[illegible] ને દીને હાઇ કોરટની થયેલી કનસેન્ટ ડીક્રી મુજબ શેઠ કીકાવાલાની દરેહમેહરનુ જુદુ મકાન શેઠ રૂસ્તમજી શેઠ કીકાવાલાના વારસો તરફથી યઝદેજરદી સને ૧૨[illegible] મા બાંધી તા૦ ૨૪ મી આગસ્ટ ૧૮[illegible] [illegible] બાઈ આવાબાઈ અરદેશર ખ. વાહાડયાની દરેહમેહરના [illegible] [illegible] દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી [illegible] શેઠ [illegible] નવુ મકાન બધાવી આપી તેને પડોશમાં [illegible] [illegible] સાથે જોડી [illegible] આ નવું મકાન [illegible] [illegible] ૧૨૯૮ યઝદેજરદી, તા૦ ૧૭ મી એપ્રીલ ૧૯[illegible] [illegible] [illegible]

[illegible]

(૧૬) આ દરેહમેહરનું નવું મકાન બાઇ આવાંબાઈ અરદેશર બરજોરજી વાહુડયાએ પોતાના મરહુમ બેટી બાઈ સુનાબાઈ તે શેઠ અરદેશર પેસતનજી નવરોજી બનાજીના ધણીયાણીના પુણ્ય માટે રોજ ૨૪ મે માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૬૧ યઝદેજરદી, તા૦ ૧૫ મી એપ્રીલ સને ૧૮૯૨ ને દીને બંધાવી આપી આ નવાં મકાનમાં પડોશની શેઠ રૂસ્તમજી સોરાબજી ભરૂચા તથા ઈંડાવાલાની દરેહમેહરના આતશ આદરાનને લાવી તખતનશીન કરવામાં આવ્યા હતા આ દરેહમેહરને લગતી વધુ વીગત માટે શેઠ રૂસ્તમજી સો ભરૂચા ઈંડાવાલાની દરેહમેહરની નોટ નંબર (૧૫) વાલી જુઓ

(૧૭) મરહુમ આબકારી કંટ્રાકટર ખા બા હોરમજી માણેકજી ભીમડીવાલાએ પોતાના વીલમા પોતાના મરહુમ ધણીયાણી બાઈ પુતલીબાઈના પુણ્ય માટે આદરીયાનની દરેહમેહર બાધવા તથા તેના નીભાવ માટે રૂ૪૫૦૦૦ આપવા જણાવ્યુ હતુ પણ આટલી રકમ પુરતી નહી હોવાથી શેઠ હોરમજીના બેટા શેઠ ડોસાભાઈએ પોતાના બીજા ગોઠયા ટ્રસ્ટીઓ સાથે મળી બીજા વધુ રૂ૪૫૦૦૦ નો ઉમેરો કરી નવુ મકાન ધોબીતલાવ અંજુમનના આતશબેહેરામની બરાબર બાજુમાજ બંધાવી આપ્યુ છે અંજુમનના આતશબેહેરામના મકાનમા આદરીયાન તખતનશીન કીધેલા નહી હોવાથી આતશબેહેરામના ગુમબજમા મરામત વગેરે કરાવવાની જરૂર પડે ત્યારે પાદશાહને બેસેડવાની જગા નહી હોવાથી આ દરેહમેહર શેઠ હોરમજી ભીમડીવાલાના ટ્રસ્ટીઓએ અંજુમનના આતશબેહેરામના ટ્રસ્ટીઓને સ્વાધીન કરી તેના નીભાવ માટે રૂ૩૦૦૦૦ ની લોનો આતશબેહેરામના ટ્રસ્ટીઓને આપી છે આ મકાનપરથી તેમા આતશ આદરના કેબલાને તખતનશીન કરી ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૧૨ મો માહા ૧૧ મો ય સને ૧૨૯૪ તા૦ ૧૭ મી જુલાઇ ૧૯૨૫ ને દીને કરવામા આવી હતી

(૧૮) આ દરેહમેહર પેહલવેહલી મરહુમ શેઠો દાદાભાઇ તથા મનચેરજી પેસતનજી વાડીયાએ પોતાના મમાવા મરહુમ શેઠ પેસ્તનજી બમનજી વાહાડયાના પુન માટે પોતાની લાલબાગની ખાનગી મીલકતમાં રોજ ૨૦ મો માહા ૧૧ મો સને ૧૨૦૩, તા૦ ૧૬ મી આગસ્ટ ૧૮૩૪ ને દીવસે પરઠાવી ખુલી મુકી હતી એ વખતે શેઠો દાદાભાઈ અને મનચેરજી પેસ્તનજીનુ નામ ઘણુ મશહુર હતુ અને આ ભાઈઓની પેહેડી મોટી નીખ્યાતી પામી હતી તા૦ ૩૦ મી ડીસેમબર ૧૮૫૦ ને દીવસે એ પહેડી બંધ પડવાથી લાલબાગની એવાની મીલકત વેચાઈ ગઇ હતી અને આ દરેહમેહર જરથોસ્તીઓ માટે જાહેર વપરાસ સારૂ ખુલી મુકવામા આવી હતી પણ દરેહમેહરને લગતી જમીન એવણની ખાનગી મીલકતમાથી જુદી પાડી તેના જુદા ટ્રસ્ટીઓના નામપર ચઢાવેલી નહી હોવાથી એ દરેહમેહરનુ મકાન પણ જતુ રહેવાથી આ દરેહમેહરના પાક આતશને ૧૮૬૩ સુધી ધોબીતલાવના શેઠ વાડીયાજીના આતશબેહેરામમાં રાખવામા આવ્યા હતા એ પછી આ લાલબાગની મીલકતની માલેકી એજ કુટુંબના નબીરા અને મજકુર બંને ભાઈઓના કાકા શેઠ મનચેરજી જમશેદજી વાહાડયાના હાથમા આવવાથી એવણે હાલની જગ્યાએ નવું મકાન બાધવાનુ શરૂ કેરયુ પણ એ મકાન બંધાઈ પુરૂ થાય તે આગમજ શેઠ મનચેરજી જ વાહાડયાનુ મરણ નીપજવાથી તેઓના બેટાઓ શેઠો નશરવાનજી તથા બરજોરજી મનચેરજી વાહાડયાએ મકાન બાધવાનુ પુરૂ કરી એ જુના આતશ આદરાનના કેબલાને પાછા રોજ ૨૦ મો બહેરામ યઝદ માહા ૧૧ મો બહમન અમશાસ્પંદ યઝદેજરદી સને ૧૨૩૨, તા૦ ૯ મી આગસ્ટ ૧૮૬૩ ને દીવસે નવા મકાનમા પરથાવી તખતનશીન કીધા હતા આ બંને ભાઈઓએ પણ નીભાવ ફંડના નાણા પોતાની પેહેડીમા રાખી સરકારી જામીનગીરીઓમા નહી રોકેલા હોવાથી તેઓની પહેડી ૧૮૬૬ મા પડી ભાગ વાથી આ અગીઆરીનુ નીભાવ ફંડ રહયુ હતુ નહી આ દરેહમહેરનુ મકાન બીસમાર થવાથી એક ફંડ ઉભુ કરી તેમાથી જુનુ મકાન રૂપીયા પાનરીશ હજારને ખરચે સમરાવી તેને ઇજી રોજ ૨૦ મો માહા ૭ મો ય સને ૧૨૯૩, તા ૨૭ મી મારચ ૧૯૨૪ ને ભેસપતવારે દરેહમહેર ખુલ્લી મુકવાની ક્રીયા કરવામા આવી હતી એ દરેહમેહરના નીભાવ માટે એક ફંડ ભેગુ કરવામા આવ્યુ છે તેના વયાજમાથી ચાલુ ખરચ કરવામા આવે છે

(૧૯) એ મકાન એકસો વરસનુ પુરાણુ થવાથી, યઝદેજરદી સને ૧૨૧૬ ના રોજ ૧૭ મો માહા ૨ જો શેનશાહી ને દીને યાને એ અસલ આદરીયાન પરઠીયાને બરોબર ૧૦૧ મુ વરસ ઉગયુ હતુ તે દીને એ મકાનના વારસોએ તે ફરીથી નવુ બંધાવીને તેમા આતશ આદરીયાન પરઠયા હતા આ મકાન બંધાતા સુધી તેમાનો કેબલો શેઠ હોરમજી વાડયાજીવાળા આતશબેહેરામમા એક વરસ વેર લઈ જઇ રાખયો હતો

(૨૦) આ દરેહમેહર પેહલા મુંબઈના ભીંડીબજારના રસ્તા ઉપર શેઠ બમનજી મે. મેવાવાળાએ પોતાના મરહુમ બેટા સોરાબજીના પુણ્ય માટે ઇસવી સને ૧૮૫૧ મા રોજ ૧૭ મો માહા ૪ થો ય સને ૧૨૨૦ ને દીને પરથાવી હતી પણ ઇસ્વી સને ૧૮૭૪ ના ફેબરવારી માસમા થયલા રાયતહુલ્લડ વખતે એ દરેહમેહરના આતશના કેબલાને અપવીત્ર કારવામા આવવાથી એજ સાલમા ફરીથી બીજા નવા અતશ આદાન સાહેબને પરથાવી યજીને ઈસવી સને૧૮૭૪ મા રોજ ૧૭ મો માહા ૯ મો સને ૧૨૪૩ યઝદેજરદીને દીવસે દરેહમેહર પાછી ખુલી મુકવામા આવી હતી. અને એ દીવસ એ દરેહમેહરની સાલગ્રહનો ચાલુ છે એ દરેહમેહર બીસમાર હાલતમા આવવાથી અને એ મકાનની આજુબાજુથી જરથોસ્તીઓની વસ્તી કમી થવાથી એ દરેહમહેરનું મકાન તથા એના નીભાવવાળુ મકાન કોરટની પરવાનગીથી વેચી, તેના અવેજમાથી ભાયખલા વીકટોરીયા ગારડન પાસે બાધવામા આવેલા નવા મકાનમા જુના આતશ આદરાનને શેહેનશાહી રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૮૪ ને દીને પાછા તખતનશીન કરી એ દરેહમેહર જાહેર વપરાસ માટે ખુલ્લી મુકવામા આવી હતી એ દરેહમેહરની સાલગ્રેહ વરસમા બે વાર પાળવામા આવે છે. તેના રોજ ૧૭ મે માહા ૯ મા ને દીને આતશ આદરાનની સાલગ્રેહને દીને જાહેર ઉજવણ કરી જશન તથા લાઈટ કરવામા આવે છે, જયારે રોજ ૧૭ મો માહા ૪ થાને દીને ફકત મકાનની સાલગ્રેહનુ જશન થાય છે. આ દરેહમેહરના નીભાવ માટે કમપાઉંડમા એક નાહનુ દુકાનનુ મકાન શેઠો સોરાબજી રતનજી તથા

હોરમજી રતનજી કંટ્રાકટરે બંધાવી આપ્યું છે તે રોજ ૧૧ મો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૯૨ યઝદેજરદી તા૦ ૧૭ મી જુન ૧૯૨૩ ને રવીવારે ખોલ્લુ મુકવામા આવ્યુ છે

(૨૧) મરહુમ શેઠ મેહેરીઆરજી કેખશરૂ ઇરાનીએ પોતાના મરહુમ બેતી બાઇ બાનુબાઇના પુણ્ય માટે થાણા ખાતે કદમી રોજ ૬ ઠો માહા ૯ મો સને ૧૨૭૫ ને દીને આતશ દાદગાં પરઠાવ્યા હતા થાણા ખાતે કદમી જરથોસ્તીઓની આબાદી વસ્તી નહી હોવાથી એ આતશ દાદગાને મજગામની મરહુમ શેઠ ફ ન. પટેલની દરેહમેહેરમા લાવી પરઠાવવાનુ મુકરર કરવામાં આવીનુ જશન રોજ ૨૬ મો માહા ૯ મો કદમી ય. સને ૧૨૮૧ ને દીને કરવામા આવ્યુ હતુ

(૨૨) આ દરેહમેહર મજગામમા નવાબના તલાવ આગલ મરહુમ શેઠ નાનાભાઇ જમશેદજી સપલાની નઈચતે તા૦ ૪ થી મે ૧૮૬૭ યાને યઝદેજરદી સને ૧૨૩૬ના રોજ ૧૪ મો માહા ૮ માને દીને મરહુમ શેઠ નાનાભાઇની બેહન મરહુમ બાઈ રતનબાઇ તે સર કાવશજી જહાંગીર રેડીમનીના ધણીઆણીની પુંજીમાથી બાંધવામાં આવી હતી. પાછળથી એનો સરવે વહીવત ઇ૦ સ૦ ૧૮૭૭ મા સર કાવસજી જહાંગીરજી રેડીમની નાઇટ, સી એસ આઈ એ પોતાને સવાધીન લઈ તેના નીભાવ માટે બંદોબસ્ત કરનાર હતા, તેટલા મરણ પામવાથી એ દરેહમેહેરના બધુક ખરચ માટે સર કાવસજીના એકઝીક્યુટરોએ મરહુમની પુંજીમાથી રૂ ૧૩૦૦૦ નુ તા૦ ૯ મી અકતોબર ૧૮૮૦ ને દીને તરસટડીડ કરી તે મરહુમના બેટા સર જહાંગીર કાવસજી જહાંગીરને તરસટી તરીકે સોંપ્યુ હતુ આ દરેહમેહરનુ મકાન મુંબઈના પોરટ ટ્રસ્ટે સરવાજનીક કામ સારૂ સને ૧૨૬૫ મા ખરીદી લીધુ તેમજ એ લતાના બીજા મકાનોબી લઈ લેવાથી ત્યાથી થોડે દુર મજગામમાજ મતારપાખડી તરફ શેઠ પેસતનજી નશરવાનજી ગોદીવાળાએ ભેટ આપેલી જમાપર સર જહાંગીર કાવસજી જહાંગીર રેડીમની બારોનેટે બંધાવી આપેલા નવા મકાનમા બેહસતનશીન ૨૨ કાવસજી જહાંગીરની ૩૦ મા વરસની બાજને દીવસે યાને રોજ ૩ જે માહા ૧૧ મો સને ૧૨૭૭ યઝદેજરદીને દીને જુના આદરીઆન સાહેબના તુરી કેબલાને પાછા તખતનસીન કરવામા આવ્યા હતા આ નવુ મકાન બંધાયુ તેટલા બે વરસ સુધી રેડીમનીવાલા આતશ આદરીઆનના કેબલાને મજગામની શેઠ ફરામજી ન૦ પટેલની દરેહમેહરમા રાખવામા આવ્યા હતા

(૨૩) આ સોડાવાટરવાલાની દરેમેહેરની સાલગરેહ એક વરસમા બે વાર પડતી હતી તેનો ખુલાશો એમ છે કે પ્રથમમા એ દરેહમેહેર અરદીબેહેસત મહીનો ને જમીયાદ રોજે દાદગાહના કેબલા સાથે યઝદેજરદી સને ૧૨૪૪ મા સ્થાપેલી હતી તે પછી યઝદેજરદી સને ૧૨૫૪ ના ફરવરદીન મહીનો ને ફરવરદીન રોજે એ દરેહમેહેરમા દાદગાહના કેબલા સાથે આતશ આદરાન સાહેબને સથાપવામા આવયા હતા આ દરેહમેહરના સંબંધમા ટ્રસટીઓ બાઈ આઈમાય સોરાબજી સોડાવૉટરવાળા અને બીજાઓએ એડવોકેટ-જનરલ અને બીજાઓ સામે માંડેલા દાવામા કહાડવામા આવેલા ઓરીજીનેટીંગ સમનસને લગતો ચુકાદો હાઈ કોરટમા નામદાર વડા જજ સર નોરમન મેકલાઉડે ઓમગ્રર જજ તરીકે માર્ચ ૧૯૨૨ મા આપતા એવો હુકમ કરયો હતો કે મુંબઇની પારસી પંચાયત તરફના ફાળા સાથ રૂપીઆ એક લાખની રકમ થયલી હોવાથી અગયારી અસલ જગા ઉપરજ બાંધવી આ ચુકાદા સામે કરવામા આવેલી અપીલમા પણ અસલ જગાએજ અગીયારી બાંધવાનો હોકમ સપટેમબર ૧૯૨૨ મા અપીલ કોરટ તરફથી કરવામા આવ્યો હતો આ જુની સકીમમા ફેરફાર કરવા એક સમનસ એડવોકેટ જનરલે કાઢયો હતો તેમા ટ્રસટીઓ તેમજ પઇસા ઉઘરાવનારી કમીટીને પક્ષકાર કરયા હતા તા. ૧૩ મી અકટોબર ૧૯૨૨ ને દીને નામદાર જસટીસ કેમપે નીચલો છેવટનો ચુકાદો આપ્યો હતો ઉઘરાણુ કરવા નેમાયલી કમીટીએ એકઠા કીધેલા રૂપીઆ એક લાખ દરેહમેહરના ટ્રસટીઓને આપવા અને આખી રકમ હુ લની આ જમાપર કોઇબી જાતના રહેવાના મકાનો વીના અગીઆરી ફરીથી બાંધવા પાછળજ વાપરવી, પંચાયતના ટ્રસટીઓએ દરેહમેરના ટ્રસટી તરીકે બે ગ્રહસથોને નેમવાઅને નવું મકાન બાંધવા માટે પંચાયતના ટ્રસટીઓએ રૂપ્યા ત્રીશ હજાર સુધી ની રકમ આપવી પણ આ બીલડીંગ ફંડ રૂ ૮૦૧૯૬-૧૨-૬ નુ થવાથી બાકીના રૂ ૧૯૩૦૩-૩-૬ ટ્રસટીઓએ આપ્યા હતા આ દરેહમહેરના નવા મકાનનો પાયો નાખવાની કીયા જમશેદી નવરોઝે યાને રોજ ૧૪ મો માહા ૭ મો ય સને ૧૨૯૩ તા૦ ૨૧ મી મારચ ઈ સને ૧૯૨૪ ને દીને સવારના ૯ વાગે કરવામા આવી હતી.

(૨૪) આ માહીમની દરેહમેહેર શેઠ મનચેરજી બમનજી કુપરે ઈસવી સને ૧૮૬૬ મા રોજ ૪ થો માહા ૨ જો ય. સને ૧૨૩૬ ને દીને બાઇ મોટલાબાઇના ભાડેના બંગલામા સથાપી હતી સુમારે ત્રણ વરસ બાદ શેઠ એદલજી રૂસતમજી મુનાવલાએ દરેમેહેરને પોતાના બંગલામા લઈ જઈ તેનો બધો ખરચ કીધો હતો ઈસવી સને ૧૮૮૮ માં રોજ ૧૧ મો માહા ૪ થો ય. સને ૧૨૫૮ ને દીને એરવદ શાપુરજી જમશેદજી દાજી જેઓ ૧૮૬૬ થી એ દરેમેહેરના પંથકી હતા તેઓએ નવુ મકાન બંધાવી તેમા એ દાદગાને રાખેલા છે અને એવાએ ૧૮૮૬ થી એ દરેમેહેરનો ચાલુ ખરચ પોતાના મરણ સુધી કીધા હતો. એવો રોજ ૨૧ મો માહા ૪ થો સને ૧૨૮૦ ને દીને મુનશીવાડાના અને એવણ પોતાની હઇયાતીમા એ અગીઆરીના ચાલુ નીભાવ માટે દાદરના સટેશન આગળની ઇસટેટ ટ્રસટ કરી આપી ગયા છે.

(૨૫) એ દરેમેહેર પેહેલી યઝદેજરદી સને ૧૧૯૧ માં મોઠ આગળ માહિમ રોડ ઉપર બાંધેલી હતી પણ તયાંથી ખસેડી દાદર ઉપર રોજ ૧૭ મો માહા ૭ મો શેનશાહી ૧૨૭૦ને દીને એના મુતવલીઓએ ફરીથી નવેસરથી બંધાવી છે

(૨૬) આ અંકલેશ્વરની અગીઆરીનુ અસલ મકાન યઝદેજરદી સને ૯૧૯ મા શેઠ નવરોઝ ધમપાલે બંધાવ્યુ હતુ તે પછી યઝદેજરદી સને ૧૨૧૭ માં શેઠ મેહેરવાનજી હોરમજી ફ્રેજરે તે ફરીથી બંધાવી આપ્યુ હતું તે પાછુ ખરાબ થવાથી તે તોડી પડાવી બીજુ નવુ મકાન, મરહુમ બાઈ દીનબાઇ નશરવાનજી પીટીટે પોતાની હઇયાતીમાં પોતાના બેહેસતનશીન ધણી શેઠ ફરામજી દીનશાજી પીટીટના પુણ્ય માટે બંધાવવાનુ શરૂ કીધું હતું પણ તેટલાં બાઈ દીનબાઈનું મરણ નીપજવાથી તેવણના બેટી બાઈ આવાંબાઈ ફરામજી પીટીટે પુરૂં કરી આપીને રોજ ૨૭ મો માહ ૨ જો યઝદેજરદી સને ૧૨૧૯ માં જાહેર વપરાશ માટે ખુલ્લુ મેલ્યુ છે આ દરેહમેહરની ચાલુ નીભાવણી

માટે વારશીક રૂ ૧૦૦ બાઈ આવાબાઈ પીટીટ આપતાં હતાં પણ બાઈ આવાંબાઇના મરણ પછી તે માટેની કશી જોગવાઈ આ કલેશાર અંજુમન ધરાવતી નહી હોવાથી એ આદરાનના ખરચ માટે સને ૧૨૭૮ થી ભરૂચના શેઠો કુંવરજી કેકુબાજીઓ તરફથી રૂ ૩૨૫ અને શેઠો મેરવાનજી અને હોરમસજી મ ચેરજી કામાએ સ્થાપેલા ફંડમાંથી રૂ. ૭૫ દર સાલ આપવાનો બંદોબસ્ત થયો છે

(૨૭) અમદાવાદ ખાતે દાદગાહની દરેહમેહર શેઠ ખરશેદજી બેરામજી નાણાવટીએ પોતાના બાવા મરહુમ શેઠ બેરામજી દાદાભાઈ નાણાવટીની નઈયતે રોજ ૨૩ મો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૧૫ યઝદેજરદી, તા૦ ૧૭ મી જુલાઈ સને ૧૮૪૬ ને સુકરવારે બંધાવીને પરઠાવી હતી એની ચાર વરસ અગાઉ એક નાનુ સરખુ દાદગા અમદાવાદના જરથોસ્તીઓના ઉઘરાનાથી બનાવ્યુ હતુ શેઠ નાણાવટીવાળી દરેહમેહર તથા મોબેદોને રહેવાનુ મકાન ઇસ્વી સને ૧૮૭૭ યાને યઝદેજરદી સને ૧૨૪૬ થી અમદાવાદની અનજુમનને શેઠ નાણાવટીએ ભેટ આપી સ્વાધીન કરવાથી એનો ચાલુ ખરચ અમદાવાદની અંજુમન તરફથી કરવામા આવતો હતો આ મકાન પુરાણુ થવાથી અમદાવાદવાળા સર નવરોજી અને એવણના ભાઇ ખા૦ બા૦ જાહાંગીરજી પેસ્તનજી વકીલે પોતાના પીતાજી મરહુમ શેઠ પેસ્તનજી ફરામજી વકીલ તથા માતાજી બચુમાઈના પુણ્ માટે શેઠ નાણાવટીવાળા જુના દાદગાવ લી અસલની જમીન ઉપર દાદગાહ માટે નવેસરથી નવુ મકાન તેમજ એની પાસે ધરમના ક્રયા કામો કરવા માટે એક ચેહલી તથા નાહવા ધોવા વગેરે સારૂ મકાનો તથા ફરતી દીવાલ રૂ૨૦-૭૫ ના ખરચે બંધાવી આપ્યા હતા એ ઉપરાંત અંદર મુકેલા ફરનીચર વગેરે માટે વધુ ખરચ કરયો હતો એ ચેહલ તથા તેને લગતા મકાનો નાટેની જમીન શેઠ કાવશજી મનચેરજી કરંજવાલાએ પોતાના મરહુમ પીતાજી શેઠ મનચેરજી સોરાબજીના પુણ્ માટે અમદાવાદની અંજુમનને ભેટ આપેલી હતી તે જમીન ઉપર મકાનો બાધવામા આવ્યા હતા એ દરેહમેહરનુ નવું મકાન વગેરે રોજ ૨૭ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૫૩ યઝદેજરદી, તા૦ ૧૧ મો એપ્રીલ ૧૮૮૪ ને દીને ખુલ્લા મુકી જુના આતશ દાદગાના કેબલાને પાછા તખતનશીન કીધા હતા

(૨૮) આ અમરોલીની દરેહમેહર પહેલવહેલી ઘણા વરસો અગાઉ મોબેદ દાદા હીરજી વરીઆવાએ દાદગાની સ્થાપેલી હતી તે પછી એજ દાદગાવાના ઘરમા ઇસવી સને ૧૮૦૩ ની તા૦ ૨૪ મી નવેમબરે યાને યઝદેજરદી ૧૧૭૩ ના રોજ ૧૭ મો માહ ૨જાને દીને મુંબઈવાલા શેઠ હોરમસજી બમનજી વાડીઆએ આદરીયાનની પરઠાવી હતી, એ પછી એ આદરીયાન સુરતના આતશબેહેરામમા લઈ જવામા આવ્યા હતો તયાર બાદ ઇ શ ૧૮૩૪ યાને યઝદેજરદી ૧૨૦૪ મા એ જુના મકાનની પેહેલીવાર મરામત કરી ફરીથી દાદગા એજ વાડીયાજીએ સથાપ્યા હતા એ મકાન પુરાણુ થવાથી શેઠ વાડીઆજીના સાહેબજાદાએ તા ૩૦ મી અકટોબર ૧૮૩૭ યાને રોજ ૧ લો મહર જો ય સને ૧૨૦૭ ને દીને બીજીવારની મરામત કરાવી અસલના દાદગા પરથાવયા હતા તે છેક ઈ સ ૧૮૮૩ યાને ય સને ૧૨૬૩ સુધી દરેહમેહર તરીકે ચાલુ વપરાસમા હતી એ જુની દરેહમેહેરના મકાન સામે બીજી જગા ઉપર અમરોલીવાલા શેઠ કાનજીભાઈ દોરાબજી મીઠાઈવાલાએ દરેહમેહર માટે એક નવુ મકાન બંધાવી તે ઇજાવી તેમા રોજ ૯ મો માહ ૪ થો ય સને ૧૨૬૩ મા આદરયાન પરથાવી ખુલ્લુ મુકયુ હતુ એ દીનથી જુની દરેમેહેરના દાદગાહ આ નવી દરેહમેહરમા લાવવામા આવ્યા હતા એ વખતથી એ જુની દરેહમેહરનુ મકાન પડત પડી રહયુ હતુ તે પછી શેઠ નવરોજી કાવસજી વાડીવાલાએ એ જુની દરેહમેહરના મકાનને સમરાવી આપવાથી એ જુની દરેહમેહરનુ મકાન રોજ ૨૧ મો માહ ૧૧ મો સને ૧૨૮૦ને દીને પારસીઓના ઉતારા માટે ધરમશાલા તરીકે ખુલ્લુ મુકવામા આવ્યુ છે

(૨૯) આ ઇનડોરની શેઠ ભમગરાવાલી દરેહમેહરનુ મકાન પેહના ફકત ધરમક્રીયા કરવા સારૂ શેઠ હોરમજી માણેકજી ભમગરાએ પોતાના ધણીઆણી મરહુમ બાઈ નવાજબાઈના પુણ્ માટે રોજ ૧૦ મો માહા ૮મો સને ૧૨૪૮ ને દીને બાધી આપી ખુલ્લુ મેલયુ હતુ પાછલથી શેઠ હોરમજીએ પોતાના બાવા મરહુમ શેઠ માકાશાહ રૂસતમજી ભમગરાની નઈયતે એ મકાનમા સને ૧૨૫૧ના રોજ ૨૬ મો માહા ૯ મા ને દીને આતશદાદગાને પરઠીને તખતનશીન કરવામા આવયા હતા એ દરેહમેહેર જયારથી બાધવામા આવી છે તયારથી એનો ચાલુ ખરચ ઇનડોરની જરથોસતી અનજુમન તરફથી કરવામા આવે છે આ દરેહમેહરના મકાનમા મુંબઈવાલા શેઠ પાલનજી એદલજી પલમગરે મરહુમ બેટા દારાશાહની યાદમા નવેસરથી સુધારો વધારો કરી હોલ બંધાવી રોજ ૧૦ મો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૯૦ યઝદેજરદીને દીને ઇજી દરેહમેહર ખુલ્લી મુકી હતી

(૩૦) એ દરેહમેહેર પેહલા સને ૧૦૯૧ મા આ૦ કાવશજી ખરશેદજી કામદીન એરાવવાળાએ બંધાવેલી હતી, તે બીજી વાર સને ૧૨૧૦મા સુરતવાલા શેઠ મેરવાનજી હોરમસજી ફરેજરે બંધાવેલી હતી તે પાછી તીજી વાર મુંબઈવાલા શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ રોજ ૭ મો માહા ૪ થો શેનશાહી સને ૧૨૩૯ યઝદેજરદીને દીને ફરીથી કુશાદેથી બંધાવી છે

(૩૧) આ દરેમેહેર પુરાણી થવાથી મરહુમ દસતુરજી નોશેરવાનજી આ૦ જામાસપઆસાનાના મુતવલી દસતુર બહમનજી જામાસપજી જામાસપઆસાનાએ રોજ ૨૪ મો માહ બીજો સને ૧૨૬૧ ને દીને નવેશરથી બાધી છે

(૩૨) એ દરેહમેહેર ખા બા પેસતનજી સોરાબજી ભુજવાલાએ પોતાના મરહુમ પીતાજીના પુણ્ માટે લગભગ અગીઆર હજાર રૂપીયા ખરચીને બંધાવી આપી હતી એ દરેહમેહેર ઈજાથ આગમજ તયાના માહારાજા રાવ શ્રી ખેંગારજી સવાઈ બાહાદુરને દખાડવામા આવી હતી. તે પછી પારસી રીત મુજબ ઇજીને પરઠવામાં આવનાર હતી તેટલા એ દરેહમેહેરના બંધાવનાર ખા બા. પેસતનજી ગુજરી જવાથી મરહુમના માસીસાને દીને પરઠવા "ઠરયુ" હતુ" તેથી આ અગીયારીની તખતી ઉપર રોજ ૨૩ મો માહા ૧૦ મો યઝદેજરદી સને ૧૨૭૭ લખેલ છે, પણ કાંઈક ઢીલ થવાથી એ દરેહમેહેર પરથવામા નહી આવી હતી તે પાછળથી મરહુમની વરસીને દીને યાને રોજ ૨૩મો માહા ૯ મો સને ૧૨૭૮ ને દીને પરથીને ખુલ્લી મેલવામા આવી હતી.

(૩૨) આ દરેહમેહેર અસલ મરહુમ શેઠ ડોસાભાઈ મેરવાનજી વાહાડીયાની યાદગારી માટે એઓના વારસોએ બાંધી હતી. તેમાં 'ફંડ' નવો ક્રુમળજ બાંધવા તથા તેમા સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમા રીપેર કરવા માટે યઝદેજરદી સને ૧૨૭૭ માં નજદીક રૂ ૬૦૦૦ નુ એક ફંડ ભેગુ કરી તેમાથી એ દરેહમેહરનો સઘળો રીપેર ખરચ કરવામાં આવયો હતો. મજકુર દરેહમેહેરમાં જેવા અસલ આતશ દાદગા હતા તેમાં કરાચીવાલા શેઠ કાવસજી હોરમસજી કોતરે પોતાની મરહુમ વાહલીઆજી બાઈ સુનાબાઈની નઈયતે, પોતા તરફથી મોટો ખરચ કરી, રોજ ૯ મો માહા ૯ મો યઝદેજરદી સને ૧૨૭૨ ને દીને, પાને એ આદરીઆન સાહેબની ૩૫મા વરસની સાલગરેહને દીવસે, આતશ આદરીઆન સાહેબ પરઠાવેલ્યાં છે એ આદરયાન પરઠયા પછીનો કાઠી સુખડ, તેલ વગેરેનો જે વધુ ખરચ થાય તેને માટે એજ શેઠે બીજા વધુ રૂ ૩૦૦૦ એવી શરતે આપીયાં છે કે એ રકમના વ્યાજમાથી એ ખરચ કરવો એ અગીઆરીનો બીજો ચાલુ ખરચ તો જ્યારથી એ અગીયારી પરથાઈ છે તયારથી એ જુમન તરફથી કરવામા આવે છે

(૩૪) આ દરેહમેહર કરાચી ખાતે રોજ ૯ મો માહા ૮ મો શેનશાહી સને ૧૨૧૮ ય, તા૦ ૩ જી મે ૧૮૪૯ ઇસવીને દીને શેઠ હીરજીભાઇ જમસેદજી મેહેરાનાએ પહેલવેહેલી શહેર બન્દરમા પોતાના રહેવાના મકાનવાલી જગાના અરધા ભાગપર આતશ આદરાનની પરથાણી હતી એ પછી શેઠ હીરજીભાઈના વસીયત પરમાણે એઓના વીધવા બાઇ મેરબાઇએ રૂ ૨૨૨૫૦ આપયા હતા, એમાથી બીજી જગાપર રૂ ૩૦૦૦ની જમીન ખરીદી રૂ ૧૩૦૯૦ને ખરચે નવુ મકાન બધાવી આપી રૂ ૪૧૮૩ જુના મકાનના રીપેર માટે આપયા હતા. નવુ મકાન રોજ ૯ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૪૪ યઝદેજરદી, તા૦ ૨૭ મી એપરેલ ૧૮૭૫ ઇસવીને દીને પરથાવી તેમાં આતશઆદરાનને પાછા તખતનશીન કીધા હતા કરાચીના રહીશ શેઠ ફરામજી બેરામજી કલેકટરે લગભગ રૂપીઆ પાચ હજાર ખરચી કેટલુક સમારકામ કરી આપી રોજ ૯ મો માહા ૮ મો સને ૧૨૭૮ ને દીને આતશ આદરાનને તખતનશીન કીધા હતા એ દરેહમેહેરનુ મકાન બોસમાર થવાથી લગભગ રૂપીઆ અરધા લાખને ખરચે સુધારી વધારીને નવેસરથી બાધવામા આવ્યુ છે એમા શેઠ અરદેસર હોરમજી મામાએ મરહુમ પીતાજી ખા સા હોરમસજીના પુણ માટે રૂ ૨૦૦૦૦ ને ખરચે માલપર એક હોલ બધાવી આપ્યો છે જેને "હોરમસજી મામા હોલ" એવુ નામ આપ્યુ છ, તેમજ શેઠ અરદેશરે મરહુમ માતાજી હોમબીબાઈની યાદમા રૂ૫૦૦૦ ને ખરચે દરેહમેહરની પુરવે-દક્ષીણ તરફ આવેલા મકાનપર નવો માલ બધાવયો છે મરહુમ શેઠ જમશેદજી અરદેસર હીરજીભાઈની યાદમા માતાજી બાઈ ડોસીબાઇએ તથા મરહુમના ભાઈઓએ રૂ ૫૫૦૦ ને ખરચે એક ઓરડો પુસતકશાળા માટે માલપર બધાવ્યો છે જેને "જમશેદજી અરદેશર હીરજીભાઈ મહેરાના લાયબરેરી તથા રીડીંગ રૂમ" એવુ નામ આપ્યુ છે આ નવુ મકાન તથા હોલ ને પુસતકશાળા રોજ ૯ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૮૭ યજદેજરદી તા૦ ૧૫ મી આગસ્ટ ૧૯૧૮ ને દીને ખુલ્લા મુકયા હતા આ દરેહમેહરમા ફરીથી સુધારા વધારા કરવાની જરૂર જણાવાથી તે માટે ઉઘાડેલા ફંડમા રૂ૨૧૨૬૧ ભરાયા હતા, એમાથી રૂ૧૯૮૫૮ નો ખરચ મકાનના મરામત વગેરે માટે કરી એ દરેહમેહર રોજ ૨૦ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૯૩ યઝદેજરદી, તા૦ ૨૪ મી આગસ્ટ સને ૧૯૨૪ ને રવીવારે ખુલ્લી મુકવામા આવી હતી એજ વખતે મરહુમ ખાનસાહેબ માણેકજી બરજોરજી કોલાબેવાલાની યાદમા મોબેદોને બરશનુમ લેવા બધાયલો નવો ઓરડો પણ ખુલો મુકાયો હતો આ દરેહમેહરના નવા મકાનની સામે એ દરેહમેહરનુ જુનુ મકાન આવેલુ હતુ, જેમા પેહલવેહલા આતશની સ્થાપના કરવામા આવી હતી અને ૨૬ વરસ સુધી આતશ બાદશાહ એ જુના મકાનમા બીરાજ્યા હતા પણ એ મકાન નાખલુ પડવાથી હાલનુ નવુ મોટુ મકાન બધાયુ છે આ જુનુ મકાન બોસમાર હાલતમા આવવાથી તેને તોડી પાડી નવેસરથી બાધવામા આવ્યુ છે, એનો પાયો નાખવાની ક્રીયા રોજ ૧૪ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૨૯૪ યઝદેજરદી, તા૦ ૨૧ મી મારચ ૧૯૨૫ ને સનવારે જમશેદી નવરોઝના દીવસે કરવા પછી એ મકાન બધાઈ તઈયાર થવાથી રોજ ૨૧ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૨૯૪ ય, તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૯૨૫ ને રવીવારે ખુલ્લુ મુકવામા આવ્યુ છે આ દરેહમેહરનો ચાલુ ખરચ કરવા એ મકાનના નીચલા ભાગમા દુકાનો બાંધી છે અને એને "હીરજીભાઇ મીલડીંગ" એવુ નામ આપ્યુ છે એ અગીયારીના ફંડની લોનો વેચી રૂ૧૬૫૦૦ એકઠા કરી તથા જુના મકાનનો કાઠ રૂ૧૦૦૦ મા વેચી આ મકાન રૂ૧૭૫૦૦ મા બાંધ્યુ છે

(૩૫) કલકતા ખાતે શેઠ ધ બે મેહતાએ પોતાના ખાનગી ખરચે દાદગાહની દરેહમેહર ય સને ૧૨૫૯ મા સથાપી હતી તે પછી મરહુમના વીધવા બાઇ ખરશેદબાઈ તથા જેઠા શેઠ રૂશતમજી ધ મેહતા સી આઈ ઇ નથા કુટુંબે મલી આપેલા રૂ ૧૧૦૦૦૦ તેમજ કલકતાની અંજુમને તથા બીજા રાહેબોએ ભરેલા રૂ ૬૭૦૦૦ મલી રૂ ૧૭૭૦૦૦ માથી જુનુ મકાન રૂ ૪૩૦૦૦ ની કીમતે ખરીદી તે ફરીથી નવેસરથી રૂ ૪૨૦૦૦ ના ખરચે બાધવામા આવયુ હતુ આ નવુ મકાન છેજી તેમા આતશ આદરાન સાહેબના કેબલાને તખતનશીન કરી ખુલ્લુ મેલવાની ક્રીયા શેનશાહી રોજ ૧૭મો માહા ૨ જો સને ૧૨૮૨ ને દીને થઇ હતી. આ નવી દરેહમેહરમા અસલના દાદગાહ લાવીને પરથવામા આવ્યા છે.

(૩૬) કલીઆણી મધે અસલ એક ઘણી પુરાણી દરેહમેહર હતી, પણ તે બોશમાર હાલતમા આવવાથી મુબઈવાલા શેઠ એદલજી બેરામજી મોદીએ યઝદેજરદી સ ૧૧૫૮ મા તે ફરીથી બધાવી હતી તે દરેમેહરમાં આતશઆદરાન નહી હોવાથી કલીઆણીવાલા શેઠો ભીખાજી છાછાભાઈ શેઠના, ડોસાભાઈ હોરમસજી ભીમડીવાલા, ફરદુનજી મેરવાનજી શરાફ અને હોરમસજી માણેકજી ભીમડીવાલાએ પોતાને ખરચે એ જુની દરેહમેહરનો ઘટતો દરકાર કરી રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૫૦ ને દીને આદરીઆન સાહેબ પરઠાયા છે, અને તેના ચાલુ ખરચ સારુ રૂ ૪૦૦૦ હવાલાદા કહાડયા છે.

(૩૭) આ કલીઆણીની પુરાણી અગીઆરીને માટે કેહેવાય છે કે એ માત્ર દરેહમેહેરનુ મકાનજ હતુ પણ તે દરેહમેહર, ઇજવામા આવેલી નહીં હોવાથી છેક, યઝદેજરદી સને ૧૨૭૫ મા રોજ ૨૭ મો માહા ૩ જાને દીને મુબઇવાલા ખાન બાહાદુર બરજોરજી ફરામજી પટેલ સી આઇ ઇ ને ખરચે ઇજવીને ખુલ્લી મેલવામા આવી છે.

(૩૮) ઇરાનમા આવેલા કેરમાન શહેરમા રોજ ૧૭ મો માહા ૭ મો કદમી માહા ૬ ઠો શેહેનશાહી વ સને ૧૨૭૭, તા૦ ૨૭ મી ડિસેમ્બર સને ૧૯૨૮ ને સનવારે આતશ બેહરામના કેબલાને પરથીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ દરેહમેહેરનુ મકાન તથા જમીન અરબાબ ખુસરૂ જહાંગીર, ધણીઆણી શીરીનબાઈ તથા એવણના મરહુમ સાળા અરબાબ દીનયાર રૂશતમ અને જમાઇ અરબાબ રૂશતમ કુરરોખની માલેકીનુ છે અને એઓએ મરહુમ બેઠી માનુ રૂશતમ કુરરોખના પુણ્ય માટે ભેટ આપી આ આતશ આદરાનનો તખતનશીન કરવાનો ખરચ પણ આપ્યો છે આ મકાનનુ નામ "આગે સતારે ખાનુમ" કરીને છે કેરમાનમાં અસલના બે આતશ કદેહ છે, એમના એકનુ નામ "દરેહમેહેરે મહેલે દવલતખાને અને બીજાનુ નામ "દરેહમહેરે મહેલે મેહર" કરીને છે એ બેઉ મકાનનો સારી સથીતીમા નહીં હોવાથી તેનો સારો ઉપયોગ નહિ થવાથી આ નવી દરેહમેહર સથાપવામા આવી છે

(૩૯) આ બીખલીની દરેહમેહરનુ મકાન બીસમાર હાલતમા આવવાથી શેઠ સોરાબજી ફરામજી ગજ્જરે તથા એવણના બેઠા શેઠ નશરવાનજીએ ફરીથી બ ધાવી આપેલુ નવુ મકાન ઇજાવી ખુ'લ્લુ મુકવાની ક્રીયા શેનશાહી રોજ ૨૦ મો માહા ૨ જો વ સને ૧૨૮૪ ને દીવસે કરવામા આવી હતી

(૪૦) આ જહાંગીરપુરાની દરેહમેહરના પાક આતશના કેબલાને સર અવસરે ખસેડવા માટે એક નવુ મકાન શેઠ બહેરામજી દાદાભાઈ બમનજી જીજીભાઈએ બ ધાવી આપ્યુ હતુ, તે ઇજીને રોજ ૧૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૯૨ યઝદેજરદી તા૦ ૨૯ મી અકટોબર ૧૯૨૨ ને રવીવારે ખુલ્લુ મુકવામા આવ્યુ છે શેઠ બહરામજીએ એ દરેહમેહરના ગ્રુમબજ સાથના ત્રણ ઓરડાઓ દરેહમેહર પરથાવી તે વખતે બ ધાવી આપ્યા હતા

(૪૧) એ દરેમેહરનુ' અસલ મકાન ઘણા વરસપર કોઇ સખી જરથોશતીએ બ'ધાવેલુ કહેવાય છે તે પછી સને ૧૨૩૮મા શેઠ એદલજી રતનજી બ્યાજબેરાએ મકાન પાકુ બ ધાવી આપયુ હતુ તે મકાન બીસમાર હાલતમા આવવાથી જરથોશતી અનજુમનમા જાહેર ઉઘરાણુ કરી આશરે રૂ ૯૦૦૦ માથી એ મકાન રોજ ૩ જો માહા ૮મો શેહેનશાહી સને ૧૨૬૯ ને દીને આતશ દાદગાહ સથાપીને નવેસરથી બાધવામા આવ્યુ હતુ પણ પાછલથી આદરીઆન સથાપવા માટે શેઠ ફરદુનજી કાવસજી તવરીઆએ પોતાના મરહુમ પુત્ર ડાકટર હોરમજજીના પુણ્ય માટે રૂ૧૦૦૦૦) દશ હજારની રકમ આપીને ફરીથી નવેસરથી એ મકાનમા આદરીયાન સથાપીને રોજ ૯ મો માહ ૧૦ મો ૧૨૭૦ ને દીને ઇજાવીને ખુલ્લુ મે'લુ હતુ

(૪૨) એ મકાન પુરાણુ થવાથી મુ બઈવાલા શબીવજુદ બાઈ દીનબાઈ નસરવાનજી પીઠીટે પોતાના મરહુમ બેઠા શેઠ જમશેદજી નશરવાનજી પીટીટના પુણને માટે રોજ ૩ જો માહા ૧૦ મો શેનશાહી ૧૨૬૪ ને દીને ફરીથી બ ધાવી આપયુ છે

(૪૩) આ દરેમેહેર અશલ ય૦ સને ૧૧૫૦ ની આસમય દાદગાની બનાવેલી હતી ત્યા નવેસરથી આતશ આદરાંનની દરેમેહેર શેઠ રૂશતમજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી રૂશતમજી પટેલની નઈઅતે બ ધાવીને રોજ ૯ મો માહા ૭ મો શેહનશાહી સને ૧૧૯૮ યઝદેજરદીને દીને પરઠાવી છે

(૪૪) આ દમણની બાઈ રતનબાઈ કામાવાળી દરેમેહરનુ મકાન ઘણુ બીસમાર થઈ જવાથી તે દરેમેહર યઝદેજરદી સને ૧૨૭૬ મા ત્યાથી રાહનતર કાઢી નાખવામા આવેલી જણાયછે એ વીષેની લ બાન વીગત યઝદેજરદી સને ૧૨૭૭ ના કેલેનડરમા દમણની વીગતમા પાણે ૧૪૯ મા છાપેલી છે

(૪૫) આ કુમસની દરેહમેહરનુ જુનુ મકાન ઘણુ બીસમાર હાલતમા આવવાથી મરહુમ શેઠ પાલનજી રતનજી કત્રકટરના પુણ્ય માટે મરહુમના દિકરા શેઠ મનચેરજી પાલનજી કત્રાકટરે તથા મરહુમના ધણીઆણી બાઇ બાઈઆઈ પાલનજીએ લગભગ રૂ૧૨૦૦૦ના ખરચે ફરીથી નવુ મકાન બ ધાવી આપ્યુ હતુ નવુ મકાન ઇજી ખુલ્લુ મેલવાની ક્રીયા રોજ ૧૯મો માહા ૧૨ । ય૦ સને ૧૨૭૮ને દીને કરી તેમા આતશ દાદગાહને પાછા તખતનશીન કીધા હતા

(૪૬) કેરસાલીની ચીનાઈવાલી દરેહમેહરનુ મકાન કેટલાક બદમાશોએ ચોરી કરવાના ઇરાદાથી મોડી રાતે અ દર જઈ અપવીત્ર કરવાથી આ મકાનને સવા વરસ પછી બાઈ રતનબાઈ જ ચીનાઈના ખરચથી ફરીથી ઇજી રોજ ૧૭ મો માહા ૨ જો શેહેનસાહી ૧૨૯૦ યઝદેજરદીને દીને ખુલ્લુ મુકવામા આવ્યુ હતુ

(૪૭) આ દરેહમેહેરનુ પહેલવેહેલુ મકાન ફકત અમથુ ક્રીયા કામ માટે યજદેઝરદી સને ૫૫૧ મા નવસારી ખાતે જરથોસતીઓએ આવી રહયા પછી પગથવાયા આવ્યુ હતુ તયાર બાદ મરહુમ બાઈ સાહેબ માહલણબાઈ બેહેદીન બેહરામજીએ પોતાનુ એક ઘર આપી તેમા વધારો કરયો હતો પણ વસતીના વધવાથી બ ને મકાનો નાના પડવાને લીધે મરહુમ દેશાઈજી મ નોચેહરજી ખુરશેદજીએ તેમા મોટો વધારો કરી એ જુના મકાનોની સાથે પોતાના ખરચથી નવુ મકાન રોજ ૧ લો માહા ૫ મો સને ૧૧૬૪ ને દીને બ ધાવી અમથુ ક્રીયા કામ માટે ખુ'લ્લુ મેલ્યુ હતુ એ પછી બાઇ મોઠલાબાઈ જહાંગીર વાડીઆએ પોતાના મરહુમ બાવા શેઠ જહાંગીરજી નોશરવાનજી વાહાડયાના પુણ્ય માટે લગભગ રૂપ્યા વીસ હજારને ખરચે એ જુની દરેહમેહરને લગતુ બાજુમા બીજુ નવુ મકાન બધાવી રોજ ૨૬ મો માહા ૮ મો સને ૧૨૨૦ યઝદેજરદી તા૦ ૨૫ મી મે ૧૮૫૧ ને દીને પરઠાવ્યુ હતુ વળી એ દરેહમેહરને લગતુ બીજુ જુનુ મકાન પાકુ નબળી હાલતમા આવવાથી દેશાઈ કાવશજી એરચજી ગોડલવાલાએ લગભગ રૂપ્યા સાત હજારનો ખરચ કરી નવેસરથી એ મકાન બ ધાવી આપ્યુ હતુ તથા એમા એવણના ધણીઆણી બાઈ મોતીબાઈએ આતશ દાદગાહ પરઠાવી આતશ રોશન રાખવા સારૂ રૂ ૪૦૦૦ આપ્યા હતા આ દેશાઈ કાવસજીવાલુ નવુ બ ધાયલુ મકાન તથા એમા પરઠેલો આતશ દાદગાહનો કેબલો ખુ'લ્લો મેલવાની ક્રીયા યઝદેજરદી સને ૧૨૭૬ ના રોજ ૧૭ મો માહા ૧૨ માને દીને કરવામા આવી હતી મરહુમ બાઈ મોઠલાબાઈ વાહાડયાજીએ બ ધાવેલા મકાનનો કેટલોક ભાગ બીસમાર થવાથી તેમા કેટલોક ફેરફાર અને મરામત મરહુમ બાઈના દીકરા મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહાડયા સી. આઈ ઈ. એ લગભગ રૂપ્યા

૧૫૦૦ ને ખર્ચે કરાવ્યો હતો, તેને ઈજીને રોજ ૧૨ મો માહા ૧૨ મો શં૦ સને ૧૨૭૮ યાને મરહુમ શેઠ નવરોજીના પહેલા મહીનાની બાજને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૪૮) નવસારી ખાતેની શેઠ મીનોચેહેર હોમજી સાથવાળાઓની દરેહમેહર જે હાલમાં આતશબેહરામની સામે આવેલી છે, તેમા પહેલ વહેલા આતશ દાદગાહ યઝદેજરદી સને ૧૦૫૭ યાને ઈસ્વીસને ૧૬૮૬ મા નવસારીના બેહદીનો તરફથી મ. મીનોચેહેર હોમજીના પોતાના ઘરમા સ્થપવામા આવ્યા હતા એ પછી તા૦ ૨૪મી ડીસેમબર ૧૭૩૪ મા ગામે ગામના બેહદીનોની એક જ મી સભાએ આ દરેહમેહરની સ્થાપનાને બહાલી આપી અને તે દરેહમેહર માટે જીવણાઆમો આપવા ઠરાવ કીધો હતો. એ ઠરાવ તેમના વશ વારેશોએ આજ સુધી પાલી આ પવીત્ર કેબલાને માન આપ્યુ છે ઈસ્વી સને ૧૭૪૨ મા મરહુમ શેઠો માણેકજી નવરોજી વાહાડયા તથા જામીરજી નશરવાનજી વાહાડયાજીએ અસલ મકાનમા કેટલોક ફેરફાર કરી દુરસ્ત કરાવી આપ્યુ હતુ તે પછી શેઠો અરદેશર, તથા નશરવાનજી તથા હોમજી ખરશેદજી દાદીશેઠનાઓએ પોતાના મરહુમ માતાજી ભીખાઇજીના પુણ્ય માટે તેવણના ફંડમાથી મકાનમા ઘણોક ફેરફાર કરાવી સમરાવી આપી રોજ ૧૯ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૩૧ યઝદેજરદી, તા૦ ૧૦ મી મે ૧૮૬૨ ને દીવસે મકાન ખુલુ મુકયુ હતુ આ મકાન ઘણુ જ બીસમાર થવાથી નવુ કુસાદે મકાન ઉમરાનાઠી બંધાવી તેમા આતશ આદરાન સાહેબના તુરી કેબલાને રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૮ યઝદેજરદી તા૦ ૩ જી નવેમબર ૧૮૯૮ ને દીને પરથીને તખતનશીન કરી દરેહમેહર ખુલી મુકવામા આવી હતી એ દરેહમેહરની ૨૫ મા વરસની સાલગ્રહનો દીવસ રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૯૩ યઝદેજરદી, તા૦ ૨૯ મી અકટોબર ૧૯૨૩ ને સોમવારે પડવાથી એ દીવસ પચીસમા વરસની જુબીલીના દીવસ તરીકે મેનાવડાઓ કરી ઘણો ધામધુમથી નવસારીમા પાળવામા આવ્યો હતો

(૪૯) આ નારગોલની દરેમેહરનુ અસલ મકાન મુંબઈવાળા શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીનુ એકસો વરસ અગાઉ બંધાવેલુ હતુ, પણ તેનો રોજ માહા શને મલતો નથી એમા આતશનો કેબલો નહી હતો, પણ અમથા ઘરમના મકાનમા મોબેદો રહીને કીરીઆ કામ કરતા, તેવોનો પુશારો શેઠ દાદાભાઈના બેટી બાઈ શુનાબાઇ દાદાભાઈ વાડીઆએ ઇસ્વી સને ૧૯૧૪ સુધી આપ્યો હતો તેજ મકાનમા પાછલથી રોજ ૧૧ મો માહા ૧૦ મો સને ૧૨૫૧ યઝદેજરદીમા શેઠ માણેકજી રૂશતમજી અને ભાઈઓએ પોતાના મરહુમ માતાજી બાઈ માણેકબાઈના પુણ્યને માટે દાદગા પરઠયા છે અને તેની બોય દેવાનો, કાઠી તેલ વીગરેનો ખરચ એજ ભાઇઓ ફંડ ઉભુ કરીને તેમાથી પુરો પાડે છે

(૫૦) પુણા મધે શેઠ સોરાબજી રતનજી પટેલે પહેલ વેહેલી દાદગાહની એક દરેહમેહર રોજ ૮ મો માહા ૧૧ મો શેહેનશાહી સને ૧૧૯૩ યઝદેજરદી તા૦ ૬ ઠી આગસ્ટ ૧૮૨૪ ઈસ્વીને દીને પરથાવી ખુલ્લી મુકી હતી એ પછી મજકુર શેઠ સોરાબજીએ પોતાને ખરચે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૧૨ યઝદેજરદી તા૦ ૧૫ મી જુન ઈસ્વી સને ૧૮૪૩ ને ગરેઉને દીને સવારે સાડાનવ વાગે આતશ આદરીયાનના તુરી કેબલાને જુના મકાનમા (પરઠાવી) તખતનશીન કરી દરેહમેહર ખુલ્લી મુકી હતી આ મકાન પુરાણુ થવાથી ખાન બહાદુર દસ્તુરજી નોશીરવાનજી જામાસ્પજી જામાસ્પ આશાનાએ નવેસરથી નવુ મકાન બંધાવી તેમા અસલના આતશ આદરાના કેબલાને રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદી તા૦ ૬ ઠી જુન ૧૮૭૭ ઈસ્વીને બુધવારે પાછા તખત નશીન કરી મકાન ઇજાવીને ખુલુ મુકયુ હતુ એજ દીને એ દરેહમેહરના કમપાઉન્ડમા સરઅવસરે જરથોસ્તીઓને વાપરવા સારૂ એક મકાન અનાયદુ બાંધી ખુલ્લુ મકયુ હતુ એ મકાનને "પટેલ હોલ" એવુ નામ આપ્યુ છે શેઠ શોરાબજી પટેલની દરેહમેહરને અંગરેજી તારીખ મુજબ તા૦ ૬ ઠી આગસ્ટ ૧૯૨૪ ને દીને એકસો વરસ પુરા થવાથી પુણા ખાતે સો વરસની જુબીલીની ખુશાલીમા એ દીવસ ઘણો ધામધુમથી પાળવામા આવ્યો હતો અને સમશુલ ઓલમા સરદાર દસ્તુર કેકોબાદ આરદરબાદની આગેવાની હેઠળ જાહેર મેળાવડો કરી જશન વગેરે કરવામા આવ્યુ હતુ એ બનાવની ખુશાલીમા મરહુમ શેઠ નશરવાનજી સોરાબજી અંકલેસરીયાના બેટાઓએ પોતાને ખરચે દરેહમેહરને રંગ વાનીસથી રંગાવી આપી હતી

(૫૧) દખણ હેદરાબાદ તરફ શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજીની કેટલીક દરેમેહેરો બાંધેલી છે, તેમાની એક આએ બાલાપોરનીબી દરેમેહેર બંધાયલી હતી, પણ હાલ તે મોજુદ નથી એમ કેહવાય છે

(૫૨) બીલીમોરામા રોજ ૨૦ મો માહા ૧૦ મો યજદેજરદી સને ૧૧૯૭ યાને તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૮ ને દીને મુંબઈવાલા શેઠ નવરોજી જમશેદજી વાડીઆજીએ આતશ દાદગાની એક દરેમેહેર બંધાવેલી છે પણ બીલીમોરામા એક આતશ આદરીયાનની જરૂર જણાવાથી બીલીમોરાવાલા શેઠો દાદાભાઈ ધનજીભાઇ અને સોરાબજી શાપુરજીએ રૂ ૧૯૭૯૦ નો ખરચ કરી એ જુની દરેમેહરની પાસે બીજુ એક નવુ મકાન બંધાવી તેમા આતશ આદરીયાન રોજ ૯ મો માહ ૯ મો સને ૧૨૬૮ ને દીને પરથ્યા છે એનો ચાલુ ખરચ અનજુમનને હુશતકથી થાય છે પણ તેના નીભાવ ખરચ સારૂ ૩૭૩૦૦) મજકુર શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજીએ આપ્યા છે, તેના વેઆજમાથી આદગેઆન શાહે બને બોએ દેવાનુ, શુખડ તથા મતી તથા સમારકામ તથા સાલગરેહને દીવશે જશન બાજ એવોની તરફથી કરવા જણાવ્યુ છે એ મુજબ મકાન બાંધવાનો, અનામત મેલેલી રકમનો તથા બીજો પરચુટણ ખરચ મલીને એ નવી દરેમેહરપર રૂ૩૦૦૦૦) તીશ હજારનો ખરચ કીધેનો જણાય છે વળી અશલની પેલી દાદગાવાલી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીની દરેમેહરનુ મકાનબી પુરાણુ થવાથી તે એકવાર આગલ અનજુમને સમારયુ હતુ તે પાછુ એજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજી ગમાએ ફરીથી સમારી આપીને રોજ ૨૨ મો માહા ૧૨ મો યજદેજરદી સને ૧૨૭૪ ને દીને જશન કરી ખુલ્લુ મેલ્યુ છે

(૫૩) બેલગામની શેઠ બાઇસવાલી દરેહમેહેર તેમજ તેમા મુસાફરખાનું બાંધી બંને રોજ ૨૪-૩-૧૨૯૧ ય ને દીને ખુલ્લાં મુકયા હતા અને એ મુસાફરખાનુ હજી ચાલુ છે. એ દરેહમેહેરનુ મકાન બીસમાર થવાથી બેલગામન 1

જરથોસ્તી અનજુમનના ફંડમાથી તથા શેઠો ગાઈસ ફુટુ બીજાઓ મળી રૂ ૬૦૦૦ ના ખરચે નવેસરથી મોટો ફેરફાર કરીને તેમા આતશ દાદગાને રોજ ૨૪ મો માહા ૬ ઠો ૧૨૮૫ ય ને દીને તખતનશીન કીધા છે એ દરેહમેહેરના અસલ હોલમા શેઠો રૂસતમજી તથા નસરવાનજી નાનાભાઈ ખુરશેદજી બાઠસે મરહુમ ભાઈ રતનજીની યાદમા સુધારો વધારો રૂ૪૫૦૦ ને ખરચે કરી એ હોલને ' રતન હોલ " નુ નામ આપી રોજ ૨૩ મો માહા ૬ ઠો ૧૨૮૫ ને દીને ખુલ્લો મેલ્યો છે એ દરેહમેહેરના મોબેદોને રહેવા માટેનુ મકાન મરહુમ શેઠ પેસતનજી એદલજી બાઈસના પુણ્ય માટે એવાણુના વીધવા શીરીનબાઈ તથા બેટા અદલ અને ફુટુ બે દરેહમેહરના કમપાઉડમા બધાવી રોજ ૨૨ મો માહા ૯ મો ય સને ૧૨૭૬ ને દીને ખુલ્લુ મુકી બેલગામની જરથોસતી અનજુમનને સ્વાધીન કીધુ છે

(૫૪) બોધાન ખાતે અજુમનના ઉગરાનાથી દરેહમેહરનુ મકાન, એક કુવો તથા મોબેદોનુ મકાન વગેરે રૂ૨૧૭૫૧ ના ખરચે બાંધી રોજ ૨૦ મો માહા ૪ થો શેહેનશાહી સને ૧૨૯૪ ને દીને પરથીને દરેહમેહરખુલ્લી મુકવામા આવી હતી

(૫૫) એ દરેમેહર પુરાણી થવાથી નવેસરથી બધાવીને એ દરેમેહરના મુતવલીઓ શેઠો દીનશાહ ફરદુનજી અને ભાઈઓએ રોજ ૨૬ મા માહા ૨ જો સને ૧૨૬૭ યઝદેજરદીને દીને ખુલી મેલી છે

(૫૬) આ ભરૂચની શેઠ નારીયલવાલાની દરેમેહર રોજ ૨૩ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાલાના વારસોએ મોટા ખરચે નવેસરથી બધાવી છે આ દરેહમહેરનુ મકાન નાહનુ પડવાથી તેની આડમણી બાજુએ શેઠ હોરમજી બાનાના વારસો શેઠો રૂશતમજી, ડોસાભાઈ અને હીરાજીએ ભેટ આપેની જગા ઉપર બાઈ વીરબાઈજી શાપુરજી નારીએલવાલાના પુણ્ય માટે કુટુંબીઓએ આપેલા રૂપયામાથી બાધવામા આવેલો બાઈ વીરબાઈજી શા નારીયલવાલાના હોલ રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનસાહી સને ૧૨૮૬ ય. ને દીને ખુલ્લો મુકવામા આવ્યો હતો આ દરેહમેહેર બીસમાર થવાથી ભરૂચના કેટલાક જરથોસ્ની શેઠોની મદદથી ફરી દુરસ્ત કરવામા આવી છે અને ભરૂચવાલા શેઠ દારાશાજી મનચેરજી કાપડીયાએ દીકરા રૂસ્તમજીના પુણ્ય માટે રૂ૨૫૦૦ના ખરચે હોલ દુરસ્ત કરાવ્યો છે તથા શેઠ અરદેશર શાપુરજી નારીએરવાલાએ મરહુમ મુરબીની નઈયતે ઘટતી ક્રીયા કરાવી આ દરેહ મેહેર રોજ ૯ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૯૦ તા૦ ૧૪–૭–૧૯૨૧ ને દીને ફરીથી પરથવામા આવી હતી

(૫૭) એ દરેમેહરનુ મકાન પુરાણુ થવાથી ભરૂચના જાણીતા કુમાજીના ખાનદાનવાલાઓએ શેઠ પેસતનજી અસલાજી કુમજીને નામે રોજ ૧૦ મો માહા ૮મો સને ૧૨૭૨ ને દીને રૂ૧૫૦૦૦) ના ખરચે ફરીથી બધાવ્યુ છે અને તેના નીભાવ ફંડને માટે બીજા રૂ૧૫૦૦૦) અલાયેદા કાઢી તરશટી નેમેલ્યા છે એજ કુમાજી ખાનદાનવાલા આ દરેહ મેહરનો ચાલુ ખરચ યઝદેજરદી સને ૧૨૪૨ થી કરતા આવ્યા છે બાઈ આવાબાઈ ખરશેદજી મ કામાજી કાપડયાએ એ દરેહમેહરના ટ્રસ્ટીઓને દરેહમેહરની સામેનુ પોતાનુ મકાન બાગવાની વાડી ભરવા માટે ય સને ૧૨૭૯ ના ફરવરદીન મહીનામા ભેટ આપયુ હતુ

(૫૮) એ દરેમેહર અસલ ૧૧૭૩ ના રોજ ૧૭ મો માહા ૬ ઠાને દીને સુરતવાલા શેઠ વીરજીભાઈ બમનજીએ દાદગાહની બાધેલી હતી એ દરેમહેરનુ મકાન પુરાણુ થવાથી નવેસરથી ફરીને શેઠો શેરાબજી તથા નવરોજી ફરામજી ધામત તથા બીજીએ બધાવી આપ્યુ હતુ અને તેમા આતશ આદરાન સાહેબને પધરાવી તખતનશીન કરી એ આદરીઆનની શાલગરેહને દીને ય૦ સને ૧૨૨૧ મા પાછી ખુલી મેલી હતી

(૫૯) આ ભેસાણની દરેહમેહર શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાહાડયાએ પોતાના બનેવી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે પહેલવેહેલી પરથાવી હતી એ દરેમેહર જુની થવાથી તથા વસતીથી દુર હોવાથી પારસી વસતીની નજદીકમા બીજી જગા ઉપર બીજા લોકોના ઉગરાણાથી અને એજ વાહાડયા સાહેબોની મદદથી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયના વીધવા બાઈ બચુબાઈએ પોતાની મરહુમ દીકરી બાઈ ગુલબાઈની યાદગારીમાં નવેસરથી બધાવી પોતાના ખાવંદ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈએતે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદને દીને પરઠાવી હતી

(૬૦) આ મઉની દરેહમેહર ફરીથી રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૨૮ને દીને અનજુમનના ઉઘરાણથી સમારી હતી પણ તે પાછી સમારીને તેનુ જશન રોજ ૧૯ મો માહા ૧૨ મો સને ૧૨૫૨ યઝદેજરદીને દીને કરવામા આવ્યુ હતુ આ મકાનમા રૂ ૨૦૦૦ ના ખરચે બધાવેલો મુકતાદનો હોલ રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૮૩ને દીને ખુલ્લો મુકાયો હતો તે પછી અનજુમનના ઉઘરાણી રૂ૧૦ ૦૦ને ખરચે દસતુરજી નોશીરવાન કૈકોબાદની આગેવાની હેઠલ જુના મકાનમા મોટો ફેરફાર કરી એ દરેહમેહેર રોજ ૯ મો માહા ૧૧ મો સને ૧૨૮૫ને દીને ખુલ્લી મુકી હતી.

(૬૧) આ મહુવાની દરેહમેહરનુ મકાન બીસમાર હાલતમા આવવાથી અહેગીવાલા શેઠ અરદેશર ભીખાજી પટેલે પોતના ધણીઆણી મરહુમ બાઈ રતનબાઈના પુણ્ય માટે જુના મકાનની પાસેજ એક નવુ મકાન બધાવી આપી તેમા જુના આતશ દાદગાહના ઠમલાને પરઠાવી ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૮૦ને દીને કરી હતી એ દરેહમેહરનો નીભાવ તથા મરામતનો ખરચ ત્યાની અનજુમન કરે છે જુના મકાનને શેઠ અરદેશરે દુરસ્ત કરાવી આપવાથી એ જુનુ મકાન મોબેદોના રહેવા માટે વાપરવામા આવે છે

(૬૨) રાજકોટના ઉઘરાણામાથી બાધેલી પહેલવહેલી દરેહમેહર રોજ ૩—૯—૧૨૪૪ તા ૨૧ મી મે સને ૧૮૭૫ ને દીને પરઠી ખુલ્લી મુકવામા આવી હતી એનુ મકાન બીસમાર થવાથી બાધવામા આવેલા નવા મકાનનો રોજ ૨૩ મો માહા ૨ જો ય સને ૧૨૯૨ તા ૧ લી નવેમ્બર ૧૯૨૨ ને બુધવારે પાયો નખાયો હતો. એ પછી નવુ મકાન તઈયાર થવાથી તેને ઈજ ખુલ્લુ મુકી અગ્યારીના આતશ દાદગાહના કેબલાને પાછા તખતનશીન કરવાની ક્રીયા

રોજ ૧૩ મો માહા ૮ મો સને ૧૨૯૨ તા ૨૩ મી એપ્રીલ સને ૧૯૨૩ને સોમવારે કરવામાં આવી હતી. આ દરેહમેહરની સાલગરેહ હમેશાપહેલા વહેલા પરઠેલા દાદગાહના રોજ માહા ને દીવસે પાલવામા આવે છે

(૧૩) રંગુનની શેઠ બેજનજી કાવશાજી ખંભાતાની અસલ બાંધેલી દરેહમેહરનુ મકાન પુરાણુ થવાથી તથા નાહાનુ પડવાથી શેઠો શાપુરજી અને જમનજી કાવશાજી કપતાને રૂ૩૫૦૦૦ ને ખરચે નવસરથી બાંધી આપીને રોજ ૧૧ મો માહા ૧૨ મો સને ૧૨૭૩ યઝદેજરદી એટલે કદમી રોજ ખોરદાદશાન સને ૧૮૭૪ ને દીને પરથાવેલ છે

(૧૪) રાંદેરના આ દરેહમેહરને ફરીથી રોજ ૨૯ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ દારાશાહના ધણીઆણી બાઈ પીરોજબાઈએ સમારીને ઉજાળી છે, અને તેના ચાલુ ખરચ માટે પણ ગોઠવણ કરી છે

(૧૫) લાહોરની શેઠ કુપરવાલી દરેહમેહરની પાસે એક રૂડ ઉભુ કરી કામચલાઉ બીજી નવી દરેહમેહર ઉભી કરી તેમાં આતશ દાદગાહ સ્થાપીને રોજ ૯ મો માહ ૯ મો ય સને ૧૨૮૨ ને દીને ખુલ્લી મુકી હતી પણ શેઠ અરદેશર બેલીમુવાલાએ પોતાની દરેહમેહરનો બધો વહીવટ અંજુમન હસ્તક સોંપવાથી નવી દરેહમેહર રોજ ૩૦મો માહા ૧૨ મો ય સને ૧૨૮૩ થી બંધ થઈ હતી આ દરેહમેહરનુ મકાન તથા તેની સાથના મોબેદનુ રહેવાનુ મકાન કુવો વગેરેની મરામત રંગ તથા દરેહમેહરના ઓરડાઓને મારબલની ફરસ વગેરે રૂ૯૦૦૦ના ખરચે ય૦ સને ૧૨૯૦ ના સાલમાં શેઠ દારાબશાહ જમનજી કુબાસ તથા એવણના વડીઆણીએ કરાવી આપ્યુ હતુ

(૧૬) વડોદરાની આ ઉમરીગરવાલી દરેહમેહર તથા તેની પાસેનુ મોબેદોના રહેઠાનનુ અનજુમનનુ મકાન ઘણી બીસમાર હાલતમા આવવાથી વડોદરાના રહીસ શેઠ મનચેરજી પેસતનજી પંગેલે પોતાને ખરચે નવુ મકાન બંધાવી રોજ ૨૦ મો માહ ૯ મો સને ૧૨૭૭ ને દીને ખુલ્લુ મેલ્યુ હતુ

(૧૭) વડોદરામા શેઠ સીરવાઈવાળી ધરમશાલામા એક ઓરડામા જુદી દરેહમેહર કરવામા આવી છે એ બેઉ જગો રોજ ૯ મો માહા ૯ મો સને ૧૨૩૭ યઝદેજરદીને દીને તઈઆર થયા હતા પણ એ બન્ને રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૩૮ ને દીને ઉઘાડ ખુલ્લા મેલાયા હતા એની મરામત માટે રૂ ૨૦૦૦ શેઠ બેરામજીએ કાઢયા હતા, તેમા એવણે રોજ ૧૫ મો માહા ૫ મો સને ૧૨૩૯ યઝદેજરદીને દીને મુંબઈ મધે મજગામમા પોતાના બંગલામા દરેહમેહર પરથાવી તે દીને બીજા રૂ ૩૦૦૦ ઉમેરી રૂપીયા પાંચ હજાર કરી તેનુ વ્યાજ કેટલાક વરસો સુધી વડોદરા ખાતે ખરચ કરવા મોકલાવ્યુ હતુ, પણ તે પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહર અને ધરમશાલાના વહીવટ કરનારાઓ વચ્ચે વાંધો પડવાથી તેનો મુકદમો ચાર પાંચ વરશ ત્યાંની કોરટમા ચાલ્યા બાદ કોર્ટે તેનો લગતો વહીવટ કરનારા ત્યાંના ગ્રહસથોને નેમી તેઓને રૂપયા વગેરે સવાધીન કરવાનો હુકમ કીધો હતો પણ એ મકાનોના નીભાવના રૂપયા વહીવટ કરનારાઓ પાસે નહી હોવાથી તેઓમાના શેઠ દાદાભાઈ શાપુરજીએ સને ૧૮૮૨ થી ૧૯૦૬ સુધી પોતાની ગીરોથી ખરચ કરી એ મકાનોનો નીભાવ કીધો હતો એ પછી બધુ સમધાન થવાથી શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી ડીશેમબર ૧૮૦૬ ને દીને એ બેઉ મકાનોના નીભાવ માટે રૂ ૮૦૦૦ મુંબઈની પારસી પંચાએતના તરશટીઓને આપયા હતા કે તેનુ વ્યાજ વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવુ અને તેમાથી એને લગતા યોગ્ય ખરચ કરવો ઉપર મુજબ નકકી થવા પછી એ અગીઆરી તથા ધરમશાલાની સાલગ્રહ રોજ ૨૦મો માહા ૨ જો સને ૧૨૭૭ ય૦ ને દીને પડી તે વખતે શેઠ બેરામજી તરફથી જશનની કીરીયા કરાવ્યા પછી એ બેઉ મકાનો જાહેર વપરાશ માટે પાછાખુલ્લા મેલવામા આવ્યા છે મુંબઈની મજગામવાલી દરેહમેહર ત્યાથી કાઢી નાખવામા આવી છે એ ધરમશાલા બીશમાર થવાથી તેને શેઠ બેરામજી તરફથી સમરાવીને રોજ ૧૭ મો માહા ૧ લો ય ૧૨૮૫ ને દીને ખુલ્લી મુકવામા આવી હતી

(૧૮) આ વલસાડની દરેહમેહરના મકાનમા અસલ ફકત યોજદાથરેગરીના કામ માટે હીધોડા દસ્તુર જામાસપ ભાઈજીના વખતમા હતા, તે પછી શેઠ હોરમસજી ભીખાજી ચીનાઈએ નવુ મકાન ઈ સ ૧૮૧૯ મા બંધાવી આપયુ હતુ શેઠો ખરશેદજી તથા જાહાંગીરજી હોરમજી ચીનાઈએ એ દરેહમેહરમા આતશ દાદગાહ તા૦ ૧૩ મી મારચ ૧૮૪૭ ને દીને પરઠાવ્યા હતા એ મકાન જુનુ થવાથી શેઠ નવરોજી જાહાંગીર ગામડયાએ બીજી વધુ આજુબાજુની જમા ખરીદી તેપર નવુ મકાન બંધાવી તેમા જુના દાદગાને રોજ ૩ જો માહા બીજો ય સને ૧૨૮૧ ને દીને ખુલ્લા મુકયા હતા

(૧૯) સકર ખાતે આતશ દાદગાહ ભરૂચાના મકાનમા ઈસવી સને ૧૯૧૭ મા પરઠેલા હતા અને તે મકાન બીસમાર થવાથી ઉમરાવ કરીને નવું મકાન બાંધવામા આવ્યુ છે, તેનો પાયો નાખવાની ક્રીયા રોજ ૧૫ મો માહા ૫ મો ય સને ૧૨૯૨ તા ૨૨ મી જાનેવારી ને ૧૯૨૩ ને સોમવારે કરવામા આવી હતી મકાન બાંધવા માટે કરાચીવાળા શેઠ અરદેશર હો મામાએ રૂા. ૧૫૦૦૦, મુંબઈવાળા બાઈ પીરોજબાઈ કુંવરજી ભરૂચાએ રૂા ૫૫૦૦ પાવ મેહલની ક્રીયા માટે ઓરડો બાંધવા અને ઉમરાનાથી રૂા ૧૦૦૦૦ ઉપર ભરાયા હતા શેઠ હોરમજીની સખાવત માટે એવણના બાવાનુ નામ આપી હોરમજી મામા દરેહમેહર રાખ્યુ છે એજ મકાનના પાછલા ભાગ ઉપર સ્કુલ અને ધરમશાળાના મકાનનો પાયો પણ એજ દીવસે નખાયો હતો ધરમશાળાના મકાન માટે કલકત્તાવાળા ખા૦ બા૦ અરદેશર ડો મારકરે રૂા ૫૦૦૦ આપવાથી એ મકાનનુ નામ મારકર ધરમશાળા રાખ્યુ છે અને સ્કુલના મકાન માટે મુંબઈવાળા શેઠ અરદેશર મે ભરૂચાએ રૂા ૫૦૦૦ આપવાથી તા૦ ૧૧ મી સપટેમ્બર ૧૯૨૦ ને દીને સથાપાયેલી સકર પારસી સકુલનુ નામ સર શાપુરજી ભરૂચા સકુલ તરીકે રાખ્યુ છે આ મામા દરેહમેહરનુ મકાન રોજ ૩ જો માહા ૨ જો ય સને ૧૨૯૩ તા ૧૨ મી અકટોબર સને ૧૯૨૩ ને શુકરવારે ખુલ્લુ મુકી જુના આતશ દાદગાહને પાછા તખતનશીન કીધા હતા જયારે ધરમશાળા તથા સકુલ રોજ ૪—૨—૧૨૯૩ તા ૧૩—૧૦—૧૯૨૩ ને સવારે ખુલ્લા મુકાયા હતા એ દરેહમેહરના મોબેદોને રહેવાનુ મકાન શેઠ નાદરશાહ એદલજી દીનશાહની યાદમા બાંધી રોજ ૬ ઠો માહા ૧ લો ય સને ૧૨૯૩ તા૦ ૧૫—૯—૧૯૨૩ ને દીને ખુલ્લુ મુકવામાં આવ્યુ છે

હીંદુસ્તાનમા એક ઠેકાણેથી બીજે ઠેકાણે ટપાલ મારફતે મનીઓરડરથી નાણું વાલવા તથા વેલ્યુ પેએબલ પોસ્ટથી જણસો મોકલવા માટે નીચલા ભાવે કમીશન લેવામા આવે છે

દશ રૂપયા સુધી ... ૨ આના | દશથી વધુ અને પચીસ રૂપયા સુધી ૪ આના

રૂ ૨૫ થી વધુ રકમોના ઓરડરો ઉપર કમીશન લેતા દર રૂપયા પચીસની આખી રકમ દીઠ ચાર આના ગણવામા આવે છે પણ દશ રૂપીયાથી ઓછી હોય તો તે ઉપર બે આના લેવામા આવે છે એકજ મની ઓરડરમા રૂ૬૦૦ થી વધુ રૂપયા લેવામા આવતા નથી

વેલ્યુ પેએબલ પોસ્ટ મારફતથી ફકત રેજીસ્ટર કરેલાજ પારસલો, કાગળો બુક પેકરો, વગેરે જે ધણીને પોહોચાડી તેનો પાસેથી તેના નાણા મેળવવા હોય તો તે ઉગરાવી આપવાનુ કામ પોસ્ટ ખાતુ બજાવે છે હીંદમા રૂ૧૦૦૦સુધીની મોકલવાની વસ્તુ ઉપર તેને જોઈતી ટપાલની ટીકીટ લગાડયા પછી અને તેની જેટલી કીમત વસુલ કરવી હોય તેના આકડા સાથે ટપાલ ખાતાને સ્વાધીન કરયા બાદ ટપાલ ખાતુ તે વસ્તુ તે ધણીને પોહચાડી આકડા પ્રમાણે તેની પાસેથી પઈસા વસુલ કરે છે અને તે પઈસા તે વસતુ મોકલનાર આસામીને લાવી આપે છે, અને તેના ઉપર પોસ્ટ ખાતુ કમીશન લે છે તે કમીશનનો દર ઉપર જણાવવા મુજબ મનીઓરડરના કમીશનના દરની બરાબરજ છે અને એ કમીશનના જેટલા પઈસા થાય તેટલી કીમતની વધુ પોસ્ટની ટીકીટો મોકલવાની વસતુ ઉપરજ મારવી જોઈશે. જો મોકલેલી વસતુ લેનાર ધણી નહીં રાખે તો તે મોકલનાર ધણીને પાછી પુગાડવામા આવે છે, અને તે માટે કશુ દામ લેવાતુ નથી પણ તેના ઉપર ટપાલનો જે દર ભરયો હોય તે રદ થાય છે વેલ્યુ પેએબલ માટે કાઈબી દાવો કરવો હોય તો તે મોકલ્યાની તારીખથી ૬ મહીનાની અદર કરવો જોઈએ, અને એ પછી પોસ્ટ ઓફીસ કોઈબી રીતે જોખમદાર રહેતી નથી વેલ્યુ પેએબલ માટે કાંઈબી ફરીયાદ પોસ્ટ ઓફીસમાં કરતી વખતે તે માટે લખેલા કાગળ ઉપર એક આનાની ટીકીટ મારી તે કાગળ પોસ્ટ ઓફીસમા આપવુ જોઈશે.

[illegible] વેલ્યુ પેએબલ પાર્સલ મારફતે મોકલવાની રૂ. ૪૦૦ સુધીની [illegible] અને રૂ. ૬૦૦ સુધીની બીજી દેશો માટેની ચીજોની નીચે મુજબ હવેથી સ્વીકારવામા આવશે. ઈંગ્લંડ માટે રેજીસ્ટર કીધેલા પારસલો, સીલોન, પોરચુગીઝ હીંદ, સેસેલીસ, સોમાલી લેંડ, પ્રોટેક્ટોરેટ અને સ્ટ્રેટસ સટલમેન્ટ માટે રેજીસ્ટર પારસલો, રેજીસટર પત્રો અને રેજીસટર બુક પેકેટો.

તાર મારફતે મોકલવાના મનીઆરડર માટે તારનાં સંદેશાનો તથા હકસાઇનો દર.

હીંદુસ્તાનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે તાર મારફતે મોકલવામાં આવતો મનીઆરડર જેટલી રકમનો હોય તેટલી રકમ ઉપરનું કમીશન એક સાધારણ સ્થાનીક મનીઆરડરનું જે કમીશન હોય (ઉપર જણાવવા મુજબ) તે પ્રમાણે લેવામાં આવે છે તે ઉપરાંત તારનો વધુ લવાજમ લેવામાં આવશે તે એમ કે તારના સંદેશામા જેટલા શબ્દો મોકલવા લખ્યા હોય તેટલા શબ્દો ગણીને જો તારનો સંદેશો એક્ષપ્રેસ હોય તો તેના હીસાબે અને ઓરડીનરી હોય તો તે પ્રમાણે લવાજમ લેવામા આવે છે.

ઉપલા તારના સંદેશામાં મનીઆરડર મોકલનાર આસામી પોતા તરફનો ખાનગી સંદેશો પણ તેવા તારમા ઉમેરી શકશે અને તેવા વધારાના શબ્દો માટે તે એક્ષપ્રેસ તાર હોય તો શબ્દ દીઠ બે આના અને ઓરડીનરી હોય તો શબ્દ દીઠ એક આનાનો વધારાનો દર લેવામાં આવે છે.

વીમા માટે પોસ્ટ ખાતાની હકસાઇ.

રેજીસ્ટર કરેલાં કાગળો, વેલ્યુ પેએબલ રેજીસ્ટર કાગલો, રેજીસ્ટર કરેલા પારસલો અને વેલ્યુ પેએબલ રેજીસ્ટર પારસલો માટે બ્રાંચ પોસ્ટ ઓફીસ ખાતે રૂ ૬૦૦ ની કીંમત સુધીનો અને બીજી મોટી પોસ્ટ ઓફીસો ખાતે રૂ ૨૦૦૦ ની કીંમત સુધીનો વીમો ઉતારી શકાય છે પોસ્ટેજ અને રેજીસ્ટરેશનની ફી ઉપરાંત વીમા માટે નીચે મુજબ હકશાઇ લેવામા આવે છે —

રૂપ્યા ૧૦૦ સુધીની કીંમતની જણસ માટે ૨) બે આના

તે ઉપરાત દર રૂપીઆ ૫૦ સુધીની કીમતની જણસ માટે એક આનો વધુ પડશે.

પોસ્ટ ઓફીસ મારફતે જે ચીજો રવાના કરવામા આવી હશે તેનો વીમો પુરેપુરી રકમનો ઉતરાવેલો હશે તોજ પોસ્ટ ઓફીસમાંથી તે ચીજ ખોવાઇ જશે તો તેનાં નાણા પુરેપુરાં આપવામાં આવશે.

નોટ—કોઇપણ પરબીડાં કે બેગીમાં સરકારી ચલણી નોટ અથવા સીક્કા કે રોકડ નાણું હોય ત્યારે તેનો વીમો ઉતારવોજ જોઇએ એમ ઠરાવવામા આવ્યું છે. વીમા વગરના કોઇ કાગળ કે બેગીમાં ચલણી નોટ કે નાણું જણાશે તો તે સ્વીકારવામાં આવશે નહીં અને સ્વીકારવામાં આવ્યા પછી જણાશે તો તે મોકલનારને પાછું વાળવામા આવશે અથવા તો શરનામાના મથકે મોકલી એક રૂપીયા જેટલો ખાસ લવાજમ લઇને પછી તે ડીલીવર કરવામા આવશે.

હીંદની બાહેરના અંગ્રેજી શેહેનશાહતના બીજા ભાગો સાથેનો ટપાલનો દર.

યુનીવરસલ પોસ્ટેજ યુનીયનમાં અંગ્રેજી શેહેનશાત સાથે યુરોપના જે દેશો જોડાયલા છે તેની સાથેનો પોસ્ટેજનો દર નીચે મુજબ છે.

કાગળો.

દર એક આઉંસ સુધી .. . બે આના
તે ઉપરાત દર એક આઉંસ માટે ૧॥ આનો

પોસ્ટ કારડ.

એકવડો ... ... ૧॥ આનો
જવાબ સાથે ... ... ૩ આના

વરતમાન પત્રો, ચોપડી વગેરે.

દર બે આઉંસ માટે ... ... ૦॥ આનો

કાયદાના અને વેપારી દસ્તાવેજો.

દસ આઉંસ સુધી .. .. ૩ આના
તે ઉપરાંત દર ત્રણ આઉંસ માટે ૦॥ આનો

નમુના.

ચાર આઉંસ સુધી ... ... ૧ આનો
તે ઉપરાત દર બે આઉંસ માટે... ... ૦॥ આનો

બીજા પરદેશો સાથેનો ટપાલનો દર.

અંગ્રેજી શેહેનશાહતના જુદા જુદા ભાગો વચ્ચેનો ટપાલનો દર માત્ર એકજ બાબતમાં બીજા પરદેશો માટેના ટપાલના દરથી જુદો પડે છે, અને તે કાગળના દરની બાબતમાં છે. પરદેશો ખાતે મોકલવાના કાગળો માટે દર એક આઉંસ દીઠ ત્રણ આના અને એક આઉસ ઉપરાતના આઉંસ માટે દોઢ આનો લેવામા આવે છે

એડન, શીલોન તથા પોરટુગીઝ હીંદુસ્તાન માટેનો ટપાલનો દર સ્થાનીક ટપાલના દર જેટલો રાખવામા આવયો છે

વેલાત મોકલવાના કાગળો, પોસટ કારડો અથવા પેકેટો રેજીસ્ટર કરવાની ફીના ૩ આના વધુ પડશે તથા રેજીસ્ટર કરેલી દરેક ચીજ જે ધણી ઉપર મોકલી હોય અને તેના હાથની પોહચ મોકલનારને જોઈની હોય તો બીજા વધુ ત્રણ આના પડે છે

૫ ચ પાઉંન્ડ સુધીના વીમાની હકસાઠ ત્રણ આના લેવામા આવે છે અને એ ઉપરાત દરેક ૫ પાઉડ યા તેની અંદરની રકમ માટે ત્રણ આના વધુ લેવામા આવશે.

બ્રીટીશ પોસ્ટલ ઓરડરો—૬ પેની, ૧ શીલીંગ, ૧ શી. ૬ પે ૨ શી અને એ પ્રમાણે ૨૦ શી સુધી દરેક વધુ ૬ પે ની કીમતના તેમજ ૨૧ શીલીંગની કીંમતના પોસટલ ઓરડરો એકસચેજના ભાવ પ્રમાણે કીમત લઇ તે ઉપરાત થોડી હકસાઇ લઇ પોસટ ઓફીસમા વેચાય છે. ૨ શી ૬ પે થી વધુ નહી એવી કીમતના ઓરડરની હકસાઇ એક આનો, ૩ શી થી ૧૫ શી. સુધીના ઓરડરની હકસાઈ દોઢ આનો અને ૧૫ શી થી વધુ કીમતના ઓરડરની હકસાઇ ૨ આના લેવામાં આવે છે બ્રીટીશ પોસટલ ઓરડરના નાણા યુનાઈટેડ કીંગડમમા તથા બીજા સંસથાનો અને બ્રીટીસ પોસટ ઓફીસ એજસીઓમાજ તેમજ હીંદુસતાનમા પણ અપાય છે.

હીંદી ચલણમાં મનીઆરડરો નીચલા દેશો ખાતે મોકલી શકાય છે—બ્રીટીશ ઇસ્ટ આફ્રીકા, બ્રીટીશ નોરથ બોરનીઓ, સીલોન, કોરયાના કેટલાક ભાગ, ફોરમોસાના કેટલાક ભાગ, જરમન ઇસ્ટ આફ્રીકા, હાંગકાંગમાની બ્રીટીશ આફીસો, જેપાન, લેબોઆન, મોરીસીયસ, સેટલસ સટેટસના સંસથાનો, જંઝીબાર, પોરટુગીજ હીંદુસતાન, ચંબા, ફરીદકોટ, ગવાલીયર, ઝીંદ, નાભા અને પતયાલા.

મુંબઈ મધેની સઘળી પોસ્ટ ઓફીસોને આપવામાં આવેલા ડીલીવરી નંબરોની ગોઠવણ.

મુંબઈ મધેની જનરલ પોસ્ટ ઓફીસના પોસ્ટ માસ્તર-જનરલ તરફથી નીચલી એક યાદી જાહેર પાડવામાં આવી છે—મુંબઈ શેહર અને ટાપુની સઘળી પોસ્ટ આફીસોને નંબરો આપવામાં આવ્યા છે. કાગલો તેમજ બીજી અનેક જીનસો ઉપર સરનામાઓ કરતી વખતે નીચે જણાવેલા નંબરો લખવાથી ટપાલ ખાતાનુ કામ સહેલ થવા સાથ જલદી ડીલીવરી મળી શકે તેમ છે

મુંબઈની સઘળી પોસ્ટ ઓફીસોને નીચલા ડીલીવરી નંબરો આપવામાં આવ્યા છે,—

પોસ્ટ ઓફીસના નામો	નંબરો	પોસ્ટ ઓફીસના નામો.	નંબરો.
કોર્ટ, મુંબઈ	૧	જેકબ સરકલ	૧૧
કાળબાદેવી	૨	પરેલ	૧૨
ભીંડી	૩	ફરગયુસન રોડ	૧૩
ગીરગામ	૪	દાદર	૧૪
કોલાબા	૫	સીવરી	૧૫
મલબારહીલ	૬	માહીમ	૧૬
ગ્રાંટરોડ	૭	ધારાવી	૧૭
ભાયખલા	૮	વરલી	૧૮
ઉમરખાડી	૯	માટુંગા	૧૯
મઝગામ	૧૦	વાદરા	૨૦

[illegible]

સરવે તારો "સ્ટાનડર્ડ" વખત પ્રમાણે મોકલ [illegible] વખત હીંદમાં ગ્રીનીચના વખત કરતા સાડા પાચ કલાક આગળ, તથા મદરાસ વખત કરતાં નવ મીનીટ આગળ છે. બરમાહમાં ગ્રીનીચના વખત કરતા સાડા ૭ કલાક આગળ અને હીંદના સ્ટાનરડ વખત કરતા એક કલાક આગળ છે.

તાર અંગરેજી કે દેશી, કોઇપણ ભાષામા મોકલી શકાય છે પણ તેનુ લખાણુ તો અંગ્રેજી અક્ષરોમેજ કરવુ જોઇએ તાર બહુજ ખોલા અક્ષરે લખવો જોઇએ, કે જેથી ભુલચુક થવાનો સંભવ રહે નહી તાર મેલવામા કાંઇપણ ભુલચુક, ઢીલ વગેરે તાર ખાતુ વડીક કરે તો તેનો જોખમ લેનાર તથા મોકલનારનેજ માથે છે. જે મથક ખાતે તાર મોકલ્યો હોય ત્યાંની તાર ઓફીસમાંથી પાચ માઇલ સુધીની હદમા સઘળા સદેશા તાર ખાતુ પોતાના માણસ જોડે પોહચાડી આપે છે પણ તેથી દુરની હદના સદેશા ટપાલ મારફતે મોકલે છે તેવા દુરની જગાએ મોકલેલા એક્ષપ્રેસ અથવા "ઓરડીનરી" સદેશા જો મોકલનાર તેને લગતો ખરચ આપે તો, તાર ખાતુ ખાસ ખેપ્યા કે બીજી ગોઠવણુથી પુગાડે છે. મોકલનારની મરજી હોય તો સદેશા પરબીડાયા બીડયા વીના ખોલા તાર ઓફીસ પુગાડે છે કે જો લેનાર ધણી તે લેવા ના પાડે તો તેની અવલબથી વાકેફ થાય. એક સદેશો કોઇ પણ કારણથી ઘટતે ઠેકાણે પુગી શકતો નથી ત્યારે મોકલનાર ધણીને તે બાબેની ખબર આપવામા આવે છે પણ તાર ઓફીસમાં એક સદેશો આપ્યા પછી, તે ઘટતે ઠેકાણે મોકલાતો અટકાવી શકાય છે પણ જો સાદેશા ઉપરની તારની ફીઝ સ્ટાપ મારફતથી રદ થઈ હોય તો તેના પઇસા પાછા આપવામા આવતા નથી તાર ઓફીસમાંથી જો સદેશો રવાના થઇ ચુકેલો હોય છે, તે રદ કરવા માટે બીજો તારનો સદેશો મેલવો પડે છે. તાર મુકનાર તથા પહોચાડનાર ઓફીસમા ૭૨ કલાક સુધી તારની નકલ રહે છે તે પછી એ નકલો કલકતે "ચેક ઓફીસ" મા જાય છે જયા ચાર માસ સુધી તે રાખવામા આવે છે તાર મેલનાર અને લેનાર ધણીને દર ૧૦૦ શબ્દો દીઠ ચાર આના લઇ તેની નકલ આપવામા આવે છે વળી તારનો જવબ મેળવવા માટેબી રીપ્લાઇ ટેલીગ્રામ મોકલી શકાય છે, તેની સમજણ એવી છે કે, જેવી જાતના તારમા જવાબ મગાવો હોય તે પ્રમાણે પઇસા આગળથી તાર ઓફીસમા લેવામા આવે અને તે વીશેની ચેનવણી તાર લેનાર ધણીને તારની સાથેજ આપવામાં આવે છે જો લેનાર ધણી ઉતર નહી મોકલે તો ભરેલા પઇસા તે લેનારનેજ આપવામા આવે છે.

હીદુસ્થાનમાં એક શહેરથી બીજે શહેરે મોકલવા માટેના તારના સદેશાના દરો.

તાકીદના (એક્ષપ્રેસ) સદેશા—સરનામા સહીત બાર શબ્દો માટે દોઢ રૂપયો અનેતે ઉપરના દરેક વધારાના શબ્દ દીઠ બે આનો વધુ લેવામા આવશે.

સાધારણ ઓરડીનરી સંદેશા—સરનામા સહીત બાર શબ્દો માટે બાર આના અને તે ઉપરના દરેક વધારાના શબ્દ માટે એક આનો વધુ લેવામા આવશે

ઓરડીનરી કલાસના તારો રવીવાર અને તેહવારના દીવસોએ લેવામા આવતા નથી.

વરતમાનપતરો માટેના ખાસ દર નીચે મુજબ છે.

તાકીદના (એક્ષપ્રેસ) સદેશા—ઉડતાળીશ શબ્દો માટે એક રૂપીયો અને તે ઉપરાંત દર ૭ શબ્દો દીઠ બે આના વધારે અને શરનામુ મુફત લેવામા આવશે

સાધારણ (ઓરડીનરી) સદેશા—ઉડતાળીશ શબ્દો માટે આઠ આના અને તે ઉપરાતના દર ૭ શબ્દે દીઠ એક આનો અને શરનામાના શબ્દો મુફત લેવામા આવશે

વરતમાનપત્રો માટેનો એક સદેશો એકજ મથકના ગમે તેટલા વરતમાનપત્રોને પોહોચાડવા મા આવે તોપણુ તે ઉપર એકજ વખતનો દર અને નકલ કરવાનો સો શબ્દો દીઠ ચાર આના લેખે લવાજમ પડે છે.



કલકતાના જરથોસ્તી અનજુમનના ધરમનાં ફંડોની કીમત.

ટરસ્ટીઓ—શેઠ નવરોજી જામાસપજી અરજાની, શેઠ એદલજી પેસતનજી મુજફર અને શેઠ ખ હી મા. રુસતમજી એવોને હસ્તક નીચલાં ફંડો ચાલે છે અને તેની બાકી રકમ સને ૧૯૨૪ ના સાલની નીચે મુજબ છે.

૨૬૯૦૭	૧૪	૫	કલકતાની જરથોસતી અનજુમનના ધરમનુ ફંડ.
૧૫૭૬૦	૧૨	૪	કલકતાના દોખમાની આસપાસની તથા તેની બહારના બગીચાવાળી અનજુમનની જગાપર પુરણી કરવા, દોખમા તથા દીવાલ વીગેરેની મરામતનુ ફંડ
૨૬૦૬૦	૧	૭	મરહુમ શેઠ રુસતમજી કાવસજી બનાજીના ગહમબારનું ફંડ.
૧૬૭૫૨	૪	૧૧	શેઠ બેહરામજી જીજીભાઇ કલકતાના રવાનોને અવલમ જલ પહોંચાડવાનુ ફંડ.
૮૫૦૦	૦	૦	સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના ધરમ ખાતે
૧૦૦૦	૦	૦	બેહેસતનશીન શેઠ કાવસજી દીનશાહ પીટીટના પુનને સારૂ તેવણના છોકરાઓ શેઠો હોરમજી, ખરશેદજી, અરદેશર તથા સોરાબજીને નામે તેઓના બપાવી સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ.
૫૦૦	૦	૦	બેહેસતનશીન શેઠ મેહેરવાનજી કાવસજી દીનશાહ પીટીટના પુણ સારૂ તેવણના બપાવા સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટે આપેલી નોટ
૧૦૦૦	૦	૦	શેઠ બેરામજી જીજીભાઈ સી એસ આઇ. ના ધરમખાતે
૧૯૦૦	૦	૦	શેઠ ફરામજી મનચેરજી ખુમલાએ પોતાની દીકરી બેહેશતનશીન બા. ગુલબાઇના પુણ સારૂ આપેની નોટ.
૧૦૦૦	૦	૦	મુંબઇવાલા શેઠ કાવસજી બેજનજી કરાણીએ મરહુમ દીકરી બાઇ જીવનાઇજી તથા તેણના દીકરા મરહુમ શેઠ બમનજી અરદેશર મોદીના પુણ સારૂ આપેલી નોટ
૧૦૦૦	૦	૦	શેઠ કાવસજી ધ. પાઉવાલાના પુણ સારૂ દીકરા શેઠ સોરાબજીએ આપેલી નોટ
૨૩૬૨૫	૧૫	૦	શેઠ બેરામજી જીજીભાઇ સી એસ. આઇ એ આપેલી નોટ
૧૦૦૦	૦	૦	શેઠો અરદેશરજી તથા જાહાગીરજી નસરવાનજી મોદીએ પોતાના બેહશતનશીન સુરબીજી નસરવાનજી બમનજી મોદીના પુણ સાર આપેલી નોટ
૧૦૦૦	૦	૦	શેઠ કાવસજી બેજનજી દસ્તુરે આપેલી નોટ
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટ બારોનેટે પોતાના નબીરા બેહેસતનશીન શેઠ અરદેશર કાવસજી પીટીટના પુણ સાર કીધેલાં ધરમખાતે.
૨૫૦૦	૦	૦	હાગકાંગ, કનતાન અને મકાઉના જરથોસતી અનજુમનના ધરમખાતે
૧૦૦૦	૦	૦	સર દીનશાજી માણેકજી પીટીટે પોતાના ધણીઆણી લેડી સાકરબાઇ તે મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડેના બેટીના પુણ સાર કીધેલા ધરમખાતે.
૧૫૦૦	૦	૦	શેઠ ફરામજી મ. ખુમલાએ માતાજી બાઈ રતનબાઈ તે મરહુમ શેઠ મનચેરજી ખુમલા બાઉના વીધવાની યાદગારી કાયમ રાખવા સાર કીધેલા ધરમ ખાતે.
૫૨૬૪૦	૦	૨	ઓનરેબલ સર દીનશાહજી મા પીટીટ બારોનેટ ઝોરાસ્ત્રીયન લાયબરેરીનુ ફંડ.
૧૨૬૦૦	૦	૦	સર દીનશાહજી માણેકજી પીટીટ બારોનેટે લાયબરેરીના આશરા માટે આપેલી નોટ.

૩૫૦૦	૦	૦	મરહુમ શેઠાણી સાંકરબાઈ દી. પીટીટ તે શેઠ ફરામજી માણેકજી પીટીના બેટીના પુણ્ય સારૂ ધણી સર દી. મા. પીટીટ બારોનેટ તથા છોકરાઓએ કીધેલા ધરમખાતે.
૧૦૦૭	૦	૦	કલકતા જરથોસતી અનજુમન તરફથી લાયબરેરીના ફંડમાં ભરાયેલાં નાણાં મધેથી લીધેલી નોટ.
૫૦૦	૦	૦	શેઠ નશરવાનજી મા પીટીટના પુણ્ય સારૂ તેવણુની પુંજીમાંથી વીધવા બાઇ દીનબાઇ તે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ મુગાના બેટીએ આપેલી નોટ
૧૦૨૬	૦	૦	બેહેશતનસીન બાઇ નવાજબાઇ તે શેઠ રતનજી પાલનજી મીસતરીના બેટીના પુણ્ય સારૂ કીધેલા ધરમખાતે.
૨૦૨૬૨	૧૪	૬	કલકતાના જરથોશતી રવાનોને અવલમ જલ પહોંચાડવા વધુ માણસો બોલાવી રાખવા અતરેની અનજુમને ઉભુ કીધેલુ ફંડ
૧૦૦૦	૦	૦	સર દીનશાજી મા પીટીટ બારોનેટે કલકતાના રવાનોને અવલમ જલ પહોચાડવા વધુ માણસો રાખવાના અનજુમને ઉભા કીધેલા ફંડમા આપેલી નોટ
૭૧૫	૦	૦	બાઇ પીરોજબાઇ જમશેદજી માદને પોતાના મરહુમ માતાજી બાઇ દીનબાઇ તે ગુ૦ શેઠ નવરોજી કાવસજી મીનવાલાની ધણીઆણીના પુણ્ય સારૂ આપેલી નોટ.
૨૬૫૬૩	૭	૦	મરહુમ શેઠ રતનજી બેરામજી બીશનીના પુણ્ય સારૂ કીધેલા ધરમ ખાતે.
૧૦૦૦	૦	૦	શેઠ મેરવાનજી નાનાભાઈ મહેતાએ પોતાના બેહેસતનશીન ધણીઆણી બાઇ નાલીબાઇના પુણ્ય સારૂ આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ રતનજી પા મીસતરીના પુણ્ય સારૂ તેવણુની પુંજીમાંથી તેવણુના વીધવા બાઈ ગુલબાઇ તે મરહુમ શેઠ જી. ઉ દારૂવાલાના બેટીએ આપેલી નોટ
૩૦૦	૦	૦	મરહુમ શેઠ રૂસ્તમજી નવરોજજી પટેલની યાદગીરી કાયમ રાખવા સારૂ એવણુના વીધવા બાઇ ડોશીબાઇએ આપેલી નોટ.
૭૧૫	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને પોતાના મીત્ર મરહુમ શેઠ કુંવરજી બમનજી ગજદરના પુન્ માટે આપેલી નોટ.
૨૯૯	૧૨	૬	કલકતાના રવાનોને અવલમ જલ પહોચાડવા સારૂ ગાડી મંગાવી તેનું ફંડ.
૨૦૦૦	૦	૦	બેહશતનશીન બાઇ શીરીનબાઇ તે શેઠ રૂસતમજી ધનજીભાઇ મહેતા સી આઈ ઈ ના ધણીઆણીના પુણ્ય સારૂ આપેલી નોટ
૫૦૦	૦	૦	શેઠો ફરામજી મનચેરજી તથા હીરજીભાઈ મનચેરજીએ મરહુમ માતાજી બાઇ રતનબાઇ તે ગુ૦ શેઠ મનચેરજી ખુમલાખાઉના ધણીઆણીના પુણ્ય સારૂ આપેલી નોટ.
૭૦૦	૦	૦	મરહુમ શેઠ માણેકજી રૂસતમજી તથા તેવણુના ધણીઆણી બાઇ શાકરબાઇ મા૦ રૂસતમજીના પુણ્ય સારૂ કીધેલા ધરમ ખાતે
૮૧૫	૦	૦	મરહુમ શેઠ કેખશરૂ દાદાભાઇ રૂ બનાજીના પુણ્ય માટે તેવણુની પુંજીમાથી, ભાઈ શેઠ ફરામજી દાદાભાઇ બનાજી તથા બેહેનો બાઇ શીરીનબાઇ સોરાબજી શાતીન તથા બાઇ જરબાઇ કાવસજી માણેકજી રૂસતમજીએ આપેલી નોટ.

૫૦૦	૦	૦	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉએ પોતાના વહુ મરહુમ બાઈ શીરીનબાઇ તે શેઠ રુશતમજી ફરામજી બુમલાખાઉના ધણીઆણીના પુણ સાર કીધેલા ધરમ ખાતે.
૧૬૭૦૮	૩	૩	મરહુમ શેઠ માણેકજી રુસતમજી બનાજીની યાદગીરી રાખવા કલકતાની ધરમશાળાનુ ખાતુ.
૨૧૧૫	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને, બેશીઓએ તથા દોસ્તોએ પોતાના સગા તથા મીત્ર મરહુમ શેઠ રતનજી નવરોજી મીનવાલાના પુણ માટે આપેલી નોટ.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુણ સાર ધરમશાલા માટે કીધેલાં ધરમ ખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ અરદેશરજી નશરવાનજી મોદીના પુણ સાર કીધેલા ધરમખાતે.
૮૪૭	૪	૩	બાઈ પીરોજબાઈ જમશેદજી માદને પોતાના મરહુમ ભાઈ રતનજી નવરોજી મીનવાલાની યાદમા આપેલી નોટ
૧૦૦૦	૦	૦	મરહુમ શેઠ દીનશાજી ભીખાજી બામજીના પુણ માટે આપેલી નોટ
૭૪૪૨	૪	૪	શેઠ ફરામજી મનચેરજી બુમલાખાઉ અશલ નવસારી મલેસરવાડી મોહલાના વતની તે હાલ કલકતાના રહીશે મરહુમ સખીવજુદ પરદુખભંજન મુરબીજી રુસતમજી જમશેદજી જીજીભાઇની યાદગીરી કાયમ રાખવા કીધેલા ધરમ ખાતે.
૫૮૯૨	૮	૬	શેઠ જમશેદજી ફરામજી માદને દારજીલીંગની આરામગાહની જમાના ખરચ ચાને નીભાવ ફંડ માટે આપેલા રૂ૩૦૦ના ધરમખાતે
૧૦૧૫	૦	૦	શેઠ કાવસજી માણેકજી રુશતમજી તથા એવણની દીકરીઓ બાઇઓ ભીખાઇજી, ખરશેદબાઈ તથા મેહેરબાઇએ મરહુમ બાઇ જરબાઇ તે શેઠ કાવસજી માણેકજી રુશતમજીના ધણીઆણીના પુન સારૂં આપેલી નોટ
૫૦૦	૦	૦	મરહુમ શેઠ હોરમજી નસરવાનજી કુપરના પુણ સાર આપેલા રૂ૫૦૦ના ખાતે
૪૮૯૨	૩	૪	બાલીઆગતાની આરામગાહની જગાપર અશો ફરોહરની આરાધનાનુ ફંડ
૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ કાવસજી ધનજીભાઇ ગજદરના પુણ સાર આપેલા રૂ૨૦૦૦ના ખાતે
૩૦૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરના પુણ સાર આપેલી રૂ૩૦૦૦નીનોટ
૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી એદલજી ગજદરના પુણ સાર આપેલી રૂ૨૦૦૦ની નોટ
૫૦૦	૦	૦	શેઠ માણેકજી દીનશા માજુ તથા કુટુંબે મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુના પુણ સાર કીધેલા ધરમ ખાતે.
૫૦૦૦	૦	૦	મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુના પુણ સાર કીધેલા ધરમ ખાતે
૧૦૦૦	૦	૦	શેઠો કુવરજી દો. માજુ તથા સોરાબજી દો. માજુના પુણ સાર કીધેલા ધરમખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ સોરાબજી દોરાબજી માજુની યાદગીરી કાયમ રાખવા એવોના બેશીઓએ કીધેલા ધરમખાતે.
૧૫૩૦	૦	૦	મરહુમ શેઠ ફરામજી પેસતનજી નાલાદાર તથા શેઠ બેરામજી ફરામજી નાલાદારના પુણ સાર કીધેલા ધરમખાતે.
[illegible]૦૦	૦	૦	શેઠ [illegible] [illegible] [illegible] પોતાની યાદગીરી રાખવા માટે કીધેલાં ધરમ ખાતે.
[illegible]	૦	૦	મરહુમ શેઠ કુંવરજી એદલજી ગજદરના પુણ સાર કીધેલાં ધરમખાતે.

૭૦૫	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને પોતાના ભીત્ર ડા૦ નશરવાનજી નવરોજી પારખના ધણીઆણી બાઈ આવાંબાઇ તે મરહુમ શેઠ સોરાબજી જીવાજી નાજરના બેટીના પુણ સાર કીધેલા ધરમખાતે
૪૭૩૯૨	૩	૫	મરહુમ શેઠ પેસતનજી એદલજી ગજદરની યાદગીરી કાયમ રાખવાના ધરમખાતે
૭૧૫	૦	૦	મરહુમ શેઠ ફરામરોજ કાવશજી પાઉવાલાના પુણ સાર કીધેલા ધરમખાતે.
૧૪૩૦	૦	૦	મરહુમ બાઇ પીરોજબાઈ ફરામજી નાલાદાર તથા મરહુમ બાઇ મેરબાઇ બેરામજી નાલાદારના પુણ સાર કીધેલા ધરમખાતે
૫૦૦	૦	૦	મરહુમ શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઈ ના પુણ સાર તેઓના નબીરા શેઠ રૂસતમજી બેરામજી જીજીભાઇએ પરાવેલાં ધરમખાતે.
૩૧૨૪	૫	૯	મરહુમ બાઇ નવાજબાઈ સોરાબજી માજુના ધરમખાતે
૮૧૫	૦	૦	મરહુમ બાઇ આવાંબાઇ દારાશા ઇનશપેકટરના પુણ સાર કીધેલા ધરમખાતે.
૧૦૧૫	૦	૦	મરહુમ શેઠ ફરામજી હોરમસજી અરજાનીના પુણ સાર કીધેલા ધરમ ખાતે.
૬૩૧૯	૮	૦	બાઇ પીરોજબાઈ જમશેદજી માદને બાઇ શેઠ રતનજી નવરોજી મીનવાલાની યાદમા આપેલી નોટો
૭૧૫	૦	૦	શેઠ જમશેદજી ફરામજી માદને બેહેશતનશીન શેઠ પાલનજી સોરાબજી કરવાના પુણ સાર કીધેલા ધરમ ખાતે.
૩૦૩૫	૦	૦	બાઈ જરબાઇ એદલજી ગજદરે પોતાના દીકરા મરહુમ શેઠ મીનોચેર એદલજી ગજદરના પુણ સાર કીધેલા ધરમખાતે
૫૦૦	૦	૦	મરહુમ બાઈ ધનબાઇ તે ઇનડીઅન મેડીકલ સરવીસના મરહુમ લેફટેનંટ કરનલ કેખશરૂ સોરાબજી નરીમાનના બેટીના પુણ સાર કીધેલા ધરમખાતે
૨૪૨૬૧૬	૧૪	૫	મરહુમ બાઇ ખોરશેદબાનુ રૂશતમજી માણેકજી મેહતા તે શેઠ જમશેદજી ફરામજી માદન સી બી. ઈ ના બેટીના પુણ સાર જરથોસ્તીઓ માટે સસતાં ભાડાનુ મકાન બાંધવા માટે કીધેલા ધરમ ખાતે
૭૧૫	૦	૦	મરહુમ શેઠ ખરશેદજી એદલજી કેરાવાલાના પુન સારૂ કીધેલા ધરમખાતે.
૧૦૦૦	૦	૦	મરહુમ બાઇ મેહેરબાઇ માણેકજી દીનશાહ માજુના પુનને સાર કીધેલા ધરમ ખાતે.
૫૦૦	૦	૦	મરહુમ શેઠ કુંવરજી ધનજીભાઇ તબેલીના પુન સાર કીધેલા ધરમ ખાતે.
૬૫૫૬	૦	૦	મરહુમ શેઠ જમશેદજી સોરાબજી કાવારાના તથા મરહુમ બાઇ દીનબાઇ જમશેદજી કાવારાના પુન સાર કીધેલા ધરમ ખાતે.
૭૧૫	૦	૦	મરહુમ શેઠ એદલજી ધનજીભાઇ ખબાતાના પુન સારૂ કીધેલા ધરમ ખાતે
૧૦૦૦	૦	૦	મરહુમ શેઠ કાવશજી માણેકજી રૂશતમજીના પુન શાર કીધેલા ધરમ ખાતે
૨૦૦૦	૦	૦	મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદન સી. બી ઇ ના પુન સાર કીધેલા ધરમ ખાતે
૧૦૦૦	૦	૦	મરહુમ શેઠ હોરમજશા એદલજી તલાટીનાં પુન સાર કીધેલાં ધરમ ખાતે.
૧૦૩૦	૦	૦	મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદન સી. બી ઇ. ના પુન સાર કીધેલાં ધરમ ખાતે.
૧૦૧૫	૦	૦	મરહુમ બાઇ સીરીનબાઈ બેરાંમજી ગાંધીના પુન સાર કીધેલા ધરમ ખાતે
૧૦૦૦	૦	૦	મરહુમ બાઇ બાઇમાએ મોઠાભાઇ ગજદરના પુન સાર કીધેલાં ધરમ ખાતે.
૮૦૦	૦	૦	મરહુમ શેઠ પેશતનજી નવરોજી ગજદરના પુનને સાર કીધેલા ધરમ ખાતે
૫૦૦૦	૦	૦	મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદન સી. બી ઈ. ના પુન સાર કીધેલા ધરમ ખાતે.
૬૦૫૧૯૦	૪	૬	

મુંબઇની પારસી પંચાયતના ધરમ ખાતાંને લગતી વીગતો.

સને ૧૯૨૩ ના સાલનો પંચાયતના હીસાબનો ટુંક ઇન્તેખાબ.

સર જમશેદજી જીજીભાઇ, સર કાવસજી જહાગીર, શેઠ મ પે ખરેઘાટ, સર હો. અ. વાડીયા, શેઠ જાહાગીર બમનજી પીટીટ, શેઠ કાવસજી જાનભાઈ શેઠ, અને સર દીનશાજી માણેકજી પીટીટ, તે પારસી પંચાયતના ધરમખાતાઓના ફંડ તથા મીલકતોના ટ્રસ્ટીઓ અને સમસુલ ઓલમા એરવદ ડાકટર જીવનજી જમશેદજી મોદી, સેક્રેટરી.

આ સાલની શરૂઆતમા પુંજી રૂ૧૧૪૮૪૮૩૮—૦–૮ ની હતી, તે આ સાલની સોરટે રૂ૧૧૯૪૨૧૧૮—૩- ૯ ની થઇ હતી એટલે આએ સાલમા વધારો રૂ૪૪૭૨૮૦—૩—૧ નો થયો છે.

જુદા જુદા ધણીઓએ જામીનગીરી આપી, અને જામીનગીરીઓ ખરીદવાને તથા હ્યુજ રોડ પરની જગ્યા પર મકાન બાધવા વીગેરે માટે રોકડ રકમ આપી તે મલી રૂ૩૦૮૦૩૭—૯—૦ ની રકમ આવી છે તેની સામટી ટીપ હેઠળ આપવામાં આવી છે તે ઉપરથી માલમ પડશે કે રૂ૯૫૦૦) ની રકમ પારસી જનરલ હોસપીટલ માટે, રૂ૫૬૪૪૮—૯—૦ મુંબઇ શેહેરને લગતા બીજાં ખાતાઓ માટે, રૂ૧૧૦૨૦૦) સુરતની અનજુમન માટે, અને રૂ૮૧૮૮૯) બાહેરગામના બીજા ખાતાઓ માટે, તથા રૂ૫૦૦૦૦) હ્યુઝ રોડપર મકાનો બાધવા માટે, એ મુજબ એકંદર રૂ૩૦૮૦૩૭—૯—૦ છે આ સાલમા ૧૨) નવા ખાતા પડયા છે

- ૬૦૦ શેઠ હીરજીભાઇ નશરવાનજી સરવેઅરે સખાવતી ફંડમા
- ૮૧૨ દસ્તુર ફીરોજ ખુરશેદજી મીનાચેરજી અને દસ્તુરજી કઇઓજી પેસતનજી મીરજાએ ઉદવાડા આતશબેહરામ ફંડ તથા ઉદવાડાના સવાબ કામ ફંડમા
- ૧૩૦૦ બાઇ શીરીનબાઇ રૂસ્તમજી ઇરાની અને બાઇ ગુલબાઈ શેરીયારજી ઇરાનીએ રવાન ફંડમા
- ૧૭૦૦ બાઇ આવાબાઈ રૂસતમજી બેરામજી જીજીભાઇએ રવાન ફંડમા
- ૧૦૦૦ શેઠ પીરોજશા કુંવરજી ઉમરીગરે રવાન ફંડમા
- ૧૦૦૦ શેઠ સોરાબજી દાદાભાઇ પટેલે રવાન ફંડમા
- ૭૪૮–૯–૦ બાઇ આવાબાઇ નાનાભાઇ વાડીઆ અને બાઈ નવાજબાઇ પેરતનજી મેરીસ તથા શેઠ એફ એફ પારખે રવાન ફંડમાં
- ૧૦૦૦ બાઇ મીઠીબાઈ ખરશેદજી બેક્ષટરે રવાન ફંડમા
- ૧૦૦૦ શેઠ બમનજી ફરામજી વાણીયાએ રવાન ફંડમા
- ૫૦૦ બાઇ ગુલબાઇ મનચેરજી દાદીશેઠે રવાન ફંડમા
- ૫૦૦ બાઈ હીરાબાઇ ધનજીભાઇ મે. જીજીભાઇએ રવાન ફંડમા
- ૨૦૦૦ શેઠ માણેકજી કાવસજી પીટીટે રવાન ફંડમા
- ૨૦૦૦ શેઠ ધનજીભાઇ ભીમજીભાઈ કાવારાણાએ રવાન ફંડમા
- ૫૦૦ બાઇ શીરીનબાઇ ફરામરોજ લામે રવાન ફંડમા
- ૧૦૦૦ શેઠ નાદીરશાહ શોરાબશા મુગાશેઠે રવાન ફંડમા
- ૧૦૦૦ શેઠ હોરમજી નાનાભાઇ બનાજીએ રવાન ફંડમા
- ૫૦૦ શેઠ અરદેશર રૂસતમજી દલાલે નવસારી રવાન ફંડમાં
- ૫૦૦ શેઠ સોરાબજી દાદાભાઇ પટેલે મુંબઇના ગરીબ ફંડમા

૫૦૦ ભાઇ શુલ્બાઇ મંચેરજી આદીશેઠ દેવાનાશાલા ફંડમાં
૫૦૦ શેઠ સોરાબજી ડોસાભાઇ મારકરે દેવાનાશાલા ફંડમા
૭૫૦૦ શેઠ બેહરામ જાહાંગીર પીટીટ તે બી ડી પીટીટ પારસી જનરલ હોસપીટલના ઓ. સેક્રેટરીએ બી બી. ડી. પીટીટ પારસી જનરલ હોસપીટાલ ફંડમા
૨૦૦૦ શેઠ બેરામજી નવરોજી ગામડીઆએ પીટીટ હોસપીટાલ ફંડમાં
૬૮૦૦ શેઠ કાવસજી ધનજીભાઇ ધનજીશા તે વલસાડની પારસી અનજુમનના ચેરમેને વલસાડ અંજુમન ફંડમા
૫૦૦૦ તારાપોર અંજુમનના કારોબારીઓએ તારાપોર અંજુમન ફંડમા
૨૦૦૦ શેઠ જાલ સોરાબજી જસાવાલા તે સોલાપોર ની જરથોસ્તી અંજુમનના ઓ. સેક્રેટરીએ સોલાપોર અંજુમન ફંડમા
૪૫૦૦ બારડોલી અંજુમનના કારોબારીઓએ બારડોલી અંજુમનના ફંડમા
૧૫૦૦ બદનેરા અને ઉમરાવતી અંજુમનના કારોબારીઓએ બદનેરા અને ઉમરાવતી અંજુમન ફંડમા
૩૫૦૦ સરોડા અંજુમનના કારોબારીઓએ સરોડા અંજુમન ફંડમા
૮૧૦૦ શેઠ ન મા લાકડાવાલા તે નાગપોર તથા કામટીની જરથોસ્તી અંજુમનના ઓ. સેક્રેટરીએ નાગપોર તથા કામટીની અંજુમન ફંડમા
૭૦૦૯ શેઠ દી કા કામદીન તે નાગપોર તથા કામટીની જરથોસ્તી અંજુમનના ઓ. સેક્રેટરીએ નાગપોર તથા કામટીની અંજુમન ફંડમા
૩૦૦૦ ચીખલી અંજુમનના કારોબારીઓએ ચીખલી અંજુમન ફંડમા
૧૦૦૦ અજમેર અંજુમનના કારોબારીઓએ અજમેર અંજુમન ફંડમા
૩૫૦૦ દ્દીએર અંજુમનના કારોબારીઓએ દ્દીએર અંજુમન ફંડમાં
૯૦૮ કુદીઆણા અંજુમનના કારોબારીઓએ કુદીઆણા અંજુમન ફંડમા
૧૦૯૭૮૦ શેઠ કાવસજી જ વકીલ તે સુરત પારસી પંચાયત બોરડના પ્રેસીડેન્ટે સુરત અંજુમન ફંડમા
૩૮૦૦ શેઠ રતનજી મંચેરજી પટેલે ઝાવબોરડી ની અંજુમન ફંડમા
૫૦૦ ઉદવાડા તથા તેને લગતા સોલ ફળીઆની જરથોસ્તી બેહેદીન અંજુમન ના કારોબારીઓએ ઉદવાડા તથા તેને લગતા સોલ ફળીઆની જરથોસ્તી બેહેદીન અંજુમન ફંડમા
૨૦૦૦ વેસુ અંજુમનના કારોબારીઓએ વેસુ અંજુમન ફંડમાં
૧૦૦૦ શેઠ સોરાબજી લીમજી પાડે તે માથેરાનની પારસી આરામગાહ ફંડના ઓ ખજાનચીએ માથેરાન પારસી આરામગાહના ફંડમા
૪૭૭ દસ્તુર ફીરોજ ખુરસેદજી મીનોચેરજી અને દસ્તુર કઇઓજી પેસતનજી મીરઝાએ ઉદવાડા દવાખાના ફંડમા
૧૦૦૦ તવડી અંજુમનના કારોબારીઓએ તવડી અંજુમન ફંડમા
૫૦૦ શેઠ ધનજીભાઇ બમનજી કુવરજી તે વલસાડની મરહુમ શેઠ મો શા. દરેમેહેરના ફંડના ચેરમેને વલસાડની મરહુમ શેઠ મો શા. દરેમેહરના ફંડમા
૫૦૫૦ શેઠ બેજનજી માણેકજી જમુમરીઆ તે સુરત રૂસ્તમપુરાના જરથોસ્તી વીધ્યાર્થીઓને મદદ આપવાના ફંડના ત્રેઝરરે સુરત રૂસ્તમપુરાના જરથોસ્તી વીધ્યાર્થીઓને મદદ કરવાના ફંડમાં

૧૫૦૦ બનારસ ફંડના કારોબારીઓએ બનારસ પારસી અંજુમનના આરામગાહ ફંડમાં

૧૭૦૦૦ તેહરાનની અંજુમનની દરેહમેહર તથા સ્કુલના કારોબારીઓએ તેહરાનની અંજુમનની દરેહમેહર તથા સ્કુલના ખરચ માટેના ફંડમા

૧૬૦ બાઇ રતનબાઈ મેરવાનજી ખરેઘાટે શેઠ સા૦ જી૦ મા૦ વગેરેએ પોતાના બેટીઓના પુનને સારૂં કરેલા ધરમ ખાતામા

૫૦૦૦ શેઠ ફ૦ ફ૦ વાડીઆ અને બાઇ જીજીબાઇ ફરામજી વાડીઆએ બેહસ્તનશીન વહાલા દીકરા ખરશેદજી ફરામજી વાડીઆનાપુનને માટે બીજા વરસની બાજને દીને પડાવેલા ખાતામાં

૫૦૦૫ શેઠો બરજોરજી અરદેશર પટેલ અને દોરાબજી અરદેશર પટેલે મરહુમ બાઈ ધનબાઇજી તે શેઠ અરદેશર બેરામજી પટેલના વીધવાના ખાતામા

૫૦૦૦ બાઈ દીનબાઇ ફ૦ બાટલીવાલા, શેઠ ધનજીભાઇ ફ૦ બાટલીવાલા, બાઇ જરબાઇ ધનજીભાઈ બાટલીવાલાએ મરહુમ શેઠ રૂસ્તમજી ફરામજી બાટલીવાલાના પુનને સારૂં હયુઝ રોડના પ્લોટ નં૦ ૨૬ વાલી જગ્યા ઉપર બંધાવી આપેના મકાનના ખાતામા

૧૫૦૦૦ શેઠો હોરમજી શાપુરજી શીરવાઈ અને પેસ્તનજી હોરમજી શીરવાઇએ મરહુમ બાઇ જાઇજી હો૦ સા૦ શીરવાઇની યાદગારી માટે, હયુઝ રોડના પ્લોટ નં૦ ૨૭ ઉપર બંધાવી આપેલા મકાનના એક ગાલાના ખાતામા

૫૦૦૦ બાઇ જરબાઇ નવરોજી વાડીઆએ મરહુમ દીકરા શેઠ રૂસ્તમજી નવરોજી વાડીઆના પુનને માટે હયુઝ રોડના પ્લોટ નં૦ ૨૭ ઉપર બંધાવી આપેના મકાનના એક ગાલાના ખાતામા

૨૫૦૦૦ શેઠ હોરમસજી નાદીરશાહ એ૦ દીનશા, શેઠ મીનોચેહેર નાદીરશાહ એ. દીનશા, શેઠ ફરેદુન નાદીરશાહ એ૦ દીનશા અને શેઠ દીનશા નાદીરશાહ એ૦ દીનશાએ મરહુમ શેઠ નાદીરશાહ એદલજી દીનશાના ધરમખાતામા

૫૦૦૦ શેઠ કેખશરૂ એદલજી મોદીએ મરહુમ શેઠ ફરદુનજી ખરશેદજી મોદી તથા મરહુમ શેઠ એદલજી ફરદુનજી મોદીની નઇઅતે કરેના ધરમખાતામા

૫૦૦૦ શેઠ બેજનજી હોરમસજી આલપાઇવાલાએ મરહુમ શેઠ હોરમસજી એદલજી આલપાઇવાલાના પુનને માટે પડાવેના ખાતામા

૨૦૦૦ શેઠ દાદીબા ન૦ સાહેરે મરહુમ શેઠ અરદેશર નવરોજી સાહેરની નઇઅતે પડવેલા ખાતામા

૫૦૦૦ શેઠો દાદીબા ન૦ સાહેર ફ્રામરોજ ન૦ સાહેર, બાઈ પુતલીબાઇ પેસ્તનજી પાડે, બાઈ મેહેરબાઇ ન૦ સાહેર અને બાઇ સુનાબાઇ ન૦ સાહેરે બેહસ્તનશીન શેઠ ખરશેદજી નવરોજી સાહેરના પુનને માટે પડાવેના ખાતામા

૧૦૦૦૦ શેઠ માણેકજી બમનજી મેહેતાએ મરહુમ બાઇ નવાજબાઇ માણેકજી મેહેતાની યાદગીરી માટે પડાવેના ખાતામા

ધરમને લગતુ ખાતુ.

પારસી પંચાયતના શેહનશાહી ધહગબાર ફંડ ખાતેથી આએ સાલમા નીચના બાનુઓ અને મર્હુમોનો ધહમબાર કરવાનો વારો હતો અને તેઓએ અનજુમનના ૬) જાહેર જશનો કર્યા હતા—બાઈ હમાબાઈ જે૦ કે૦ મેહેતા, બાઇ ગુલબાઇ બમનજી પીટીટ, શેઠ બાપુજી પીરોજી મેહેરજી, બાઇ જરબાઇ નવરોજજી વાડીઆ, શેઠ રતનજી ખરશેદજી વાડીઆ, શેઠ ફરદુનજી અ૦ ખ૦ ફરેદુનજી.

રવાનોને લગતુ ખાતું.

કુલ જરથોસ્તી રવાનોને અવલમજલ પોહોંચાડવાનાં ફંડમાથી નશેશાલાર અને ખાંધીઆઓ મલી ૫૪) થી ૬૦) જણને રોકવામા આવ્યા હતા, જેઓના અને ખાતાના મેહેતાજી, માણસો, રામેસીઓ અને માલીઓ વીગેરેના પગારના આ વરસે રૂ૫૦૨૪૯—૬—૪ થયા હતા, આ ખાતામાથી વફાદારીથી લાંબી નોકરી બજાવનાર નશેશાલાર, ખાંધીઆઓને પેનશન તરીકે તથા તેઓનાં મરણ બાદ તેઓની વીધવાઓને પગાર તરીકે મલી જણ ૨૦) ને દરેકને રૂ ૪) થી રૂ૧૮-૮-૦ સુધીની માસીક રકમ આપવામા આવી હતી. આ ખાતાના જુદા જુદા હતાના માણસોની સારવાર નીચના તબીબ સાહેબોએ કીધી હતી, અને દવા આપી હતી, તે માટે એ સાહેબોને જે આપવામા આવ્યુ હતુ, તે તેઓએ ધરમખાતે પાછુ આપ્યુ છે મેહેરબાની માટે એ સાહેબોનો આભાર માનવામા આવે છે (૧) ડા૦ દાદાભાઈ નવરોજી સાહેર, (૨) ડા૦ નવરોજી બેજનજી કાપડીઆ, (૩) ડા૦ ફરામજી એદલજી માદન.

લાચારીમાં મદદને લગતાં ખાતાંઓ.

પારસી પંચાયતના વખતો વખતના ત્રસ્ટીઓએ પોતાની નજરમા આવે એવા જરથોસ્તીઓના ફાયદા માટે ચુંટી કહાડેના સખાવતી કામ યા કામોમા વાપરવા માટેના ફંડ ખાતેથી આએ સાલમા જણ ૧૭) ને દવાદારૂ, ખોરાક વીગેરે માટે ૯૫૧૭-૮-૦ ની મદદ, તથા બાઇ આવાબાઇ ૫૦ પીટીટ પારસી છોકરીઓની ઓરફનેજમા છોકરીઓ ૫) ને મોકલી છે તેના રૂ૪૨૦) ની, તથા શેઠ જ૦ ન૦ પીટીટ ઓરફનેજમા છોકરો ૧) ને મોકલ્યો છે તેના રૂ૩૦) મલી રૂ૧૩૬૭-૮- ની મદદ આપવામા આવી હતી

ચોપાટીની શેઠ ફરદુનજી સોરાબજી પારખની ધરમશાલામા આ સાલની સેરટે ૩૯) મરદો અને ૬) બાઇઓ મલી ૪૫) જણ આશરો લેતા હતા ડા૦ અરદેશર હોરમસજી બાસવાલાએ એઓની સારવાર કીધી હતી એ ધરમશાલા પાછળ આ સાલમા રૂ૧૫૮૮૩-૧૪-૬ નો ખરચ થયો હતો જરથોસ્તીઓ તરફથી આ સાન સર અવસરે આખા દીવસના ૨૨૮) અને અરધા દીવસના ૩૬) ખાણા થયા હતા આ સાલમા દરેક રહીસોને નીચે પ્રમાણે કપડા અને ગોડડી ભેટ મલી હતી -દરેક મરદોને સદરા ૧૬), લેગા ૮), ટોપી ૪), કસ્તી ૧), બદીઆન ૩), સ્લીપર જોડ ૧), તથા દરેક બાઇને સદરા ૨૫), ઈજાર ૧૧), માથાબાના ૧૦), બદીઆન ૭), કસ્તી ૩), સપાટ જોડ ૧) દરેક મરદને આખા વરસમા રૂ૫૭-૧૦-૯ અને દરેક બાઇને રૂ૬૦-૫-૪

મુબઇના આંધના પાગલા તથા લાચાર જરથોસ્તીઓને પરવરશી કરવા માટે પગાર આપવાના ફંડ ખાતેથી આશરો લેનારા તા૦ ૩૧ મી ડીસેમબર સને ૧૯૨૩ ના દીને બધા મલી ૪૦૨) હતા, તે આશામીઓને મોટે ભાગે રૂ૫) નો પગાર આપવામા આવ્યો હતો, ખાસ કેસામા કેટલાકોને રૂ૫) થી વધુ અથવા કમી આપવામા આવ્યો હતો એ ૪૦૨) જણમા ૩૪૬) બાઇઓ અને ૫૬) મરદો હતા આ ખાતેથી પગારની ૧૨) માસની રકમ રૂ૨૭૪૫૬) થઇ હતી

મુબઇના તગદસ્ત હાલતમા આવેલા જરથોસ્તીઓને આશરો આપવાના ફંડ ખાતેથી આબરૂદાર જરથોસ્તીઓ, જેઓ જમાનાની ગી દેરીથી તગદસ્ત હાલતમા આવ્યા હોય, તેઓને આશરો આપવામા આવે છે તા૦ ૩૧ મી ડીસેમ્બર સને ૧૯૨૩ ના દીને એઓની સખ્યા મરદ ૧૧) અને સ્ત્રીઓ ૭૪) મળી ૮૫) ની હતી એ ખાતેથી મદદના રૂ૬૭૩૫) એ સાલમા આપવામા આવ્યા હતા

ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપવાના ફંડ ખાતેથી આશરો લેનાર વીધવાઓની તા૦ ૩૧ મી ડીસેમ્બર સને ૧૯૨૩ ના દીને સખ્યા ૧૪૫) ની હતી. તેઓને મોટા

મહીને રૂ૫) નો માસીક પગાર આપવામા આવ્યો હતો ખાસ કેસોમા કેટલાકોને રૂ૫) થી વધુ અથવા કમી આપવામા આવ્યા હતા તેની રકમ રૂ૯૬૪૮) ની થઇ હતી

મુબઇના ગરીબ લાચાર જરથોસ્તીઓ ગુજરે તેઓના રવાનોને અસલમજલ પોહોંચાડવા તથા ધર્મની કીયા વગેરેનો દીન ૪) નો ખરચ કરવા માટે આશરે આપવાના ફંડ ખાતેથી ૫૫) રવાનો માટે રૂ૧૯૬૪-૧૨-૦ આપવામા આવ્યા હતા.

જરથોસ્તી માય બાપોને પેટે જનમેલાં બાલકોને સુદરેહ પેહેરાવવાના કારણસર આશરો આપવાના ફંડ ખાતેથી આ સાલ ૧૯) બચ્ચાઓને સુદરેહ પેહેરાવવા માટે, તેઓના ગરીબ માએ બાપોને રૂ૭૫૦) આપવામા આવ્યા હતા દરેક બાલકની નવજોત માટે રૂ૪૦) અને જો એકી વખતે બે બાલકોની નવજોત હોય તો રૂ૭૦) આપવામા આવે છે

ગરીબ લાચાર જરથોસ્તીઓની છોકરીઓને પરણાવી આપવા માટે આશરો આપવાના ફંડ ખાતેથી આ સાલમા ૩૯) છોકરીઓને પરણાવી આપવા માટે દરેક છોકરી દીઠ રૂ૭૫ પ્રમાણે રૂ૨૯૨૫ ની મદદ આપી હતી

મુકતાદ ટાકણે દેશાવરો ખાતેના આધલા પાગલા તથા લાચાર જરથોસ્તીઓને વેહચી આપવા સારૂં રૂપીયા વાલવાના ફંડમાથી તથા મુકતાદ ટાકણે કોઇ પણ ઠેકાણેનાં આધના પાગલા તથા ગરીબ જરથોસ્તીઓને વેહેચી આપવા સારૂ રૂપીયા વાલવાના ફંડ ખાતેથી જણ ૭૫૪) ને રૂ`૧૦૦૩૪—૬—૦ આપ્યા હતા એ ગામોના નામ નીચે પ્રમાણે છે. સુરત શેહેર તથા સુરતના પરાઓ, સુરતને લગતા ગામો (વેસુ, સુમાલી, અમરોલી વીગેરે) ઊનવાડા, દમણ (નાની યા મોટી) તારાપોર, વલસાડ, અણુદેવી, સાદરવેલ, બીલીમોરા, ચીખલી, મેધોરા, દેહણુ, નારગોલ, તડગામ, સરોડા, નવસારી, અને તેને લગતા ગામડાઓ (તવડી, બારડોલી, મહુવા, વીઆરા, સીઓડપુની, હાલા વરોલી,) ભરૂચ, ભરૂચને લગતુ ગામ અંકલેશ્વર, ખેરગામ, વડેદરા, ખભાત, પારડી, દેવગઢ બારીયા, સોલાપુર, પુના, બેલગામ ઉપલા કારણસર ફરતી કરેલી ટીપમા રૂ૭૨૯) ભરાયા હતા

મુબઇના લાચાર જરથોસ્તીઓને મુફત અનાજ આપવાના ફંડમાથી આએ સાલ ગરીબ જરથોસ્તી જણ ૪૩) ને મુફત અનાજ અપાવ્યો હતો તેના રૂ૫૪૬-૧૨-૬ થયા હતા

તનની દુરૂસ્તીને લગતાં ખાતાંઓ.

દેવાનશાળા મધેના ગરીબ લાચાર જરથોસ્તીઓની પરવરશીને લગતા ખરચ માટે મદદ આપવાના ફંડ ખાતેથી શેઠ નશરવાનજી મણેકજી પીટીટના ધરમખાતાને આ સાનમા રૂ૧૭૩૦) આપ્યા હતા.

ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખા અથવા બીજા દરદોનાં ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાના ફંડ ખાતેથી જણ ૨૩) ને રૂ૧૯૦૭-૮-૦ ની મદદ આએ સાલ આપી હતી તે મદદ દેવનાલી, ઝાયમેરડી, ઉદવાડા, સુરત, ખડાલા, ભીમપોર, વીગેરે ગામો ખાતે જવા માટે આપી હતી

વીધ્યા અને કેલવણીને લગતાં ખાતાંઓ.

મુબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જદ અવસ્તાની નીશાલોના ફંડ ખાતેથી મુબઈ અને દેશાવરો મલી ૩૧) નીશાલોમા જદ અવસ્તા અને જરથોસ્તી ધરમને લગતા મુલ તત્વોનુ ગ્નાન આપવવામા આવ્યુ હતુ. ઉપરી એરવદ બમનજી નશરવાનજી ધભર એમ એ સાથે એ ખાતામા ૪૩) શીક્ષકોને રોકયા હતા તેઓના પગારો વીગેરેની વાર્ષીક રકમ રૂ૬૩૫૨) ની થઇ હતી એ રકમાથી રૂ૩૦૮૬) ની રકમ મુબઇમા સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ

ઇનસ્ટીટ્યુશનના છોકરાઓને ધરમ કેલવણી આપવા કાજે અને બાકીની બુહારગીર્મીની એ ખાતાની અને બીજી સ્કુલોના બચ્ચા માટે છે. એ નીશાલો નીચે પ્રમાણે જુદાજુદા ગામો ખાતે હતી—૫) મુબઈ, ૧) મહુવા, ૧) ભરૂચ, ૧) દેવીએર, ૧) રાજકોટ, ૧) વલસાડ, ૨ નવસારી ૧) બારડોલી, ૧) નારગોલ, ૧) ભાઠા, ૧) વીઆરા, ૧) સેગાડા, ૧) ઉંવાડ, ૧) કુદીયાણા, ૧) ઇગતપુરા, ૧) સોલાપોર, ૧) ખંભાત, ૧) બદનેરા, ૧) તારાપોર, ૧) ગણુદેવી, ૧) બીલીમોરા, ૧) કોલપાડ, ૧) તડગામ, ૧) કરંજ, ૧) ભગવા, ૧) જાહાનસી

નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની યાદગારીને સારૂં ઉભી કરેલી જરથોસ્તી મદરેસા ફંડ ખાતેથી મદરેસાના પેહેલી અવસ્તાના શીક્ષક વીગેરેને આ સાલ પગારના રૂ૭૧૮૮) આપ્યા હતા તથા વીદ્યાર્થીઓને સ્કોલરશીપના રૂ૩૦૯૦) આપ્યા હતા

નામદાર સર જમશેદજી જીજીભાઇ ત્રાનશલેસન ફંડ ખાતેથી પુસ્તકોને નાનો મોટો આશરો આપવામા આવ્યો હતો જુદાજુદા પુસ્તકોને આશરો આપવા વીગેરે પાછલ એ સાલ કુલ્લે ખરચ રૂ૪૫૩૨-૧૩-૦ નો થયો હતો, પુસ્તકોના નામ નીચે પ્રમાણે છે ૧-ફારસી રેવાયત દરેક બે વોલ્યુમવાળી, ૨-માઝદયસ્ની મોનેગરી, ૩-ફારસી શાએરોમાંથી ચુંટી કહાડેલા ગોહરો, ૪-મેમોરીયલ પેપરસ, ૫-શાહનામા બયાતેમા ભાગ ૮ મો, ૬-ઓરાઓઅન સીવીલીઝેશન, ૭-સીલેક્શન્સ ફ્રોમ અવસ્તા એનડ ઓલ્ડ પરશીઅન, ૮-ધી રીલીજીઅસ સેરીમનીઝ એન્ડ કસ્ટમઝ ઓફ પારસીસ, ૯-A Bibliography of Religion ૧૦-પેહેલવી ટેક્સટસ ભાગ ૨ જો, ૧૧-ઇરાન અને ઇરાકમા મુસાફરી, ૧૨-Man according to Zorastrianism, ૧૩-Sublime though Blind ૧૪-આઇને એ દીને જરથુસ્ત્રી, ૧૫-શાહનામુ, ગુજરાતી બેતમા ભાગ ૯ મો, ૧૬-પારશી પ્રકાસના ચોથા દફતરનો પેહેલો અંક, ૧૭-રંગ ભુમી પર રખડ, ૧૮-પારસી શાહનામુ તમામ ગુજરાતી બેતમા ભાગ ૧૦ મો, ૧૯-સંસારનો સુકાની, ૨૦ નેવલ હીસ્ટરી ઓફ પરશીયા, ૨૧-જરથુસ્ત્રના ગાથા ગુજરાતી બેતોમા, ૨૨-જરથોસ્તી સાહીત્ય અભ્યાસ ભાગ ૧ લો

બાપ વીનાના બચ્ચા તથા વીધવાના ખાતેથી મુંબઇમા શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ ઓરફનેજમા ૯) છોકરાઓને, તથા સુરતની ઓરફનેજમા ૪) છોકરાઓને રખાવ્યા હતા તેનો ખરચ કીધો હતો ઓરફન વીદ્યારથીઓને કોલેજ ફી વીગેરેની મદદ આપી હતી તથા વીધવાઓને અને ઓરફનોને માસીક મદદ આપી હતી, તેનો કુલ્લે ખરચ રૂ૪૯૬૯-૯-૬ નો થયો હતો

જરથોસ્તી વીદ્યારથીઓને વીદ્યાઅભ્યાસ માટે મદદ કરવાના ફંડ ખાતેથી ચોપડીઓ ખરીદવા માટે જણ ૨) ને મદદ આપી હતી તેના રૂ૭૫-૪-૦ ખરચ થયો હતો

શેઠ દોરાબજી ખરશેદજી શરાફે કેળવણી માટે કરેલા ધરમના ફંડની આવક આપણી કોમમા કેલવણી કાજે વાપરવાની છે તેમાથી આ સાલ રૂ૧૫૭૪૫-૪-૦ નો ખરચ થયો હતો શેઠ દોરાબજી ખરશેદજી શરાફના તા૦ ૧૮ મી એપરેલ ૧૯૧૨ ના ત્રસ્ટ ખાતેથી ધરમખાતેથી આપેલી રકમના ખાતેથી સર જમશેદજી જીજીભાઈ પરસી બેનીવોલનટ ઇનસ્ટીટ્યુશનને આશરો આપવાના ફંડના ખાતામા રૂ૪૫૯૩-૫-૪ ની રકમ જમે કરી આ કેળવણી ખાતાને આપવામા આવી.

સ્થાવર મીલકત.

ત્રસ્ટી સાહેબોએ હયુજ રોડ અને ગીબ્સ રોડ વચ્ચેની પોતા હસ્તકની કેટલીક જગ્યા ઉપર વસવાટના મકાનો ધરમ ખાતે બંધાવવા કાજે શરૂઆતમા ૧૨) પ્લોટો, અને ત્યાર પછી સને ૧૯૨૩ સુધીમા બીજા વધુ ૧૫) પ્લોટ કરયા હતા મુખડા ઉપરના એક પ્લેટ નં. ૫) ઉપર અને પછવાડેના ૧૩) પ્લોટો નં. ૬) થી ૧૮) ઉપર મકાનો સને ૧૯૨૨ સુધીમા બંધાઇ ચુકયા હતાં

આ સાલમાં પ્લોટ નંબર ૧૯, ૨૦, ૨૧ ઉપર ત્રણ મકાનો બંધાવવામા આવ્યા હતા અટલે સને ૧૯૨૩ ની આખેરી સુધીમા પ્લોટ નં ૫ થી ૨૧ ઉપર ૧૭ મકાનો બંધાઈ ચુકયા હતાં.

મીટીંગ અને બનાવ.

ટ્રસ્ટીઓની મીટીંગ—આ સાલમા ટ્રસ્ટી સાહેબોની કુલે ૨૦) મીટીંગ ઓફીસ ખાતે મળી હતી

આ સાલમા દેવલાલીના દોખમાને લગતી જમીન લેવા (acquire કરવા) નામદાર સરકારે માંગણી કીધી હતી, તે સામે સાની અનજુમને અરજી કરી હતી, અને મુંબઇના ટ્રસ્ટીઓને એ બાબદમા મદદ કરવા એલતેમાસ કીધી હતી તે પરથી ટ્રસ્ટીઓએ તેઓના સરનશીન નામદાર સર જમશેદજી મારફતે સરકારમા લખાણ કીધું હતું અને તેનુ પરીણામ સતોષકારક આવ્યું હતુ.

આ સાલમા ચોપાટીની હેલ્થ કેમ્પની જમીનના એક ભાગ પર કાયમના મકાનો બાધવાને ગોઠવણ થવાથી તેપરના જુના ૯) ઝુપડા કાઢી નાખી તેને બદલે ડુંગરવાડી ઉપરની નવી સ્વાનોની બ ગલીઓ પછવાડેની ઉપરની જમીનપર નવા ૫ હર ઝુપડા સુમારે રૂ ૧૦૦૦૦) ના ખરચે બાધવામા આવ્યા

સને ૧૯૨૩ માં મુબઇના પારસીઓમાં થયલાં પ્લેગ વીગેરેનાં મરણની હકીકત.

આ સાલમાં આ હોસ્પીટલ તા૦ ૧-૪-૧૯૨૩ ને દીને ડા૦ મનચેરશા ધનજીભાઇ ગીલડર એમ ડી ની સારવાર હેઠલ ખોલવામા આવી હતી અને તા૦ ૧૫-૬-૧૯૨૩ ને દીને બધ કરવામા આવી હતી ડા૦ રૂસ્તમજી માણેકજી વજીફદારે રેસીડન્ટ મેડીકલ ઓફીસર તરીકે કામ બજાવ્યું હતુ ઉપલી મુદત દરમ્યાન ૨૪) દરદીઓને દાખલ કરવામા આવ્યા હતા જેમા ૨૩) પ્લેગના દરદીઓ અને ૧) બીજા દરદના હતા ૧૯) દરદીઓ મરણ પામ્યા હતા જેમાના ૧૮) પ્લેગના અને ૧) બીજા કારણોના દરદીઓ હતા ડા ગીલડરની કીમતી સેવાઓ માટે ટ્રસ્ટીઓ તેઓનો ઉપકાર માને છે રીપોરટવાલા વરસ દરમ્યાન મ્યુનીસીપાલીટીની મરાઠા હોસ્પીટલનો પારસી વોરડ ડા પુરૂશોતમદાસ તુલસીદાસ પટેલની સારવાર હેઠળ હતો એ વોરડનો લાભ ૫) દરદીઓએ લીધો હતો જેમા ૩) મરણ પામ્યા હતા

આ વરસમા પારસી કોમ મધે પ્લેગના કુલ્લે મરણો ૩૬) થયા હતા તેમા ૧૪) મરદોના અને ૨૨) સ્ત્રીઓના હતા. એટલે સરવ પ્રકારના કુલ્લે મરણુ ની સખ્યા ૧૩૫૫)ઉપર ગણતાં. રાસ સેકડે ૨.૬ હતી એજ મુદત દરમયાન ઇનફલુએનઝાના મરણો ૧૧૯) મરદ અને ૧૦૪ સ્ત્રીઓ મળી કુલ્લે ૨૨૩ હતા, જેથી કુલ્લે મરણુ ઉપર ઇનફલુએન્ઝાના મરણની રાસ ૧૬.૪ ટકા જેટલી હતી. એજ મુદત દરમ્યાન કોલેરાના મરણો ૩) મરદ અને ૧) સ્ત્રી મળી કુલ્લે ૪) હતા, જેથી કુલ્લે મરણુ ઉપર કોલેરાનાં મરણની રાસ ૨૯ ટકા જેટલી હતી પ્લેગ ફાટી નીકલવા પછીના ૨૭ વરસો દરમ્યાન ઉડતા રોગના સબધમા જુમલે ખરચ રૂ૩૮૭૮૧૬) નો થયો છે. જેમા આ સાલ દરમ્યાન થયલો આશરે રૂ૬૧૯૨) નો ખરચ સમાઈ જાય છે

નીચલાં ખાતાંઓ તરફ મદદ કાજે જરથોસ્તી સાહેબોનુ ખાસ ધ્યાન ખેચવામાં આવે છે.

૧-કુલ જરથોસ્તી સ્વાનોને અવલમ જલ પોહોંચાડવાનુ ફંડ (આ ખાતાને વધુ મદદની ખાસ જરૂર છે) ૨-પારસી પચાયતના વખતો વખતના ટ્રસ્ટી સાહેબોએ પોતાની નજરમા આવે એવા જરથોસ્તીઓના ફાયદાને માટે ચુંટી કાઢેલા સખાવતી કામ યા કામોમા વાપરવા માટેનું ફડ.

૩—ચોપાટીની ધરમશાલા મધે લાચાર જરથોસ્તીઓને રાખીને પરવરશી કરવાનું ફંડ. ૪—મુંબઇનાં આપલા પાંગલાં તથા લાચાર જરથોસ્તીઓની પરવરશી કરવા માટે પગાર [illegible]વાનુ ફંડ ૫—ગરીબ લાચાર જરથોસ્તી વીધવાઓને આશરો આપવાનું ફંડ ૬—ગરીબ પારસી બીમારોને હવાના ફેરફાર માટે જવા કાજે અને હડખાં અથવા બીજા દરદોના ઇલાજ વીગેરે સબબો માટે મદદ કરવાનુ ફંડ ૭—મુંબઇ તથા દેશાવરો ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાળોનુ ફંડ ૮—ગરીબ જરથોસ્તી બાપ વીનાના બચ્ચાં તથા વીધવાઓને મદદ કરવાનુ ફંડ (આ ફંડની મકસદ એમ છે કે ગરીબ જરથોસ્તી બાપ વીનાના બચ્ચા તથા વીધવાઓને કોઇ પણ રીતે મદદ આપવી અથવા તેઓના લાભને માટે કોઇ પણ રીતે ખરચ કરવો, જેમકે બચ્ચાઓને ઓરફનેજમા મોકલવાનો અથવા મા યા વાલી સાથે રહેતા હોય તો ભરણ પોશણ અને કેળવણીનો ખરચ આપવો, અથવા વીધવાઓને વરક કલાસમા જવા અથવા નરશીંગ શીખવા અથવા એવો બીજો ધંધો શીખવા અથવા ધંધાના ઓજારો વીગેરે લેવા માશીક અથવા ઉચક મદદ આપવી, અથવા જે ખાતાઓ એવા બચ્ચાઓ અથવા વીધવાઓને મદદ આપતા હોય તેઓને ઉચક અથવા માસીક મદદ કરવી) ૯—જરથોસ્તીઓ માટે મકાનો પુરા પાડવા તથા બાડાનો બોજો કમી કરવાના ફંડનુ ખાતુ.

હોંગકોંગ, કેન્ટોન અને મકાઉમાં જરથોસતીઓના ધરમ ફંડો.

૧૯૨૪ ના સાલનો હિસાબ.

ચીનનાં ઉપલા સંસથાનોના જરથોસતીઓના જુદા જુદા ધરમ ફંડોના ૧૯૨૪ ના સાલનો પારસીક હિસાબ નીચે મુજબ છે —

જેનરલ ફંડનુ ખાતુ.

આ ખાતામા આ સાલે નીચલી આવક થઇ છે

૧૯૨૩ ના આખેરીએ બેલેનસ	ડા	૨૧૭૪૨.૦૪
સર અવસરે ફેરવેના લીસ્ટમા	ડા	૧૯૨૯ ૫૯
બંગલાની ફી તથા ડોનેશનો	ડા.	૪૫૯ ૭૫
જુદા જુદા ખાતાંઓના વ્યાજના	ડા	૪૦૫૦.૩૪
બંગલો વેચીયો તેની ઉપજની રકમના વ્યાજના	ડા.	૩૦૧૯.૮૩
કુલે...	ડા.	૩૧૨૪૧.૬૦

આ ખાતામાં આ સાલે નીચે મુજબ ખરચો થયા છે

હોંગકોંગની બીલ્ડીંગનુ ભાડુ, મોબેદનો પગાર–લાયબરેરી વગેરેનો ખરચ મળી જુમલે	ડા.	૬૫૮૧.૫૬
મકાઉના બંગલા સબંધી ખરચ	ડા.	૧૨૫૯ ૫૨
હોંગકોંગ સીમેનત્રીનો ખરચ	ડા.	૬૬૨.૮૫
વામપુ સીમેનત્રીનો ખરચ, વામપુ બંગલાનો ખરચ	ડા.	૯૧૬.૬૧
નવા હીસાબમાં લઇ જવાના	ડા	૨૧૮૨૧ ૦૬
કુલે	ડા.	૩૧૨૪૧.૬૦
૧૯૨૪ મા આ ખાતે નકકી નફો	ડા.	૭૯.૨૦

આંધળા, લુલા લાચાર ચીનાઓનું ફંડ.

આ ખાતામા આ સાલે નીચલી આવક થઇ છે

૧૯૨૩ ની આખેરીએ બેલેનસ	ડા	૧૭૯૧૭ ૫૪
સર અવસરે ફેરવેલા લીસ્ટમા	ડા	૫૩.૦૦
આ ખાતાના વ્યાજ તથા પરચુટણ	ડા.	૧૦૩૫.૫૭
કુલે...	ડા.	૧૯૦૦૬ ૧૧

આ ખાતામા આ સાલે નીચે મુજબ ખરચો થયા છે

ફ્રેન્ચ ઇટાલીયન કોનવેતો	ડા.	૩૭૫ ૦૦
જુદી જુદી હોસ્પીટલોમા	ડા.	૨૨૫.૦૦
અંધશાળા તથા ચીના ફંડોમા	ડા.	૨૫૦ ૦૦
બાકી બેલેનસ નવા હીસાબમાં	ડા.	૧૮૧૫૬ ૧૧
કુલે...	ડા.	૧૯૦૦૬.૧૧
૧૯૨૪ માં આ ખાતે નકકી વધારો	ડા.	૨૩૮.૫૭

હોંગકોંગના ગમખાર ફંડનું ખાતું.

આ ખાતામાં આ સાલે નીચલી આવક થઇ છે

૧૯૨૩ ની આખેરીએ બેલેનસ	ડા	૭૭૯૦ ૧૯
સર અવસરે ડોનેશનમાં મલ્યા	ડા.	૩૬.૦૦
આ ખાતાના વ્યાજ તથા પરચુરણ	ડા.	૧૧૮૯.૪૬
કુલે..	ડા.	૯૦૧૫ ૫૬

આ ખાતામાં આ સાલે નીચે મુજબ ખરચ થયો છે.

૧૯૨૪ માં ગમખારો કીધા તેના આકડાઓ મુજબ ચુકવીયા . .	ડા	૫૮૨.૨૪
બાકી બેલેનસ નવા હીસાબમાં	ડા	૮૪૩૩ ૪૧
કુલે...	ડા	૯૦૧૫ ૬૫
૧૯૨૪ આ ખાતે નકી વધારો	ડા	૬૪૩ ૨૨

વીક્ટોરીયા જુબીલી ચેરીટી ફંડનું ખાતું.

આ ખાતામાં આ સાલે નીચલી આવક થઇ છે

૧૯૨૩ ની આખેરીએ બેલેનસ	ડા	૧૩૬૨૨ ૨૯
ડોનેશનમાં મળયા	ડા.	૧૭ ૦૦
વ્યાજ તથા પરચુરણ	ડા	૬૨૨.૩૦
કુલે ..	ડા.	૧૪૨૬૧ ૫૯

આ ખાતામાંથી આ સાલે નીચલાં ફંડોમાં ભરવામાં આવ્યા છે.

નવસારીની ઓરફનેજ ફંડમાં	ડા	૫૦ ૦૦
ડા૦ ટેમુલજીનું અસરામ ફંડમાં	ડા.	૨૦૦.૦૦
સસ્તુ અનાજ પુરૂં પાડવાના ફંડમાં	ડા.	૭૫ ૦૦
મીરજનું લેપર એસાઇલમ ફંડમાં	ડા	૬૦.૦૦
પારસી એમબ્યુલનસ ફંડમાં	ડા.	૯૦.૦૦
રીટાયરડ થયલા મોબેદ હોરમસજી ચારણાને પરસ આપી ...	ડા	૩૦૦ ૦૦
બાકી બેલેનસ નવા હીસાબમાં	ડા.	૧૩૪૮૫.૬૩
કુલે ..	ડા.	૧૪૨૬૧.૫૯
આ ખાતે નકકી ઘટાડો	ડા.	૧૩૬ ૬૬

શેઘાઈ એમોય સીમેનત્રી ફંડો.

આ ખાતામા આ સાલે નીચલી આવક થઇ છે.

૧૯૨૩ ની આખીરીએ બેલેનસ	ડા.	૧૦૮૩૭ ૯૦
બ્યાજ તથા પરચુરણ	ડા	૫૨૩ ૪૨
કુલે	ડા.	૧૧૩૬૧.૩૨

આ ખાતામા આ સાલે નીચે મુજબ ખરચો થયા છે

એમોયની સીમેનત્રીનુ ભાયભાડુ	ડા	૨૪ ૦૦
બાકી બેલેનસ નવા હીસાબમા	ડા.	૧૧૩૩૭ ૩૨
કુલે	ડા.	૧૧૩૬૧ ૩૨
આ ખાતે નક્કી જુમલે વધારો	ડા.	૪૯૯ ૪૨

હોંગકોંગ તથા વામપુ બીલડીંગ ફંડો.

હોંગકોંગ બીલડીંગ ફંડ ૧૯૨૩ મા ડા ૪૮૫૦૦ ની રકમે ઉઘાડવામા આવ્યુ હતુ, એલજીન સ્ટ્રીટની બીલડીંગના વેચાણની આ રકમ હતી આ રકમ ઉપરતુ વયાજ ડા ૩૦૧૯ ૮૩ આવયુ છે, જ્યારે ખરચ જુદો જુદો મળી જેનરલ ફંડમા ડા ૬૫૮૧ ૫૬ ઉધારયા છે ૧૯૨૩ મા વામપુ બીલડીંગ ફંડો માટે ડોનેશન ઉઘડાવવામા આવયુ હતુ, જેમા શેઘાઈ સીમેનત્રી ફંડોમાથી ડા ૫૦૦૦ લઇ આ ફંડમા ભરયા હતા

ફંડોની પુંજી નીચલી રીતે રોકેલી છે.

હોંગકોંગની સરકારની ૬ ટકાની વોર લોનમા	ડા	૫૦૫૦૦ ૦૦
મુંબઇના તાનસા વરકસના ૫ ટકાના બોનડમા	ડા	૨૨૭૨ ૭૩
મુંબઇના ડરેનેજ વોટર વરકસમા ૬ ટકાના બોનડમા	ડા	૯૦૯ ૦૯
ચાઇનીઝ રીપબલીક બોનડઝ ૬ ટકાના બોનડમા . ..	ડા.	૨૧૦૦ ૦૦
શેઘાઈ મ્યુનીસીપાલ બોનડઝ ૮ ટકાના	ડા.	૧૬૮૧.૧૭
૨૦ શેર હોંગકોંગ બેનકઝ કંપનીના તેની નામની કીમત	ડા	૨૦૦૦ ૦૦
ચારતર બેંક ઓફ ઇંડીયામા ડીપોઝીટ	ડા	૮૬૦૦૦ ૦૦
હોંગકોંગ શેઘાઈ બેંકમાં ડીપોઝીટ	ડા	૩૨૦૦૦ ૦૦
સીકયુરીટીના વ્યાજના મળવાની બાકી	ડા	૧૯૫૨ ૮૭
ફરનીચર ખાતે લેહેણુ	ડા.	૨૯૫૩ ૩૨
હોંગકોંગ શેઘાઈ બેંકના ચાલુ ખાતે	ડા.	૩૩૬૯.૩૦
કસતુરજી પાસે કેશ	ડા.	૨૦૦.૦૦
આનરરી સેક્રેટરીના હાથમા કેશ	ડા	૧૬૮.૦૭
૧૯૨૪ મા જુમલે પુંજી	ડા.	૧૮૬૬૦૬.૫૫
૧૯૨૩ મા જુમલે પુંજી	ડા.	૧૮૩૬૪૦ ૪૧
નક્કી વધારો	ડા.	૨૯૬૬.૧૪

શેંઆહીના જરથોસ્તી ધરમ ફંડાનો ઇનતેખાબ.



ચીન ખાતેના શેંગાહીની જરથોસ્તી અનજુમનના ધરમ ફંડાના ૧૯૨૪ ના સાલનો આવક જાવકનો ઇંતેખાબ નીચે મુજબ છે

૧૯૨૪ મા થયલી આવક નીચે મુજબ છે

જુદા જુદા ફંડોના વ્યાજના આવ્યા	ટેલ	૬૩૦૯.૧૨ દો.
પરચુટણ મળયા	ટેલ	૨૨ ૦૩ દો.
બીલડીગોના ભાડા તથા ડોનેશનો વગેરેના	ટેલ	૭૮૦૦ ૦૦ દો.
કુલે	ટેલ	૧૪૧૩૧ ૧૫ દો

૧૯૨૪ મા નીચે મુજબ ખરચ થયો છે

ફુચાઉ રોડના મકાન ઉપરનો ખરચ	ટેલ	૧૭૮૯ ૨૦ દો
સોશીયલ હાલ માટે ત્રસ્ટીઓએ ખરચયા .. .	ટેન	૧૧૪૧ ૦૭ દો
અનજુમનના મોબેદનો પગાર વગેરે	ટેલ	૯૮૩.૪૪ દો
જશનો વગેરેના ભણતરોનો ખરચ	ટેન	૧૫૬ ૨૨ દો.
લાયબ્રેરી માટે નગુસો ચોપડી વીગેરે લીધા	ટેન	૭૮ ૨૨ દો
જરથોસતી ધરમ ખાતાઓને વહેચયા	ટેલ	૬૧૮૯ ૩૩ દો
નવા હીસાબમા બાકી બેચવાના	ટેલ	૩૮૫૩ ૬૭ દો
કુલે	ટેલ	૧૪૧૩૧ ૧૫ દો.

મુંબઇ વરતમાન પ્રેસમાં વેચાતી ચોપડીઓ.

ઠે.-વાઈટ હાઉસ, ચીચપુગલી, પરેન પોરટ, મુંબઇ

પારસીઓ તરફથી પ્રગટ થયલી ચોપડીઓ સને ૧૮૮૯ થી ૧૯૦૮ સુધી કી ૩૦ા

હીંદુસ્થાનના આતશબેહેરામો અને યજદેજરદી સને ૧૨૬૭ મા મુબઇમા સ્થાપાયલા નવા આતશબેહેરામનો હવાલ તથા મરહુમ દસ્તુરજી જામાસપજી મી જામાસપઆસાનાનુ જન્મ ચરિત્ર સબી સાથે-કી ૩૦ા

"દોખમે નોશોરવાન" અથવા મુશલમાનોનો મશહુર ખાલીફ હારૂન અલ રશીદ શેહેનશાહ નોશીરવાન આદેલનુ દોખમુ જોવા ગયે તે કીસ્સો કી ૩૦ા

યોગ વીદયા અને અસલી ઈરાનીઓ-એમા ખોદાતાલા યાને હકની દરગાનો મારગ કેમ બખતીઆર થાય તેનુ લખાણુ છે કી ૩૦ા)

જરથોસતીઓના બારે માસના ૩૩ જસના અને તેઓનુ બયાન-જરથોસ્તી કોમને ઘણી ઉપયોગી અને વાચવા લાયક વાયજ છે કીમત ચાર આના.

નામદાર શેહેનશાહ એડવરડનુ જીવન ચરીત્ર-સબી સાથે કી બે આના

બાઇ આવાંબાઇ ફરામજી પીટીટનુ જન્મ ચરીત્ર સબી સાથે કીં. ચાર આના

દસ્તુર હોશંગજી જામાસપઆશાનાનુ જનમ ચરીત્ર સબી સાથે કીં. ૩૦ા

જાહેર ખબરો

ઝોરાસ્ટ્રીયન કેલેંડર.

મુંબઈ વર્તમાન પ્રેસ,

વાહીટ હાઉસ,

ચીચપોગલીના ખુંબાખાના પછવાડે,

પરેલ પોસ્ટ, મુંબઈ

જત ય સને ૧૨૪૦ થી દર વરસે જરથોસ્તી નવા વરસને ટાકણે "**ઝોરાસ્ટ્રીયન કેલેન્ડર**" બહાર પડે છેજી સને ૧૯૨૫ના સાલના નવા કેલેનડરમા ય સને ૧૨૯૪ના આખા વરસમા પારસીઓએ કરેલી સખાવત, ઉઠમણામા ધરમખાતે અપાયલી રકમો, ધરમના નવા બધાયલા મકાનો, પારસીઓને મલેલા ખેતાબ, હોદા, નેમણુક, કેળવણીમા પસાર થયલા જરથોસ્તીઓ તથા જાણવાજોગ પરચુટણ બનાવો અને જાણીતા પારસી મરણો વીગેરેની વીગતો સમાયલી છે.

એ ઉપરાત દરેહમેહેરોનું, ધરમના મકાનોનુ, ખેતાબ મલેલા જરથોસ્તીઓનુ લીસ્ટ તેમજ પોસ્ટ તથા તાર ખાતાને લગતી વીગત છે અને બીજી જાહેર વાચવા લાયક અને પ્રજા ઉપયોગી બાબતો એ કેલેંડરમા સમાવવામા આવેલી છે.

તમે સાહેબ સને ૧૯૨૫ ના કેલેંડરની નકલ ખરીદી કોમને લગતા આ કેલેંડરને ઉતેજન આપશો એવી આશા છેજી.

કીંમત રૂ. ૧। સવા; પોસ્ટેજ વી. પી. થી ૫ પાંચ આના વધુ.

ALWAYS KEEP TWO STRINGS TO YOUR BOW.

LEARN THE ART OF

LIFE SAVING and DEVELOP YOUR BODY

THROUGH HEALTHY EXERCISES AT

THE VICTORIA SWIMMING BATH,

KENNEDY SEA FACE FORT, BOMBAY.

The only Fresh Sea Water Bath For Native of India.

Maharajas and Princes, Europeans and Natives Civil Military and Naval officers Merchants and Gentlemen of the Medical Legal and Engineering Professions have taken advantage of this Bath and have learnt the sublime art of swimming on the latest scientific principles

Proprietors and Principals

Messrs DADY & FRAMROZ C GOLVALA

હીંદુસ્થાનમાં સરવેથી ગ જાવર અને સગવડવાળો દરીઆના ખારા પાણીનો
દેશીઓ માટે ખાસ— વિદ્યારથીઓ માટે અશિરવાદ સમાન

વીકટોરીયા સ્વીમીંગ બાથ.

માલેક—મેસરસ દાદી અને ફરામરોજ સી. ગોળવાળા

કેનેડી સી ફેસ—બેંડસ્ટેંડ સામે, મુંબઈ

ઘણાક પ્રકારના દરદોનો રામબાણ મનગમતો સુતરો ઇલાજ

ખારા પાણીમાં તરવાની કસરત.

તબિબિ મત તરવાની કસરતના ફાયદા વીસે અલંકારીક છે.

નવા શીખાઉઓને નં ગ્રીજ સભાળથી માલેકોની ખાસ દેખરેખ તળે મ યનટીરીક રૂઢીઓ ઉપર તાલીમ દેવામા આવે છે બચ્ચાઓને તદન છાનકા પાણીમા માલેકો પોતે સાથે શીખવે છે તમે ગમે તેવા નબળા સબળા હોવો—ચાહો તેવા પાતળા યા ડોગા હોવો—ગમે તેવાબી હલકા યા ભારી વજનના હોવો તોય માલેકો તમને ચુનદા તરનારા બનાવી આપવાનુ માથે લે છે આ બાથનો લાભ લઈ ગયલા હજારો જણ ખારા પાણીને અને તરવાના હુનરને આજે દુઆ દે છે

સ્પેશીયલ કલાસની સગવડ કરી આપવામાં આવશે.

તમામ બ દોબસ્ત માટે માલેકોને લખવું યા મળવું.

વાંચવા લાયક તથા
લાયક પુસ્તક

	રૂ.	આ.
પ્રેમોજ્વ અતી રસીલી વારતા ...	૭	૦
કાકાનો વારસો	૪	૦
એયારે ખીવરથી ફ્રીન	૫	૦
કાળક એક ચીત્રો સાથે	૩	૦
નસીબનો નાઝ	૩	૦
જીવતું હોઝખ	૩	૦
દેસાલીર ફકત એકજ નકલ છે ...	૭૫	૦
મોહન ચહેલ	૨	૮
હેવત માલા ૨ ભાગમા ...	૧૫	૦
મહાર ણી વિકટોરીઆએ હાયલ ડમા		
ગુજારેલી જીંદગીનો હેવાલ ...	૭	૦
મારી મજેહ	૭	૦
મનસુખી ગ જન મુ	૨૦	૦
સહનસીલ સુંદરી ૨) ભાગમા કંપલીત	૧૦	૦
ગુણ લક્ષ્મી	૧	૪
સુખશાંતી કોષ ...	૩	૦
ચ ચલ મે હય		૧૨
સીતમગર	૪	૦
જમતનો પ્રાસો	૨	૦
દ્રાસતાને દસતાર	૦	૮
પતેતીની હમાજોર	૦	૪
દુખ્યારી દુખતર	૧	૪
પેટે બોલુ ૫ ચી ૨) ભાગમા ...	૧	૦
અરેબીયન તેલસ	૬	૦
ગ્યાન ગંમતના ભેહરો ...	૧	૧૨
હીંદુસ્તાનની ખુબસુરત બેગમો ...	૨	૮
એમના માહાત	૩	૦
જેહાગીર નામુ	૩	૦
નસીબની ખરતી	૧	૮
નાસતીક નવલ ...	૩	૦
જેપાનીસ બાલાનો ભોખ્યો ...	૨	૦
નીતીની કાનત ...	૧	૪
મણુ ચણુ ચરીત્ર	૦	૧૨
એસી વરસેનું પ્રયામ	૫	૦

જ્યોતીષ વિદ્યા		
માશુકનો ઇસારો		
કુદરતનો કેહેર		
બીહારનો ખુચ ...		
જાન કે જીગર		
ખુબસુરત મકકાર ...		
નીતા (એક વારતા) ...		
ગુલબાનુ	૧	
ભુંડાનો ભેદ	૩	
સોનારણ	૫	૦
તડકામા વાદલી (ફક્ત ૮ નકલો બાકી છે)	૧૦	૦
કાલા મેહા ૨) ભાગમાં ફક્ત જ નકલો બાકી	૧૦	૦
બોધલુ	૬	૦
ચંદ્રચલ	૬	૦
વિશારી વનીતા	૧૦	૦
લોકપ્રીય દોકતર બહાદુરજીની જીંદગીનો હેવાલ ...	૨	૦
મરહુમ મી૦ મનસુખની જીંદગીનો હેવાલ	૪	૦
હોમલીબાઇની વાયજ	૪	૦
ગેર ગોસરૂપ અને બેજન મનીજેહનો કીસ્સો	૨	૦
ઈંદરાવતી	૧	૮
ઝેહરે કાતીલ	૨	૦
મેરાતુલ અરૂમ	૩	૦
હોશન આરા	૩	૦
સુરજ માહાલની શેઠાણી ઘટારેલી કીમત	૬	૦
સેતાનનો સાથી	૩	૦
દોલતે દુન્યા	૧	૮
ગુલવાડીનુ ગુલાબ	૫	૦
નખરબાજ નમીત્ર	૫	૦
બચપણનો બડાર ...	૨	૮
ગુલેસ્તાનનુ ગુલ	૫	૦
દાદી શેઠનો દીકરો ...	૩	૦
ગેર વીલાયત	૫	૦

☞ એ ઉપરાંત દરેક સ્કુલોમા ચાલતી ચોપડીઓ, તરેહવાર જાતની ઈંગ્રેજી તથા ગુજરાતી વારતાની ચોપડીઓ, ૨,૯ હીસ્ટ્રીઓ, એકસર સાઇઝ બુકો, મીનીંગ બુકો, તેમજ વિદ્યા, હુનર, વઈદુ, મશીન, ગાયન વિગેરે વિગેરે જાતનાં પુસ્તકો અમારે ત્યાથી કીફાયત ભાવે મલી શકશે.

ફીરોજશાહ દીનશાહ મુકાદમ,

ચોપડી વેચનાર તથા પ્રગટ કરનાર, ચરનીરોડ, કોટ–મુંબઇ.



[illegible] by Sorabji Muncherji Jagosh at the Bombay Vartaman Press, White House, near Fire Station, Chinchpoogly Bombay, and edited & published by [illegible] Jagosh from White House, near Fire Brigade Station, [illegible] Cooper Building, Corner Grant Road, respectively, Bombay.